શ્રી હારિભદ્રીય

# અષ્ટક પ્રકરણ

પૂજ્યપાદ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા





: સંપાદક :

પૂ. મુનિશ્રી અક્ષયચંદ્રસાગરજી મ.

: દેશનાદાતા :

પૂજ્યપાદ આ. શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મ.

પૂજ્ય શ્રી હારિભદ્રીય

# અષ્ટક પ્રકરણ

✤ દેશનાદાતા ✤

પૂજ્યપાદ આગમોદ્ધારક

શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મ.

✤ સંપાદક ✤

પૂ. આ. શ્રી હેમચંદ્રસાગર સૂરીશ્વરજી મ. શિષ્ય

પૂજ્યપાદ મુનિરાજ

શ્રી અક્ષયચંદ્રસાગરજી મ.

✤ પ્રકાશક ✤

આનંદ પ્રકાશન - અમદાવાદ

○ પ્રકાશક ○

આનંદ પ્રકાશન C/o. ચંદ્રકાંત શાહ
૮, રાજઘાટ સોસા., ફતેપુરા, પાલડી, અમદાવાદ-૭

પ્રકાશન દિવસ :
ભા.સુ.-૪, સં.૨૦૫૭

નકલ : ૧૦૦૦
મુલ્ય : રૂા. ૨૫:૦૦

## प्राप्ति स्थान

**શ્રેયસ કે. મર્ચન્ટ**
૧, નિશા એપાર્ટ., ગોપીપુરા,
સુરત - ૩૯૫૦૦૧

**સાગર બોલબેરીંગ**
એસ-૬, વક્તા ચેમ્બરર્સ, ખાડીયા,
અમદાવાદ-૩૮૦૦૦૧

**પરેશ જે. શાહ**
૪/૬૦, જય ઓમ્ અંબિકા સોસા.,
હાજીબાપુ રોડ, મલાડ (ઈ.)
મુંબઈ-૪૦૦૦૯૭



ચરણામ્બુજે ભક્તો વસો, હૃદયામ્બુજે પરમાતમા,
કરકમલમાં શાસ્ત્રો વસે, મુખકમલમાં માઁ શારદા;
નેત્રામ્બુજે નિર્વિકારતા, નવકાર નાભિ કમલમાં,
'આનંદસાગરસૂરિ' ગુરુને, ભાવે કરું હું અર્પણા.

આ પુસ્તકના પીઠબળમાં

**શ્રી ઘોઘારી જૈન સંઘ**
**(વલસાડ)**

**શ્રી કુસુમચંદ નાનાભાઇ મર્ચન્ટ**
**(ગોપીપુરા, સુરત)**

**શ્રી સતીષભાઇ ગુલાબચંદ ચોકસી**
**(ઝવેરી સ્ટુડીયો, ગોપીપુરા, સુરત)**

- જેમનો સહયોગ સદા સ્મરણીય છે.

# પ્રકાશકીય

પરમાત્માની પૂજા કઇ રીતે કરવી ? પૂજ્ય ગુરુ ભગવંતની સેવા સુશ્રુષા કઇ રીતે કરવી ? સામાયિક-પ્રતિક્રમણ - પૌષધ કઇ રીતે કરવા ? દયા-દાન કઇ રીતે કરવું ?

ટૂંકમાં- જીવન દરમ્યાન પાપોથી કઇ રીતે વિરમવું અને આત્મવિકાસમાં કઇ રીતે આગળ વધવું ? આ બધી મેથડ આજે આપણી પાસે મોજુદ છે.

કારણ એક જ : પૂજ્ય ગુરુભગવંતો આજે વિદ્યમાન છે.

શાસનપતિ શ્રી મહાવીર મહારાજા મોક્ષમાં પધારી ગયા. પણ તેઓએ ફરમાવેલો ઉપદેશ પૂજ્ય ગુરુભગવંતોએ પાટપરંપરા પ્રમાણે સાચવી રાખ્યો. એમણે સાચવ્યો તો જ આજે કુકાળમાં પણ સાધના સુલભ બની શકે છે. આ પુસ્તકમાં રહેલા ઉપદેશનું પણ કાંઇક એવું જ પાસુ છે. આજથી ૬૫ વર્ષ પહેલા પૂજ્યપાદ આગમોધ્ધારક આનંદસાગર સૂરીશ્વરજી મ. શ્રીએ ફરમાવેલી દેશના કોઇક પૂજ્ય ગુરુભગવંતે ફુલસ્કેપ કાગળમાં પત્રારૂઢ કરેલ.

આ દેશના ૬૫ વરસથી એક બંડલમાં પૂરાયેલી હતી.

પૂજ્ય ગુરુભગવંત શ્રી અક્ષયચંદ્ર સાગરજી મ. ના હાથમાં આવતાં તેઓશ્રીએ પ્રબળ પુરુષાર્થથી સંકલના કરી અને પ્રકાશન કરવાનો લાભ અમને આપ્યો.

આ પ્રસંગે અમો પૂજ્ય ગુરુભગવંત શ્રી અક્ષયચંદ્ર સાગરજી મ.નો મહાન્ ઉપકાર ગણીએ છીએ.

લી.
ચંદ્રકાંત શાહ
અશ્વિન શાહ

## : પ્રાસ્તાવિક પ્રવચન :

આગમજ્ઞાતા ને પ્રણેતા, તત્ત્વવેત્તા ગ્રન્થના,
ઉદ્ધારકર્તા આગમોના, સ્પષ્ટ વક્તા સત્યના;
શાસન સુકાની ! કેઈ જીત્યા, વાદી તો ય દર્પના,
આનંદ સાગર સૂરિજી ચરણે, ભાવે કરું હું વંદના.

જેઓ આગમોના જ્ઞાતા છે, તત્ત્વોના વેત્તા છે, અભિનવ ગ્રન્થોના પ્રણેતા છે. હસ્તલિખિત પ્રતો ઉપરથી આગમોનો ઉદ્ધાર કરનારા છે, આગમોને ચિરકાળ જયવંતા રાખનાર છે. તેથી જ આગમોને આરસ, તામ્ર તથા લેજર પત્રમાં આલેખનાર છે, નિકૃષ્ટકોટીની પરિસ્થિતિમાં પણ સત્યના સ્પષ્ટ વક્તા છે. શાસનના મહાન્ સુકાની છે. વાદીઓના અભિમાનને પરાસ્ત કરનારા છે. આવા પરમ આરાધ્યપાદ બહુશ્રુત પૂજ્ય આનંદસાગર સૂરીશ્વરજી ભગવંતના ચરણોમાં વંદન સિવાય બીજુ હું શું કરી શકું ? બસ, પ્રથમ તબક્કે આવા મહાન્ પૂજ્યોના પરમ પવિત્ર ચરણ કમલમાં નતમસ્તક અભિવંદન.....

શ્રમણાદિ સંસ્થા પરના ઉપકારને હમણાં અનુસ્મરણ ન કરતાં માત્ર વ્યાખ્યાનના માધ્યમે વિદ્વાન્ પૂજ્યપાદ આગમોદ્ધારકશ્રીએ જગતના સમસ્ત જીવો પર અનહદ ઉપકાર કર્યો છે તે જ લક્ષમાં લઈ રહ્યો છું. આ માત્ર હું નથી કહેતો પણ પત્રારૂઢ બનેલી તેઓશ્રીની વ્યાખ્યાન વાણી કહે છે.

આ પુસ્તકમાં પ્રકટ થયેલા વ્યાખ્યાનો આજથી ૬૫ વર્ષ પહેલા પૂજ્યપાદ આગમોદ્ધારકશ્રીએ વિ.સં.૧૯૯૨ના જેઠ વદ ૨ થી ૧૮ દિવસ સુધી જામનગર-લક્ષ્મીઆશ્રમમાં અપાયેલા છે. આ વ્યાખ્યાનો જે પૂજ્યશ્રીએ ઉતારેલા છે તેમને નતમસ્તક નમસ્કાર કરું છું. આ વ્યાખ્યાનમાં કેટલેક ઠેકાણે ભાષા મેં તેની તે જ યથાવત્ રાખી છે. કેમકે તેમાં તાત્ત્વિકતા અને અર્થગહનતા બરોબર જળવાઇ શકે. તેમજ ભવિષ્યમાં ભાષાકીય દૃષ્ટિએ પ્રાચિનતાનો નિર્ણય થઇ શકે. ક્યાંક ભાષાકીય દૃષ્ટિએ માત્ર 'હતે' નું 'હોત' જેવા શબ્દમાં જ ફેરફાર કર્યો છે.

ઉતારો કરનાર પૂજ્યશ્રીથી પુનઃ આ વ્યાખ્યાન નથી જોવાયું લાગતું. જેથી અલ્પવિરામ, પૂર્ણવિરામ, પદચ્છેદ તેમજ ક્રિયાપદ વગેરે દ્વારા વાક્યરચના અને પાદપૂર્તિને સુલભ બનાવવા મારા દ્વારા પ્રયત્ન થયો છે. છતાં સાવ સહજતાથી સમજાઇ જાય તેવું દુઃશક્ય લાગે છે. તેમ છતાં અર્થગહન દૃષ્ટિએ એક ને એક પેરો બે વાર વાંચવાથી વ્યાખ્યાન સમજાઇ જશે- તેવું મારું માનવું છે.

આ વ્યાખ્યાનમાં શીર્ષક તરીકે કેટલાક મથાળામાં ડો. કવીનભાઇ શાહ (બીલીમોરાવાળા)ની મહેનત છે.

આ પ્રસંગે વાચક ગણને ખાસ સૂચન : બધા જ વ્યાખ્યાનો એક સાથે કે ઝડપી વાંચી લેવાની ભૂલ ન કરશો. કેમકે આ વ્યાખ્યાનો કાંઇ નોવેલ યા કથાત્મક નથી કે દિમાગમાં સાવ સટ્ લઇને ઉતરી જાય. આ વ્યાખ્યાનો તાત્ત્વિક છે. જેથી દિનાનુદિન માત્ર એક-એક વ્યાખ્યાન જ વાંચશો-જેથી બરોબર હૃદયગત બને.

હા; પૂજ્યપાદ આગમોદ્ધારક શ્રી ભગવંત વ્યાખ્યાન દઇ રહ્યા છે ને હું સાંભળી રહ્યો છું આ પધ્ધતીથી વાંચશો તો વધુ સરળ બનશે.

પૂજ્યપાદ આગમોદ્ધારક સૂરિવરશ્રીના વ્યાખ્યાનો પોતે-સ્વયં તપાસેલા કે જોયેલા નથી હોતા. એથી ક્યાંક વાક્યરચનાની વિષમતાએ દોષ જણાતો હોય તો તેમાં વ્યાખ્યાન લખનાર અથવા પ્રકટ કરનારની છદ્મસ્થતા આભારી છે.

તેઓશ્રીની વ્યાખ્યાન શક્તિ ગજબની હતી તે આ વ્યાખ્યાનો દ્વારા જાણી શકાશે. આ પુસ્તકમાં પૂ. હારિભદ્રીય અષ્ટકના ૧૦મા અધ્યયનના ૧લા શ્લોક પરના જ અઢાર વ્યાખ્યાનો છે. છતાં અઢારે અઢાર વ્યાખ્યાનમાં નવનીત જૂદું જ મળશે. અઢારે વ્યાખ્યાનોમાં અવિરતિ ઉપર જબ્બર જોર મુક્યું છે. આ જ શ્લોક પર વિ.સં. ૨૦૦૦ની સાલમાં મુંબઇ ગોડીજી ચાતુર્માસ દરમ્યાન શ્રી કાંતિલાલ ઇશ્વરલાલની આગ્રહભરી વિનંતિથી તેમના (ઇશ્વર નિવાસ-મરીન ડ્રાઇવ) સ્થાને ૧૦ દિવસ વ્યાખ્યાનો આપેલા. તે દશેદશ વ્યાખ્યાન પૂજ્યપાદ આગમવિશારદ પં.ગુરુદેવશ્રી અભયસાગરજી મહારાજે વિ.સં.૨૦૧૪માં 'જ્ઞાનનાં ઝરણાં' પુસ્તક રૂપે પ્રકાશિત કર્યા છે. આ દશેદશ વ્યાખ્યાનો પણ આ પુસ્તકના અઢાર વ્યાખ્યાનથી સાવ જ જૂદા છે. યથાસંભવ દૃષ્ટાંત, કહેવત આદિનું પણ પુનરુક્તિ (રીપીટેશન) વર્ણન તે દશ વ્યાખ્યાનમાં થયું નથી. આ તેઓશ્રીના વિશાળજ્ઞાન અને ક્ષયોપશમની દેણ છે.

♣ આનંદસુધાસિંધુ ભાગ-૨માં અષ્ટક ૨૪ના દયા૦ વાળા શ્લોક પર બે વ્યાખ્યાનો પ્રકટ થયેલ છે. ♣ હજુ ઘણાં વ્યાખ્યાનો અપ્રકટ છે એવું મારું માનવું છે. ♣ આટલા વ્યાખ્યાનોની રફ કોપી મારા હાથ સુધી પહોંચાડવામાં શ્રી શાંતિચંદભાઇ છગનચંદભાઇ જવેરી, શ્રી ઉષાકાંતભાઇ જવેરી, શ્રી નરેશભાઇ મદ્રાશી અને શ્રી શ્રેયસભાઇ મર્ચન્ટનો હાથ મળેલો છે. જો તેમનો સહયોગ ન હોત તો આપ વાચકગણ સુધી આજે આ વ્યાખ્યાનો ન આવત. ♣ પૃષ્ઠ નં. થી શરુ થતા પરિશિષ્ટ નં. ૧માં આ પુસ્તક સંબંધી વિશિષ્ટ વાક્યો, પરિ. નં.૨માં કહેવતો, પરિ. નં.૩માં શાસ્ત્રપાઠો, પરિ. નં.૪માં દૃષ્ટાંતોના નામ, પરિ. નં.૫માં પૂજ્યપાદ સાગરજી મ.ના કાર્યોની આછેરી ઝલક અને પરિ. નં.૬માં પૂજ્યપાદ સાગરજી મ.ના પ્રવચન સંબંધી પુસ્તકોની નોંધ સંગૃહીત છે. ♣ હાલ આગમિક કાર્યોમાં અતિવ્યસ્ત હોવા છતાં પૂજ્ય ગુરુભગવંતોની અસીમ કૃપાથી આ કાર્ય થઇ શક્યું છે. ♣ કોઇપણ કારણે આ વ્યાખ્યાનોમાં ક્ષતિ રહેવા પામી હોય તો અંતરની અતિગર્હા સાથે ક્ષમાંજલી.

લી.
અક્ષયચંદ્રસાગર

# ક્રમ ગુંથણી


**વિષય ........................................ પૃષ્ઠ નં.**

**વ્યાખ્યાન - ૧ ........................................ ૧**

જિન એટલે શું ? ........................................ ૨

પ્રતિક્રમણની આવશ્યકતા છતાં ભેદ કેમ ? ........................................ ૩

શ્રાવક માટે પ્રતિક્રમણ આવશ્યક જરૂરી ........................................ ૪

ધર્મને અનાદિ કોણ કહી શકે ? ........................................ ૫

જૈનધર્મનું અનાદિપણું સિદ્ધ છે. ........................................ ૫

'જિન'-તીર્થંકરનો ગુણ છે, લોગસ્સનો અર્થ વિચારો. ........................................ ૬

'ન નાહ્યા એટલું પાપ' એમ જૈનધર્મ જ માને. ........................................ ૬

**વ્યાખ્યાન - ૨ ........................................ ૭**

તીર્થંકર મહારાજાને જગતના ઉધ્ધારની ભાવના ક્યારથી ? ........................................ ૭

તીર્થંકર ક્યારથી થયા ? ........................................ ૭

आइगराणं નો સાચો અર્થ સમજો. ........................................ ૮

સિધ્ધનું સ્વરૂપ ........................................ ૯

ભવાભિનંદીના વિચારો ........................................ ૯

સિધ્ધની સ્તુતિ ગુણોથી છે. ........................................ ૧૦

દૃષ્ટાંત : માંકડાની હાલત. ........................................ ૧૧

આત્મા જ્ઞાનમય કે જ્ઞાનવાન્ ........................................ ૧૧

કરશે એ ભોગવશે - આ સિદ્ધાંત પુન્યમાં. ........................................ ૧૨

પચ્ચક્ખાણની આવશ્યકતા છે. ........................................ ૧૨

ગુનેગારનું દૃષ્ટાંત વિચારો. (અવિરતિ આત્મા) ........................................ ૧૩

યોગ કરતાં કષાયો વધુ ભયંકર. ........................................ ૧૩

કષાય કરતા અવિરતિ ખતરનાક. ........................................ ૧૪

**વ્યાખ્યાન - ૩ ........................................ ૧૫**

જિનેશ્વર ધર્મ બનાવનારા નથી, બતાવનાર છે. ........................................ ૧૫

ધર્મ બતાવવા શરીર જરૂરી. ........................................ ૧૫

ધર્મમાં અનાદિની માન્યતા, કોર્ટમાં પ્રતિજ્ઞા જરૂરી. ........................................ ૧૬

પાપનો બંધ ન થાય માટે પચ્ચક્ખાણ કરવાનું.(આશ્રવતત્ત્વ) ........................................ ૧૭

ધર્મનું સાચું લક્ષણ અહિંસા અને અન્યવ્રતો. ........................................ ૧૮

વ્યવહારનું દૃષ્ટાંત : રૂપીયા વ્યાજે મૂક્યા. ........................................ ૧૮

કર્મબંધની સ્થિતિ. ........................................ ૧૯

**વ્યાખ્યાન - ૪ ........................................ ૨૧**

શું ઈશ્વરે ધર્મ બનાવ્યા પહેલા પાપ નહોતું લાગતું ? ........................................ ૨૧

થર્મામીટરનું કામ શું ? ........................ ૨૧
આત્માના તાવનો રોગ મટાડનાર જિનેશ્વર ........................ ૨૨
સર્વજ્ઞની દૃષ્ટિ ........................ ૨૩
આત્માની સ્થિતિ સમજવા માટે નવતત્ત્વનું સ્વરૂપ વિચારવું જોઇએ. ........................ ૨૪
અન્ય મતવાળા તત્ત્વો શી રીતે માને છે ? ........................ ૨૫

**વ્યાખ્યાન - ૫ ........................ ૨૬**

આત્માની ઊંચી-નીચી અવસ્થા અનાદિથી છે. ........................ ૨૬
ઇન્દ્રિયોથી થતું દમન. ........................ ૨૬
જીવજીવનને જાણવા આગમ-અરીસો. ........................ ૨૭
શરીર અને આત્માનો કર્મજન્ય સંબંધ. ........................ ૨૮
પૂર્વકર્મ અને ઉત્તરકર્મનું પરિણામ. ........................ ૨૯
સ્યાદ્વાદને સમજવા પ્રયત્ન કરો ........................ ૨૯
ણમો અરિહંતાણં પદનો અર્થ........................ ૩૦
સંવર અને નિર્જરાથી કર્મબંધ અને અંત. ........................ ૩૦

**વ્યાખ્યાન - ૬ ........................ ૩૨**

તીર્થંકર મહારાજા સૂર્ય કે દીપક કરતાં વધુ ઉપકારી........................ ૩૨
પાપમાંથી નિવૃત્તિ - પ્રતિજ્ઞાપાલન. ........................ ૩૨
પ્રતિજ્ઞા લોપે તે મહાપાપી - શી રીતે ?........................ ૩૩
કોર્ટમાં પણ પ્રથમ પ્રતિજ્ઞા પછી કેસ ચાલે. ........................ ૩૪
આત્માની સ્થિતિ કેવી છે તેની વિચારણા. ........................ ૩૫
નિશ્ચિત સ્થાને જન્મ લેવામાં કારણ કયું ? ........................ ૩૫
પચ્ચક્ખાણની અનિવાર્ય આવશ્યકતા. ........................ ૩૬
તીર્થંકર મહારાજા એક પણ ગુણ આપતા નથી- તો ઉપગાર શેનો ?........................ ૩૭

**વ્યાખ્યાન - ૭ ........................ ૩૯**

જિનેશ્વર ઉપકારી છે તે શિક્ષણ દૃષ્ટિએ. ........................ ૩૯
ઉપકારીનો ઉપકાર ક્યારેય ન વિસરાય. ........................ ૩૯
આત્માને ધર્મરંગ કેવો લાગ્યો છે તે વિશે હળદરની ઉપમા. ........................ ૪૦
તીર્થંકરની ઓળખાણ, દર્શન-પૂજા. ........................ ૪૧
જિનેશ્વરે જડ અને ચેતનનો ભેદ સમજાવ્યો. શરીરને કારખાનાની ઉપમા. ... ૪૨
પ્રજા કરતાં લશ્કર મોટું. ........................ ૪૩
માલીકી આત્માની, સત્તા કર્મની. ........................ ૪૩
પાડોશીનો હક કેટલો ? તેટલો તીર્થંકરનો. ........................ ૪૪
આઠ પ્રદેશ પર- કર્મનું જોર નહીં. ........................ ૪૪
આત્મપ્રદેશનું જ્ઞાન કલ્યાણકારી, રજપૂતનું દૃષ્ટાંત. ........................ ૪૫
જિનવાણીનો પ્રભાવ. ........................ ૪૫

**વ્યાખ્યાન - ૮** .......... ૪૭
શું જૈનો ઈશ્વરને માનતા નથી ? .......... ૪૭
બાઈની ભક્તિ-વિષ્ણુને અર્પણ. .......... ૪૮
અન્ય દર્શનોમાં પરમેશ્વરના કર્તવ્યની માન્યતા વિશે. .......... ૪૮
જૈનો પરમેશ્વરને કેવા માને છે ? .......... ૪૯
તત્ત્વભૂત પદાર્થોનું જ્ઞાન જરૂરી, નવતત્ત્વ વિચારો. .......... ૫૦
આશ્રવતત્ત્વને જુદું કેમ પાડ્યું ? .......... ૫૦
ઉપદેશ શું કામ કરે છે ? .......... ૫૨
જિનવચનમાં અતૂટ વિશ્વાસ. .......... ૫૨
તીર્થંકરોની દીક્ષા, સંસારનો ત્યાગ કરવો જ જોઈએ. .......... ૫૩
**વ્યાખ્યાન - ૯** .......... **૫૫**
હિંસાદિક કરો તો પાપ, ન કરો તો ? .......... ૫૫
તત્ત્વ દૃષ્ટિ કેળવવા સ્યાદ્વાદનું જ્ઞાન. .......... ૫૬
આશ્રવ વિશેની સાચી સમજ. .......... ૫૬
ત્રિકરણ યોગના સંદર્ભમાં આશ્રવ-સંવરની વિચારણા. .......... ૫૮
શાહુકાર મનુષ્યની નાનકડી વાત. .......... ૫૯
કર્મ નિર્જરાથી મોક્ષ. .......... ૫૯
સપ્તભંગીની સમજણ. .......... ૫૯
શાસનવાળો કાળ તે દહાડો, શાસન વગરનો કાળ તે રાત્રી. .......... ૬૦
ઉપદેશમાળાના સંદર્ભથી મનુષ્ય જન્મ અફસોસ કરવા લાયક કેમ ? .......... ૬૧
**વ્યાખ્યાન - ૧૦** .......... ૬૨
આસ્તિકની માન્યતા, ધર્મ અનાદિનો. .......... ૬૨
વીતરાગની શાંત મુદ્રા. .......... ૬૩
ઉપદેશક કેવો હોય ? ત્યાગી. .......... ૬૩
સર્વજ્ઞનું વચન અને વેશની કિંમત. .......... ૬૩
જગત અને જીવ અનાદિથી છે. .......... ૬૪
સંસારનું અનાદિપણું. .......... ૬૫
આત્માના દુઃખ માટે કર્મની જાણકારી સમજવી. .......... ૬૬
આત્માની સ્થિતિ કર્માધીન છે. .......... ૬૬
તર્કથી સત્ય વિચાર ગ્રહણ કરવો. .......... ૬૭
**વ્યાખ્યાન - ૧૧** .......... ૬૮
ધર્મનું સ્વરૂપ આદિ - અનાદિ. .......... ૬૮
કહેવતથી અનાદિની સાબિતી. .......... ૬૮
શું ઈશ્વરે સર્ગ કરી કર્મનો ભોગવટો શરું કરાવ્યો ? .......... ૬૯
કર્મવાદમાં ઈચ્છા શક્તિમાં. .......... ૭૦
જૈનો અને અન્ય દર્શનોની માન્યતા. .......... ૭૦

ઉપદેશ કોણ આપી શકે ? ........................................................................ ૭૦
પુદ્ગલાનંદી આત્મા કેવો હોય ? ........................................................................ ૭૧
ધર્મના નિયમો-કાયદાનો સંદર્ભ સમજવો જોઇએ. ભગવાન ઉપદેશ ક્યારે આપે છે ? ........................................................................ ૭૧
દશવૈકાલિકની પહેલી ગાથાનો માર્મિક અર્થ. ........................................................................ ૭૨
કિંમત કોની ? વસ્તુ કે મનુષ્યની ? ........................................................................ ૭૩
**વ્યાખ્યાન - ૧૨ ........................................................................ ૭૪**
આત્માને અનાદિથી લાગેલાં કર્મો. ........................................................................ ૭૪
આયુષ્યકર્મનું અતિસૂક્ષ્મ અનુચિંતન. ........................................................................ ૭૫
અવિરતિથી કર્મબંધની જૈનોની માન્યતા. ........................................................................ ૭૬
સૂક્ષ્મ એકેન્દ્રિયના જીવોની અતિસૂક્ષ્મતા. ........................................................................ ૭૬
અનંતાજીવો, જગત પણ અનાદિ અનંત ........................................................................ ૭૭
નિગોદ અને એકેન્દ્રિય આદિ જીવોનું સ્વરૂપ. ........................................................................ ૭૮
મિથ્યાત્વ કરતાં પણ અવિરતિ ભારે. ........................................................................ ૭૮
સંવર-નિર્જરામાં મહત્તા સંવરની. ........................................................................ ૭૯
સંવરની જરુરિયાત. ........................................................................ ૭૯
વ્યાખ્યાન - ૧૩ ........................................................................ ૮૧
સર્વ કાળચક્રમાં હિંસાથી પાપ એ મત છે. ........................................................................ ૮૧
બુદ્ધિ આગળ બારણા : પુરાણ આદિના દૃષ્ટાંતો. ........................................................................ ૮૨
જીવનનિર્વાહની ચીજ માટે કાયદા નહીં- તો ગોચરી માટે શેના કાયદા ? ... ૮૩
'અહિંસા પરમો ધર્મ.' ........................................................................ ૮૪
ધર્મગ્રંથોમાં શ્રદ્ધાથી માન્યતા છે. ........................................................................ ૮૪
જિનેશ્વર ભગવંતના વચનની પરીક્ષા કરવાની છૂટ. ........................................................................ ૮૫
શ્રદ્ધા ક્યાં રાખવાની ? ........................................................................ ૮૬
**વ્યાખ્યાન - ૧૪ ........................................................................ ૮૮**
જૈનોના દેવનું સ્વરૂપ. ........................................................................ ૮૮
આત્મા અનાદિ છે. સિધ્ધિ તરીકે પૂર્વરૂપ-ઉત્તરરૂપ તપાસો. ........................................................................ ૮૮
ચાર નિક્ષેપથી પદાર્થનું સ્વરૂપ જાણવું ........................................................................ ૮૯
આકારની સ્થાપના નિક્ષેપાની મહત્તા. ........................................................................ ૯૦
દ્રવ્ય નિક્ષેપાના વિરોધક મડદાના પૂજારી. ........................................................................ ૯૦
જૈન શાસનને ભાવથી અવિરુદ્ધ એક નિક્ષેપો પણ માન્ય છે. ........................................................................ ૯૧
જીવને દ્રવ્ય ભાંગો ન હોય. ........................................................................ ૯૨
**વ્યાખ્યાન - ૧૫ ........................................................................ ૯૩**
કર્મબંધની ભીષણતા. ........................................................................ ૯૩
કોઇક જાય આંખ મીંચ્યાથી ને કોઇ આંખ ઉઘડ્યાથી. ........................................................................ ૯૪
ચક્રવર્તી અને વાસુદેવની દુર્ગતિમાં પણ કર્મવાદનો નિયમ. ........................................................................ ૯૪

આત્માને બચાવનાર રક્ષણ કરનાર મહાન્ ઉપકારી છે. ..................... ૯૪
નંદીસૂત્રનો સંદર્ભ ગુરૂનો ઉપદેશ. ..................... ૯૫
શાસ્રની મહત્તા : (દૃષ્ટાંત) ..................... ૯૬
શાસન પ્રત્યેની વફાદારી. ..................... ૯૬
આત્માની ઓળખાણ કરવી જોઇએ. ..................... ૯૭
આત્માનું લક્ષણ જ્ઞાન અને ઉપયોગ. ..................... ૯૭
પહેલા મોહનીય ખસે, પછી જ્ઞાનાવરણીય. ..................... ૯૮
**વ્યાખ્યાન - ૧૬ ..................... ૯૯**
કેવળજ્ઞાનના ભેદો શી રીતે ? ..................... ૧૦૦
તીર્થંકર કેવળી અને સામાન્ય કેવળીમાં તફાવત. ..................... ૧૦૦
णमो अरिहंताणं નો અર્થ. ..................... ૧૦૧
બધા કેવળી ભગવંતમાં કૈવલ્ય સમાન છતાં અરિહંતની મહત્તા કેમ ? ...... ૧૦૧
કર્મ તોડવાના બે રસ્તા. ..................... ૧૦૨
**વ્યાખ્યાન - ૧૭ ..................... ૧૦૪**
તીર્થંકર મહારાજાએ અવિરતિવાળા આત્માના દરદને ઓળખાવ્યું. ........... ૧૦૫
વાદ કરવા આવેલા ગૌતમસ્વામીએ સર્વવિરતિ કેમ લીધી ? ..................... ૧૦૬
'પચ્ચક્ખાણ' શબ્દનો અર્થ. ..................... ૧૦૬
**વ્યાખ્યાન - ૧૮ ..................... ૧૦૮**
નિસરણીનું જોડાણ મોક્ષ સાથે. ..................... ૧૦૯
તીર્થંકર મહારાજાની દલાલ સાથે સરખામણી. ..................... ૧૦૯
દલાલ અને વેપારી કેવા હોય ? ..................... ૧૧૦
પોતાના ગુણ મેળવવામાં બીજાની જરૂર શા માટે ? ..................... ૧૧૦
આત્માનો કબજો મેળવવાની તક કઇ ? ..................... ૧૧૧
કરમરાજાની કેદ કઇ રીતે માનશું ? ..................... ૧૧૨
તીર્થંકર મહારાજા કબજો અપાવે છતાં બદલામાં કાંઇ લેતા નથી. ............ ૧૧૨
લડાઇમાં ફાવટ ક્યારે ? ..................... ૧૧૩
પરિશિષ્ટ નં. ૧ - વિશિષ્ટ વાક્યો ..................... ૧૧૪
પરિશિષ્ટ નં. ૨ - કહેવતો ..................... ૧૧૭
પરિશિષ્ટ નં. ૩ - શાસ્રપાઠો ..................... ૧૧૮
પરિશિષ્ટ નં. ૪ - દૃષ્ટાંતો ..................... ૧૧૯
પરિશિષ્ટ નં. ૫ - વ્યક્તિ નહિ પણ સંસ્થા : પૂ. સાગરજી મ. ............... ૧૨૦
પરિશિષ્ટ નં. ૬ - પૂજ્યપાદ આ.શ્રી. આનંદસાગર સૂરીશ્વરજી ભગવંતે ફરમાવેલ વ્યાખ્યાન સંબંધિ પ્રકાશિત સાહિત્ય ..................... ૧૨૧

# અષ્ટક પ્રકરણ

શ્લોક ૮-૧

## વ્યાખ્યાન - ૧

द्रव्यतो भावतश्चेति प्रत्याख्यानं द्विधा मतं। अपेक्षादिकृतं ह्याद्यमतोऽन्यत् चरमं मतम्॥

(અષ્ટક પ્રકરણ ૮-૧)

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા ભવ્યપ્રાણીઓના ઉપકારને માટે અષ્ટકજી નામના પ્રકરણને રચતા થકાં પ્રથમ દેવગુરૂ આદિનું સ્વરૂપ બતાવ્યું દરેક મતવાળા પોત પોતાના સ્થાપના દેવને દેવ તરીકે માને છે. વૈષ્ણવો વિષ્ણુને માને છે, સ્માર્ત બ્રહ્માને માને છે, મુસલમાન પેગંબરને માને છે. દરેક મતના સ્થાપકો દરેક મતમાં દેવ તરીકે ગણાય છે. તેમ જૈનોમાં જિનેશ્વર દેવ તરીકે મનાય છે. આટલી વાત સીધી ધ્યાનમાં આવે છે. પણ એક માણસ કાચને હીરો કહી દે. બંને ચળકે તો છે, માત્ર ચળકાટ દેખ્યો છે. હજુ હીરાપણામાં ઉતર્યો નથી. હીરો એવો કાચ, કાચ એવો હીરો. હીરા અને કાચને દેખીને આ એવો એ, અને એ એવો આ એમ કોણ બોલે ? હીરાની સ્થિતિ વિશે પરીક્ષામાં ઉતરેલો બંને સરખા ન ગણે. જવેરી જીવન અને કલચરમાં સરખાવટ ન બોલે, તો કાચ અને હીરામાં બોલેજ શાનો ? દરેક મતના પ્રવર્તકો દેવ તરીકે મનાયા. જે મતમાં જે પ્રવર્તક તે દેવ તરીકે મનાયા છે તેમ જૈનમાં જિનેશ્વર દેવ તરીકે મનાયા છે.

## જિન એટલે શું ?

જે તે મતમાં જે તે પ્રવર્તકો તે પોતાના નામથી દેવ તરીકે મનાયા છે, પણ આપણા મતમાં તે નામ તરીકે નહીં. તમોને લોગસ્સ તો આવડતો હશે ! ચોવીસ તીર્થંકરમાં જિન નામના કોઈ તીર્થંકર છે ? આ ચોવીશી, આવી જ ગઈ ચોવીશીમાં કોઈ 'જિન' નામના તીર્થંકર નથી. મહાવીરધર્મ, ઋષભધર્મ એવું નામ ન આપતા જૈન નામ કેમ આપ્યું ? આ કોઈ વ્યક્તિનો ધર્મ નથી. વૈષ્ણવ ધર્મને અંગે વિષ્ણુ વ્યક્તિ, શૈવધર્મને અંગે શિવ વ્યક્તિ, ક્રાઈષ્ટમાં ઈશુ નામની વ્યક્તિ, મુસલમાનમાં પેગંબર નામની વ્યક્તિ. હીરો કઈ વ્યક્તિ ? સોનું કઈ વ્યક્તિ ? હીરાના લક્ષણમાં જે જાય તે હીરા. સોનાના લક્ષણવાળી જે ચીજ તે સોનું. તેમ જિન કોઈ વ્યક્તિ નથી પણ જિનના લક્ષણવાળા બધા જિન. ગઈ ચોવીશી, આ ચોવીશી કે ભાવિ ચોવીશીમાં જિન નામની કોઈ વ્યક્તિ નથી. હીરાના લક્ષણવાળા બધા હીરા, તેમ સોનું, મોતી, વગેરે. જિનનું લક્ષણ ઘટે તે બધા જિન. લોગસ્સમાં 'धम्मतित्थयरे जिणे' ચોવીશીને જિન નામથી કહ્યા. ૨૩-૨૫ પણ નહીં. ચોવીશેને ચોવીસ કહ્યા. 'જિન' એ ગુણનિષ્પન્ન નામ છે. જવેરી કોઈ વ્યક્તિ નથી. અહીં જિનપણું જેમાં હોય તે જિન કહેવાય. તો આ કોઈના બાપનો ધર્મ નથી. બીજા ધર્મ કોઈકના બાપના છે, આ ધર્મ કોઈના બાપનો નથી. જે રાગ દ્વેષ જીતનાર થાય અને કેવળી થાય તે જિન. તેણે કહેલો ધર્મ તે જિન ધર્મ. અતીત કાળે કેઈ થઈ ગયા અને ભાવિમાં અનંતા થશે. વર્તમાન કાળે મહાવિદેહ ક્ષેત્રમાં જિન છે.

અનેક પાસે ધર્મ કહેવાડવશો તો કોઈક કંઈક ધર્મ કહેશે, ને વળી બીજામાં કોઈ કંઈક કહેશે. પણ જૈન ધર્મ એવી ચીજ છે કે તેના પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવની છાયા પડતી નથી. દ્રવ્યાદિકની છાયા પડે તો જુદા જુદા દ્રવ્યો ક્ષેત્રો કાળો અવસ્થાઓ એટલે બધા તીર્થંકરના ધર્મ જુદા થઈ જાય. પછી આ જ જૈન ધર્મ એ કહેવાનો વખત ન આવે. શ્રી મહાવીરદેવને દ્રવ્યાદિક જુદા લાગે, ને શ્રી ઋષભદેવને જુદા લાગે તો ચોવીશ તીર્થંકરોના ચોવીશ ધર્મ જુદા કહેવા પડે. પણ દુનિયાદારીમાં આ છેડેથી આ છેડે જાવ તો ૨ x ૨ =૪ કહેશે, પણ કોઈ પાંચ નહીં કહે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અસર એ હિસાબમાં થતી નથી. ગણિતમાં હિસાબની અપેક્ષાએ કોઈ કાળે કોઈ પણ દ્રવ્યની અપેક્ષાએ કે ક્ષેત્ર કાળ ભાવની અપેક્ષાએ ૨ અને ૨ પાંચ ગણવામાં આવ્યું નથી. ગણતરીમાં દ્રવ્યાદિક કાંઈ પણ અસર કરે નહીં. પછી પૈસો, ત્રણ પાઈ એક પૈસો, ચાર પૈસાથી એક આનો થાય, પણ ગણતરીનો હિસાબ તેમાં દ્રવ્યાદિકની અસર નહીં. તેમ અનંતકાળ થયા, અનંત ચોવીશી થઈ, હજુ તેમ અનંત ચોવીશી થશે. પણ જિનેશ્વર મહારાજાએ નિરૂપણ કરેલા ધર્મમાં કંઈ

પણ ફેરફાર થવાનો નથી. પણ આ વાત મગજમાં ઉતરતી નથી. પજુસણમાં સાંભળીએ છીએ કે બાવીશ તીર્થંકર, તથા મહાવિદેહના આચાર જુદા છે ને છેલ્લાં-પહેલાં તીર્થંકરનો આચાર જુદો છે. તીર્થંકર સ્થવિરકલ્પ જુદા. તો દરેક ક્ષેત્રમાં કાળમાં ફેરફાર થાય છે તો તે શી રીતે માનવું ? ગંગા નદી હયાત. બીજી નદી સુકાઈને બંધ થાય તેમ ગંગા બંધ ન થાય. ફાંટ ફેરવાથી ગંગા નદી ફરી. અમે ધર્મ કહીએ છીએ તે જીવાજીવાદિક તત્ત્વની અપેક્ષાએ આશ્રવને છોડવા લાયક ગણે. નવતત્ત્વો હેયાદિકપણે પણ કોઈ કાળે પલટતા નથી. મહાવિદેહમાં, વચલા તીર્થંકરોના આચારમાં ફેરફાર થાય, પણ મુખ્ય પ્રરૂપણા-ધર્મ. તે પ્રરૂપણા ફરે નહીં. સર્વજ્ઞ ન હોય તો દેવ માનવામાં અડચણ નહીં, આવું કોઈ કાળે તીર્થંકર કહેવાના નહીં. તત્ત્વનો ફેરફાર કોઈ કાળે કોઈ તીર્થંકર કહેવાના નથી. તપસ્યાના અંગે તીર્થંકર નામકર્મ વીશસ્થાનક આરાધે તેથી પાત્ર થાય. કોઈ એક સ્થાનક આરાધે તેથી ઓગણીસ સ્થાનકની તેને ઉપેક્ષા નથી. કયા દ્વારા આશ્રવ રોકવો ને સંવર સાધવો ? કયા દ્વારા ભવ રોકવો કે મોક્ષ મેળવવો ? તે જગતની સ્વાભાવિક સ્થિતિની અપેક્ષાએ, નહીં કે કૃત્રિમ. નાના બચ્ચાંને દરિયો બતાવો. સાક્ષાત્ જોયો, પછી ઘેર આવીને પૂછો કે દરિયો કેવડો મોટો ? તો બે હાથ પહોળા કરી બતાવશે. તેમ જે કાળે જે જીવો બુધ્ધિ ધરાવે તેમને માટે આચારમાં લાવવા માટે જુદા જુદા રસ્તા લેવા પડે. આચારમાં લેવા માટે, આચાર છોડવા માટે નહીં. યોગની તીવ્રતા હતી ત્યાં સુધી તરત દાન ને મહાપુણ્ય.

## પ્રતિક્રમણની આવશ્યક્તા છતાં ભેદ કેમ ?

બાવીશ તીર્થંકરના શાસનમાં ઉપયોગની જબરજસ્ત સ્ફુર્તિ. જે વખતે દોષ લાગે તે વખતેજ પડિકમણું. દોષ લાગે તો પડિકમણું તે બદલે દોષ લાગે ત્યારે પડિકમણું, 'તો' અને 'ત્યારે' પડિકમણાંમાં શો ફરક ? એનો ભાવાર્થ એ છે કે દોષ લાગે તો કરે, ને ન લાગે તો ન કરે. 'ત્યારે' જે વખતે દોષ લાગે કે તરત પડિકમણું. રોકડીયા માણસો ઉધાર ન રાખે. અત્યારે દોષ લાગ્યો છે સાંજે પડિકમણામાં આલોવીશું, એમ ઉધાર નહીં. દોષ લાગ્યો કે ત્યાં જ પડિકમણું કરી લે. જે વખતે દોષ લાગે તે વખતે જ આલોવે, પડિકમણું કરે. બાવીશ તીર્થંકરના જીવોની આત્માની જાગૃતિ એવી જે વખતે દોષ લાગે તે વખતે પડિકમણું. પહેલા તીર્થંકરના જીવો ઋજુ-સરલતા અને જડ, પણ છેલ્લા તીર્થંકરના જીવો વક્ર અને જડ. બાવીશ તીર્થંકરના જીવો ઋજુ અને પ્રાજ્ઞ હોય છે, ને છેલ્લા તીર્થંકરના જીવો વક્ર અને જડ હોવાથી દોષની સમજ ન પડે. દોષ લાગ્યો જ નથી. સાચી બુધ્ધિએ જ બોલે. કાઉસ્સગ્ગમાં દયા ધારીને ખેતી વિચારી એ પડિક્કમે શું ? વિચારી હિંસા, ધારણા દયાની એ પડિકમણું કેમ ? ધર્મનો બોધ દુર્લભ છે. પ્રસંગે જે બોધ થવો જોઈએ તે ન થાય.

કાઉસ્સગ્ગમાં ચિંતવે હિંસા, માને દયા તેવાને તત્કાળ પડિકમણું હોય. ક્રમસર બધું કહી જાય, ત્યાં યાદ કરે ત્યારે સવાર-સાંજ નિયમિત કર્યું. સવાર સાંજ સાધુ અને શ્રાવક બંનેને નિયમિત પડિકમણું કરવાનું. સપ્રતિક્રમણ ધર્મ કહ્યો છે.

## શ્રાવક માટે પ્રતિક્રમણ આવશ્યક જરૂરી

ધર્મને અંગે પ્રતિક્રમણ આવશ્યક કહ્યું છે. બીજે બધે સૂત્રમાં સાધુને ઉદ્દેશીને સાધુએ વંદન, સંડાસા વંદન આમ કરવા પણ છતાં અહીં અનુયોગદ્વાર સૂત્રકારને એ પરવડ્યું નહીં. એમને સાધુના નામે કહી શ્રાવકને સમજાવવાનું ન કહ્યું, એ ન પરવડ્યું. શ્રાવક समणेण ससावयेणं अवस्स कायव्वं સાધુ અને શ્રાવકે જરૂર કરવું જ જોઈએ. સંવચ્છરીને દહાડે કરીશું, બધું પાપ આલોવાઈ જશે. એમ નહીં. દિવસ પૂરો થાય એની અંદર અંદર અને રાત્રિ પૂરી થાય એની અંદર અંદર સાધુ અને શ્રાવક બંન્નેએ દિવસ-રાત્રિ પૂરી થાય તેની અંદર અંદર વંદન પડિકમણું કરી લેવું. અહીં સાધુ-શ્રાવક બંનેને અંગે વંદન પચ્ચક્ખાણાદિક સાધુને કહી શ્રાવકને સૂચવ્યા. પ્રતિક્રમણ સાધુ અને શ્રાવક બંનેને. તેથી ભગવાન મહાવીર મહારાજાનો અને પ્રથમ જિનનો ધર્મ - સપ્રતિક્રમણ ધર્મ. એણે પ્રતિક્રમણ કરવું જ જોઈએ. શ્રાવકે ધ્યાન રાખવું જોઈએ કે આપણે પ્રતિક્રમણ ન કરીએ તો ટીકાપાત્ર છીએ. સાધુ શ્રાવક બંને માટે આવશ્યક. અનુયોગ ટીકાકારે ઉપલક્ષણથી ન લીધું. નહીંતર શ્રાવક માટે ઉપલક્ષણથી લેત. વંદન કહ્યું તો શ્રાવક શ્રાવિકાએ વંદનાદિક ન કરવા ? સાધુએ નિર્જરા ગુણ પ્રાપ્તિ માટે વંદન કરવાના તો તે મુદ્દો શ્રાવકને અંગે પણ છે. માટે શ્રાવકે વંદન કરવું જોઈએ. તેમ પ્રતિક્રમણાં ઉપલક્ષણથી આવી જતે, પછી શ્રાવકે પણ કરવું જોઈએ. તેમ કેમ કહ્યું ? શ્રાવકે ધ્યાનમાં રાખવાનું છે કે પ્રતિક્રમણ એ આવશ્યક છે. જેમ નમાજ વગરનો મુસલમાન હોય નહીં, સંધ્યા વગરનો બ્રાહ્મણ હોય નહીં, તેમ પ્રતિક્રમણ વગરનો શ્રાવક હોય નહીં, પણ અહીં પ્રતિક્રમણ વગરના શ્રાવકો મળશે. નમાજ આદિમાં પંચાચારની છાયા નથી, છતાં તેઓ પકડી રાખે. જ્યારે તમે પંચાચારની છાયા શુદ્ધિવાળું પ્રતિક્રમણ છોડી દ્યો છો. આવશ્યક સાધુને બે વખત તેમ શ્રાવકને પણ બે વખત કરવાનું. હવે મૂળમાં આવો. ઉધાર; બાવીશ તીર્થંકરનો વેપાર રોકડીયાનો. દોષ લાગે તો તે જ વખતે પડિકમણું કરી લ્યે. વક્ર અને જડતાને અંગે આપણા માટે અનુકૂળતા કરી, તે વખતે પડિકમણું ન કરો તો ઇરિયાવહીને, મિચ્છામિદુક્કડં દો. બાકીનું સાંજે પડિકમણું કરો. આ અનુકૂળતા કરી આપી. ગંગા તો ખરી. પ્રવાહ આમ ચાલો કે આમ ચાલો, તૂટવી ન જોઈએ. લાગેલા દોષનું પડિકમણું કરવું જોઈએ. માત્ર દિવસ, સંવચ્છરી, ચોમાસી, પક્ખીએ કરીશું તેમ નહીં. દિવસ રાત્રિ પૂરી થવાની અંદર તેથી જ તેનું નામ

આવશ્યક. ચોમાસી-પક્ખી-સંવચ્છરીએ કરેલું આવશ્યક નહીં કહેવાય. રાત્રિ દિવસ પૂરી થવાની અંદર જે કરવામાં આવે તે આવશ્યક. આથી નિર્જરા મોક્ષ મેળવવાના તો કોઈ કાળે ક્ષેત્રે ફેર પડેલો જ નહીં.

### ધર્મની અનાદિ કોણ કહી શકે ?

તમારે તો ધર્મને કહેનારા હોય તે જિનેશ્વર કહેવાય. જે કાળે જે જિનેશ્વર થાય તે કાળે તેમને જે યોગ્ય લાગે તે ધર્મ કહેવાય. એમ શંકાના સમાધાનમાં કહ્યું. નહીંતર જૈન ધર્મને અનાદિ અનંત કહેવાય નહીં. જે ધર્મ ઉપર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની છાયા પાડે તેમને અનાદિ ધર્મ કહેવાનો હક નથી. જૈનધર્મ; જેમને ધર્મ ઉપર કાળ ક્ષેત્ર ભાવની છાયા નથી. આશ્રવને કેમ છોડવો ? સંવર કેમ સાધવો ? તે ક્રિયામાં આચારનો ભલે ફેરફાર થાય પણ તેની ખરી જડમાં ફેર ન પડે.

### જૈનધર્મનું અનાદિપણું સિદ્ધ છે.

સર્વકાળે એક જ મુદ્દાથી ૩૩ સાગરોપમની સરાગ ખાતાની સ્થિતિ ન નડી. જૈન ધર્મની સદાકાળ એજ સ્થિતિ માનવાને લીધે ભગવાન શ્રી ઋષભદેવજી દીક્ષા લઈ વિચરે છે. શ્રેયાંસકુમાર જાતિસ્મરણ જ્ઞાન પામે છે. આવું ક્યાંક દેખ્યું છે-એમ વિચારે છે. સર્વાર્થ સિધ્ધથી શ્રીઋષભદેવજી આવ્યા છે, એ પહેલાં મહાવિદેહમાં શ્રીવજ્રજંઘ નામે આચાર્ય હતા. નહિતર જાતિસ્મરણનો વખત નથી. જો મહાવિદેહ અને અહીંનું સાધુપણું જુદું હોત તો શ્રીઋષભદેવજીએ કઈ ભાવનાથી તીર્થંકરપણું બાંધ્યું ? ઋષભદેવજી વજ્રજંઘ આચાર્યના ભવમાં તેના રીતરિવાજ ધર્મ જુદા હોત તો એની ભાવનાએ શાસનના ઉધ્ધારની જગતના ઉધ્ધારની ભાવના કરી પ્રથમ ધર્મ સ્થાપનારની ભાવના થઈ તીર્થંકર નામકર્મ બાંધ્યું તો ફળીભૂત થાય ત્યારે શી સ્થિતિ ? એમ શ્રીઋષભદેવજીના વખતે જે કોઈએ તીર્થંકર નામકર્મ બાંધ્યું હોય તેને તે જ ભાવનાએ એ ભાવના ક્યાંથી લાવવી ? અનાદિથી એક સરખો ધર્મ ન માનો તો જાતિસ્મરણ જ્ઞાન શી રીતે થશે ? દાદરે ચડવું તે ચોક્કસ, દાદર ફરે તેથી મેડો ન ફરે. અવસર્પિણીના લાયક જે જીવો હોય તેમને તે લાયક ધર્મ ઉપદેશાય. આચરવા માટે જાણવા માટે સરખા જ કહેવાય. જૈન ધર્મ એટલે જે જૈનધર્મ અનાદિનો શાશ્વતો નિત્ય કહીએ છીએ તે, તેમાં આશ્રવની હેયતા ને સંવરની ઉપાદેયતા. મોક્ષના ઉપાદેયપણામાં ક્યારેય ફરક નહીં પડે. તેથી આનું નામ જૈન ધર્મ. જેઓ જે મતને પ્રવર્તાવતા હોય તે દેવ તરીકે મનાય છે. બીજામાં ધર્મ પ્રવર્તાવનારા દેવ મનાયા તેમ અહીં જિનેશ્વર દેવ તરીકે મનાયા છે. આ એ હીરો ને આ એ હીરો એમ કહેવા જેવું થાય. એ પ્રવર્તક તરીકે મનાયા ને આપણા પણ મનાયા.

## 'જિન'-તીર્થંકરનો ગુણ છે, લોગસ્સનો અર્થ વિચારો.

લોગસ્સમાં આવતા ચોવીશ તીર્થંકરના નામ બધાને આવડે છે. આ ચોવીશ તીર્થંકરમાં જિન નામના કોઈ દેવ નથી. કેમકે, 'જિન' એ ગુણવાળું નામ છે, બીજી બધી વ્યક્તિઓ છે. ગુણનિષ્પન્ન નામે નિરૂપણ કરેલો જૈન ધર્મ. હવે વિચારવાનું કે ગુણનિષ્પન્ન થયા શાથી ? શું એમને ત્યાં રજીસ્ટર થયેલું છે ? પાંચ હજારમાં રજીસ્ટર થઈ જાય પછી પાંચ લાખવાળાને બેસી રહેવું પડે. પણ અહીં જિનેશ્વરના શાસનમાં ગુણનું કોઈના નામે રજીસ્ટર થયું નથી, જે કોઈ ચાહે તે મેળવે, કોઈને પ્રતિબંધ નહીં. જૈનધર્મ શાના અંગે ? આવા ગુણવાળા જે જીવો થાય, તે જીવોએ જે ધર્મ કર્યો અને કહ્યો તે ધર્મ. અહીં ગુણવાળાને અંગે કહ્યું. હવે ગુણ કયો કે જેને અંગે દેવ ગુરૂ ધર્મ મનાયા ? જૈન ધર્મ બધે આડા લાકડા મેલશે ? ગુણપણ અહીં જ છે. ગુણ શા માટે કહું છું ? વ્રત પચ્ચક્ખાણ એ જૈન ધર્મ, મહાવ્રત જેવી ચીજ તે જૈન ધર્મ. બીજાઓ પણ યમ નિયમનમાં મહાવ્રતો માને છે, પણ એક વાત લક્ષ્યમાં લેજો. દાવો કરતા બધાને આવડે છે, પણ ચોપડા રજૂ કરવામાં મુશ્કેલી છે. ખાતુ સાબિત કરવું મુશ્કેલ છે.

## 'ન નાહ્યા એટલું પાપ' એમ જૈનધર્મ જ માને.

જૈનોના મહાવ્રતો સાંભળી બીજાઓએ મહાવ્રતોના દાવા રજૂ કર્યા છે, પણ દાવા અરજી કરતાં કોઈને રોકાતા નથી. અરજી મેજ પર લેવી કે ન લેવી તે કાયદો નથી. અધિકારીએ અરજી લેવી કે ન લેવી તે મરજીની વાત છે. અમે યતિ, શિક્ષા, વ્રત, નિયમ માનીએ છીએ. કારણ એક જ કે વગર મકાને કંપાઉન્ડ ક્યાંથી આવ્યું ? મકાન વગર કંપાઉન્ડની વાત કરનારો ગલત ગણાય. ઘર વગરનું આંગણું ક્યાંથી હોય ? તેમ અહીં જૈનધર્મ સિવાય એવો કોઈ મત નથી કે જે વ્રત ન કરવાથી કર્મબંધ માને. અવિરતિનું કર્મ કોણ માને ? મહાવ્રતો યમો નિયમોના નામે વ્રતો માને, કદાચ શિક્ષા ધર્મો માન્યા, પણ બધામાં ન કરવાથી કોઈ જગો પર પાપ માનેલું છે ખરું ? વ્રત ન લેવામાં પાપ એ જૈનધર્મ સિવાય કોઈએ માનેલું જ નથી. આપણામાં 'ન્હાયા એટલું પુન્ય, પણ ન ન્હાયા એટલું ગંદુ રહ્યું.' જ્યારે બીજાઓએ ગંદુ નથી માન્યું, માત્ર ન્હાયા એટલું પુન્ય માન્યું છે. ધોયું એટલું નિર્મળ, પણ ન ધોયું એટલું કેવું ? ન ન્હાયા એટલું પાપ માનો તો ન્હાયા એટલું પુન્ય મનાય. એમ અવિરતિપણામાં કર્મ ન માને તો વિરતિમાં ધર્મ ક્યાંથી આવ્યો ? વ્રતને ધર્મ માને ને અવ્રતને પાપ માને. એ જ જૈનશાસનની બલિહારી છે. અવ્રતને પાપ ન માને તે વ્રતને ધર્મ શી રીતે માને ? જૈનધર્મ અનાદિકાળથી અવિરતિને કર્મ માની વિરતિને લાભ માનનારો છે. હવે અવિરતિ કેમ હઠાવાય તે અધિકારે અગ્રે વર્તમાન.

# વ્યાખ્યાન - ૨

**द्रव्यतो भावतश्चेति प्रत्याख्यानं द्विधा मतं । अपेक्षादिकृतं ह्याद्यमतोऽन्यत् चरमं मतम् ॥**

## તીર્થંકર મહારાજાને જગતના ઉધ્ધારની ભાવના ક્યારથી ?

શાસ્ત્રકાર મહારાજ ભગવાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે અષ્ટકજી નામના પ્રકરણને રચતાં થકાં આગળ દેવ વગેરેનું સ્વરૂપ જણાવી ગયાં. સર્વમતવાળા પોતાના મતને પ્રવર્તાવનારા ને દેવ માને છે. ફરક માત્ર એટલો જ છે કે તેઓ આદ્ય પ્રવર્તક બને છે. અહીં જૈન ધર્મના કોઇ આદ્ય પ્રવર્તક નથી. જો જૈનધર્મના પ્રવર્તક માનવામાં આવે તો તીર્થંકર થવાનો વખત જ આવે નહીં. તીર્થંકર થાય ક્યારે ? જ્યારે એ ભાવના જાગે કે આખા જગતને જન્મ આદિ, દુઃખ શોકની રીબામણમાંથી તેનો ઉધ્ધાર કરી કલ્યાણના માર્ગમાં દાખલ કરું. તેને અંગે 'સવિ જીવ કરું શાસન રસી, એસી ભાવ દયા દીલ ઉલ્લસી.' શાસન જિનેશ્વરનું શાસ્ત્ર પ્રવચન વગેરે. જૈનધર્મ એ જ શાસન, તો શા માટે ? જન્મ, જરા, મરણ, રોગ, શોક, આધિ, વ્યાધિ, ઉપાધિ બધાથી દૂર થઇ કેવળ આત્માનું જ્યોતિસ્વરૂપ- તેમાં જ આત્માને રાખવા માટે. ને તે માટે સાધન મેળવવા જોઇએ. આખા જગતને તેવા સાધન આપું. તે ભાવના ક્યાંથી થાય ? આગલા ભવોમાં કેવળજ્ઞાન અવધિજ્ઞાન ન હોય. પ્રથમ ધર્મોપદેશ સાંભળ્યો હોય, જગતના ઉધ્ધારના કારણો સાંભળ્યા હોય, તેમાં આગળ વધ્યો હોય. તો આ રસ બીજાને દઉં. આદ્ય પ્રવર્તક માનીએ તો આમાંની સ્થિતિ મનાય નહીં. પ્રથમ ધર્મ એમણે જ કાઢ્યો હોય તો ઋષભદેવ તીર્થંકર થયાં જ ક્યાંથી ? પહેલાના ત્રીજા ભવે જગતના દુઃખે પોતે દુઃખી. તેને ઉધ્ધારવાની ભાવના ૫-૫૦ વરસની નહીં, પલ્યોપમની નહીં, પણ સાગરોપમોની, તે પણ કોડાકોડ સાગરોપમ લગે જગતના ઉધ્ધારની ભાવના.

## તીર્થંકર ક્યારથી થયા ?

કોડાકોડ સાગરોપમ સુધી જગતની ઉધ્ધારની ભાવના રહે તે જીવ તીર્થંકર થાય. તીર્થંકર નામ કર્મની સત્તા શાસ્ત્રકારે અંતઃકોડાકોડ સાગરોપમમાં થોડો ઓછો કાળ બતાવ્યો છે. આટલા કાળ સુધી જગતના ઉધ્ધારની ભાવના જે આત્મામાં રહે તે કેવા સંજોગે ભાવના ટકાવતો હશે ! લગ્ન મંડાય છે ત્યારે ફેરા ફરાય છે. બધું કરાય છે પણ એ શબ્દ ચાલુ

છે, માંડવે લગ્ન શબ્દ નીકળી જતો નથી. કુંભારને ત્યાં જાય ત્યાં પણ લગ્ન શબ્દ, તેમ બીજા કશામાં રસ નહીં, માત્ર જગતના ઉધ્ધારમાં. તેથી કોડાકોડ સાગરોપમ સુધીની સ્થિતિ તીર્થંકર નામકર્મની ટકે. અનેક ભવોમાં જે ભાવના જગતના ઉધ્ધારની રહે તે 'ભાવના' તીર્થંકર નામકર્મ બાંધે. તે ભાવના જૈનધર્મના પ્રતાપે જ જન્મી છે. એને તે ભાવના પાછી આગલા તીર્થંકરને પણ પહેલા થયેલી. એમ પરંપરાએ અનાદિ ધર્મ જૈન જ છે. જગતની આદિ કેમ માનવી પડે છે ? જગતની આદિ ન માને તો ધર્મ અનાદિ માનવો પડે. અન્ય પ્રવર્તકો પોતાનું સ્વત્વ દાખલ કરવા માટે અનાદિનો મુદ્દો ખસેડી નાંખે છે.

## 'આઇગરાણં' નો સાચો અર્થ સમજો.

'આઈગરાણં' એટલે આદિ કરનારા એમ સૂત્રકાર કહે છે. દરેક તીર્થંકર આદિ કરનારા છે- એમાં અડચણ નથી. હમણાં અનાદિ હોવું જોઇએ એમ જણાવ્યું ને હવે આદિ ? જેમ આગળથી નદી વહેતી આવતી હોય પણ અહીં નદી આવી તે પેલે ગામ થઇને આવી. આ ગામનું પાણી પણ ફલાણા ગામથી અહીં આવ્યું તેથી ફલાણા ગામનું. શ્રુત ધર્મને પ્રગટ કરનારા તીર્થંકર તીર્થની અપેક્ષાએ શ્રુતજ્ઞાન પ્રવર્તાવનારા છે તેથી આદિ કરનારા છે, પણ જૈન ધર્મની આદિ કરનારા નથી. બીજા ધર્મો પોતાની ધર્મની શરૂઆત પોતાના દેવથી માને છે. જૈનધર્મ પોતાના પ્રરૂપનારાથી આદિ નથી. પ્રરૂપનારાએ ઉભો કર્યો તે પહેલાં હતો જ નહીં એમ નથી. લોગસ્સમાં ચોવીશ તીર્થંકરમાં જિન નામનો કોઇ તીર્થંકર નથી. જે કોઇ તીર્થંકર અનંતા કાળમાં થઇ ગયા, અનંતી ચોવીશી થશે, તો પણ ધર્મના સ્વરૂપમાં દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવથી પલટો થવાનો નહીં.

દરેક ધર્મ પોત પોતાના પ્રવર્તકને નામે શરૂ થયા છે, તેમ જૈન ધર્મ પ્રવર્તક એવા જિનેશ્વર હોવાથી શરૂ થયો છે. પણ બીજા ધર્મ વ્યક્તિના નામે પ્રવર્તેલા હોવાથી વ્યક્તિની નામથી પ્રસિદ્ધ થયા છે. જૈન ધર્મ ગુણ અને ક્રિયાને અંગે પ્રવર્તેલો છે. સર્વજ્ઞપણાના ગુણવાળા રાગદ્વેષને જીતનારાએ જૈન ધર્મ પ્રવર્તાવેલો છે. દેવ ઉત્કૃષ્ટ હોય પણ જગતને ઉપગાર શો ? દરિયાને તળીયે સોનાની ખાણમાં ઉત્તમ સોનું હોય પણ તેથી બજારને લાભ શો ? તેમ જિનેશ્વર વીતરાગ સર્વજ્ઞ સર્વગુણ સંપન્ન ખરા, પણ જગતને લાભ શો ? જુઓ ! બે દૃષ્ટિ ધ્યાનમાં રાખવાની છે. એક ગુણવત્તા દૃષ્ટિ બીજી ઉપકારિતા દૃષ્ટિ. ઉપગાર કરે કે ન કરે પણ ઉપગાર માલુમ પડે કે ગુણવાનની સ્તુતિ કરવી જોઇએ. ખેતરમાં જે વાવે તે ઉગે. આ આત્મામાં ગુણો ન હોય પણ ગુણવાનની સ્તુતિથી ગુણનું વાવેતર થાય છે. ઉપગાર અનર્ગલ કરે છે. ગુણવાન થયો એટલે જ ઉપગાર. એના ગુણની સ્તુતિ દ્વારા આપણે ગુણ મેળવી શકીશું.

## સિધ્ધનું સ્વરૂપ

'નમો સિદ્ધાણં' કરીએ છીએ. શરીર અને મન વગરના તેમજ આયુષ્ય નથી તેમને નમસ્કાર શા મુદ્દાનો ? સિધ્ધને નમસ્કાર કરવાનું પ્રયોજન એટલું જ કે અમે તે સ્મરણ કરાવીએ છીએ તે એક જ મુદ્દાથીઃ શાશ્વતકાળ સર્વકાળે ઊંચાને ઊંચા પદમાં રહેવાવાળા, ઊંચ પદમાંથી નહીં પડવાવાળા એવા જીવો જો કોઇ હોય તો માત્ર સિધ્ધ મહારાજા. જેની ડિગ્રી કોઇ કાળે ઘટતી નથી. કોઇ દહાડો મરણ પામવાના નહીં. જે આત્માએ સંપૂર્ણ વિકાસ સાધી લીધો છે, જ્યારથી કૈવલ્યની ઉત્પત્તિ કરી છે ત્યારથી કદી પણ ઓછી થવાની નહીં, એવું સ્થાન કેવળ સિધ્ધ મહારાજનું. જ્યાં સર્વ ગુણ સંપૂર્ણ પણે હોય, તે સ્થિતિ હંમેશા ટકતી હોય છે, વીતરાગતા, અનંત સુખ, વીર્ય હંમેશા ટકે તેવું સ્થાન બીજું ચૌદ રાજલોકમાં એકેય નથી.

## ભવાભિનંદીના વિચારો

નાના બચ્ચાંને આબરૂ સમજાવવી મુશ્કેલ છે. પ્રતિષ્ઠામાન માણસથી પણ આબરૂ વિશે બાળકને ન સમજાવી શકાય. તેથી જગતમાં આબરૂ જેવી કોઇ ચીજ નથી એમ ન મનાય. આબરૂ ચીજ છે પણ છોકરો અંશે પણ આબરૂ વિષય ન સમજી શકે. એ ખાવા-પીવાનું કે લુગડામાં સમજે, તેમ જગતના જીવો ખાવા પીવામાં સમજેલા છે. બાપા પૂછે છોકરાને : આબરૂ મીઠી કે ખારી ? તો છોકરો કહી દે : કરવી શું આબરૂને ? ન રમવાના કામની, ન ખાવા પીવા ઓઢવાના કામમાં આવે. તેથી તે નકામી છે. તેમ આપણે પણ મોક્ષમાં ખાવા પીવા હરવા ફરવાનું નથી. જેમ છોકરો આબરૂને અંગે બોલે તે જ પ્રમાણે આપણે સિધ્ધપણામાં બોલીએ છીએ. જેમ નાનું બચ્ચું આબરૂમાં તત્ત્વ ન સમજે એમ ભવાભિનંદી ઇંદ્રિયારામી પુદ્‌ગલાનંદી જીવો કહે છે કે મોક્ષમાં ખાવા પીવા હરવા ફરવાનું નથી તો એ મોક્ષ શા કામનો ?

સમજવાની તાકાત જોઇએ. શું ચીજ છે ? સિધ્ધને નમસ્કાર સ્તુતિ કયા મુદ્દાથી કરીએ છીએ તે ધ્યાનમાં લો. જન્મ જરા મરણ આ દુઃખોનો સર્વથા બહિષ્કાર કરનાર વર્ગ માત્ર સિધ્ધ મહારાજા છે. દસાડા દરબારમાં જાણી જોઇને પત્રકમાં નામ દાખલ કર્યું. મિત્રની માવજત સ્વતંત્ર રહે. દરબારને સીધા દેવા સિપાઇ જાય. આપણે ત્યાં કેમ સીધા નથી આવતા ? દસાડા દફતરમાં નથી તો દાખલ કરી દ્યો. દાખલ કર્યું. રાજા હતા તેમાંથી ઠાકુર થયા. એમ આપણને જન્મ જરા મરણના દફતરમાં દાખલ થવું ગમે છે, ઠાકુરપણામાં ગમે છે. રાજાપણામાં ગમતું નથી.દફતરમાં દાખલ થયા પછી વરસોવરસ કર-ટેકસ ભરવો પડશે અને ચાકરી ઉઠાવવી પડશે. આપણને ખાવા પીવાનો રસ આવ્યો.

પણ જન્મ જરા મરણ ચોંટ્યા તે ધ્યાનમાં કેમ નથી આવતું ? સિધ્ધ મહારાજાને શરીર મન વચન આયુષ્યાદિ નથી, પણ તેમના ગુણની સ્થિતિ : ત્રણ લોકમાં જન્માદિનો સદાને માટે બહિષ્કાર કરનાર માત્ર સિધ્ધ મહારાજા છે. એટલું જ નહીં પણ હંમેશની ઉત્તમ સ્થિતિ જેણે રજીસ્ટર કરી છે, આત્માની પૂર્ણતાની સ્થિતિ પ્રકટ કરી છે, આ નમસ્કાર એમના ગુણવત્તા દ્વારા ગુણવાન છે તેથી નમસ્કાર. તેમ ઉપગારીપણાથી પણ નમસ્કાર બેવડો અધિકાર. સિધ્ધ મહારાજા અધિક ગુણવાન.

## સિધ્ધની સ્તુતિ ગુણોથી છે.

અરિહંત મહારાજા ચાર કર્મ સહિત છે, પાંજરામાં પૂરાયેલ છે, કાયાની કેદમાં પૂરયેલા છે. પેલા છૂટેલા છે, જયોતિ સ્વરૂપ થઇ ગયેલા છે. છતાં પ્રથમ 'નમો અરિહંતાણં' કેમ ? શાહુકારી નાણાંને અંગે હોય. વહીવટને અંગે હોય તો બે ઉપર ખ્યાલ રખાય. જાડો -પાતળો-કાળો-ગોરો શાહુકાર છે તે ઉપર આધાર ન રહે. આત્માના ગુણો ચાહે સિધ્ધમાં, ચાહે અરિહંતમાં તેમાં કોઇ જાતનો ફરક નથી. જેવું સિધ્ધ મહારાજાનું કેવળજ્ઞાન, દર્શન, વીતરાગતા, અનંત વીર્ય છે તેવું જ અરિહંતમાં આત્માના ગુણોની અપેક્ષાએ ફરક નથી. પણ કાયાધારી છે. કાયા સહિત તે અરિહંત. ગુણવાન હોવા સાથે ઉપગારી છે. સિધ્ધ ગુણવાન છે. અરિહંતનો ઉપગાર શો ? પોતે જગતથી નિરાળા. નાગો ન્હાય શું ને નિચોવે શું ? તેમ સર્વ દુનિયાનો ત્યાગ કરી વીતરાગ બનેલા ઉપગાર કર્યા કરવાના.

સમ્યક્ત્વ મિથ્યાત્વની જડ અહીં આવે છે. અરિહંત મહારાજાનો ઉપગાર આત્માની રિધ્ધિ દેવા તરીકેનો માને તે સમકિતી. બાહ્ય પુદ્ગલ દેવા તરીકે ઉપગાર માને તે મિથ્યાત્વી. આ ખ્યાલ રહેશે ત્યારે અભવ્યો નવ ગ્રૈવેયક મળે તેવું ચારિત્ર પાળે છે. તેઓ સડકે ચઢ્યા નથી. જિનેશ્વરે આત્મગુણો પ્રગટાવવા તીર્થ સ્થાપ્યું છે. તે અભવ્યો હજુ સડક પામ્યા નથી. દેવલોક મળે, રાજા થાઉં. સમ્યક્ત્વવાળા બાહ્ય પુદ્ગલ છાંડવા લાયક માને. એમની પાસેથી આત્માના ગુણો પ્રગટાવવાની જ આશા રખાય. બાહ્ય વસ્તુ માટે ધર્મ કરનારને પરિણામે શું આવશે ? લાલચે સેવા કરનારો, લાલચ બીજી મળે તો ગળું કાપે. નિઃસ્વાર્થ સેવા કરનારો નિમક હલાલ નીવડે. લાલચે સેવા કરનારો સેવક બને ને ઘાતક બને. લાલચે સેવા કરનારો વેશ્યા જેવો. વધારે ધન મળે તો પહેલાને ધક્કો મારે. તેમ જ્યાં સુધી ધરમથી મળે ત્યાં સુધી ધરમ. ધરમ કરતાં અહી વધારે મળે છે તો ધરમને લાત મારે.

**દૃષ્ટાંત : માંકડાની હાલત.**

દીવી લઇ માંકડું રાજા પાસે ઊભું રહે. પગાર ન માંગે, ત્રણ કલાક ઊભું રહે. આ નોકર સારો છે. એની રજાની કે પગારની પણ ભાંજગડ નહિ. પણ રાજાને ખ્યાલ નથી કે માંકડાં ક્યાં સુધી સેવા કરનારા છે ? મોં પાસે આંબા નથી આવ્યા ત્યાં સુધી. આંબાનો પ્રસંગ આવે પછી રાજાના સિંહાસનને સળગાવે છે. પૌદ્ગલિક ચીજ માટે ધર્મ કરનારા બીજામાં વધારે લાભ દેખાયો તો તત્કાળ ધરમને છોડશે. છોડવામાં પણ અક્કલ જોઇએ. કહો, અરિહંત મહારાજાની પૌદ્ગલિક લાલચથી જે ધર્મમાં જોડાયા છે તે સમ્યકત્વના બારણાંમાં પેઠેલા નથી. જે આત્મગુણમાં સંપૂર્ણ થયા છે, એમના આલંબને આત્માના સંપૂર્ણ ગુણ ઉત્પન્ન કરીશ તે સિવાય બીજું સ્થાન નથી. માટે એમની સેવા કરું.

આત્મા છે - તે ગુણવાળો છે કે ગુણ વગરનો ? ગુણવાળો કહો તો નવા ગુણ ઉત્પન્ન કરવાના નથી, જો ગુણ વગરનો છે તો ગુણ વગરનામાં ગુણ આવતા નથી. દીવો છે કે નહીં ? દીવો છે તો નવો દીવો કરવાનો નથી. તેમ આત્મામાં માત્ર આવરણ ખસેડવાના છે. આત્મામાં કેવળજ્ઞાન દર્શન છે. સિધ્ધના જીવો અને નિગોદના જીવો, ભવ્ય કે અભવ્ય, સમ્યકત્વી કે મિથ્યાત્વી આત્મામાં બધા કેવળજ્ઞાનવાળા છે. જો આત્મામાં કેવળજ્ઞાનાદિ ન હોય તો એ અભવ્યાદિકને તે કર્મ માનવા કે નહીં. જો કર્મ માનવા તો જ્ઞાનાવરણીયમાં મતિજ્ઞાનાવરણીયાદિ પાંચે માનવા કે નહીં. જો કર્મ માનવા તો જ્ઞાનાવરણીયમાં મતિજ્ઞાનાવરણીય રોકશે શાને ? સ્વરૂપે કેવળજ્ઞાન દરેક જીવમાં છે. અન્ય બધા મતો આ માન્યતાથી અજ્ઞાન છે.

**આત્મા જ્ઞાનમય કે જ્ઞાનવાન્**

જૈન દર્શન જગતના સર્વ આત્માઓને એટલે સિધ્ધનો આત્મા કે નિગોદનો આત્મા બધાને સ્વરૂપ આત્મા માને છે. જ્ઞાનમય આત્માને જૈન ધર્મ માને છે. પણ બીજા જ્ઞાનવાળો માને છે. કાચ તેજવાળો, સૂર્ય પણ તેજવાળો. સૂર્ય તેજવાળો તે પોતાના સ્વરૂપે, જ્યારે કાચ બહારના પ્રતિબિંબથી તેજવાળો છે. સૂર્યમાં જે તેજ છે તે પોતાનું. કાચમાં જે તેજ છે તે પોતાનો ઝગઝગાટ નથી. કાચમાં લાઇટ બહારનું છે. તેમ આ જગતમાં તમામ મતવાળાઓ જીવને ચેતનવાળો માને છે. પણ બીજાઓ જીવને ચેતનાવાળો માને તે આરીસા જેવો, જ્યારે જૈનો સૂર્ય જેવો. જ્ઞાનાધિકરણાત્મા. જ્ઞાનનો આધાર આત્મા. જૈનો જ્ઞાનમય આત્મા અને જ્ઞાનવાળો આત્મા બંને માને છે. જૈનો જ્ઞાનમય એ સૂર્ય સ્થિતિએ- પોતાનો ઝગમગાટ, નહીં કે પારકો.બીજાઓ આત્માને જ્ઞાન અધિકરણ માને ખરા, પણ આત્મા જૂદી ચીજ ને જ્ઞાન જુદી ચીજ છે, ઝગઝગાટ જુદી

ચીજ. કાચમાં સૂર્યના સંબંધે ઝગઝગાટ આવ્યું. હાથનું ઝવેરાત અને અરીસાનું ઝવેરાત. અરીસામાં જે ગુણ આકાર સ્થિત છે તે અરીસાના હીરામાં છે. પણ અરીસાના હીરામાં દહાડો ન વળે, હાથના હીરામાં દહાડો વળે. તેમ અન્યમતવાળા જ્ઞાન બહારનું માને ને જૈનો આત્માના ઘરનું જ્ઞાન માને છે. આ બધી પંચાત અનાદિ અને આદિમાં છે. આત્માને જ્ઞાનમય માન્યો એટલે સર્વ આત્મા સર્વજ્ઞ થઇ શકે. જ્ઞાનમય આત્મા હોય તેનેજ સર્વજ્ઞ થવાનો હક રહે. બહારથી આવેલું જ્ઞાન અનંતુ થઇ શકે નહીં. સ્વ સ્વરૂપે જ્ઞાન હોય તે જ સર્વજ્ઞપણું. આ સર્વજ્ઞપણું સ્વભાવિક જ્ઞાન માને તો જ થઇ શકે.

**કરશે એ ભોગવશે - આ સિદ્ધાંત પુન્યમાં.**

જીવ અનાદિનો માન્યો, તો તે જ્ઞાનસ્વરૂપ માની ચાલ્યા હોત તો અડચણ શી હતી ? જીવ માત્રને જ્ઞાનસ્વરૂપ માને તો બધાને સર્વજ્ઞ થવાની લાયકાત માનવી પડે. બીજા કાળે બીજા પણ પરમેશ્વર થઇ શકે. તેથી પોતાનું સર્વજ્ઞત્વ ઉડી જાય. આત્મા એ સંપૂર્ણ જ્ઞાનમય સ્વરૂપે છે તો આવરણ માનવું પડે, પાપ માનવું પડે. નહિતર ચોખ્ખા થયેલાને પણ પાપ માનવું પડે.

અનાદિ ન માને તો પાપ આવ્યું ક્યાંથી ? એ ખુલાસો કરવા જાય ત્યારે અનાદિનું મિથ્યાત્વ અવિરતિ પાપ બંધાવે છે. અનાદિની અવિરતિ માનવી મુશ્કેલ છે. "કરશે એ ભોગવશે, નહીં કરે એને કંઇ નહીં." એ જૈન મતનો સિધ્ધાંત નથી. એ સિધ્ધાંત પુન્યમાં લ્યો. અવિરતિથી પુન્ય આવતું નથી, પાપ જરૂર આવશે. પુન્યની અપેક્ષાએ એ વાત સાચી. આપણે તો એમાં પણ અપવાદ છે. દાન દીધું ધનાજીએ, પણ સ્ત્રીઓએ અનુમોદના કરી તેણે પણ ફળ ભોગવ્યું. બળભદ્રજીએ તપસ્યા કરી તો સુથાર-હરણીયા તેને પણ દેવલોક મલ્યા. અનુમોદના પણ પુન્યમાં ભોગવાય છે. પણ પાપના પાર નહીં કરનારો પણ પાપ ભોગવે છે. આ ન માનીએ તો વનસ્પતિકાયના જીવો ક્યાં પાપ કરવા જાય છે ? નીગોદના જીવો ક્યાંય પાપ કરવા ગયા છે કે તેથી ત્યાં પડી રહ્યા છે ? અનાદિકાળથી રખડાવનાર ચીજ અવિરતિ છે.

**પચ્ચક્ખાણની આવશ્યકતા છે.**

અવિરતિ એ પાપનું કારણ. રાતના ન ખાઇએ પણ પચ્ચકખાણ ન કરે તો પાપ બેઠેલું જ છે. જો નથી ખાવું તો પચ્ચક્ખાણ ન કરવાનું કારણ ? પોતાની છોકરીને પચ્ચીસ હજાર આપવા છે, તો વીલમાં નથી લખતો તો મનમાં કંઇક ગુંચવાડો છે. ખાતા નથી પણ નહીં ખાઉં તેમ બોલતો નથી. કોઇક વખત ખાવું પડે તો ? એટલો જ અર્થ. તને વખત

નથી મળ્યો એટલો જ વખત બંધ છે. કંદમૂળ ખાવાનો વખત નથી આવ્યો માટે બંધ છે. તારા રૂપિયા લીધા છે કબૂલ કરું છું, પણ સહી નહીં કરી દઉં. મકાન વેચાતું આપ્યું એમ સહી નહીં કરું. રૂપિયા તારે ત્યાંથી લાવ્યો છું, પણ સહી નહીં કરું - એનો અર્થ શો ? આ બદદાનત કહેવાય, બીજું કંઇ નહીં. એમ પાપ જાણી રાત્રિભોજન ન કરો પણ સોગન નહીં લઉં, તો કંઇક ગોટાળો છે. સહી ન આપે તે ઇમાનદાર ન ગણાય. તેમ જેઓ પાપ નથી કરતાં છતાં પાપના પચ્ચક્ખાણ ન લે, તે શ્રદ્ધાવાળા કેટલા ? હજુ સુધી એ શ્રદ્ધા ચોટી નથી કે પાપ ન કરીએ છતાં પચ્ચક્ખાણ ન કરીએ તો પાપના ભાગી બનીએ છીએ. આ સિધ્ધાંત માત્ર એક જૈન દર્શન જ માને છે, તે સિવાય બીજા દર્શનકારો તેવી માન્યતા ધરાવતા નથી. પણ આ વાત બેસતી નથી : પાપ સંબંધી વિચાર ઉચ્ચાર પ્રવૃત્તિ નથી તો પાપ શી રીતે લાગે ? એનાર્કીસ્ટની ટોળીમાં નામ નોંધાવી ઘરે બેસે, સભામાં ભલે ન જાય, તેના કાર્ય ન કરે, પણ ટીમમાં નામ નીકળે ત્યારે પકડાય છે કે નહીં ? રાજીનામું હોય તો ન પકડાય. ગુનેગારની ટોળીમાંથી રાજીનામાથી જ બચી શકે. આ જીવ અગર પાપ સ્થાનકની ટોળીમાં ભળેલો છે, તેમાંથી રાજીનામું ન આપે તો પાપથી બચી ન શકે. શ્રમણ ભગવાન મહાવીર પણ ટોળીમાં ભળેલા છે. તે પણ તેમાંથી રાજીનામું ન આપે તો પાપથી બચી ન શકે. શ્રમણ ભગવાન મહાવીર દીક્ષા લે છે. ઘરથી નીકળી સાધુપણું લીધું. ઘરથી નીકળી એમ કહેવાની જરૂર શી ? તેમાં રાજીનામું છે. પાપસ્થાનકની ટુકડીમાંથી રાજીનામું દીધા સિવાય નિરગુનેગાર થઇ શકે નહીં.

## ગુનેગારનું દૃષ્ટાંત વિચારો. (અવિરતિ આત્મા)

એક ખૂની કોઇનું ખૂન કરવા નીકળ્યો. સાંજ પડી ઊંઘી ગયો. તે વખતે મારવા સંબંધી કાયા વચન મનની પ્રવૃત્તિ નથી તો તે પુરૂષ ઊંઘમાં પ્રમાણિક ગણવો ? એ જગ્યાએ બીજો એક મારવા જ નીકળ્યો. મન પાછું વળ્યું. રાજા ગામ દેશ આપશે, અંતે મેળવી મેલી મરી જવાનું તો મારી ને નકામું દુર્ગતિએ જવાનું. આપણે સવારે પાછા જઇશું. આ વખતે ઊંઘમાં છે. તેને બેઇમાન ગણશું ? બંનેના યોગો પ્રવૃત્તિ કરતા નથી. છતાં એક ગુનેગાર ને બીજો બિનગુનેગાર. તેમ આ જીવ અવિરતિનો વિચાર પલટી જેટલો કાળ રહે તે પાપ વગરનો. માટે અવિરતિમાં આપણે પાપ માન્યું. બીજાએ માત્ર યોગમાં પાપ માન્યું.

## યોગ કરતાં કષાયો વધુ ભયંકર.

યોગ કરતાં કષાયમાં કર્મબંધ વધારે. ક્યારેક બચાવને માટે કરતો હોય તો તેમાંથી મરી જાય છે. માંકડ મરી જશે એમ ધારી લેવા (બચાવવા) જઇએ ને મરી જાય, તો યોગથી હિંસા થઇ, કાયાથી હિંસા થઇ છતાં કષાયમાં પરિણતી નથી. તેથી હિંસા તેટલી

ન લાગે. ચંડ કોશિયાનો જીવ શિષ્યને મારવા ગયો. મારી ન શક્યો પણ પોતે મર્યો. તાપસ રાજકુમારને મરાવા ગયો. માર્યા નથી છતાં ખાડામાં પડી મરી ગયો. અહીં હિંસા નથી, દુર્ગતિ યોગથી નથી. છતાં પરિણતિ કષાયની થઇ તેથી કર્મબંધ થયો. માટે યોગ કરતાં કષાયમાં કર્મબંધ વધારે.

**કષાય કરતા અવિરતિ ખતરનાક.**

કષાય કરતાં અવિરતિમાં વધારે કર્મબંધ છે. કષાય ટાળવાનો ખપ આવ્યો છે પણ અવિરતિ ટાળવાનો હજુ વિચાર આવતો નથી. દારૂડિયાને અફીણ છોડવાની વાત આકરી પડે છે. તેથી અવિરતિનું પાપ લાગે છે તે આકરું પડે છે. એકેન્દ્રિય અને નિગોદનું થાળું કષાયથી પૂરાયેલું નથી. નારકીનું થાળું કષાયથી પૂરાયેલું છે. એકેન્દ્રિય વિકલેન્દ્રિય અસંજ્ઞી પંચેન્દ્રિયનું થાળું કષાયથી પૂરાયેલું નથી. તેઓને અસંજ્ઞીથી ઓછા કષાય છે. અવિરતિ કર્મબંધ કરનાર છે- એ જૈનો જ માની શકે. અવિરતિનું કર્મ માને તેને જ વિરતિ કરવાનો હક છે. દવાખાનામાં જવું કોને ? દરદના સંબંધવાળાને. અવિરતિ ને દરદ માને તેનું મન વિરતિ દવાખાનામાં દાખલ થવાનું.

બીજાઓને અવિરતિનું દરદ માનવામાં અડચણ શી ? વિરતિના દવાખાનામાં બધાને આવવું છે. કોઇ યમ, કોઇ નિયમ, કોઇ શિક્ષાવ્રતને નામે, કોઇ વ્રત તો કોઇ મહાવ્રતના નામે. અવિરતિમાંથી વિરતિમાં બધાને આવવું છે. પણ જૈનો જ બોલી શકે કે વિરતિ દવાખાનામાં દાખલ થવું છે. પણ વિરતિનું દવાખાનું સાંભળ્યું નથી. પચ્ચકખાણ કરો છો ? કોઇ નોકારશી, કોઇ જીવ હિંસાના, બીજાના. એજ વિરતિનું દવાખાનું છે. હવે વિરતિના દવાખાનામાં કયા રૂપે દાખલ થવાય તે અધિકાર અગ્રે વર્તમાન.

---

**હે અરિહંત પ્રભુ ! આ સંસારસમુદ્રમાં અમારા પ્રત્યે તારવું ને ડુબાડવું એ બે વિરુદ્ધ કાર્યો કેમ કરો છો ? પરંતુ આ સાચી જ વાત છે કે પાત્રને યોગ્ય ફળ મળે છે. અર્થાત્ આરાધક તરે છે ને વિરાધક ડૂબે છે.**

---

# વ્યાખ્યાન - ૩

**द्रव्यतो भावतश्चेति प्रत्याख्यानं द्विधा मतं । अपेक्षादिकृतं ह्याद्यमतोऽन्यत् चरमं मतम् ॥**

## જિનેશ્વર ધર્મ બનાવનારા નથી, બતાવનાર છે.

શાસ્ત્રકાર મહારાજા ભગવાન હરિભદ્ર સૂરિશ્વરજી મહારાજા ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે અષ્ટકજી પ્રકરણ રચતાં થકાં આગળ જણાવી ગયા કે સંસારમાં કે જગતમાં જે જે ધર્મો છે તે તે તેના પ્રવર્તકના નામે જાહેર થયાં છે. જૈન ધર્મ પણ પ્રવર્તકના નામે થયેલો ગણાય. જિનેશ્વરે કહેલો ધર્મ તે જૈન ધર્મ. જિનેશ્વરે બનાવેલો ધર્મ એમ આપણે કહેતા નથી. બીજાએ પોત પોતના દેવોને જગતમાં આદિ કરનાર તરીકે માનેલા છે. જૈન ધર્મીઓએ જિનનો બનાવેલો ધર્મ નહીં, પણ કહેલો - બતાવેલો ધર્મ. ધર્મ બતાવવામાં વસ્તુ પહેલાની હોય. તેથી જ જિનેશ્વરો થઇ શક્યા. ધર્મ જેવી ચીજ જ હોત તો જિનેશ્વરને થવાનો વખત ન આવત. જિનેશ્વર જિન નામકર્મ બાંધી કેમ શક્યાં ? જૈન ધર્મની હયાતી હતી તો જિન થઇ શક્યા. પોતાને તરવાની ભાવના ન આવી હોત તો બીજાને તારવાનો વખત જ કયાંથી આવતે ? આ માટે જ જૈન ધર્મ અનાદિ માનવો પડે છે. તેથી જ જિનેશ્વરે બતાવેલો કે કહેલો તે જૈન ધર્મ કહીએ છીએ. અહીં બીજા મતવાળાને મુશ્કેલી છે. બતાવાય કઇ ચીજ ? પહેલાંની જે ચીજ હયાત હોય તે જ બતાવાય. હયાત ન હોય ને બતાવે તો તે ઈંદ્ર જાળીયો કહેવાય. સાચા પદાર્થ દેખાડનારા વિદ્યમાન પદાર્થને દેખાડે. ધર્મ વિદ્યમાન હોય તે દેખાતો બંધ થયો હોય તો દેખાડે. બતાડનાર શી રીતે પોતે બન્યો ? પોતાની મેળે બતાવનાર થઇ જાય તો જગત પણ પોતાની મેળે દેખનાર થશે. તો તેને બતાવવાની જરૂર શી ? પોતે જોયું હતું તે કોઇના બતાવવાથી જોયું હતું ?

## ધર્મ બતાવવા શરીર જરૂરી.

આગળ જાય ત્યારે, મહાવીર મહારાજાએ જે ધર્મ બતાવ્યો તે ઋષભદેવ ભગવાને બતાવ્યો. શ્રીઋષભદેવજીએ ધનાસાર્થવાહના ભવમાં ધર્મઘોષ સૂરિ પાસેથી દેખ્યો. ધર્મ બનાવ્યો એમ માને તો ધર્મ બનાવનારે ધર્મ દેખ્યો ન હતો. બીજા પણ તેવા બનાવનાર થાય. ધર્મ બતાવનાર થવું તે બને ? જ્યારે શરીરવાળો પોતે હોય. શરીર વગરનાને બતાવવાપણું મળે જ નહીં. ધર્મ બતાવવો વચન વગર ન હોય, વચન મુખ વગર ન હોય

- મુખ શરીર વગર ન હોય. શરીર કર્મ વગર ન હોય. બતાવનારને છેવટે કર્મવાળો માન્યા સિવાય છુટકો નથી. વચનદ્વારા બતાવ્યો, તો વચન મુખ શરીર કર્મ અનુક્રમે હતા. કહેવાતા નૈયાયિકો પણ ન્યાયનું મીંડું. નૈયાયિકોએ છેવટે હારીને શરીર કર્મને આધારે માનવું પડ્યું. જગત ને ફળ શરીર ઈશ્વરને વળગાડ્યું. 'ખાય ભીમ ને હગે મામા શકુની' કર્મ કરે જગત ને ફળ શરીર ઈશ્વરને ગળે વળગે. બતાવનારને ન માને. શરીરવાળાને સર્વજ્ઞ માને, તેથી જગતના તમામ ધર્મો દલાલોના છે, માલિકના નથી. વિચારો ! મુસલમાન શું કહે છે. ઈશ્વરે પયગંબર સાથે પેગામ મોકલ્યા. સંદેશો પયગમ્બરે આપ્યો. આપણી પાસે વચન પરમેશ્વરનું નહીં પણ પયગંબરનું. પયગંબરના ભરોસે માનવાનું. ક્રાઈશ્ટ પણ તેમજ. બીજામાં જે કોઈ ઋષિઓએ પરમેશ્વરનું જ્ઞાન આપ્યું તે તો પરમેશ્વર નથી. ઋષિના ભરોસે પરમેશ્વર માનવાના, નિરંજન નિરાકાર ઈશ્વર માનવા પડે. મહાત્મા કે ઋષિ જેવો કહે તેવો ઈશ્વર માનવાનો. પરમેશ્વરનું શાસ્ત્ર જૈન સિવાય બીજે ઘટે નહીં. પરમેશ્વરના દલાલો વચન દાખલ કરે. સાક્ષાત્ વચનનો સંબંધ નથી. તે સાક્ષાત્ સંબંધ માત્ર જૈનોને છે. જૈનો અનાદિ માનતા હોવાથી આગળ આગળથી જીવો ઉચ્ચ સ્થિતિ પામતા જાય. શુધ્ધ, શુધ્ધતર, શુધ્ધતમ થતા જાય. સાક્ષાત્ પરમેશ્વરનું વચન સાંભળવાનું નસીબ માત્ર જૈનોને છે, બીજાને નથી. જિનેશ્વરે બતાવેલો ધર્મ તે જૈન ધર્મ. મનુનો કર્તા ધર્મ તે માનવ. ઉક્તાર્થમાં પ્રત્યય ધર્મ લાવે છે. જિનેશ્વરે કહેલો ધર્મ તે જૈન ધર્મ. વિષ્ણુએ કહેલો ધર્મ તે વૈષ્ણવ. શિવે કહેલો ધર્મ તે શૈવ. શિવ વિષ્ણુ ને ઈશ્વર માનતા નિરંજન નિરાકારપણું ઉડી જાય છે. ધર્માધર્મો વિના. ચાહે ધર્મ, ચાહે અધર્મે હોયા વિના શરીર બંધાતું નથી. તચ્છાસ્તાઃ પરે કથં ? શરીર ન હોયતો મોઢું ક્યાંથી ? જો મોં નથી તો બોલવાનું ક્યાંથી હોય ? જો બોલવાનું ન હોય તો શાસ્ત્રકાર બનાય શી રીતે ? શાસ્ત્ર બનાવવાવાળા સર્વજ્ઞ માનીએ તો અનાદિ માન્યા સિવાય છૂટકો નથી. બીજાને દલાલના ધંધા ઉભા કરવા પડે. અહીં આખી તત્ત્વ દૃષ્ટિ પલટાઈ ગઇ. જો અનાદિથી જીવ કર્મ સાથે બંધાયેલો માનીએ તો જ સંસારને અનાદિ માની શકે. અનાદિનો સંસાર ક્યારે માની શકાય ? બંધના કારણો માનવા જોઇએ. જો દુનિયાદારીની સ્થિતિ લઇએ તો બધા જીવો પાપની ક્રિયામાં પ્રવર્તનારા હતા તે બને નહીં તો પછી કરશે તેજ ભરશે, તે મુદ્દો ક્યાં રહે ?

## ધર્મમાં અનાદિની માન્યતા, કોર્ટમાં પ્રતિજ્ઞા જરૂરી.

અનાદિ સિધ્ધાંત ક્યારે બેસે ? એ માન્યતા રહે કે જે પાપ કરવાનો તે તો ભોગવવાનો. પણ અનુમોદન આપનારો કે સામેલ થનારો પણ પાપ ભોગવનારો જરૂર, પણ કોર્ટમાં જેમ પ્રતિજ્ઞા ન કરે એટલે દફતરમાં એક શબ્દ ન પડે. પ્રતિજ્ઞા કર્યા પછી જ

સાક્ષીમાં શબ્દ લખાય. લોભી, લાલચુ, સ્વાર્થી, અજ્ઞાની એવા લોકોએ કરેલો કાયદો તમારે કબૂલ. સાક્ષી પૂરવા ગયા ત્યારે એમ કહ્યું કે પ્રતિજ્ઞા કરવાની શી જરૂર છે ? અહીં ધર્મમાં પ્રતિજ્ઞા કરવાની ભારે પડે છે. રાત્રિ ભોજનના પચ્ચક્ખાણ કરવાની શી જરૂર ? રાત્રે ખાઇશું નહીં. કોર્ટમાં પણ એમ કહોનેઃ સાચું બોલીશ પછી તમારે પ્રતિજ્ઞાનું શું કામ છે ? ત્યાં તો ચાલતો કેસ કોરાણે રહે અને નવો એ કેસ ઊભો થાય. કેમકે એમાં કોર્ટનું અપમાન છે. કેસનું નામ રાખ્યું છે. જિનેશ્વરના કાયદા પ્રમાણે પચ્ચક્ખાણ ન કરો એ શું જિનેશ્વરનું અપમાન નહીં ? લગીર મગજમાં ઉતારો. કહો જેમ સાક્ષી પૂરનારે પ્રથમ પ્રતિજ્ઞા કરવી પડે તો જ વફાદાર. તેમ અહીં એ માન્યતા થવી જ જોઇએ કે જેટલું પચ્ચક્ખાણ નથી થતું તેટલું પાપ લાગે છે. અનુમોદન સાથે ભલું કરું એ નહીં. (અનુમોદન કરું કે ન કરું, પચ્ચક્ખાણ વિના) એ તો પાપ લાગે જ છે. પણ પચ્ચક્ખાણ ન કરું તે પાપ છે. સોગન લઇ જૂઠું બોલો તો પણ એ ગુનો છે જ. તેમ પ્રતિજ્ઞા ન લ્યો-જરૂર નથી એમ માનો-કહો તે જ મિથ્યાત્વ અને આ જ સજા. એ સમકિતી નહીં.

## પાપનો બંધ ન થાય માટે પચ્ચક્ખાણ કરવાનું. (આશ્રવતત્ત્વ)

પાપ કરો એ ગુનો જુદો. તે ગુના કરતાં પાપના પચ્ચક્ખાણ કરવાની જરૂર એ ન માનો તો એ પ્રથમ ગુનો. અહીં જે મનુષ્યને 'પાપના પચ્ચક્ખાણ કરવા જ જોઇએ, પચ્ચકખાણ ન કરૂં ત્યાં સુધી પાપે ભરાઉં છું.' આવા શબ્દ નથી ગમતાં તેને મિથ્યાત્વની શિક્ષા છે. દેવું આપવું કડવું લાગે, દેવાળિયો શબ્દ કડવો લાગે. બંને કડવા લાગે ત્યાં ઉપાય નહિ. તેમ પાપના પચ્ચક્ખાણ કરવા કડવા લાગે, પચ્ચક્ખાણ વિના પાપ લાગે છે એ માનવું કડવું લાગે છે. આ માનશો એટલે શાસ્ત્રકારે આશ્રવને તત્ત્વ કેમ ગણ્યું તે માલુમ પડશે. જીવને જડમાંથી થીયરી શરૂ થતી હોય છે. થીયરી આશ્રવથી શરૂ થાય છે. વ્રત ન લેવા તે જ આશ્રવ છે. વ્રતો ન થાય તે બધું પાપ છે. એ માનવા જૈન સિવાય બીજો કોઇ તૈયાર ન થાય. અનાદિકાળથી વ્રતો નથી કર્યા તેનું પાપ વળગ્યું છે. અમારો વિચાર ચિંતવનમાં નથી ને અમને પાપ લાગે છે ! અહીં રસોળી થઇ. આમાં રસ પહોચાડવાનું આપણું મન નથી. રસોળી મોટી કરવાનું આપણું મન નથી પણ જ્યાં સુધી રસોળી રહે ત્યાં સુધી રસ પહોંચ્યા જ કરે. કપાવીને તેજાબ દ્વારા જ્યારે મૂળથી બાળે, ત્યારેજ રસ પહોંચતો બંધ થાય. કપાવે તો પણ વધે છે. તે પ્રમાણે, પાપ ન કરવું તે કપાવવા જેવું છે. અવિરતિને પાપ માની પચ્ચક્ખાણ કરો ત્યારે તેજાબ દ્વારા મૂળથી બાળ્યું કહેવાય.

બીજી બાજુ : જીવ કેવા સ્વભાવનો ? અવ્રત કે વ્રતના સ્વભાવવાળો ? જીવ જો વ્રતના સ્વભાવવાળો ન હોય તો અપ્રત્યાખ્યાની પ્રત્યાખ્યાનાવરણીય એ કષાયો રોકવાનું

આવરણ શાનું ? જો રોકવાનું નથી તો પ્રત્યાખ્યાની અપ્રત્યાખ્યાનાવરણીય શાને ઢાંકે ? જો વિરતિને પચ્ચક્ખાણ સ્વરૂપ માનો તો જેટલું પચ્ચક્ખાણ ન આવ્યું તેટલો વિકાર થયો, વિકાર થયો એટલે મન ન હોય તો પણ રસોળીમાં રસ પોષાતો રહેવાનો. અવિરતિ વિકાર ગણ્યો તો થએલો વિકાર નવો વિકાર લાવતો જ રહેવાનો, વિકારનું પોષણ થયાજ કરે, અવિરતિ આત્માનો વિકાર છે. જ્યાં સુધી પચ્ચક્ખાણ રૂપી તેજાબ નહીં લગાડશો ત્યાં સુધી અવિરતિ એ વિકાર મટવાનો નહિ. જૈન શાસ્ત્રકારોએ અનાદિથી આશ્રવ કહ્યો છે તે માનવો પડે. અનાદિથી અવિરતિ ન માનીએ તો અનાદિથી કર્મબંધ મનાય નહિ અને તે ન હોય તો અનાદિથી રખડવાનું ન હોય. જો કર્મ બાંધનારો છે તો આશ્રવવાળો છે. આશ્રવવાળો છે તો અવિરતિથી કર્મ બાંધનારો છે.

### ધર્મનું સાચું લક્ષણ અહિંસા અને અન્યવ્રતો.

તીર્થંકરને અંગે શાસ્ત્રકારે એક કહ્યું કે હિંસા કરનારો હોય, જુઠું બોલનારો હોય, તો કેવળી ન ગણવો. કેવળીપણામાં હિંસા, મૃષાની વિરતિને સ્થાન આપ્યું. મહાવ્રતને અગ્ર પદ આપ્યું. ધર્મનું લક્ષણ અહિંસા લક્ખણસ્સ, જગત અહિંસા માને છે અને જૈનો અહિંસા માને છે. બંને શબ્દો સરખા છે પણ જૈનોની અહિંસાનો અર્થ તદ્દન જુદો છે. જૈનો હિંસા ન કરવી તે અહિંસા નહીં પણ, તેનો જુદો જ અર્થ કરે છે. કારણ કે તેમ હોય તો નિગોદના જીવો હંમેશા ધર્મી રહે. તેઓ અસહકારવાળા પોતાનો નિયમ રાખે છે. સહન કરવું પણ કોઇને પીડા ન દેવી. પોતે બારે મહિના પીડા સહન કરે છે તે જગતને પીડા આપતા નથી. તેને બાળો, ચગદો તો પણ જગતને પીડા નહિ આપે. અન્યમતની અહિંસા માનીએ તો હિંસા ન કરવી તે, એમ અહિંસા આપણે માનીએ તો આપણને ચાલતા, બેસતા, ઉઠતા હિંસા લાગે, એને લાગવાની નથી. તો એકેન્દ્રિયો ધર્મના ધ્વજ ગણાય ! અહીં એ નથી. અહીં હિંસા નિવૃત્તિ, હિંસાના પચ્ચક્ખાણ એ અહિંસા. પૂ. શય્યંભવસૂરિજીએ 'અહિંસા સંજમો તવો' હિંસાની નિવૃત્તિ તે અહિંસા, તો એકેન્દ્રિય નીકળી જાય, નહીં કરવાવાળા માત્રથી બચવા માંગો તો એકેન્દ્રિયમાં જવું પડે, પચ્ચકખાણથી બચવા માંગો તો જૈન ધર્મમાં.

### વ્યવહારનું દૃષ્ટાંત : રૂપિયા વ્યાજે મૂક્યા.

હવે દુનિયામાં સ્થિતિએ વિચારો. તમે બે હજાર રૂપિયા અનામત રાખવા આપ્યા. બે વરસે બાર વરસે લેવા આવ્યા. તમો કેવા માણસ છો ? નકામી પળોજણ કરવા આવ્યા છો ? એ જ રકમ ખાતે જમા કરાવ્યા હોત તો વ્યાજ સુધ્ધા આપતે. દુનિયામાં એક અક્ષર પાડો એની કિંમત. ખાતે અને અનામતમાં એ કિંમત. અહીં કિંમત નથી. અનામત

ખાતામાં રાખી વ્યાજ લેવા જવું તો વ્યાજ નહિ મળે પણ ઠપકો મળશે. તેમ પાપ નહીં કરો ને પચ્ચક્ખાણ ન કરો તો ઠપકો લાગશે. દુનિયામાં અવળચંડાને સીધું ન સૂઝે. કહો સીધું તો અવળું સૂઝે. મોજમાં છોને ? તેઢે ચલે તો માર ડાલીએ. અનાદિકાળથી પચ્ચક્ખાણ લીધા નથી. તેથી અવિરતિના કર્મ લાગ્યા છે. પચ્ચકખાણ લઇએ તો પાપ રોકાય, પણ અવળી વાત લ્યે, સીધી વાત ન લ્યે. અમારે તો જેટલું પાપ ન કરીએ, તેટલું પણ ચુકવવાનું થયું. પાપ ન કરીએ પણ પચ્ચકખાણ ન કર્યું એટલે પાપ તો લાગવાનું. તો પાપ ન કર્યું તો પાપ લાગવાનું જ છે તો પાપ ન કર્યું એ ચૂક્યાં. સીધી વાતની જગોપર પાપ ન કરીએ કે કરીએ તો કરમથી બંધાઈએ છીએ. તો પછી પાપ કેમ ન કરવું ? સાચાની પ્રતિજ્ઞા ન કરીએ તો જુઠનું પાપ લાગવાનું જ છે. તો સાચાની કિંમત ન રહી. હવે સાચું બોલવાની માથાકુટ શા માટે રાખવી ? અમારે સાચું જૂઠું એક ભાવમાં ગયું ? પણ મહાનુભાવ ! એકલા અવિરતિના કર્મ માન્યા હતે તો તારૂં કહેવું ખરૂં. પણ કાયદામાં મેંબર થયો એટલા માત્રથી બધા ગુના લાગુ નથી પડતા. કયા કયા નંબરે કેટલો કેટલો ભાગ લીધો - તે સજાની તીવ્રતા મંદતા કાર્ય કરનાર ઉપર છે, ભાગ લેતો હોય તે પ્રમાણે.

## કર્મબંધની સ્થિતિ

અવિરતિમાં કષાય અને યોગ ભળ્યા હોય તો તેમાં રાતદિવસનો ફેર છે. યોગ અને કષાય ભળે ત્યારે અને અવિરતિ એકલી હોય ત્યારે - બંને વખત કરમ જાુદી જાતનાં બંધાય. આ કારણથી ચાર કારણે નરકનું આયુષ્ય બાંધે. એ જગોએ અવિરતિને નરકના કારણમાં ન જણાવી. ગુનેગાર થયા છતાં તેવો ભાગ ન લીધો હોય તો તેવી સજા થતી નથી. અવિરતિ ટીપના નામ જેવી, કષાય અને યોગ ભાગ ભજવવા જેવું. કષાય અને યોગ બંને કરમબંધના કારણો છે. સાચા જાુઠામાં ફરક માનવા જાવ છો અવિરતિની વાત ઉડાડવા માંગો છો. પણ ધ્યાન રાખવાનું કે એકલા અવિરતિથી કર્મબંધ માનતા નથી, પણ કષાય અને યોગની તીવ્રતા મંદતા તે કર્મબંધની તીવ્રતા મંદતા. અવિરતિથી સામાન્યબંધ, યોગ-કષાયથી તીવ્રબંધ થાય. એકેન્દ્રિય મંદમાં મંદ કષાયવાળા, છતાં બેડો પાર નથી થતો, ચોથે પાંચમે છઠ્ઠે ગુણઠાણે ચડેલા એ જીવો એકેન્દ્રિય કરતાં ઘણાં તીવ્ર કષાયવાળા છે, છતાં સંજ્ઞી હોવાથી તે ચઢતાં છે. કારણકે અવિરતિના બારણા રોક્યા છે. આથી અવિરતિ ઉપર જોર આવે છે. અહીં જૈન શાસનના પગથીએ ચડ્યા ત્યારથી પ્રથમ પગથિયામાં આવ્યા છીએ. એ પાપ રોકાયા છતાં અવિરતિનું પાપ ન રોકો ત્યાં સુધી સંસારના બારણા બંધ કરવા માંગો છો તેમ કહેવાય નહિ. શિષ્યએ પ્રશ્ન કર્યો કે કારણ શું ? સંસારનું ? નિર્યુક્તિકારે કહ્યું અસંજમો અક્કો. એક અસંજમ કારણ. સાધુઓ રોજ બબ્બે

વખત એકરાર કરે છે. એગવિહે અસંજમે એકવિધ અસંજમ. એ જ કર્મબંધનું કારણ- અવિરતિ. એ જ સંસારની જડ માની પ્રતિક્રમણની જડ. સમ્યકત્વ એક પ્રકારનું કહીએ તો સમ્યકત્વના બધાં ભેદો આવી જાય. તેમ અસંજમના બધા કારણો એકમાં આવી જવા જોઇએ. નહિતર એકવિધ ન રહે. ત્યારે બે પ્રકાર કહ્યા. ત્રણમાં મિથ્યાત્વ અવિરતિ અજ્ઞાન- એમ અવિરતિને ત્રણમાં લીધી.

શાસ્ત્રકારો અવિરતિને ધક્કો લગાડવા તૈયાર થયા છે. વ્રતોને મુખ્ય સ્થાને સ્થાપે છે. વ્રતની જરૂર જૈન સિવાય બીજાને નથી. મુદત જતી હોય તેને ખાતુ પડાવી લેવું પડે. જ્યાં સુધી મુદત ન જતી હોય ત્યાં ખાતું પડાવવાનો સવાલ શો ? પચ્ચકખાણની તેને જરૂર છે જે અવિરતિમાં કર્મ માનનારા છે. ભવિષ્યમાં મારે કરવું નહિ. એવી પ્રતિજ્ઞાની મારે જરૂર છે. જ્યાં મુદતનો બાધ નથી ત્યાં ખાતું પડાવવાની જરૂર નથી. પચ્ચકખાણ વ્રતો મહાવ્રતો યમો નિયમો શિક્ષાવ્રતો બધાના ઉપચાર કરવાની કોને જરૂર ? અપ્રતિજ્ઞામાં કર્મબંધન માને તેને. તેથી તેને પચ્ચકખાણની જરૂર છે.

'ન માંસ ભક્ષણે દોષો.' જો પ્રવૃત્તિમાં નુકશાન નથી તો નિવૃત્તિમાં ફળ ક્યાંથી ? પ્રતિજ્ઞાની તેને જરૂર કે વગર પ્રતિજ્ઞામાં નુકશાન માને. આથી શાસ્ત્રકાર મહારાજા હરીભદ્રસૂરિજી કહે છે કે તમે જૈન થયા છો તો પચ્ચકખાણ સમજો. વ્રત કરે તો પાપ રોકાય, તે શ્રધ્ધા ન થાય તો સમ્યકત્વ પણ નથી. માટે એ પાપ રોકાય પચ્ચકખાણ દ્વારા. એ તે કેમ રોકાય તે અધિકાર અગ્રે વર્તમાન.

**હે પ્રભુ ! સંસારસમુદ્રમાંથી તારનાર એવા ધર્મને તમારા વિના બીજો કોણ મને બતાવે ? કારણ કે બીજાઓ અજ્ઞાની હોવાથી ઉત્કૃષ્ટશ્રુતને શી રીતે કહે ?**

# વ્યાખ્યાન - ૪

**द्रव्यतो भावतश्चेति प्रत्याख्यानं द्विधा मतं ।अपेक्षादिकृतं ह्याद्यमतोऽन्यत् चरमं मतम् ॥**

## શું ઇશ્વરે ધર્મ બનાવ્યા પહેલા પાપ નહોતું લાગતું ?

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ હરિભદ્રસૂરિશ્વરજી મહારાજા અષ્ટકજી નામના પ્રકરણને રચતાં થકાં આગળ દેવગુરુનું સ્વરૂપ જણાવી ગયા. સામાન્ય રીતે સર્વમતવાળા પોત પોતાના આદ્યપુરૂષને દેવ માને છે. તેમ અહીં આદ્ય દેવ તરીકે જે પુરૂષ માનવાના છે એમાં વિશિષ્ટતા છે. બીજા મતમાં આદ્ય પુરૂષને દેવ માન્યા તે ઉત્પાદક તરીકે દેવ માન્યા છે. આપણે જૈનોએ તીર્થંકરોને ધર્મના ઉત્પાદક તરીકે માન્યા નથી, પણ પ્રદર્શક તરીકે માન્યા છે. એટલે કે ધર્મને દેખાડનાર તરીકે માન્યા છે,નહિ કે બનાવનાર. દેખાડનાર અને બનાવનારમાં ફરક શો ? બનાવનારે માનવું પડે કે પહેલાં ધર્મ હતો જ નહિ. જ્યારે બતાવનારને ધર્મ અધર્મ અનાદિથી સિધ્ધ છે. ધર્મ બનાવ્યો છે તેમને પહેલાં આ વાત માનવી પડે છે કે ઈશ્વરે ધર્મ બનાવ્યો ન હતો ત્યાં સુધી પાપ કરે તો કર્મ લાગતું ન હતું. જ્યારથી એમણે ધર્મ નિયમ-કાયદો બનાવ્યો ત્યારથી હિંસા કરનારને પાપ લાગવા માંડ્યું. ખરી રીતે તેમ છે જ નહિ. ધર્મ ન બનાવ્યો હતો ત્યાં સુધી ૧૦૦ નો નાશ અને એકનો બચાવ. ધર્મ કરનારા થોડાને ધર્મ ન કરનારા ઘણા ઉત્પન્ન કરનારે ૧૦૦ને ગરદન માર્યા, થોડાને બચાવ્યા. આપણી માન્યતા એ છે કે કોઇ પણ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવે હિંસા એ પાપનું કારણ છે. હિંસાથી બચવું એ પાપથી બચવાનું છે. તીર્થંકરે બનાવ્યું નથી, પણ બતાવ્યું છે.

## થર્મામીટરનું કામ શું ?

ચૌદે રાજલોકમાં હિંસાદિથી ચાહે જે દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ હોય તો પણ હિંસાથી બચનારો પાપથી બચે છે એ તો હતું જ. અનાદિકાળથી એ ચાલ્યું જ આવે છે. વાત ખરી. શરીરમાં તાવ આવ્યો, થરમામીટર લગાડ્યું, તાવ હશે તો પોઇંટ ચડશે, ન હોય તો પારો ચડતો નથી. હશે તો આવશે, નહિ હોય તો નહિ આવે. થરમામીટર કંઇ જ કરવાનું નથી. થરમામીટર માત્ર તાવનું માપ લાવી આપે છે. પથ્ય કુપથ્યથી નિવારણ નથી કરતું. થરમામીટર શીખવતું નથી કે આ દવા લ્યો. થરમામીટર તાવ લાવતો નથી, હઠાવતો

નથી, પણ તેનાથી સાવચેત થવાનું સૂઝે છે.

જિનેશ્વર મહારાજા ધર્મ અધર્મનું નિરુપણ કરે છે. તે તમારા આત્મામાં રહેલા કર્મો બતાવે છે. તેના કારણ બતાવે છે. તાવ ક્યા કારણથી આવ્યો તેવા થરમામીટર જગતમાં નીકળ્યા નથી. જ્યારે જિનેશ્વર મહારાજાએ આત્માના થરમામીટર નીકાળ્યા છે. તાવ કયા કારણથી આવે છે તે જણાવે છે. પથ્ય કુપથ્ય ટાળવું એ જગતનું થરમામીટર સૂચવતું નથી. પણ ત્રિલોકના નાથ તીર્થંકર મહારાજા કર્મનો તાવ સૂચવે છે અને તેના કારણો બતાવે છે તેમજ તેને રોકવાના ઉપાય પણ બતાવે છે.

### આત્માના તાવનો રોગ મટાડનાર જિનેશ્વર

જિનેશ્વરમાં આત્માના જુના તાવ હઠાવવાની શક્તિ છે. રોગી રોગ જાણે પછી રોગ અને દાક્તર તરફ કેટલું લક્ષ્ય રાખે છે ? રોગની દશા માલુમ પડતી નથી ત્યારે દવા કે દવા દેનારા તરફ અણગમો રહે છે. પણ રોગની ભયંકરતા ખ્યાલમાં આવે ત્યારે શું થાય ? દાક્તરના ગુલામ થઈએ. પથારી આ જગો પર નહીં તો એમ, આમ બેસો તો એમ બેસીએ. શરીરનો રોગ જાણવામાં આવ્યો ત્યારે તે રોગ કાઢનારાના ગુલામ. પૈસા આપી ગુલામ બનીએ. કોફી પીવાનું કહે, કશું ન ખાવાનું કહે. તો તેમ ખાઈએ અગર બીજું બંધ કરીએ. અહીં પાપનું દરદ આત્માને ન થાય, પાપની ભયંકરતા ન લાગે ત્યાં સુધી ધર્મ રુપી દવા કે તેની દવા દેનારા તીર્થંકર ડૉક્ટરની કિંમત ન સમજાય. તીર્થંકર મહારાજ એ સ્થિતિના છે કે મનુષ્યે ધર્મ કઇ રીતે કરવો ? બાળકની વત્સલતાનું દૃષ્ટાંત ન આપ્યું. રણસંગ્રામની સાવચેતીનું દૃષ્ટાંત ન આપ્યું. વ્યાધિની જેમ પ્રતિક્રિયા. રોગની ચિકિત્સા કરાય, આધીન કેટલો થાય છે ! રાજામહારાજા શહેનશાહ સુધ્ધાં ડૉક્ટર કહે તેમ કરવા કબૂલ. કેટલાક ધર્મને અંગે જે બંધનથી રહેવું તે ગુલામી અગર બંધન માનતા હોય તેમણે ધ્યાન રાખવું કે રાજા મહારાજા શહેનશાહ ડૉક્ટર કહે તેમ ચાલે, ખાય, બેસે, સુવે. શું તે ગુલામ ગણવા ? આપણું હિત શામાં છે એ દાક્તર સમજે છે, એવો નિશ્ચય છે. હિત કરનારનો નિશ્ચય થયા પછી એના ઓર્ડરમાં રહેવું તે ગુલામી નથી. વ્યવહારમાં મા બાપના કહ્યા પ્રમાણે પુત્રે કે માસ્તરના કહ્યા પ્રમાણે વિદ્યાર્થીએ રહેવું તે પોતાના હિત માટે છે. તેમ તીર્થંકર મહારાજા દરદ અને પરિણામ બતાવે. કેમ રોકાય, કેમ આરોગ્યવાન થઈએ એ બધુ બતાવે. એથી એના જેવો હિતકારી બીજો મળવાનો કયો ? બીજામાં આવું થરમામીટર નથી. તાવના કારણો, તેને રોકવાનો ઉપાય, કેટલો તાવ છે ? એટલું જણાવવાનું સાધન નથી મળ્યું. જેને મળ્યું છે તે વાળના ગુંચળામાં થરમામીટર મૂકે તો શું થાય ? જ્યાં ગરમી રોકાઈને એમાં આવી શકતી હોય તેવા સ્થાને થરમામીટર મૂકે તો

ગરમી આવે. બીજાઓ રુપી અરુપી વસ્તુ સમજતા નથી.

## સર્વજ્ઞની દૃષ્ટિ

આત્મા શબ્દ પણ બીજા દર્શનકારોએ નકલી ઉત્પન્ન કર્યો છે. જે વસ્તુ જાણે તે જ નામનું ઉત્થાન કરે. જે નથી જાણતા તે મનુષ્ય વસ્તુનું નામ ઉત્થાન કરી શકતો નથી. ચોપડીનું જ્ઞાન ન હોય તે ચોપડી શબ્દ બોલે નહિ. કૈવલ્ય સર્વજ્ઞપણું માને, પણ તેના સાધન તરીકે વીતરાગપણું નથી. તેઓ આત્મા જોનારા નથી તેમને આત્મા શબ્દનું ઉચ્ચારણ ક્યાં ? પદાર્થ દેખે પછી ઉચ્ચારણ. વાચ્ય વિના કોઇ દિવસ વાચકનું ઉત્થાન નથી. વાચ્ય જ ખ્યાલમાં નથી આવ્યું. કેવળજ્ઞાન સર્વજ્ઞતા વિનાના છે. વીતરાગતા વિનાના છે. એટેમ્સ જેમણે દેખ્યા તેમણે એટેમ્સ શબ્દ ઉત્પન્ન કર્યો તે શબ્દનું આપણે અનુકરણ કર્યું. તેથી સર્વજ્ઞે કેવળીએ આત્મા દેખ્યો તે આપણે બોલીએ છીએ. આત્માને દેખીને આપણે આત્મા શબ્દ બોલતા નથી. જેઓ સર્વજ્ઞ સર્વદર્શી ન હોય તે આત્મા દેખે નહિ. સર્વજ્ઞ સર્વદર્શી થયો તે સર્વ દેખે. પણ આ અરુપી-એને દેખવાનું શું ? એક બાજુ અરુપી, ને એક બાજુ દેખવાનું કહો છો એ વસ્તુ ઘટતી નથી. સુખ અને દુઃખ થાય તે ચીજ ખરી કે નહિ ? એમાં ભ્રમ છે ? સાપને દોરડામાં ભ્રમ કહી દેવાય પણ સુખદુઃખમાં ભ્રમ છે ? બોલ ભાઇ, સુખ કાળું ધોળું પીળું કેવું ? દુઃખ કેવું ? જાણે છે ખરો ને ? જેને રૂપ રસ ગંધ નથી તેને જાણ્યુ કે નહિ ? તેમ સર્વજ્ઞ તારા આત્માને જાણે ત્યારે આત્મામાં રહેલા સુખદુઃખ જાણે કે નહિ ? સુખદુઃખ આપણે પોતે જ જાણીએ છીએ. આપણા આત્માના અનુભવે રૂપાતિ રહિત સુખદુઃખ આપણે પોતે જ જાણીએ છીએ, અનુભવી શકીએ છીએ, તો સર્વજ્ઞ જાણે એમાં નવાઇ નથી. આ આંગળીમાં રૂપ રસ ગંધ સ્પર્શ, એ ચારે ઉઠાવી લ્યો. દ્રવ્ય ન ઉઠાવશો. જે ગુણ જેમાં રહ્યો હતો તે વસ્તુ, તેમાંથી ગુણ કાઢી લ્યો. આત્મા ચીજ અરૂપી છે છતાં દ્રવ્ય તરીકે છે, તેથી રૂપ વગર પણ તેઓ દેખી શકે છે. આત્મા શબ્દ ત્યારથી શરૂ થયો. જેમ, લુગડું દેખે ત્યારે તેની ભાત દેખે, ભીંત દેખે તો ચિત્રામણ દેખે. ભીંત નથી દેખતો ને ચિત્રામણ દેખું છું એ ઢંગધડા વગરનું ખાતું છે, અવિરતિ આત્માને ને દેખે અને પુદ્ગલ દેખું છું. એકલા પુદ્ગલો દેખે ત્યાં સુધી કર્મની તાકાત. કર્મે આવીને જ્ઞાન રોક્યું. જે આત્મા તેના ગુણો નથી જાણતો તે જ્ઞાન ક્યાંથી જાણવાનો ? અમુકે જ્ઞાન રોક્યું તે ક્યાંથી જાણવાનો ? આત્મા તેના ગુણો વગેરે જાણી શકે નહીં માટે જગતના સર્વ આત્માને દેખનારા સર્વજ્ઞ ભગવાન બધાને બતાવવા લાગ્યા : જ્ઞાનાદિને કોણ રોકે છે ? રોકનારો કેમ આવ્યો ? જિનેશ્વર આવા હોવાથી તેમને બતાવનાર કહ્યા. જૈન શાસ્ત્રકારોએ નવતત્ત્વ ભણવાનું કેમ જડમાં(મૂળમાં) રાખ્યું છે તે સમજાશે.

## આત્માની સ્થિતિ સમજવા માટે નવતત્ત્વનું સ્વરૂપ વિચારવું જોઇએ.

નવતત્ત્વ એ આપણા આત્માના દરદનો ફોટો છે. કયા કારણથી દરદ થયું ? તેને કેમ રોકાય ? તેથી નવતત્ત્વની દેશના છે. કલિકાલ સર્વજ્ઞ શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય સૂરીશ્વરજી દેશનામાં નવતત્ત્વ જણાવે છે, પણ જેમાં પદાર્થો કહ્યા છે તે આત્મનો આખો ફોટો છે. હવે રોગનો નાશ કેમ થશે ? એ પણ બધો ફોટો રજૂ કરનાર નવતત્ત્વ છે. ફોટો દરદને કરતો નથી, દરદને દેખાડી દે છે. તમે તમારૂં સ્વરૂપ જાણો. ધર્મ કેમ બને છે ? ધર્મ એ જગતનું સ્વરૂપ કરનાર નહીં, બનાવનાર નહીં, પણ બતાવનાર છે. જિનેશ્વર મહારાજને ધર્મના આદ્ય પુરૂષ જગતનું સ્વરૂપ બતાવનાર તરીકે કહ્યા. આવા જિનેશ્વર મહારાજ અનાદિ અનંતીમાં અનંતા ચોવીસી થઇ ગયા છે. ઇતર લોકોને ધર્મના બનાવનાર બનવું છે, તેથી અનાદિની થિયરી તોડી પડે છે. બનાવનાર ક્યારે ? બતાવનાર નિકળે ત્યારે. ધર્મના બતાવનાર માને તેને જૈનો અનાદિ માની શકે છે. અન્ય મતવાળાને બતાવનાર હોવાથી અનાદિ રાખવું પાલવે નહિ.

દાકતરને ત્યાં ફોટા દરદીના વધારે હોય, તેમાંથી દરદથી મુક્ત થએલાના ફોટા હોય. પરંતુ જે મુક્ત થયા નથી તેવાનો ફોટો હોય નહિ. કર્મવ્યાધિથી મુક્ત થયા છે. મિથ્યાત્વી, સમકિતી, સિધ્ધ દરદે ઘેરાએલાનો વિચાર કરો. એક વ્યક્તિ દરદે તદ્દન ઘેરાઇ ગએલો છે, બીજો કંઇક કંઇક ઘેરાવો ઓછો કરે છે, ત્રીજો સર્વથા મુક્ત થાય ત્યારે કેવા હોય ? અહીં પાંચ પરમેષ્ઠિનો ખ્યાલ આવશે. સિધ્ધ મહારાજ આ માટે પરમેષ્ઠિમાં મૂક્યા. નિરોગી થઇ દવાખાનામાંથી નીકળો ત્યારે કેટલો હર્ષ થાય છે ? પાંચ પરમેષ્ઠિમાં નિરોગી થઇ નીકળનારા સિધ્ધ મહારાજા. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પણ નિરોગી થઇ નીકળનારા છે. એ જ જીવ જન્મે જરાયુ સાથે. બધા બાળક બાળિકાઓ ઓળ સાથે જન્મે છે તેમ આ જીવ અનાદિ કાળથી કર્મથી વીંટાએલો છે. એને યથાસ્થિત પ્રતીતિરૂપ સમ્યકત્વ થયું નહિ. તે સાથે વ્રત પચ્ચકખાણની પ્રતીતિ થઇ નહિ. તે જ સમ્યકત્વની જડ. મિથ્યાત્વ એ કારણ ન ગણ્યું એટલે અવિરતિ કર્મબંધનું કારણ છે. એ અવિરતિ અનાદિથી લાગેલી છે એની પ્રતીતિ થાય તે સમ્યકત્વ. જે આવી પ્રતીતિમાં આવ્યો તે મિથ્યાદષ્ટિમાં ન હોય 'દોહિં.' બે કારણથી સમ્યકત્વ પામવા મતિજ્ઞાન, કેવળજ્ઞાન પામે આરંભ-પચ્ચક્ખાણેણં પરિગ્રહના પચ્ચકખાણથી સમ્યકત્વ પામવા મતિજ્ઞાન પામવું. એમાં આરંભ અને પરિગ્રહ કારણ ક્યાંથી જડ્યું ? જ્ઞાન રૂપી પચ્ચકખાણની બુદ્ધિ ત્યાં હોવી જ જોઇએ. આરંભ તોડવાની બુધ્ધિ અને પરિગ્રહ છોડવાની બુધ્ધિ જરૂરી છે. એકવિધ અસંજમથી પડિકમવાનું. અવિરતિ એ જ કર્મબંધનું કારણ. એ જયારે આત્મા લક્ષ્યમાં લ્યે તો જ

સમ્યકત્વવાળો સમજવો. અભવ્ય મિથ્યાદષ્ટિ વ્રતો પાળે, તપસ્યા કરે છતાં તેના વ્રતો કે તપસ્યાને આપણે ગણતરીમાં લેતા નથી. કેમકે અવિરતિથી ડરીને વ્રત તપસ્યા કરતો નથી પણ દેવલોકની ઈચ્છાએ કરે છે. આ પાપ ન કરૂં તો દેવપણું મળે. તે અપેક્ષાએ સાધુપણું પાળે છે. દેવલોકાદિ સુખની ઈચ્છાએ અભવ્યો, મિથ્યાદષ્ટિઓ ધર્મ કરે.

અનાદિથી અવિરતિ આત્માને લાગેલી છે તેથી કર્મો આવી રહ્યા છે. વ્રતો ન કરે પણ વ્રત કરણીય છે તેમ માનનારા પણ પડેલા છે. પણ અવિરતિ રોકવાના અંગે વિચારીએ તો અવિરતિનું રોકાણ માને તેનામાં જૈનત્વ કહેવાય. અવિરતિથી કર્મ આવવાનુ ન માનીએ તે વ્રતો લેવાના હોયજ નહિ. એટલે જૈનત્વ ત્યાં કે જયાં અવિરતિનું રોકાણ માને.

**અન્ય મતવાળા તત્ત્વો શી રીતે માને છે ?**

સામાન્યથી તમે નવતત્ત્વ માનો છો તેમ બીજા પણ માને છે. વૈષ્ણવો, શૈવો, જીવ અને જડ માને છે. કર્મ આવવું -રોકવું -તૂટવું - બંધાવું -મોક્ષ થવો તેમ માને છે. તેઓ અને આપણે બન્ને નવતત્ત્વો માનીએ છીએ. તો આપણે સમકીતિ અને તેઓ મિથ્યાત્વી એનું કારણ ? એ લોકો જીવ માને છે ચૈતન્ય સ્વરૂપ નહિ પણ ચૈતન્યનું કુંડું. કુંડામાં ચૈતન્ય રહે. કુંડુ ચૈતન્યમય નહિ. તે રીતે અન્યધર્મી આત્માને જ્ઞાનનો આધાર માને પણ જ્ઞાનમય નહિ.

આશ્રવ અવિરતિ દ્વારા, સંવર નિર્જરાથી કર્મ સર્વથા કર્મ છૂટી જાય. આથી અવિરતિ એ સંસારની જડ. અવિરતિથી વિરમવું તે સંસારથી નિસ્તાર પામવાની જડ છે. જિનેશ્વરે જીવનો અવિરતિ સ્વભાવ જણાવ્યો તેથી જિનેશ્વરને અધિક માનીએ છીએ, બીજામાં ચાલતો ઘોડો નહિ તે લાકડાનો ઘોડો. સર્વજ્ઞપણાને અંગે થનારૂં આત્માનું જ્ઞાન વગેરે ન માન્યા. જગત બનાવ્યાના નામે પરમેશ્વર મનાવતા તેમને એકજ વસ્તુ કહી: સંસાર માયાજાળ છે. તો માયા જાળને કરી તેવા ઈશ્વરનો ઉપગાર માનવો છે ? કાં તો એ પરમેશ્વરનો ઉપગાર નથી, અપકાર છે. નહિતર માયા જાળ ન માનો. ઉપગારી માયા જાળથી કહેનારા માયા જાળમાં ફસાયા, પણ ત્યાગી નહિ. માયા જાળમાં ફસાયેલા સિવાય માયાજાળ જણાવે નહિ, લાકડાના ઘોડે રમવા માંડ્યું, સાચો ઘોડો મલ્યો નહિ. બતાવનારની દષ્ટિએ પરમેશ્વને માને તો માત્ર જૈનો જ માને. આ ઉપગાર હોવાથી શ્રીમાન્ હરિભદ્રસૂરિજી મહારાજા પ્રત્યાખ્યાન નામનું અષ્ટક કહે છે. તે પ્રત્યાખ્યાનના કેવા પ્રકાર છે ? તે વિશે શાસ્ત્રકાર શું જણાવશે ? તે અધિકાર અગ્રે વર્તમાન.

# વ્યાખ્યાન - ૫

द्रव्यतो भावतश्चेति प्रत्याख्यानं द्विधा मतं । अपेक्षादिकृतं ह्याद्यमतोऽन्यत् चरमं मतम् ॥

## આત્માની ઊંચી-નીચી અવસ્થા અનાદિથી છે.

શાસ્ત્રકાર મહારાજા ભગવાન હરિભદ્ર સૂરિશ્વરજી મહારાજા ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે અષ્ટકજી નામના પ્રકરણને કરતાં થકાં આગળ દેવ વગેરેનું સ્વરૂપ જણાવી ગયા. અહીં જૈનોમાં મતના પ્રવર્તક એ દેવ નહિ. પણ વાસ્તવિક રીતિએ પ્રદર્શક એ દેવ. બીજાઓને ધર્મની શરૂઆત માનવી છે. તેથી જગતની શરૂઆત માનવી પડે છે. અહીં ધર્મની શરૂઆત માનવી નથી. અધર્મ સર્વકાળે હતો જ. એવો એકેય કાળ ન હતો કે જેમાં જીવો પાપ બાંધતા ન હતા. પુણ્ય અને પાપનું બંધન સર્વકાળે છે. તો ધર્મ અધર્મની હૈયાતિ સર્વકાળે માનવી પડે. જો સર્વકાલે પુણ્ય પાપની સત્તા ન માની શકીએ તો જીવની હૈયાતિ માની શકીશું નહિ. જીવને ઊંચી અગર નીચી અવસ્થા, બેમાંથી એક અવસ્થા જીવની જરૂર માનવી પડે. જીવની ઊંચી નીચી અવસ્થા માનવીજ પડે. તેથી પુણ્ય પાપ અનાદિના માનવા પડે. તો પુણ્યના કારણભૂત ધર્મને અને પાપના કારણભૂત અધર્મને પણ માનવા પડે. નહિતર વગર ધર્મે પુણ્ય, વગર અધર્મે પાપ થઇ ગયું, પણ તેમ માની શકાય નહિ. જીવ અનાદિનો છે તો તેની ઊંચી નીચી અવસ્થા પણ અનાદિની છે. અનાદિની બધી સ્થિતિ પેલાઓને એટલે કે ધર્મ બનાવનારાઓને ઉથલાવવી પડી. પણ બતાવનારને કશો વાંધો નથી. જેઓને ધર્મ બનાવનારનો દાવો નથી રાખવો પણ બતાવનારનો દાવો કરવો છે તેમને જીવનું અનાદિપણું માનવામાં હરકત પડતી નથી. જૈન મતે બતાવનારને દેવ માનવામાં આવ્યા.

## ઇન્દ્રિયોથી થતું દમન.

હવે બતાવનારમાં એટલી કીંમત શી ? જો બનાવનાર હોય તો કીંમત. હીરાને બતાવનાર માટે વિચારો : પૈસાની ૧૦૦ દીવાસળી. એક સળગાવીએ તો પણ હીરો દેખાય. તેમાં દીવાસળીની કીંમત શી ? આંખ બતાવનાર કે બનાવનાર ? જગતના પદાર્થોને આંખ બતાવનાર છે માટે આંખની કીંમત નહિ ને ? એક વાત. બીજી વાત એ

કે જીંદગીને બતાવનાર કેટલો ઉપગારી ગણાય ? જડજીવનને બતાવનાર ઉપગારી તો જીવજીવનને બતાવનાર કેટલા ઉપગારી ગણાય ? શરીર, રસના, શ્રોત્ર, ચક્ષુ, આ જડ મન, વચન, કાયા, શ્વાસોશ્વાસ, આયુષ્ય, આ બધાને અડચણ ન આવે. આ પ્રાણોના રક્ષણ માટે દરેક ભવમાં પ્રયત્ન હતા. દેવતા નારકી મનુષ્ય તિર્યંચગતિમાં ચાહે તેમાં જડજીવનની રક્ષા ચાલેલી હતી જ. આત્માને આધારે શરીર છે પણ નેતા જડ છે. આત્માને ચાહે જેટલું દેખવું હોય પણ આંખ અનુકૂળ ન હોય તો દેખી ન શકે. તેમ બીજી ઇન્દ્રિયોમાં પણ એવું જ છે. આત્માને જીવવું હોય લાંબો ટાઇમ પણ આયુષ્યના પુદ્ગલો ન હોય તો શી રીતે જીવી શકે ? 'સત્યાં હિ નિવૃત્તિઃ' નિવૃત્તિ (અભ્યંતર આકાર) બને ત્યારે જ ઉપયોગલબ્ધિ કામ લાગે. દ્રવ્યથી ઇન્દ્રિય ન હોય તો ક્ષયોપશમ ઉપગરણ કામ ન લાગે. પાંચ ઇન્દ્રિય, ત્રણ યોગ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય આ દશ પ્રાણના રક્ષણ માટે આપણે પ્રયત્ન કર્યે જ ગયા. પણ નાના બચ્ચા બાર વરસના થાય તો પણ આબરૂને ન સમજે. ઘરમાં રમે છે છતાં પણ આબરૂ કયા ખૂણે છે તે સમજતા નથી. જેમ બચ્ચાને આબરૂવાળા ઘરમાં જ રહેવાનું છતાં આબરૂનો ખ્યાલ નથી. તેમ આત્મા જીવજીવન જોડે છે છતાં જીવજીવનનો ખ્યાલ આવ્યો જ નથી. માત્ર જડ જીવનનો ખ્યાલ છે. શરીર, જીભ, કાન, આંખ વગરે દસ પ્રાણો બચાવવા જ ઉદ્યમ છે. હું કોણ ? ને મારૂં શું ? એનો જ બચાવ હું કરું, એ વિચાર ક્યારે આવ્યો ? આંખ ઘણી ડાહી છે. આખા જગતને દેખે છે, પણ અસમર્થ ક્યાં ? પોતાને દેખવાને જ આંખ અસમર્થ.

### જીવજીવનને જાણવા આગમ-અરીસો.

આ આત્મા અનાદિ કાળથી જડના જીવનને જોવામાં જબ્બર પરાક્રમવાળો છે. પણ પોતાના ગુણ કે સ્વરૂપને જોવાનું આત્માને સૂઝતું નથી. જગતને આંખ જુવે છે પણ પોતાને જોતી નથી. આંખને અરીસો મળે તો જ આંખ આંખને જુવે. એમ આ આત્મા અત્માને જોઇ શકે નહિ, સિવાય કે સર્વજ્ઞ ભગવાનના આગમરૂપી અરીસો. આ અરીસો મળે તો જ આપણે આપણા આત્માને જોઇ શકીએ. અનાદિકાળથી જડજીવન જીવ્યા અને જગતને જોયું. પણ આત્માને જોવાનો અવસર શક્ય નથી. શરીરના તાવને બતાવનારા થરમામીટર એ તાવનું માપ આપે પણ તાવ આવવાનું કારણ શાથી ? તે રોકશે ? તે બધું થરમામીટર ન જણાવે. પણ સર્વજ્ઞ ભગવાનના વચનરૂપી થરમામીટર આત્માને કર્મ કેમ બંધાયા, ને કર્મ કેમ રોકાયા, ને કેમ તુટે, એ બધું બતાવે છે.

આપણને જીવજીવનની ઝાંખી સરખી પણ ન હતી. આંખ ભમરડા જેવી મોટી હોય પણ પોતાનો ખૂણો દેખવાની તાકાત આંખમાં નથી. જીવજીવનનો એક અંશ સમજવો હોય

અગર આખું જીવજીવન જોવું હોય તો આગમ અરીસો જરૂરી. એમણે બતાવ્યું ન હોત તો જીવજીવન છે એમ ગણાત નહિ. અને જાણ્યું ન હતે તે મેળવવાની મહેનત કરવાની નહતી. મેળવ્યા પછી રક્ષણ કેમ કરવું ? તેમજ તમામ જીવજીવનની સ્થિતિ બતાવી, વેડફાતુ-નકામું જતું-ખ્યાલ બહાર જતું આખું જીવજીવન એમણે જણાવ્યું. તે માટે એ ઉપગારી.

## શરીર અને આત્માનો કર્મજન્ય સંબંધ.

એ ઉપગારીએ પહેલા શું જણાવ્યું ? આ જીવ બંધાએલો છે, બંધાતો છે અને બંધાશે. શાનાથી ? બંધાવાની વાત આવે તો બાંધનારી ચીજ કઇ ? આસ્તિક માત્ર ટૂંકા શબ્દોમાં ખુલાસો કરી શકશે આત્માને બાંધનારી ચીજ કર્મ. કર્મ આત્માને બાંધનારી ચીજ. તો તે કર્મ, રૂપી કે અરૂપી ? અરૂપીને બંધ હોય નહિ. રૂપી અરૂપીને બાંધે નહિ, કર્મરૂપી છે તો અરૂપી આત્માને બાંધે શી રીતે ? પણ હાથ કંકણને અરીસાની જરૂર ન પડે. પ્રત્યક્ષ પદાર્થને છાયા (ચિહ્ન) દ્વારા નિશ્ચિંત કરવાનું ન હોય. પ્રત્યક્ષમાં અનુમાન ન કરવું પડે. રૂપી કર્મ વડે અરૂપી આત્મા કેમ બંધાયો ? પણ આ નજરે હેવાલ જોઇ લ્યો. હાથ આમ રાખી એના ઉપર થઇ ગોળી ચાલી જાય તો ન વાગે. વચમાંથી જાય તો વાગે, વેદના થાય એ સાથે આત્મા સંબંધમાં આવ્યો છે.

શરીર રૂપ સ્થૂલ પદાર્થ સાથે આત્મા બંધાએલો છે. શરીર બોલે છે શાથી ? આત્મા અંદર છે તેથી. શરીર સરખા સ્થૂલ પદાર્થથી બંધાઇ જાય તો કર્મ જેવા બારીક પદાર્થથી આત્મા બંધાય એમાં શંકા શી ? આત્મા અરૂપી છતાં રૂપી એવા કર્મથી બંધાય છે તેથી શરીર અને આત્મા બંધાએલા છે એ વાત પ્રત્યક્ષ છે તો આત્માને કર્મ સાથે સંબંધ થવામાં આશ્ચર્ય નથી, પણ સંબંધ થયા ક્યાંથી ? પહેલા કર્મ આવ્યા કે પહેલા વિકાર થયો ? જો કર્મ આવ્યા હોય ને પછી વિકાર થયો તો શું વગર વિકારે કર્મ આવી ગયા ? તો સિધ્ધપણામાં પણ વગર વિકારે કર્મ લાગી જશે. એમ વગર વિકારે કર્મ લાગે એમ માનવું પડે. પણ વગર વિકારે કર્મ ન મનાય. પહેલા કર્મ માનવા કે પહેલા વિકાર માનવા ? ખરી વાત તો : એ પ્રશ્ન જગતની આદિ માનનારા માટે છે. જેમ કોઇ વક્રપણાનો પ્રશ્ન કરે : અરે ભાઇ ! તે ધન ચોરીને દાટ્યું હતું કે ગુંજામાં ઘાલ્યું હતું ? ઉઠાવ્યું હોય તેને એ સવાલ કરાય, પણ જે જાણતો નથી એવાને એ સવાલ કરાય ? કહો કે બેઅદબી કરી ગણાય. એમ અહીં પ્રથમ કર્મ કે પ્રથમ વિકાર ? એ સવાલ જૈનને અંગે નથી. આદિ માને તેને એ સવાલ કરાય. પહેલ (આદિ) ન માને તેને એ સવાલ નથી. એમ અહીં જૈનની સામા સવાલ શી રીત થાય ?

## પૂર્વકર્મ અને ઉત્તરકર્મનું પરિણામ.

જૈન આદિ માનતા નથી. એટલે અનાદિ માનનારા જૈનને પ્રથમ કર્મ કે પ્રથમ વિકાર ? એ પ્રશ્ન પૂછાય ન નહીં. જે માણસને અંગે લીધાની કબૂલાત થાય પછી એ સવાલ થાય. પણ લીધું નથી તેવાને વક્ર પ્રશ્ન પૂછો તો ? લાઇન બહારનો પ્રશ્ન છે. વસ્તુ જાણતો નથી, વસ્તુ લીધી નથી, તેને લીધાનો સવાલ શી રીતે પૂછાય ? પણ એક વાત કરી શકીએ કે બંનેમાં કારણ કાર્ય કોણ ? ઉત્તરમાં જણાવવાનું કે વિકારની અપેક્ષાએ પૂર્વકર્મ કારણ, ઉત્તરકર્મની અપેક્ષાએ પૂર્વવિકાર કાર્ય. આ જગોપર જેઓ કેટલાક શબ્દથી ભડકવાવાળા હોય છે. બાવાની જમાતને તેના ભક્તે નોતરૂં દીધું. જમાતમાં એક જન્માંધ બાવો છે. આને કોણ દોરી જાય ? જમીને આવ્યા એટલે અંધે પૂછયું કે શું જમ્યા ? જવાબ આપ્યો : ખીર પુરી. ખીર શું ? જમાતે કહ્યું : ગાયના દૂધ ચોખા રાંધે તે, ગાય શું ? સફેદ બગલા જેવું પ્રાણી, બગલો શું ? આકાર બતાવ્યો. બગલા તુમ ખાયા. મેરા તો ગલા ફાટ જાય. તે આકારમાં ચાલ્યો ગયો. દૂધ આવા બગલા આકારનું હોય. આવી રીતનો ખોરાક ખાવાથી મારૂં ગળું ફાટી જાય. જન્માંધ બાવો બગલાનો આકાર દૂધ અને ખીરમાં આકાર રહી ગયો અને ભડકી ગયો. તેમ કેટલાક બિચારા સ્યાદ્‌વાદ શબ્દથી ભડકેલા છે.

## સ્યાદ્‌વાદને સમજવા પ્રયત્ન કરો.

તમને એમ થાય કે કારણ એ કાર્ય કેમ થાય ? અને કાર્ય એ કારણ કેમ થાય ? પણ જરા વિચારો ! દાણો કાર્ય કે કારણ ? અંકુરની અપેક્ષાએ કાર્ય અને નવો અંકુર થશે તેનું કારણ છે. એક જ બીજમાં કાર્ય કારણપણું બે છે. વિરુધ્ધ ધર્મ હોવા છતાં એક બીજમાં બન્ને છે, પણ જુદી જુદી અપેક્ષાએ. તેમ અહીં કર્મ અને વિકાર. કર્મને અંગે પૂર્વના વિકારને અંગે કાર્યપણું, ઉત્તરમાં કર્મનું કારણપણું - વિકારથી કર્મ, કર્મથી વિકાર એમ પરંપરા ચાલ્યા કરે. જો ખરેખર આમ બંધાએલું છે, તો અંત કોઇ દહાડો આવવાનો નહિ. બીજ અંકુર કર્યા કરશે, અંકુર બીજ કરશે. તો અંત નહીં આવે. તો શેકો છો, ભૂંજો છો રાંધો છો તેનું શું થાય ? બીજા કારણ મળે તો થાય. તેમ વિકારો થાય તો તે કર્મથી થાય. અંકુરનું બીજ થાય, બીજનો અંકુર થાય, પણ બધા અંકુરના બીજ થાય કે બધા બીજના અંકુર થાય તેવો નિયમ નથી. એ નિયમ ન હોવાથી જિનેશ્વરનો ઉપદેશ થાય છે. નહિતર જિનેશ્વરને બોલવાનું હતું જ નહિ. કર્મથી વિકાર થાય, વિકાર હોય ત્યાં કર્મ થઇ જ જાય. ત્યાં જિનેશ્વરના ઉપદેશની જરૂર ન હતી. જિનેશ્વરનો ઉપદેશ આ છે : કર્મ અને વિકારને અસમર્થ બનાવો. કર્મ અસમર્થ કેવી રીતે બનાવાય ? ભલભલા તીર્થંકર અગર ગણધરનું જોર નથી ચાલ્યું તેવા કર્મને અસમર્થ બનાવવાનું કહેવું તે અશક્ય ઉપદેશ છે. તાવ આવ્યો

છે તો શેષનાગ મણી લાવીને ધોઇને પાણી પી જજે. ~~શબ્દમાં સીધી~~ વાત છે. પણ શેષનાગનો મણિ લાવવો શી રીતે ?તે અહીં ભવ્ય જીવોને કર્મ દબાવવાનું કહેવું તે શબ્દમાં સીધું છે પણ બનાવવામાં કકરૂં છે, એટલા માટે પ્રથમ ગુરૂમંત્રમાં એક જ આપ્યું છે : કર્મને હણનારાની ટોળીમાં દાખલ થાવ. તમે કોની છાયામાં, કોના રાજયમાં, કોના તાબામાં જાવ છો ? કર્મને હણનારી ટોળકીમાં જાવ છો. તો બરાબર છે.

## 'ણમો અરિહંતાણં' પદનો અર્થ.

પ્રથમ 'ણમો અરિહંતાણં' શીખવ્યું છે. વ્યુત્પત્તિથી આનો અર્થ બીજાને ઘણો અઘરો પડે છે. જે આ જિનેશ્વરની પૂજા માનનારા નથી એ કહી આપે છે કે - અશોકવૃક્ષ આદિ આઇ પ્રાતિહાર્યોએ કરેલી પૂજાને લાયક બને છે, તેવા અરિહંતને મારો નમસ્કાર. અર્હ પૂજાયા. પૂજા અર્થમાં અર્હ ધાતુ છે. જે સ્તુત્ય હોય તેમાં શતૃ પ્રત્યય આવી પૂજાને લાયક તે બની શકે. અર્હત્. તેને નમસ્કાર. જેને પૂજ્યતા માનવી પરવડતી નથી તેને અર્હત્ શબ્દ ઉપર હડતાલ મેલવી. પૂજન જેમને માનવું નથી, સાક્ષાત્ ભગવંતનું પૂજન અને સ્થાપના નિક્ષેપાની વાત જુદી છે. વળી બરાડા પાડે છે : અર્‌ર્‌ર્ ત્યાગીને ભોગી બનાવ્યા. તો તો પછી જેટલી બાયડીઓ સાધુના ફોટાને અડકે તેનું પ્રાયશ્ચિત્ત સાધુએ લેવું જોઇએ. જો એ તો તસ્વીરને સંઘટ્ટો થયો તેથી તમે સંઘટ્ટાના દૂષિત નથી. તો ભગવાનની પ્રતિમાની પૂજામાં વસ્તુઓ ચડાવવાથી ભગવાનનું ભોગીપણું શી રીતે કહેવાય ? તમારે સંઘટ્ટાથી બચવા માટે મૂર્તિ કહી ખસી શકાય તો ભગવાનની મૂર્તિની પૂજાથી ભગવાન ભોગી શી રીતે ? ખુદ ભગવાન વીતરાગ દશામાં હતા તે વખતે છત્ર ચામર ધરાય છે તો તે ત્યાગી કે ભોગી ? જગતની ઋધ્ધિ સામે દેવતાઇ છત્ર, ચામરમાં રહેલ એક રત્ન બસ છે. એમાં ભોગી ન બને તો ચાંદી સોનામાં શું હતું ? જો એવામાં ભોગી ન બને, આવામાં ભોગી શું થવાના હતા ? આ વ્યુત્પત્તિ રૂપે તેઓ બોલવા લાયક નથી. હવે નિરૂક્તિથી વ્યાખ્યા : કર્મશત્રુને હણનારા ણમો અરિહંતાણં. એ મંત્ર કર્મને હણનારા, વિકારો કર્મને દબાવનારા છે.

## સંવર અને નિર્જરાથી કર્મબંધ અને અંત.

શાસ્ત્રકાર ભગવંતે ક્રોધ જીતવો, અનુદય કરણ, ઉદય પ્રાપ્તને નિષ્ફળ કરવો, ઉદયના સાધનથી દૂર રહેવું. કોઇ વખત સાધન મળી ગયા, ઉદય પ્રાપ્તને રોકવો, વિકાર રોકવો, ઉદય રોકવો એટલે કર્મ રોકવા, તપસ્યાથી કર્મક્ષય કરો, સંવરથી વિકાર રોકો, નિર્જરા એ કર્મક્ષય માટે, સંવર એ વિકારો રોકવા માટે, તીર્થંકર મહારાજે વિકાર અને કર્મ બન્ને રોકવા માટે ઉપદેશ કર્યો છે. અનાજ ભુંજાઇ જાય, અંકુર સુકાઇ જાય છે, નવાકર્મો

ઉદયમાં ન આવે અનુદયકરણ, એ દ્વારા કર્મ વિકારને રોકવાનું થાય છે. તીર્થંકર મહારાજાએ બે ઉપદેશ આપ્યા છે. તેમાં પ્રથમ વિકાર કે પ્રથમ કર્મ રોકવા ? એટલે પહેલા વિકાર રોકવા કે કર્મ રોકવા ? પહેલા વિકાર રોકો. વિકારો ન રોકાય તો કર્મ રોકવાથી તેટલું સામર્થ્ય આવશે નહિ. વિકારો રોકો તો કર્મ તોડવાની તાકાત તમને વધારે આવશે. આથી સંવરને પ્રથમ અને નિર્જરાને પછી સ્થાન આપ્યું.

સંવર એટલે વિકાર ઉપર કાબુ. આશ્રવનિરોધ : સંવર કર્મ આવવાના દ્વારો રોકવા તે સંવર. તે સંવર થાય ત્યારે જ નિર્જરાની તાકાત આવે. સાંજ સવાર પડિક્કમણામાં પ્રથમ સામાયિક મૂક્યું, પચ્ચકખાણ તપસ્યા પછી મૂક્યાં. સામાયિકને આવશ્યકમાં પ્રથમ ગણ્યું. પહેલા વિકારો રોકો પછી સંજમ તપ કેમ કહ્યું ? પહેલાં સંજમની જરૂર. તપ પણ સંયમ પૂર્વક ફળ દેનારૂં છે. સ્વભાવે સંયમ હોય ત્યાં જ તપનું ફળ. સંયમ વગર પણ સંયમ પૂર્વક ફળ દેનારૂં છે. સ્વભાવે સંયમ હોય ત્યાં જ  તપનું ફળ. સંયમ વગર તેવું ફળ બની શકતું નથી. માટે વિકારને દબાવવાની પ્રથમ જરૂર. પહેલા સંવરની જરૂર એ ક્યારે સમજાય ? જ્યારે આશ્રવનું  નુકશાન સમજાય ત્યારે. અહીં સંવરને અંગે જીવ તૈયાર ક્યારે થાય ? જયારે આશ્રવથી પૂરેપૂરો ભય લાગે ત્યારે, માટે આશ્રવ સમજાવવા માટે ભગવાન જિનેશ્વર ગણધર મહારાજને ઉપગારી માનીએ છીએ. તેમણે આશ્રવને રોકવાના સાધનો બતાવ્યા માટે તેમનો ઉપગાર છે. સાધનરૂપે અવિરતિ ઓળખાવી તે કેવી રીતે રોકવી, ને વિરતિના પ્રકાર કેટલા ? તે વિશે શાસ્ત્રકાર મહારાજા શું જણાવે છે તે અધિકાર અગ્રે વર્તમાન...

**સજ્જન પુરૂષોએ મોક્ષને માટે પોતાનું આત્મસ્વરૂપ**
**જેવી રીતે કરવું જોઈએ તેવા પ્રકારનું તમારૂં**
**પ્રતિબિંબ જોઈને હું સ્થિર થયો છું. જેથી સંસારમાં**
**પણ મારા અંતરમાં મુક્તિની અવસ્થાને લાવું.**

# વ્યાખ્યાન - ૬

**द्रव्यतो भावतश्चेति प्रत्याख्यानं द्विधा मतं। अपेक्षादिकृतं ह्याद्यमतोऽन्यत् चरमं मतम् ॥**

## તીર્થંકર મહારાજા સૂર્ય કે દીપક કરતાં વધુ ઉપકારી.

શાસ્ત્રકાર મહારાજા ભગવાન શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે અષ્ટકજી નામના પ્રકરણ કરતાં થકાં આગળ દેવનું સ્વરૂપ જણાવી ગયા. સામાન્ય રીતે આદ્ય પ્રવર્તકને દેવ તરીકે માન્યા છે. એટલે તે ધર્મ તેમણે ઉત્પન્ન કર્યો. એટલે જૈનોએ તે દેવ પ્રદર્શક તરીકે માન્યા. સૂર્ય પ્રવર્તક નથી, પ્રદર્શક છે. કાંટા-કાંકરાને સૂર્ય બનાવતો નથી, પણ બતાવે છે. પથરા હીરાને બનાવતો નથી પણ બતાવે છે. તેમ જિનેશ્વર મહારાજ ધર્મ અધર્મને બનાવતા નથી, પણ બતાવે છે. હિંસા કરાવાથી પાપ, અહિંસાથી ધર્મ. તે અનાદિથી હતું, પણ જાણમાં નહતું. તે જાણમાં લાવ્યા. પોતે પાપ ઊભું કરીને હિંસા સાથે જોડી દીધું હોય તેમ નથી. હિંસા રોકવાથી પાપનું રોકાણ સર્વકાળ માટે હતું. કોઇ પણ એવો કાળ ન હતો, જે પાપનું રોકાણ હિંસા કરવાથી થતું હોય. રૂમમાં અંધારૂ હોય ત્યાં સુધી સોના લોઢાનો ભેદ ખ્યાલમાં ન આવે. અજવાળું થાય ત્યારે સોનું સોના રૂપે, લોઢું લોઢા રૂપે દીવો જણાવે, તેમ તીર્થંકર ભગવાન પાપને પાપ તરીકે, ધર્મને ધર્મ તરીકે જણાવે છે. તીર્થંકર ભગવાન તમારામાં જ્ઞાન ઉત્પન્ન કરવા દ્વારા ઉપગારી છે. જેમ દીવો જ્ઞાન ઉદ્ભવ કરવા તરીકે ઉપગારી છે. હિંસાને પાપના કારણ તરીકે, અહિંસાને પાપના કારણના રોકાણ તરીકે જ્ઞાન ઉત્પન્ન કર્યું. એમ જિનેશ્વર મહારાજા દીપક કે સૂર્યરૂપે એકલા પ્રકાશક તરીકે રહેતા નથી. શાસ્ત્રકારોએ લોગપઇવાણં કહીને આગળ ધમ્મદયાણં પદ મૂક્વું પડ્યું. જીવને ધર્મ ઉપર ધર્મપણાની, અધર્મપણાની બુદ્ધિ હતી નહિ. તે તીર્થંકર મહારાજાએ ઉપદેશથી સમજાવી. હિંસાદિકથી વિરમવું તે પાપને રોકવાનો રસ્તો. આ એકજ રસ્તો. ગૂમડું થઇને પાક્યું, પછી તમારી પાસે બીજો રસ્તો નથી. પાકી ગયું પછી રસી કઢાવ્યેજ છૂટકો. પાકે નહિ ત્યાં સુધી રસ્તા છે. પરૂ થયું પછી એકજ ઉપાય કે કાઢવું જોઇએ. તે સિવાય બીજો રસ્તો નથી.

## પાપમાંથી નિવૃત્તિ - પ્રતિજ્ઞાપાલન.

પાપ મારા આત્માને હેરાન કરે છે. પાપને લીધે મારી ખરાબી છે. પાપથી બચવા

માટે બીજો રસ્તો નથી. પાપના કાર્યોથી દૂર થાવ ત્યાં સુધી અન્ય મતના મુદ્દાપ્રમાણે 'કરે તે ભોગવે.' પણ જૈનના મુદ્દામાં શું છે ? પાપ ન કરે તો પણ પ્રતિજ્ઞા લે. પ્રતિજ્ઞા ન કરે ત્યાં સુધી પાપનો ભાગી છે.(ન વિરમે તે ભોગવે.) પાસે લક્ષ્મી નથી પણ પચ્ચક્ખાણ ન કર્યા હોય તો દેખીએ ત્યારે લાલચ થાય. અમેરિકાની લીલોતરી તમે દેખી ન હોય. પણ પચ્ચક્ખાણ ન હોય તો ? હવે દેખો તો મન લલચાય પણ પચ્ચક્ખાણ હોય તો ? મારે બંરદ છે. એ પ્રવૃત્ત પ્રતિજ્ઞા હતી તેથી રોકાઇ. પ્રતિજ્ઞા ન કરી હતે તો પ્રવૃત્તિમાં રોકાયા ન હતે. પાપના પ્રસંગે પાપના રોકનારથીજ પ્રતિજ્ઞા. વિરતિ ન કરો, પ્રતિજ્ઞા પચ્ચકખાણ ન કરો એજ પાપની જડ. જેની પ્રવૃત્તિ એને પાપ એમ બીજાએ માન્યું છે. જ્યારે જૈન શાસ્ત્રકારોએ અપ્રતિજ્ઞાને પાપ માન્યું છે. પ્રતિજ્ઞા ન કરવાનું કારણ શું ? પ્રતિજ્ઞાનો ખ્યાલ નથી તે પ્રથમ કારણ. પોતે જાણો છો વકીલ સાહેબ કહે છે કે-કાયદો થયા(બન્યા) પછી ગુનેગાર. કાયદો થયો તે મને ખબર ન હતી તે બચાવ ન ચાલે. અનાદિથી પ્રવૃત્તિ કરનારો આત્મા તે નથી જાણતો. એ બચાવ નહિ ચાલે. તારે ખબર રાખવી જ જોઇએ, તે તારી ફરજ છે. પચ્ચકખાણ કરવાનું જાણતો ન હતો એ ન ચાલે, પ્રતિજ્ઞા તો કરી પણ આખી જીંદગીનો ખ્યાલ નથી. કઇ વખતે કયો પ્રસંગ આવશે તેની ખબર નથી. આ હાલની સ્થિતિને અંગે પચ્ચક્ખાણ કરીએ ને કાલે બીજી સ્થિતિ થાય. તેના સમાધાનમાં સમજવાનું કે પાપનો પ્રસંગ આવે તો બંદા તૈયાર છે. તો પાપ લાગે જ. તમારા હિસાબે સ્ત્રીઓએ સતીપણું રાખવું જ નહિ. અરે ! લગ્ન ન કરવા. ધણી કેટલી મુદત જીવશે ? તેની ઠીક, નહીંતર પવિત્રતા પાળીશ. અવળા આટલી હિંમત રાખે છે ! સંજોગ રહ્યા ત્યાં સુધી ઠીક, નહીંતર પવિત્રતા પાળીશ. અબળા આટલી હિમત રાખે છે. તે તો ભવિષ્યના જ્ઞાનવાળી નથી. છતાં શું જોઇ હાથ પકડે છે ? એવું એ વિચારે તો કોઇ પ્રસંગ એવો આવશે તે વિચાર કરતી નથી.ચાહે ધનાઢ્ય કે રંક અવસ્થા આવશે. જીવતો હશે કે મરી પણ જાય.

## પ્રતિજ્ઞા લોપે તે મહાપાપી - શી રીતે ?

પ્રતિજ્ઞા ન કરે તે પાપી. અને પ્રતિજ્ઞા કરી લે પછી લોપે તે મહાપાપી. વાત સાચી છે. પણ એ વાક્ય શોભે કોને ? પ્રતિજ્ઞા લીધેલી હોય તેને શોભે છે. મોહનભાઇ રેવાશંકરભાઇને કહે : આગળ આવો અને રેવાશંકરભાઇ પોતાની જાતે કહે કે હું આગળ આવું. આગળની બેઠક એ તત્ત્વ. પણ મોહનભાઇ કહે તેમાં બન્નેની ઉચિતતા, જ્યારે રેવાશંકરભાઇ કહે તો નિર્વિવેકિતા. સાધુ દાન વહોરવા જાય ત્યાં લુખાપાખા ઉપર ધ્યાન રાખે, જ્યારે શ્રાવક ભકિત ઉપર ધ્યાન રાખે. શાસ્ત્રોના બંને વાક્યો છે. બંને ગયું. અહીં પ્રતિજ્ઞાલોપ પ્રસંગે લીધા પહેલા ધારવું તે વિરતિવ્રત પચ્ચકખાણને ધક્કો મારવાનું અને

લીધા પછી ધારવું તે પ્રતિજ્ઞા ટકાવવા માટે છે. તમે પ્રતિજ્ઞા રોકવાના ઉપયોગમાં આ વાક્ય લીધું. શાસ્ત્રકારે પ્રતિજ્ઞાની દઢતા માટે વાક્ય કહ્યું. પ્રતિજ્ઞા ન લેવી તે આ વાક્યનું તત્ત્વ નથી. સમજ્યા ? અહીં પણ લગ્ન કર્યા પછી ખરાબ સ્થિતિ-કાળી ટીલી લાગે. કન્યા જ્યાં સુધી કુંવારી હોય ત્યાં સુધી ચાહે ત્યાં વરવાની છૂટ. વિવાહિત થયા પછી પ્રતિબંધ થયો. એમાંથી ખસે તો અધમ ગણાય. તેના ડરથી શું વિવાહિત દશા બંધ કરી ? વિવાહિત થયા પછી સાવચેતી રાખવી. એનો ઉપયોગ અવિવાહિત પણામાં નથી. તેમ પ્રતિજ્ઞા લઈ ભાંગવામાં મહાપાપ એ વાક્યનો ઉપયોગ પ્રતિજ્ઞા સાવચેતીથી પાળવામાં કરવાનો છે. વાક્ય શાસ્ત્રકારોએ કહ્યું તે શા માટે કહ્યું ? પ્રતિજ્ઞા ન લેવા માટે કે પ્રતિજ્ઞા પાલન માટે ? પ્રતિજ્ઞામાં દઢપણું રહે, પ્રતિજ્ઞાનું ઉલ્લંઘન ન કરે. તમે તે વાક્ય પ્રતિજ્ઞા ન લેવામાં લઇ ગયા. તેમ જ કેટલાક અજ્ઞાનથી પ્રતિજ્ઞાનું સ્વરૂપ ન સમજી શક્યા. તેમાં અજ્ઞાન એ બચાવ નથી. કેઇ પ્રસંગના નામે પ્રતિજ્ઞાનું સ્વરૂપ ન સમજી શક્યા. તે બચાવ પાપથી બચાવનાર નથી. મહાપાપથી ડરી પ્રતિજ્ઞા ન લેવી એ બચાવનો રસ્તો નથી. અજ્ઞાન પ્રસંગ એ મહાપાપ છે. એ બહાના કામ નહિ લાગે. પાપથી બચવું હોય તો પ્રતિજ્ઞા કરવી જ પડશે.

### કોર્ટમાં પણ પ્રથમ પ્રતિજ્ઞા પછી કેસ ચાલે.

એક લીટીની પ્રતિજ્ઞા કર્યા વગર કોર્ટમાં આગળ એક લીટી પણ લખવા નથી દેતા. કોર્ટના નિયમે પ્રતિજ્ઞા પહેલી કરવી જ જોઇએ. તે પાપના બચાવ માટે પ્રતિજ્ઞા કરવા માટે કેમ આનાકાની થાય છે ? કેદીને આજકાલ પગે હાથે બાંધે છે. પહેલા કેડે છાતીએ ઝાડ સાથે બાંધે. તેને તે વખતે કેમ થતું હશે ? પ્રતિજ્ઞાની વાત વખતે ધ્રૂજી ઉઠો છો. પ્રતિજ્ઞા પરાણે દેવાની નથી. પ્રતિજ્ઞા આપી અમને ટેકસ ડાકુ મળે તેમ નથી. તેમ તમે ન ખાવ તેથી વધારે અમને કંઇ મળવાનું નથી. તમારા પચ્ચકખાણથી સાધુને શો લાભ ? શા કારણથી સાધુ તમને પચ્ચકખાણ આપે છે ? તમારી વિરતિનો લાભ સાધુને આવતો નથી. તમારી પાપની પ્રવૃત્તિ રહે તેમાં સાધુને પાપ લાગવાનું નથી. દરદની હેરાનગતિથી જેમ દાકતરોને ઘેર દોડી દોડી જાવ છો. તેમ તેમ પાપની હેરાનગતિ સમજ્યા હો તો દોડી દોડી પચ્ચકખાણ લેવા જવું જોઇએ.

ગામડામાં બળીયા કાઢવાવાળો જાય છે. તેમાંથી સરકારને કશું મેળવવાનું નથી. પણ જે ગામડીયા બાયડીઓ છોકરાને સંતાડી દે, ઘેર આવે તો રોષ ચડે તેવી તમારી સ્થિતિ છે. આરોગ્ય માટે બચ્ચાના સુખ માટે બળીયા કાઢવા આવે. તે વખતે બળીયા કાઢનાર ઉપર રોષ આવે છે. તેમને પચ્ચક્ખાણ આપે ત્યારે તેવું જ લાગે છે. બાધા આપી તો

મહારાજે બાંધ્યા. બહાર જઇ આમ બોલો છો. વેપારમાં બજારમાં પૈસાની ભીડ હોય. તેમાં ધર્મ કરવો હોય તો ? ભીડ વખતે ત્યાં ટકી રહે તે બહાદુરી છે. બહાર નીકળી બોલે કે મહારાજે સજ્જડ બાંધ્યા. તમે કેદી મહારાજ જેલર બનનારા. એમ ન હોય તો શા ઉપર બોલો છો ? આપણા પરિણામો કયા આવે છે ? આ પાપ આવ્યા કરતું હતું. મહાપુરૂષે તે પાપથી મને બચાવ્યો. એ બુધ્ધિ ક્યારે આવી ? મહાપુરૂષે કાયરપણું છોડાવી મને મજબૂત રાખ્યો. ચાહે ધર્મિષ્ઠો મધ્યમ દરજ્જાના મનમાં આ બુધ્ધિ ક્યારે આવે છે ? નિયમ વ્રત પચ્ચકખાણ પ્રતિજ્ઞા બંધનરૂપ ભાસી તેની શી દશા !

## આત્માની સ્થિતિ કેવી છે તેની વિચારણા.

પાપની પ્રવૃત્તિ છૂટી રખાવનાર આપણો હિતૈષી હૈયાત છે ત્યાં આ દશામાં આપણે કઇ સ્થિતિએ છીએ, તે સમજો. આપણે સંવરને સંકડામણ ગણી છે, બખ્તર નથી ગણ્યું. પ્રતિજ્ઞારૂપી સંવરને હજું બખ્તર ગણવા તૈયાર નથી. પ્રતિજ્ઞાને સંકડામણ સમજે છે ત્યાં સુધી આ જીવ સમજ્યો શું ? કહો કાંઇ નહીં. પહેલવહેલા એક ગામડામાં સરકારી નિશાળના પાયા ખોદાય છે. ચોકીદારોની સભા એકઠી થઇ છે. કેમ ? સરકાર તરફથી જુલમ થાય છે. સરકાર નિશાળ ખોલે છે. આપણા છોકરાં નિશાળમાં નીતિ શીખવાના, એથી ચોરી થવાની નહિ, તેથી ચોકીની જરૂર નહિ રહે. આપણું શું થશે ? સરકાર આપણા પેટ પર પાટુ મારે છે. કહો- જે નિશાળને પેટ પર પાટું સમજે તેને રસ્તે શી રીતે લાવવો ? પાપનો બચાવ થાય તેવા બખ્તરને ભારરૂપ સમજે. તે બાણાવલી થઇ શકે નહિ, બાણોની શ્રેણિથી બચી શકે નહિ. સંવર આત્માનું બખ્તર છે. પાપથી બચાવનાર છે. ચાહે જો પ્રસંગ આવે તો પણ મારે પ્રતિજ્ઞા નથી કરવી, એ જગોપર બીજે ક્યાંક પ્રતિજ્ઞા કરતી વખતે અડચણ નથી લાગતી, પણ સુખથી નિર્વાહ થશે એમ માનો છો. એટલે તમારે પ્રતિજ્ઞા કરવી છે પણ પાપ હઠાવવા નથી કરવી. અડચણ વાંધો મુશ્કેલી ન આવે તે પરિણામ શું કાર્ય કરે ?

## નિશ્ચિત સ્થાને જન્મ લેવામાં કારણ ક્યું ?

કુદરતે જન્મ લેવાનું તમારા હાથમાં નથી આપ્યું. જો મરજી માફક જન્મ લેવાનું આપ્યું હોત તો જન્મ ક્યાં લેવો એ વિચારમાં કંઇ લાંબો કાળ નિર્ગમન થઇ જતે. પ્રતિજ્ઞા કરતાં આટલા વિચાર કરો છો તો જન્મ લેવા કેટલો વિચાર કરત ?

કેટલીક વખત ઘરના દલાલ એવા હોય છે કે પછી આપણી મરજી હોય કે ન હોય પણ સોદો કરી આવે. તેમ કર્મ સોદો લગાડી દે છે. નથી મા-બાપે આપણને પસંદ કર્યા.

નથી આપણે એમને પસંદ કરી લીધા. એણે એવી જાતના કર્મ બાંધેલા, આપણે પણ એવાજ કર્મ બાંધેલા, તેથી સંયોગ તેવો થઇ જાય છે. તમારી મરજી માફક વિચાર કરી પસંદ કરવા વિચારવાનું રાખો તો પાર આવે જ નહિ. ધર્મની સ્થિતિએ જીવ સમજ્યો કેટલું ? હજુ આશ્રવને હેયપણે અને સંવરને ઉપાદેયપણે માન્યો જ નથી. શ્રાવક કે સાધુ શક્તિ સ્થિતિ પ્રમાણે સંવર આદરે છે. આશ્રવ રોકે છે. પણ આશ્રવનું ભયંકરપણું અને સંવરનું સુંદરપણું હજુ ભાસ્યું નથી. પણ મહારાજે કહ્યું ને મહારાજનું મોં ન ઠેલાય માટે પચ્ચકખાણ કરે છે. આ સ્થિતિમાં પાપથી શી રીતે બચે ?

## પચ્ચક્ખાણની અનિવાર્ય આવશ્યક્તા.

છૂટમાં રાજીપણું રહે. શરમમાં પચ્ચકખાણ થાય તેનો અર્થ શો ? નાના બચ્ચા પોતે રોગમાં ન સમજે. મા-બાપ દવા પાય ને નિરોગી થાય. લાજથી શરમથી બળાત્કારથી પચ્ચક્ખાણથી લાભ થાય પણ સમ્યકત્વની દશા ન ગણાય. બાપની નજર ચૂકવી દવા ફેંકી દીધી- એમાં બાળકે બહાદુરી ગણી. તેમ મહારાજને આંબા પીપળા બતાવી નજર ચુકવી બહાર નીકળી જઇએ. બાધા ન લીધી તો બહાર જઇ રાજી થાય. પણ એ તો અજ્ઞાનને આમ સૂઝે. મારે પાપથી બચવું એ ચોક્કસ, દાકતર ઉપર ભરોસો છે. જમશેદજી દાકતર કહે કે રાતના બાર એક વાગે આવીશ. આખા દહાડાના વાયદા જતા કરીને બાર ને બેના વાયદા આવે. સુરતમાં પણ બાર ને બે એ કહે તો કબુલ. શાથી ? દવા લેવી જ છે. એના જેવી બીજી દવા બીજી જગોએ નહિ મળે. એ ઉપર ભરોસો છે. શરીરના દાકતરને રાતના બોલાવીએ તો આત્મા માટે આત્માની ઓળખાણ છે કે નહિ ? ચામડાની પ્રીતિને લીધે આટલું બને છે તો આત્માની ઓળખાણ હોય તો કેમ ન બને ? વૈદ તો દવાખાને હોય, આપણી પાસે ચોવીશ કલાક વૈદ રહેતા નથી. છતાં પરેજી કહે તે પાળીએ છીએ. અહીં આપણે વગર ચોકીએ પરેજી પાળીએ છીએ. તો આત્માની ઓળખાણ હોય તો કેટલું રહેવું જોઇએ ? વૈદ દાકટર કહે કે શરીર માટે કહે છે. દરદીના હિત માટે કહે છે એની બદલી જે માણસ 'વૈદ દાકતર તો કહ્યા કરે' તેમ ધારે તેની દશા શી થાય ?

મહારાજ તો એમ કહે. શાસ્ત્રકારોનો તો એવો ઉપદેશ હોય એની કિંમત નથી. અહી લાકડામાં(વનસ્પતિમાં) મોકલવા પડે. નિગોદમાં સંદેશો મોકલવો પડે એ જ દશા. આ દશામાં આત્મા આત્માને ઓળખી ન શક્યો. જે પાપની આશ્રવની ભયંકરતા ન સમજે ત્યાં સુધી તે પાપથી બચે શી રીતે ? જ્ઞાન કરાવવાનું કામ તીર્થંકર, શાસ્ત્રો અને ગુરૂ મહારાજનું છે. હિંસામાં પાપની કળ ગોઠવી નથી, પાપની કળ હિંસા સાથે વળગેલી છે. ધર્મની કળ અહિંસા સાથે વળગેલી છે. માત્ર તીર્થંકરો જણાવી દે છે. તેમ ઝેરી કઇ ચીજો

છે તે બતાવી દે છે, પણ ઝેરીપણું બનાવતા નથી. આત્માને કેમ કર્મ લાગ્યા ? ને કેમ જાય ? કેમ રોકી શકાય ? તે બધું સમજાવે છે, જ્ઞાન કરે છે. દીવો અને સૂર્ય જ્ઞાન પ્રગટ કરે છે. પહેલાનું જ્ઞાન હતું તે દીવો કે સૂર્ય થયા એટલે ઉદ્ભુત થયું. આ જ્ઞાન નવેસરથી કર્યું. જ્ઞાન એમણે ઉત્પન્ન કર્યું. એવું કહીએ છીએ.

તીર્થંકરો દેવ તરીકે મનાયા છે, તેઓ પાપ-પુણ્યને કે ધર્મ અધર્મને બનાવનાર તરીકે નહિ, પણ ઓળખાવનાર તરીકે-બતાવનાર તરીકે ઉપગારી થાય છે. તેથી વસ્તુ તો પહેલાંની બનેલી છે. અહીં આશ્રવ દ્વારા એ પાપ બંધાઇ રહ્યા છે તેવુ બતાવવું છે. આ પહેલાનું બનતું હોય ત્યારે જ બને. સંવરદ્વારા એ પાપનું રોકાવાનું અનાદિથી બની રહેલું છે. તેથી ધર્મ અધર્મ અનાદિથી છે અને તીર્થંકર મહારાજાએ ઓળખાવ્યો. દીવો લઇને આંધળો ખાડામાં કે હડફેટમાં આવી જાય તો બિચારો ગણાય, કેમકે સાધનની ખામીથી આપત્તિમાં આવે તેથી બિચારા, પણ છતે સાધને ન બચે, આપત્તિમાં આવે તેવાને કેવા ગણીએ ? બેવકૂફ. તેમ સાધન સંપત્તિ છતાં આપત્તિથી નહીં બચનાર બેવકૂફ ગણાય. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય, અનાર્ય, જાનવર, પંખી, પશુ બધા બિચારા છે. તેમને જીવાદિક નથી તેમ બોલી ન શકીએ. આશ્રવ સંવર ઓળખ્યા પછી આશ્રવનો પરિહાર, ને સંવરનો આદર ન કરીએ તો આપણે બિચારામાં ગણાઈએ નહિ, પણ બેવકૂફ ગણાઈએ, પેલા અનાથ વગેરે બિચારાની ગણતરીમાં છે.

એકજ ફરજ કે આશ્રવથી બચવું ને સંવર આદરવો. શિયાળામાં ચારેબાજુ ઠંડક થઇ ગઇ હોય ત્યાં ઊનના કપડા પહેરવા. તેમાં કોઇ કારણ પૂછે તો ઉત્તર દેવો પડે કે આપોઆપ પૂછનારની મૂર્ખાઇ ગણાય ? અનાદિથી અવિરતિથી પાપ ન કરવા છતાં પાપ બાંધી રહ્યો છે એ જાણ્યા પછી પચ્ચકખાણ કેમ લેવાના ? એ સવાલ કરનારની દશા શી ? માટે તીર્થંકર મહારાજે પચ્ચકખાણની જરૂર શી ? તે પચ્ચકખાણ દ્વારા એ ઉપગાર જણાવ્યો.

### તીર્થંકર મહારાજા એક પણ ગુણ આપતા નથી- તો ઉપગાર શેનો ?

તીર્થંકર મહારાજાને અનંત જ્ઞાન, દર્શન, સુખ, અનંતવીર્ય છે. આમાંનો એક અંશ પણ જીંદગી સુધી ભક્તિ કરનારને એ આપવાના નથી. દુનિયાનું દાન પાંચ આવે તો પાંચ આપે, એ ખૂટે છે. ખૂટે છતાં દાન દુનિયા દે છે. આ અખૂટ છે છતાં દાન દેતા નથી. આખા જગતને દે તો પણ તેમનું ખૂટે તેમ નથી. પછી ઉપગાર શાનો ? દે એનો ઉપગાર નથી. કોઈના આત્માનો ગુણ કોઇના આત્મામાં જતો આવતો નથી. પૈસા ટકા બીજું અપાય પણ સુખ અપાતું નથી. સુખ આત્માનો ગુણ છે. જ્ઞાન એ આત્માનો ગુણ હોવાથી કોઇ કોઇને

દઇ શકતું નથી. ત્રિલોકનાથના ગુણ કોઇ દઇ લઇ શકે નહિ-તો ઉપગારી શાના ? સૂર્ય પોતાના મંડળમાંથી, કિરણોમાંથી કોઇને કંઇ પણ દેતો નથી. છતાં તેજમાં જે દેદીપ્યમાન થાય તેમાં આખું સૂર્યનું બિંબ દાખલ થઇ જાય. સર્વજ્ઞ ભગવાન કંઇ ન આપે છતાં તેમના દ્વારા અવિરતિને ઓળખી આત્મા નિર્મળ થાય, તો આત્મા પોતે કેવળસ્વરૂપ થાય તે માટે પાપની પ્રતિજ્ઞા કરવી, પ્રતિજ્ઞા ન કરે તે પાપી, પ્રતિજ્ઞા કરીને તોડે તે મહાપાપી આવી વાતો તેમણે બતાવી છે. માટે તેમનો ઉપગાર.

હવે તેના પ્રકાર કેટલા તે અધિકાર અગ્રે વર્તમાન.

**બીજાઓએ ઇશ્વરને વિષે શરીર બીજાના અદૃષ્ટ(કર્મ)થી ઉત્પન્ન થયેલું છે એમ માન્યું છે. સસલાના શીંગડા સમાન એવા તે વચનને વિદ્વાન્ પુરુષ કદી ન બોલે.**

# વ્યાખ્યાન - ૭

**द्रव्यतो भावतश्चेति प्रत्याख्यानं द्विधा मतं। अपेक्षादिकृतं ह्याद्यमतोऽन्यत् चरमं मतम्॥**

## જિનેશ્વર ઉપકારી છે તે શિક્ષણ દૃષ્ટિએ.

શાસ્ત્રકાર મહારાજા ભગવાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે અષ્ટકજી નામના પ્રકરણને કરતાં થકાં પહેલા દેવાદિના અષ્ટક જણાવી ગયા. જૈન દર્શનમાં જે પ્રવર્તક માન્યા છે. પ્રદર્શક તરીકે, પ્રવર્તક તરીકે નહિ. પ્રવર્તક થનારાને આદિ કરવી જ પડે છે. અનાદિ સ્થિતિ કોણ જણાવી શકે ? પ્રદર્શક જ અનાદિપણું સિધ્ધ કરી શકે છે. અહીં પ્રદર્શકને જ આપણે માનીએ તે ગુણ સહિતપણે માનીએ. પ્રવર્તકની માન્યતા કઇ અપેક્ષાએ રાખી ? આ સ્થૂળ પદાર્થો આપે તે દ્વારા. નાના બચ્ચા રમકડાં આપે તેને ઉપગારી ગણે, બરફી, પેંડા, બોર, જાંબુ આપે તેને ઉપગારી ગણવાનું બાળક સમજે નહિ. અન્ય મતવાળા મેં તમને પૃથ્વી, પાણી, હવા આપી આવી પૌદ્ગલિક વસ્તુ દ્વારા પોતાનો ઉપગાર જણાવે છે. જ્યારે અહીં પ્રદર્શકનો ઉપગાર બાહ્ય પૌદ્ગલિક પદાર્થ દેવા દ્વારા નથી. સમજુ માણસ બોરાં બરફીનો તેવા ઉપગાર ન માને જેવો શિક્ષણ નો માને. જિનેશ્વરે આપણને શિક્ષણ આપ્યું તેથી જિનેશ્વર ઉપગારી. જીવન નિર્વાહના શિક્ષણ લેનારો જીંદગી પર્યંત શિક્ષણ દેનારનો ઉપગાર માને છે. જિનેશ્વરે જે શિક્ષણ આપ્યું-તે શા કામનું ? તે વિચારો. એ શિક્ષણ આત્માને ઓળખાવનાર, આત્માને ઉચ્ચ સ્થિતિએ પહોંચાડનાર છે. તો આત્માની યાવત્ સ્થિતિ સુધી તેમનો ઉપગાર માનવાનો છે.

## ઉપકારીનો ઉપકાર ક્યારેય ન વિસરાય.

કૃતજ્ઞ કોનું નામ ? આપનારનો ઉપગાર માને તે. ચીજ આપેલી જાય તો પણ ઉપગાર માનવાને આપણે બંધાએલા છીએ. જેના બાપ મરી ગયા. તેમણે બાપનું નામ લખાવવું નહિ- જો ઉપગાર ન માનવો હોય તો. જન્મ આપવાનો એક વખતનો ઉપગાર યાવત્ જન્મ નામમાં રજુ કરવો પડે છે. ઉપગારી ઉપગાર કરી ચાલ્યા જાય તો પણ ઉપગાર લેનારે ઉપગાર ભૂલવો ન જોઇએ. તીર્થંકર મહારાજા ઉપગાર કરી મોક્ષે ચાલ્યા ગયા તો જાણનારે એક દિવસ પણ ઉપગાર ભૂલાય કેમ ? બીજી વાત : ઉપગાર કર્યા પછી એ ઉપગારની ચીજ ચાલી ગઇ હોય તો એક માણસે દશ હજાર રૂપીયા આપ્યા. આપણે

ખોયા. તેથી તેનું દાનેશ્વરીપણું ચાલ્યું ગયું ? ઉપગારીએ જ ઉપગાર કર્યા તે ટકો, અગર ન ટકો, પણ ઉપગાર લેવાવાળાએ હંમેશા ઉપગાર માનવાની જરૂર છે. ઉપગારી ઉપગાર કરનાર વસ્તુ ન ટકે તો પણ ઉપગાર માનવો જોઈએ. ઉપગારી શાશ્વત પદમાં બિરાજેલા છે. મા-બાપ આપણને જન્મ આપે. આપણે કોઇ વખત તેમને જન્મ આપીએ. અરસ-પરસ બન્નને ઉપગાર તળે દબાવવાનું છે. પણ ત્રિલોકના નાથ તીર્થંકરનો આપણે કયો ઉપગાર કરવાના ? શાશ્વત સિધ્ધપદમાં બિરાજ્યા. ઉપગારની લાઇનમાં રહ્યા નથી. તેવા ઉપગારી કે, બીજા ઉપગારી મરી ગયા એટલે મટ્યું, લેવા દેવા નહિ, પંચાત મટી, એમ સજ્જન ન બોલે. સજ્જન તો મર્યા પછી મોટું મન કરે. તેમ અહીં જે જિનેશ્વર મહારાજા આત્માનું જ્ઞાન કરાવી ગયા. આપણને જગતનું જ્ઞાન હતું. આત્માનું જ્ઞાન ન હતું. હું આત્મા-ચૈતન્ય સ્વરૂપ કર્મ કરનારો-ભોગવનારો-ભવોભવ ભટકનારો છું. જયાં સુધી શાસન પામ્યો ન હતો ત્યાં સુધી આપણે આવું આત્માનું જ્ઞાન કર્યું હતું ? ત્યાં સુધી આપણે ઘેર ઘોડો, બળદ, ગાય જન્મે, ચારો ચરે, મજુરી કરે. એમ કરતાં જીદંગી પૂરી થાય એટલે વિદાય થાય. ત્રિલોકના નાથ તીર્થંકરનું વચન પામ્યા ન હતા ત્યાં સુધી એમની માફક જીંદગીઓ પૂરી કરી હતી. આત્મા તરીકેનો વિચાર ક્યાં કર્યો હતો ? ભણેલાને ભૂલ થાય ત્યાં અભણને શું કહેવું ? એમનું શાસન, એમનો ઉપદેશ આર્યક્ષેત્રાદિ બધુ પામ્યા છતાં આત્માનો વિચાર ભૂલી જવાય છે.

## આત્માને ધર્મરંગ કેવો લાગ્યો છે તે વિશે હળદરની ઉપમા.

મોભે આવીને બેઠા છીએ. મોભથી આગળ ચડવાનું હોય. આપણે ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સ્થિતિએ આવ્યા છતાં જેમ હળદરનો રંગ તડકો લાગે ત્યારે જાય. માત્ર હવાથી હળદરનો રંગ ન જાય. પણ આ ધર્મનો રંગ હવાથી જાય છે. આત્માને ધર્મનો રંગ લાગે છે પણ એવો ફીકો રંગ લાગે છે કે તે હવાથી ઉડી જાય છે. સાંભળીયે છીએ, વાંચીએ છીએ, મૂર્તિના દર્શન વખતે વિચારો પણ આવે છે. પણ હવા પલટે તેમ ક્ષણ પછી કંઇ નહિ. ખરો આ જ પશ્ચાતાપ કરવાનો રહે છે.

કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્યજી ફરમાવે છે કે.

क्षणं सक्तः क्षणं मुक्तः, क्षणं क्रुद्धः क्षणं क्षमी ।<br>
मोहाद्यैः क्रीडयैवाहं, कारितः कपिचापलः (૧૬-૪ વીતરાગ સ્તોત્ર)

ક્ષણમાં રાગી ને ક્ષણમાં મુક્ત, ક્રોધી, ક્ષમી. વાંદરો ચાહે પાંજરામાં રાખો તો પણ ત્યાં ફર્યા કરે. પાંજરા પૂરતું કૂદંકૂદી કરે. માંકડાને સ્વભાવે ચંચળતા હોવાથી ક્ષણવાર પણ

તે સ્થિર રહી શકતો નથી. ચંચળતામાં પ્રથમ નંબર માંકડો. એ માંકડો હજુ સ્થિર રહે છે. વાંદરા ચંચળ ખરા પણ પોતાનું વન છોડીને ક્યાંય જાય નહિ. આ અંદર ભરાએલો વાંદરો(મન) ત્રણે જગતમાં જાય. મનસ્કપિ અયં વિશ્વે ભ્રમતિશ્ર-મનરૂપી વાંદરો આખા જગતમાં ભ્રમણ કરનારો છે. ક્ષણમાં વિરાગી, ક્ષણમાં ક્રોધી ક્ષણમાં ક્ષમાધારી. હળદરનો રંગ હવાથી ન ઉડે, તડકે ઉડે (આપણા માટે) ધર્મનો આ રંગ હવાથી ઉડે. ઉપગાર લક્ષમાં નથી રહેતો. આત્માને આખા જગતનું ભાન હતું, પણ આત્માને પોતાનું ભાન ન હતું. કોના મહિમાથી આ ભાન આવ્યું ? ત્રિલોકના નાથ તીર્થંકરના મહિમાથી.

### તીર્થંકરની ઓળખાણ, દર્શન-પૂજા.

ત્રિલોકના નાથ તીર્થંકર ભગવાનના પ્રતાપે આત્માની ઓળખાણ થઈ. તેથી યાવત્ મોક્ષ સુધી તેમને માનવા બંધાએલા છીએ. ઈંદ્રો ત્યાં બેઠા બધું કરી શકતા હતા. અહીં કેમ આવ્યા ? ત્યાં બેઠા દેશના સંભાળી શકે છે, દર્શન કરી શકે છે. અહીં આવવું શું કરવા ? દેવલોકમાં રહ્યા થકાં દર્શન શ્રવણ કરી શકે છે. ધરમથી કંટાળાવાળાએ દેવપણાનુ રાજીનામું આપવું જોઇએ. જ્યોતિષ્ક વૈમાનિકમાં અસંખ્યાત વખત પૂજા કરવાનો વખત આવવાનો. એકલા જિનેશ્વર મહારાજના અભિષેકો અસંખ્યાત વખત કરવા પડશે. પૂજાથી પ્રતિકૂળતાવાળાને એક વખત અસંખ્યાત વખત પૂજા કરવી પડશે. પૂજનની કિંમત માની છતાં પૂજન નથી કરતાં. આપણે આખી જીંદગીમાં જન્મીએ ત્યાંથી મરણ સુધી પૂજા કરીએ તો કેટલી વખત પૂજા થશે ? ૧૦૦ વરસવાળાને ૩૬ હજારથી વધારે વખત પૂજનનો વખત નથી આવતો. તેમાં થાકી જઇએ છીએ. તેમાં ભક્તિ નથી સમજતા, વેઠ સમજીએ છીએ. ભક્તિ શબ્દનો છાપો રહેવા દો. આગળ ચાલો ! પોપટભાઇ પૂજા કરવા જાય, પક્ષાળ કરી અંગલુછણા થાય ત્યારે ગભારામાં જાય. પખાળ અંગલુહણાંનો લાભ ન ધાર્યો, ગોઠી કરી લે એટલે અંદર જાય. બોલો વેઠ માની કે લાભ માન્યો ? અને ક્યારેક કરવી પડી જે વસ્તુ તે તારા કલ્યાણ માટે હતી. આજે ભાગ્ય યોગે મળી. તેની અનુમોદના કયાં થાય છે ? ખોવાયેલી વસ્તુ મળે છે. વસ્તુ તરીકે ખોવાયેલી ન ગણાય તો મલ્યામાં આનંદ ક્યાંથી આવે ? પદ્ધતિ પડી છે તે કર્યા કરીએ છીએ. રસ નથી જામ્યો. આપણે બોલી (ઉછામણી) બોલીને પખાળ કરીએ છીએ. તે અહીં મળે છે. વિચારવાની લાઇન જુદી થઇ. ઉપગાર દષ્ટિથી પૂજન-આરાધન-અપૂર્વ બુધ્ધિ એમાં સહેલું કંઇ નથી, આથી 'થાય છે તે કરવું' તેમ અર્થ ન કરશો. આખા કુટુંબનો વહેવાર છતાં એક છોકરાનું નોતરું આવ્યું, ત્યાં છોકરાને ન મોકલવાનો એમ નહીં, પણ આખા કુટુંબનું નોતરું કેમ ન આવ્યું ? તે દાવો કરવાનો. આત્માને ઓળખાવ્યો જિનેશ્વરે. એટલું જ નહીં, પણ એમણે

ચોખ્ખો કર્યો. પથરામાં પંડમાં ફરક ન હતો.

**જિનેશ્વરે જડ અને ચેતનનો ભેદ સમજાવ્યો. શરીરને કારખાનાની ઉપમા.**

ચેતન જીવજીવન સમજયો ન હતો. જડમાં ઝૂકી રહ્યો હતો. તેથી પંડને પલટાવી જયોત સ્વરૂપ દેખાડ્યો. તેથી જિનેશ્વરનો ઉપગાર ભૂલાય નહીં. જરૂર એ વાત રહી. ભાઈ લાખ આમ ગયા. લખેશ્રીના પુત્રે જોડે એમ બતાવવું પડે કે મારા બાપના લાખ ક્યાં ? આમ ગયા તે બતાવવું પડે. તેમ જયોતિ સ્વરૂપ બતાવ્યો તો જયોત ક્યાં છે તે તેમણે બતાવવી જ પડે. અત્યારે કાળો ઠીકરા જેવો લાગે છે. તારા બાપના લાખ અહીં દાંટેલા છે. દાટેલી ચીજ એ મરેલું ધન, હાથ આવે તો જીવતું ધન. જો જાણમાં ન હોય તો ધન હોય કે ન હોય-તે બે સરખા છે. દાટેલા ધનનું અજાણપણું લક્ષાધિપતિ અને દરિદ્રમાં ફરક નહીં. આત્માની જયોતિ દટાયેલી છે. એવી ખબર ન હોય તેમાં અને જડમાં ફરક નથી. અહીં જયોતિ સ્વરૂપ દટાયેલું છે. એ ધ્યાનમાં ન હોય તો જડ અને જીવમાં ફરક ક્યો રહે ? તેવી રીતે જડ પોતાનું જોઈ જાણી ન શકે એમાં વધ્યો શું ? જડ ઓઢી-ખાઈ પી ન જાણે. આ જીવ જાણી શકે એટલો જ વધ્યો.

જગતમાં જડ બગાડો કરતા નથી. આપણે બગાડનારના બાપ છીએ. અનાજ જેટલું આપણી પાસે આવે તેની વિષ્ટા, પાણીનું મૂતર, દૂધની વિષ્ટા. લૂગડાં નવા હોય તો મેલા કરીએ. હવા ગંદી કરીએ. કયો હક જેની ઉપર મકર કુદીએ-કરીએ છીએ. ગમે તેવા સારા પદાર્થો ન બગાડી દેવા. જડ સારા કે હોય તેવું રાખે છે. પેટી-પટારા-તિજોરી હોય તો સાચવી રાખે છે. આત્માની જયોતિ ન જુવો તો જડ કરતા ભૂંડા છો. જગતમાં સુધારવામાં કારખાના હોય છે, જયારે આ બગાડવાનું કારખાનું છે. જડ કરતાં બગાડવાના કારખાનાવાળા શું જોઈ બાંગ પોકારે છે. પોતાના સ્વરૂપને જાણે તો લાત મારતી પણ દૂધ દેનારી ગાય કીંમતી ગણાય. ઉંટના અઢાર વાંકા-પણ મુસાફરીમાં કામ લાગે તો કિંમતિ છે.તો આમાંથી કાંઈ કાઢશો ? કે જન્મથી મરણ સુધી બગાડવાનો ધંધો કરશો ? જન્મથી મરણ સુધી કારખાનું ચલાવવું છે. બગાડનારા કારખાનાને રાખ્યું છે. એના મેનેજર બન્યા છીએ. તે કારખાનામાંથી કાંઈ કાઢશો ? લાત મારનારી ગાયનું દૂધ કિંમતી છે, તેમ આ બગાડનાર કારખાનાથી જયોત સ્વરૂપ આત્માને ઓળખી શકો તો એ કિંમતી છે. એ જયોત સ્વરૂપ ઓળખાવનાર કેટલા ઉપગારી તે વિચારો. હવે જયોત સ્વરૂપ ઓળખાવ્યા. ક્યું પંડ આડું આવ્યું જેથી જયોત કામ કરતી નથી ? નિધાન પર ક્યું ઢાંકણ છે ? તે ઉપગારી બતાવે. જયોત કેમ દટાઈ ગઈ છે ? કયો પડદો જયોત ઉપર છે ? જિનેશ્વર નિધાન બતાવે તે સાથે ઉપર આવેલો પડદો પણ બતાવે. વળી એમ બતાવી બેસે તેમ

નહીં, પણ વિઘ્નો કરનારા ઘણા કરંદા કોઈ નહીં. 'આમ' વાળી દુનિયા ઘણી નીકળે છે. પેટમાં આમ થાય તો મરડા થાય. કાર્યમાં આમ વાળા મળે તો કાર્ય ડોળાય. આમ થયું હતે તો આમ થાય. તો પણ લાવ કરી દઉં એમ કહેનારા થોડા. 'આમ'વાળા ડગલે પગલે મળે છે. જ્યોત ઉપરનો પડદો બતાવ્યો ત્રિલોકનાથે. આત્માની જ્યોતનો પડદો બતાવી બેસી રહ્યા નથી. પડદો કેમ ઉઠાવી નાંખવો તે રસ્તો પણ તેમણે બતાવ્યો છે. જે જ્યોત ઉપર પડદો પડ્યો છે તેમાં સર્ચ લાઈટનો દીવો હોય છે. પણ કમાડવાસી દીધું હોય, ઉપર પડદો નાંખ્યો હોય તો અહીં અજવાળું ન આવે. દીવો ઢંકાયેલો રહે તો ત્યાં સુધી બહાર અજવાળું ન આવે.

## પ્રજા કરતાં લશ્કર મોટું

આપણી જ્યોતિ કૈવલ્ય સ્વરૂપ છે. છતાં છાપરાના કાણાં જેટલા અજવાળાના ફાંફાં છે. જગતમાં એવું કોઈ રાજ્ય નથી જ્યાં પ્રજા કરતાં લશ્કર વધારે હોય. પણ અહીં પ્રજા કરતાં લશ્કર વધારે છે. અહીં એવું છે કે આત્માના એક પ્રદેશ ઉપર અનંતાનંત કર્મવર્ગણા વળગેલી છે. એ જુલમમાંથી બચવાનો રસ્તો ખરો ? તેમ છતાં પણ દુનિયાભરમાં તપાસ કરીએ છીએ. ઉત્પત્તિનો પ્રતિબંધ કરે એવું એકે રાજ્ય નથી. જ્યારે આ કર્મરાજાનું રાજ્ય ઉત્પત્તિને કબજે લે છે. તમારા દેશની ઉત્પત્તિ પરદેશ કબજે લ્યે તો દેશની દશા ભયંકરમાં ભયંકર.

## માલિકી આત્માની, સત્તા કર્મની

'જ્ઞાન' એ કર્મરાજાના એટલે મોહરાજાના ઘરની ઉત્પત્તિ નથી, ચેતનના ઘરની ઉત્પત્તિ છે. છતાં મોહરાજાએ કબજે લીધી છે. રિસીવર નિમાયે છતે મેનેજમેન્ટ થાય તે વખતે મિલકત ઘરધણીની, પણ ઘરધણીને ફેરફાર કરવાની સત્તા નથી. જેના ઉપર રિસીવર નીમાયા હોય તેમાં ઘરધણીની સહી ન ચાલે. માલીક ઘરધણી, પણ કબજો રિસીવરનો. આનાથી જ્ઞાન રિધ્ધિ પર કર્મરાજાએ મેનેજમેન્ટ રિસીવર નીમેલો છે. તેની રિસીવર મારફત રસ-સ્પર્શનું જ્ઞાન મળે. ગંધ રૂપ શબ્દનું જ્ઞાન રિસીવર હોય તો મળે. આત્મા પોતાની મિલકત પણ વાપરી ન શકે. રિસીવર અનુકૂળ હોયતો પોતાની મિલકત પોતે વાપરે. રિસીવર અનુકૂળ ન હોય તો છતી મિલકતે ઘરધણીને ફાંફાં મારવા પડે. માલિક છતી મિલકતે ફાંફાં મારે છે.

લોકાલોકને દેખનાર કેવળ જ્ઞાન-દર્શન આગળ રસાદિકનું જ્ઞાન જાણવું તેમાં, મોટી વાત નથી. ઘરમાં શાક દૂધ લાવવું હોય તેમાં રિસીવરની સહીની જરૂર ન પડે, પણ આ

તો એવો નિમાયેલો છે કે શાક, દાળ, ભાતમાં પણ એની રિસીવર. સ્પર્શ સુગંધ શબ્દ જાણવો તેમાં રિસીવરની સહી જોઈએ. નહીંતર સ્પર્શ રસ ગંધ રૂપ કે શબ્દનું-એકેનું જ્ઞાન ન થાય. આત્માની ચીજ જ્ઞાન-તે કબજે લઈ કંઈ પણ ન કરી શકે આવી દશામાં આત્મા આવ્યો છે. એનું ભાન જીવને ન હતું. આત્માને ગુલામી સારી લાગે છે. ફટકલાલ ગીરધારી-નહીં લોટો, નહીં થાળી, ગુલામની પારકી ચિંતાએ આપણું પેટ ભરવું. ગુલામના પેટ ભરવાની ચિંતા માલિકને. જેમ કેદીને નિરોગી રાખવા એ પંચાત જેલરને, તેમ અહીં બીજાઓ ચિંતા કરે. છતાં તેમાં મોજ માને એવા કેટલાક હોય છે. એમ અનાદિ કાળથી આત્મા ! તું મેનેજમેન્ટમાં મોજ માનતો હતો, પણ આંખ ઉઘાડી હોત તો કઈ સ્થિતિમાં ક્યાં પડ્યો છે તે તપાસત. અનંત જ્ઞાનનો ધણી આ જડના કબજામાં ઉત્પન્ન થઈ ન શકે તેવી દશામાં તને મૂકી દીધો છે.

### પાડોશીને હક કેટલો ? તેટલો તીર્થંકરનો.

'પાડોશીને સૂઝ્યું આરસીમાં' આરસીમાં દેખાતાં શું કરી શકાય ? પાડોશીને ચાહે તેટલી ચિંતા થાય પણ શું કામ લાગે ? તેમ તીર્થંકર મહારાજા આત્માના પાડોશી છે. આત્મા હેરાન થઈ રહ્યો છે, બધું સૂઝે. પણ આરસીમાં દેખવા જેવું. ઘરધણી જાગવો જોઈએ. તીર્થંકર મહારાજા સાધનો બતાવે, બધું કરે પણ અંતે પાડોશી છે, ઘરધણી નહીં. પાડોશીનો હક કેટલો ? સૂચના દે તેટલો. કરવાનું ઘરધણીને, તેમ કરવાનું તો આપણેજ રહ્યું. મુલક કબજે આવે પછી લોક ટેં...ટેં... કરે, તેમ અહીં આત્માને કબજે કર્યો કરમરાજાએ. એની ઉત્પત્તિ કબજે કરી. ઉત્પત્તિમાંથી કંઈ જોઈએ ત્યારે રિસીવરની સહીથી મળે. ચક્રવર્તીઓ કુટુંબના વિરોધી ન હતા. વાસુદેવ નિર્મમત્વ ન હતા. મારો દીકરો ચક્રવર્તી કે વાસુદેવ ન થાય, પણ છતાં- દેવતાનો બંદોબસ્ત હોવા છતાં, રત્નોની હાજરી હોવા છતાં કુદરત વિચિત્ર કરે છે. પ્રસંગ આવે ત્યારે રત્ન રત્નને ઠેકાણે જાય છે. ચક્રવર્તી ને વાસુદેવના ફના ફાતીયા થાય છે. તો અહીં કર્મ પુદ્ગલની ચોકીઓ બેસાડી છે. મિલકત કબજે કરી છે. આવી દશામાં ઉત્થાન થવાનો રસ્તો કયો ? રાજા, ઉત્પન્ન અને ઉપયોગ ત્રણે કબજે થાય ત્યાં ઉત્થાન થવાનો સંભવ ક્યાં ?

### આઠ પ્રદેશ પર- કર્મનું જોર નહીં.

પણ કુદરતે એક ખૂણો એવો રાખ્યો છે કે જેમાં કર્મ કટકનું કંઈ ચાલતું નથી. રાજ્યોમાં મહારાજ્યોમાં ખૂણેથી મોજું ઉપડે છે. દિલ્હીની બાદશાહતને શિવાજીએ દક્ષિણમાંથી ઉડાડી. એક જગો પર કુદરતે એવું રાખેલું છે કે જે કર્મનો કચ્ચરઘાણ વાળે. નાભીના આઠ પ્રદેશ નિર્મલ છે-તે કર્મના કબજામાં નહીં. રિસીવરમાં નહીં. એની ઉપર

કર્મરાજાનું જોર નહીં. સિધ્ધ જેવા આઠ પ્રદેશ નિર્મળ. તમામ જીવો, ચાહે નિગોદના હોય. તે જીવ સર્વ જીવોનો અનંતમો ભાગ ઉઘાડો છે.

### આત્મપ્રદેશનું જ્ઞાન કલ્યાણકારી, રજપૂતનું દૃષ્ટાંત.

આત્મપ્રદેશને અંગે થતું જ્ઞાન કુદરતે આત્માના લાભની ચીજ તરીકે રાખેલ છે. એની ઉત્પન્નતા કરમના કબજામાં નથી. એના જોરે કરમનું ચાહે જેટલું જોર હોય તો પણ આઠ પ્રદેશ પર જોર ન ચાલે. તે નિર્મળતા આખા આત્માને નિર્મળ કરી નાંખે છે. ખૂણે થયેલો શિવાજી આખા મોગલને કાઢી મૂકે છે. પણ વાણિયા રજપૂતને ભાઈબંધી હતી. રજપૂત તલવાર બાંધી નીકળે છે. વાણિયો પૂછે છે : આ શું ? રજપૂત કહે છે : તલવાર ! તમને ખબર નથી ! એ તલવારને શત્રુને શે પમાડે, ચોરનું ચૂરણ કરે. વાણિયાએ કહ્યું : મને એક આપને. પેલાને બહાર જવું હતું એટલે કહ્યું : આવીશ ત્યારે વાત. રજપૂત પાછો આવ્યો. કેમ હવે તલવાર આપો. રજપૂત પાડોશી હતો, આપી તલવાર. શેઠનું નુકસાન કરશે. 'ના' ન કહેવાય અને શેઠ પાસે રખાય પણ નહીં. મુસાફરીમાં તલવારથી નુકસાન થશે. આ બાજુ તલવાર લઈ શેઠ નીકળ્યા, બીજી બાજુ બોકાની બાંધીને રજપૂત નીકળ્યો. સામે આવ્યો. હૉં ! શેઠે દેખ્યું ચોર આવ્યા. મારી પાસે તલવાર છે ને ચોર કેમ આવ્યા ? તલવારની મુઠી તરફથી ચોર તરફ ઘા કર્યો. હવે તલવાર કામ કરે તો ઠીક ? શેઠ બોલ્યો : 'તલવારબા' તારા બાપાને ઘેર કરતી હોય તે કર.' ગરાસિયો તલવાર લઈ હાલતો થયો. તે રીતે તલવાર મળી એટલે શત્રુ દૂર ન થાય. ઉપયોગ કરે ત્યારે દૂર થાય. તેમ ભગવાન જિનેશ્વરનો ઉપદેશ અગરઆઠ પ્રદેશની નિર્મળતા મળી એટલે કામ થઈ જશે એમ માનવાનું નહીં. શૂરો સરદાર ન મળે તો શમશેર કામ ન કરે.

### જિનવાણીનો પ્રભાવ.

જિનેશ્વરની વાણી શૂરો સરદાર બને તો કામની. માટે જણાવે છે કે પહેલાં તો શૂરો સરદાર હથિયારને ઝંખે. કામ શૂરાતન કરશે. આત્મા શૂરા સરદારના હાથમાં હથિયાર આવે ત્યારે તેના મગજમાં જે ખુમારી આવે તેમ ભવ્યોને ઉપદેશ વખતે મોક્ષની ખુમારી આવવી જોઈએ. આત્મા ભવ્ય છે, શૂરો છે. તો હથિયાર આવ્યા પછી કેમ શૂરાતન ન આવે ? નથી આવતું તો માનવું કે બાયલાપણું છે. આત્માની સ્થિતિનું ભાન થયું તો આપણે હજું કમનસીબ છીએ. પહેલા વહેલા જિનેશ્વરના સમાગમમાં આવનારને વીર્ય ન ઉછળે તો અભવ્યની શંકા થાય છે. આવા સાધન મેળ્યા છતાં કેમ તૈયાર નથી થતો. ? ભવ્યત્વ પરિપક્વ થાય તો હથિયાર આવ્યા પછી હણહણાટ કેમ ન થાય ? આપણને હથિયાર પૂરા પાડ્યા તો કેવળ આ મહાપુરુષે જ. જે સ્વતંત્ર દેશો થયા છે તે દેશોને જેણે

હથિયાર ઋધ્ધિ પૂરા પાડ્યા છે તે તેના ઉપગાર નથી ભૂલતા. ફ્રાંસે અમેરિકાને સ્વતંત્ર થવામાં મદદ કરી હતી તો અમેરિકાને મદદમાં ઉતરવું પડ્યું હતું. પરાધીન દેશ હથિયાર અને નાણાં મેળવે તો સમજે કે મને સ્વતંત્રતા આપનાર આ છે. તો આત્માને જેણે સમ્યગ્ આદિ હથિયાર, પ્રવચન ઋધ્ધિ આપી છે તેવા જિનેશ્વરનો ઉપગાર ન માનીએ તો એના જેવો હલકો કોણ ? આપણને સાધન એકઠાં કરી આપે છે, આત્માની જ્યોત બતાવે છે, તેના આવરણ બતાવે છે, આવરણને લગતું પહેલું સ્થાન પચ્ચક્ખાણ બતાવે છે. છતાં શૂરાતન ન જાગે તો ?

હવે તે પચ્ચક્ખાણની અગ્રેસરતા શા કારણ થી ? એ પચ્ચક્ખાણના પ્રકાર કેટલા ? અશુચિકરણ યંત્ર બતાવનાર જિનેશ્વર મહારાજનો ઉપગારી પણ ઉપગાર માનવાનો. કેમકે તેમણે કર્મશત્રુ હણવા હથિયારે આપ્યા છે. તે કેવા પ્રકારના છે ? તે અધિકાર અગ્રે વર્તમાન.

**હે જિનેશ્વર દેવ ! તમારું સ્વરૂપ અર્થાત્ તમારી પ્રતિમા ભવરૂપી કૂવામાંથી કાઢવામાં રજ્જૂ સમાન છે. કારણ કે તમે સંગ, મોહ અને કામ રહિત છો.**

# વ્યાખ્યાન - ૮

**द्रव्यतो भावतश्चेति प्रत्याख्यानं द्विधा मतं । अपेक्षादिकृतं ह्याद्यमतोऽन्यत् चरमं मतम् ॥**

## શું જૈનો ઇશ્વરને માનતા નથી ?

શાસ્ત્રકાર મહારાજા ભગવાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગાર માટે અષ્ટકજી પ્રકરણ કરતાં થકાં આગળ સૂચવી ગયા કે દરેક આસ્તિકમત દેવને માનવાવાળા છે. સામાન્ય રીતે જૈનો પણ તેવી જ રીતે દેવને માને છે. બીજા આસ્તિકોને પોતાના દેવ તરફ સ્તુતિ ભક્તિ જાપ કરવા નક્કી લાગણી છે, તેવી જ રીતે જૈનો પણ પોતાના દેવ તરફ ભક્તિ સ્તુતિ પૂજાની લાગણી ધરાવે છે. તો આવી કહેવત કેમ ચાલી કે 'જૈનો ઇશ્વરને નથી માનતા ?' એક મનુષ્ય પરદેશ ગયેલો. એ વખતે સમાચાર મુશ્કેલીથી મોકલાવાતા અને કાચા સમાચાર મોકલાવાતા. પરદેશ જવાનો સહેજે સંજોગ ન મળે. પરદેશ જતાં ગત (મૃત્યુ) થયા - એવા સમાચાર મળ્યા. આયુષ્ય પ્રબળ હોય તો પાણીમાં ડૂબ્યો મરતો નથી. પ્લેગ વખતે આયખા નિર્બળ હોય તો એક ગાંઠમાં ઉડી જાય ને પ્રબળ આયખાવાળા ત્રણ ગાંઠવાળા બચી જાય છે. અહીં તે પરદેશ ગયેલાને નીચે ઉતાર્યો છે. એવામાં ઉપાય લાગુ પડ્યો, સાજો થયો. દેશમાં આવ્યો. અરે ! તું કોણ ? તું તો મરી ગયો હતો. ફલાણા આદમીએ સમાચાર આપ્યા હતા. 'હું જીવતો આ ઊભો'. ત્યાં ખરી ખોટી વાતનો ખુલાસો શા માટે કરવો ? જીવતો નજરો નજર દેખાય છે. ભલે ફલાણા પ્રામાણિક માણસે કહ્યું હતું. પણ અહીં પ્રત્યક્ષ દેખ્યા છતાં ચાલી નીકળી વાત જે પકડી રાખે, તેને સમજાવી ન શકાય. જૈનોને જો ઇશ્વર પરમેશ્વર જેવી માન્યતા ન હોત તો હજારો દેહરાં દાવા સાથે જૈનો કહી શકે કે આ તીર્થો અમારા બાપના છે ? હિંદુસ્થાનમાં જે ઊંચા સ્થાન તે બધાં જૈનોએ રોકેલા છે. તારંગા, આબુ, સમેતશિખર, ગીરનાર, શત્રુંજય વગેરે ઊંચાસ્થાનો પર જૈનોનાં તીર્થો છે, જેમાં પરમેશ્વરના મંદિરો છે.

પેલો હાજર થયો ત્યાં પેલાએ મરી ગયેલાનું કહ્યું. જીવતો છે છતાં ન માનું. એની જેવી અક્કલ-તેમ જાહેર મંદિર છતાં જૈનો પરમેશ્વરમાં નથી માનતા એમ કહેનારને સમજાવવો શી રીતે ? વાત એટલી છે કે હૈયાની હોળી જીભ પર સળગાવી છે. જગતમાં કર્તવ્યવાદ કોણે ચલાવ્યો ? પારકી મહેનતે તાગડધીન્ના કરવા હતા તેમણે મીમાંસકો

સાંખ્યો, સેશ્વર સાંખ્યો, નાસ્તિક કે બોદ્ધે કર્તવ્યવાદ ચલાવ્યો નથી. જેમણે મરેલાને નામે માલ ખાવા હતા, માસીયા છમાસીયો વરસીયો કર. તેવાને શું કરવું ? તે વખતે તેમણે જૈનોને નિંદ્યાં. હેં ! પરમેશ્વર નથી માનતા. મને આપો એટલે એ આપશે. આડતીયા માલ આવે તેવો મોકલી આપે, પણ આપણે તો ખાઈ જવું છે, પોતાને જ ઉઘરાવવું છે. ઈશ્વરના નામે ભાજન સજ્જા ભોજન પોતે લઈ લ્યે ને ઇશ્વર તમને આપશે. આ દલાલી કરાવાવાળાને પેટમાં બળતરા થઈ. એટલે કહ્યું : ઈશ્વર માનતા નથી. ખરી રીતે જૈનો પરમેશ્વરને બરોબર માને છે. જૈન જેટલી બીજામાં ઈશ્વરની માન્યતા નથી. સન્માર્ગ દેખાડનાર અને ઉન્માર્ગથી હઠાવનાર એમ પરમેશ્વરને માને જ છે. સન્માર્ગમાં કેમ ચડે ? ચઢ્યા પછી કેમ ત્યાંથી ન હઠે ? એવા માર્ગે લઈ જનાર પરમેશ્વરને જૈનો માને છે. હા; પેટભરા દલાલ માને તેવા પરમેશ્વરને જૈનો નથી માનતા. જૈનો સદુપદેશ દેનારા પરમેશ્વરને માને છે. પણ તમે કર્તા તરીકે માનો તો પણ વાજબી રીતે માનો. જેથી જંજાળ ઉડી જાય. એ લોકોમાં દૃષ્ટાંત દેવાય છે.

### બાઇની ભક્તિ-વિષ્ણુને અર્પણ

બાઇ હતી પરમભક્ત. ડગલે પગલે વિષ્ણુને યાદ કરે. ઘરમાંથી કચરો કાઢ્યો. બહાર નાખવા ગઈ यद् अस्नासि ददासि जुहोसि દેખાય તે બધું મને અર્પણ કર. એમ ભક્તિથી કચરો નાંખતા कृष्णार्पणमस्ति કૃષ્ણને અર્પણ હો. એવામાં ત્યાંથી નારદજી નીકળ્યા. નારદજી પૂરા વિષ્ણુના ભક્ત. મારા ભગવાન પર કચરો નાંખ્યો ! નારદજીને ચડ્યો ક્રોધ. બે ઠોકી દીધી. બાઇ જેવી કોમળ જાત, ને નારદ જેવાની થપ્પડ. જેને પોતાના ભગવાનને અંગે ક્રોધ ચઢે- તેના થપ્પામાં શી બાકી હોય ? છતાં જે સ્વર શબ્દ આકૃતિએ कृष्णार्पणमस्ति કહ્યું હતું તે જ સ્વર આદિ પૂર્વક कृष्णार्पणम् કહ્યું. થપ્પા માર્યા તો कृष्णार्पणमस्ति પણ .

જંજાળનું નામ નહીં. કર્તા માનો તો માની જાણો. શું એ રીતિએ કર્તાવાદી માની જાણે છે ? પણ જેમ છોકરો લડાય ત્યાં સુધી લડે, વલુરા ભરે, કાંકરા મારે ને જ્યારે જોર ન ચાલે ત્યારે મારા બાપને કહીશ. તો કહેવા જવું હતું તો પહેલાં કહેવું હતું ને પહેલા-બચકા વલુરા કેમ ભર્યાં ? કાળિયા જોડે ધોળિયો બાંધે તો વાન ન લે પણ સાન તો લ્યે.

### અન્ય દર્શનોમાં પરમેશ્વરના કર્તવ્યની માન્યતા વિશે

આપણે પણ પરમેશ્વર કરશે તો ઠીક એમ બોલીએ છીએ. એ વિશે લોકોમાં સ્થિતિ તો એની એ. જેમ છોકરાનાં લગ્ન વિષે- 'અમે લગ્નનો નિર્ણય કર્યો છે.' જન્મ થયો તો

'અખંડ સૌભાગ્યવતી બાઈએ પુત્રને જન્મ આપ્યો છે.' નવાજુની થાય તો કલમ કંપે છે પણ 'પરમેશ્વરને ગમ્યું તે ખરું'. જન્મમાં બાયડી, લગ્નમાં બાપ, મરણમાં પરમેશ્વર. જોડવામાં જુવાન, જણવામાં જોરુ, મારવામાં મહાદેવજી, શી રીતે કરો છો ? લગ્નનો અમે નિર્ણય કર્યો છે. આવું પરમેશ્વરને ગમે છે ? આનો અર્થ શો ? એમને તો પરમેશ્વરને કર્તા માનીને કઈ સ્થિતિમાં મૂકવા છે- તેનો પત્તો નથી. શું તેનું અનુકરણ આપણે કરવું છે ? પાંચ પૈસા કમાયા તો પરમેશ્વરની મહેરબાની. જૈન છો કે નહીં ? જૈનના મુખમાં એ શબ્દ કેમ ? જંજાળની જવાબદારી પરમેશ્વરના માથે ન મૂકો, બોલતાં શીખો. બોલવાનું તોલ કેટલું, બોલ્યાનું વજન માલુમ ન હોય તે બોલતા શી રીતે શીખે ? પરમેશ્વર કોણ ? છોકરા બોલે તેમ ડોકરા બોલતા થાય તેનો અર્થ શો ? જૈનો પરમેશ્વરને નથી માનતા તે પ્રત્યક્ષ જીવતાને ન માનવા જેવું છે. કર્તાપણાથઈ જે પેટ ભરનારા હતા તેમને પેટ ભરવાનું મળતું નથી, તેથી જૈનોને ઉતારી પાડવા માટે જ મુદ્દો મૂક્યો છે. વસ્તુસ્થિતિ સમજનારા મશ્કરીથી ઉબકી ન જાય, ચીડાય નહીં. જેમ લગ્ન વખતે પણ મશ્કરી કરનારા મળે છે તેમાં લગ્ન મૂકી દેતા નથી. તેમ જૈનો પરમેશ્વરની કિંમત ગુણ સ્વરૂપ સમજનારા હોવાથી બીજા ચીડવે તો પણ જૈનો પરમેશ્વરને છોડી દે - તે સ્વપ્ને પણ ન માનવું.

### જૈનો પરમેશ્વરને કેવા માને છે ?

જૈનો પરમેશ્વરને આત્માનો દીવો માને છે. અંધારી ગુફામાં આપણને આપણું શરીર પણ દેખવાની તાકાત નથી. દીવો હોય ત્યારે દેખાય તેમ સંસારની અંધારી ગુફામાં અથડાતા આત્માને પોતાનું સ્વરૂપ જોવાની તાકાત નથી. પરમેશ્વરને સ્વરૂપ દીવાના પ્રતાપે આપણું પોતાનું આત્માનું સ્વરૂપ દેખવાની તાકાત મળી છે. સર્વજ્ઞ મહારાજ સિવાય કોઈ આવો દીવો થતો નથી, થયો નથી ને થશે પણ નહીં. દીવો કરી ધૂળમાં ખોવાયેલું તમારું પાંચ હજારનું નંગ પ્રગટાવ્યું. દીવો ન કર્યો હોત તો ક્યાં એ રતન રગદોળાઈ જાત. પથરાને અંગે આવો ઉપગાર માનીએ તો જીવની કિંમત કઈ ?

જીવના ગુણો અમૂલ્ય હોય તો તેને પ્રગટાવનારની કિંમત કેટલી હોય ? બીજાઓ પરમેશ્વરને ઉકરડે ચડાવી ઉપગાર માને, મારવામાં પરમેશ્વર માને છે. જૈનો પરમેશ્વરને પરમપદમાં રાખી ઉપગાર માને છે, ઉકરડે ઊભા નથી રાખતા. આત્માને દેખાડનાર આત્માની સ્થિતિ સમજાવનાર એટલે દીવાવાળાએ હતું એટલું બધું બતાવ્યું. દીવાવાળાએ નવું નથી કર્યું. પણ ત્રણ જગતના દીવાએ મેલા રતનને દેખાડ્યું. મેલ કેમ કઢાય, ચોખ્ખું કેમ કરાય, ફેર મેલું કેમ ન થાય ? શાશ્વતું સ્વચ્છ કેમ રહે ? તેવા રસ્તા બતાવ્યા. મેલ ન જાય ત્યાં સુધી હીરાની કિંમત શી ? હીરો સ્વચ્છ ન થાય ત્યાં સુધી પથરાની તોલમાં,

તેમ આત્માના ગુણોનો વિકાસ ન થાય ત્યાં સુધી પથરાની (જડની) તોલમાં સ્વચ્છ થાય પછી તેવો જ કાયમ રહે. તેવા સાધનો બતાવનાર કેટલા ઉપગારી ?

**તત્ત્વભૂત પદાર્થોનું જ્ઞાન જરૂરી, નવતત્ત્વ વિચારો.**

જિનેશ્વરનો ઉપયોગ હોય તો તત્ત્વ બતાવવા તરીકે. તત્ત્વમાં બીજા તત્ત્વો જાણો કે ન જાણો. એટલે કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય ને આકાશાસ્તિકાય છે તે જાણવા લાયક છે. આદરવાનું કે છોડવાનું તેમાં નથી. એ ત્રણ પદાર્થોમાં કશું લેવા મૂકવાનું નથી. પણ આત્મામાં એકલું જ્ઞેયપણું નથી, પણ ત્યાં આત્માને જ્યારે જાણો ત્યારે નુકસાન કરનાર જાણી છોડી દ્યો છો. જૈનો ખરી રીતે બે જ પદાર્થો માને છે -જીવ અને અજીવ છે પણ બે જ. ત્રણ પદાર્થ કહેવામાં આવે તો શાસનની બહાર થાય. નોજીવ કહ્યો તો બહાર થયો. ત્રીજો પદાર્થ તત્ત્વ તરીકે કહે તો શાસન બહાર થાય. આટલી મર્યાદા છે તેમાં તે શાસન નવતત્ત્વ કેમ કહે છે ? એક પદાર્થ ઉલટો કહ્યો તેમાં તો છ મહિના સુધી રાજસભા સમક્ષ વાદ ચાલ્યો.સભામાં પણ રાજાની સભા સમક્ષ છ મહિના સુધી વાદ ચાલ્યો. માત્ર એક પદાર્થ વધતો હતો તેથી. કારણ : જીવ અજીવ બે જ તત્ત્વ છે. તેને બદલે ત્રણ તત્ત્વ કહ્યા. નોજીવ સાતે પ્રરૂપ્યા. એક વધારે કહેવાયો. તે માટે આટલો પ્રયત્ન-તો એ શાસનવાળા નવતત્ત્વ શું જોઈને માને છે ? જેને એક પદાર્થ વધે તેમાં આટલો ઝઘડો તે જૈનશાસન બેના નવ પદાર્થ કહે તેમાં શું ભેદ ? ભેદ એટલો જ કે એ નોજીવ પદાર્થ વધારતો હતો. તે નોજીવ પેટા ભેદમાં નહીં, પણ તેની કોટિમાં સ્વતંત્ર પદાર્થ પ્રરૂપતો હતો. જેવો જીવ-જેવો અજીવ-તેવો જ નોજીવ તે માનતો હતો. અહીં આશ્રવાદિ જીવની કોટિ તરીકે નથી માનેલા, પણ પેટા ભેદ તરીકે માનેલા છે. આશ્રવ, સંવર, બંધ, નિર્જરા, પુણ્ય, પાપ, મોક્ષ એ જીવ-અજીવના પેટા ભેદ તરીકે માન્યા છે, સ્વતંત્ર ભેદ તરીકે નહીં. એમને નોજીવ પદાર્થ સ્વતંત્રરૂપે કહ્યો હતો. માટે એને અંગે વાદ હતો.

જગતમાં જે કંઈ છે કે તે બધું બેમાં ઉતરે છે. કાં તો જીવમાં ને કાં તો અજીવમાં. બે સિવાય ત્રીજો પદાર્થ જગતમાં નથી. તો આ નકામી આશ્રવાદિની ભાંજગડ શું કરવા ? ત્રણમાં અડચણ ને નવમાં અડચણ નહીં ? તે કારણ સમજાવી ગયા. પેટા ભેદ કહેવાની જરૂર શી ? વાત ખરી. શંકા વાજબી છે.

**આશ્રવતત્ત્વને જુદું કેમ પાડ્યું ?**

જ્ઞાન એ જ્ઞાનરૂપે જગતે માન્યું, પણ તેમ જૈન શાસ્ત્રકારે ઉપયોગી નથી માન્યું. કેમ ? છાપરા સામું બધા દેખો છો. નળીયા કેટલા ? તે ઉપરથી ગણી શકો છો. પણ ગણવા જાય

તેમાં ફળ શું ? ભીંતમાં પથરા કેટલા ? ગણો તો, ગણશો તો જાણશો. પણ ફળ શું ? શું 'જાણશો' એ ફળ નહીં ? કહી તેમ કર્યું ? જેમાંથી અમારી પ્રવૃત્તિ નિવૃત્તિને અંગે ફાયદો હોય, જેમાંથી ઈષ્ટ સાધન મળે, અનિષ્ટ ખસે, તેવા જ્ઞાનને અમે ફળવાળું ગણીએ.જેમાં ઉપરોક્ત વસ્તુ ન હોય તેવા જ્ઞાનને લેવા અમે બેઠા નથી. જ્ઞાનને જ્ઞાનપણે માનતા હો તો દરેક છાપરે ચડી નળીયા ગણો. તેમાં જ્ઞાન તો થશે. બીજી વાત : દરવાજે બેસો. કેટલા માણસ ગયા ને આવ્યા ? તે ગણો તેનું જ્ઞાન થશે. આખો દહાડો દરવાજે બેસીશ તો એ જ્ઞાન થશે. લૂગડાના તાંતણા ગણ તો, જ્ઞાન એ ફાયદો નહીં ? તો જાણવું એ ફાયદો નહીં, પણ-પ્રવૃત્તિ નિવૃત્તિ. ઈષ્ટ સાધનની પૂર્તિ ને અનિષ્ટ સાધનની ત્રુટિ જે જ્ઞાન કરે એ જ્ઞાન ઉપયોગી છે. અત્યારના શિક્ષણની સંસ્થાઓનો ઉપયોગ શામાં થાય છે ? શિક્ષણને અંગે વિરુદ્ધ પડેલા જીવનમાં જે ઉપયોગી નથી તેવું શિક્ષણ આપી અમારા માથા નકામા શું કરવા પકવી નાંખો છો ? શિક્ષણ એ સાધન બને તો ઉપયોગી.

અહીં અમે પણ જિનેશ્વરને કહીં શકીએ કે જીવ અજીવનું જ્ઞાન કરાવો છો, પણ એમાં વળ્યું શું ? જીવ અજીવ છે એ જ્ઞાન પ્રવૃત્તિ-નિવૃત્તિમાં ઉપયોગી ન બન્યું જીવ અજીવ છે એ જ્ઞાનને પ્રવૃત્તિ નિવૃત્તિને અંગે ઉપયોગી બનાવવું જોઈએ. ત્યારે **આશ્રવ** કહેવો પડ્યો. આશ્રવને જોડે મેલ્યો. આશ્રવ સ્વતંત્ર તત્ત્વ ન હતો. જીવ છે એવું જ્ઞાન નિવૃત્તિને અંગે ઉપયોગી ક્યારે બને ? આ જીવ ઈંદ્રિય-કષાય-અવ્રતક્રિયા દ્વારા કર્મ ખેંચી રહ્યો છે. આ જ્ઞાન ન થાય ત્યાં સુધી જીવને બચવાનો રસ્તો નથી. જીવ છે એ જ્ઞાન બચાવ કરનારું ક્યારે થાય ? જ્યાં સુધી આશ્રવ જ્ઞાન ન ધાય ત્યાં સુધી. જ્યાં સુધી અશુભ પ્રવૃત્તિનો ખ્યાલ ન આવે ત્યાં સુધી. આશ્રવ રોકવા તૈયાર ન થાય. માટે આશ્રવ કહેવાની જરૂર પડી. જીવ છે તો છે, પણ ઝાડમાં કીડો પડે તો ઝાડ સમજાવવા સાથે ઝાડ ખાનારા ક્યા જંતુ છે તેમ જીવ સમજાવવા સાથે જીવને ધક્કો મારનાર કોણ ? આશ્રવ અનાદિથી આત્માને ધક્કા મારે છે. આ જીવ આશ્રવના ધક્કા ખાઈ રહ્યો છે. ધક્કો માર્યો તો ધૂળ ઊડી. બેશરમી આત્મા ન હોય તો ક્યા ધક્કા વાગે છે તેનો ખ્યાલ આવવો જોઈએ. નાગાના કૂલે બાવળિયો તો છાંયડો થયો. તેવાને શું કરવાના ? તેમ અહીં એક જ શબ્દમાં જણાવ્યું. અનાદિકાળથી ધક્કા ખાઈ ઉછર્યો છું.

જિનેશ્વર દેવ ધક્કાને ઓળખાવે છે. તેથી જિનેશ્વરો ઉપગારી છે. આજકાલની સભાના પ્રમુખ તરીકે જિનેશ્વરને આપણે પ્રમુખ નથી માન્યા. બાળલગ્નની સામે ઠરાવ કરે, ભાષણ કરે. નીચે ઉતરી છોકરાના બાળલગ્ન કરે. વૃદ્ધ લગ્ન વિરુદ્ધ ઠરાવ ને ભાષણ કરે પછી નીચે ઉતરી પોતે લઈ આવે. કેવળ થૂંક ઉડાડવાનું તેમ અહીં નથી માન્યું.

## ઉપદેશ શું કામ કરે છે ?

ટીપ કરવા નીકળવું તો મથાળું પોતે ભરવું પડે. શાણો માણસ પોતે પોતાનું મથાળું ભરે. તેમ અહીં પહેલો નિયમ રાખ્યો કે ઉપદેશકે પ્રથમ પોતે તૈયાર થવું. પોતે ધપ્પાથી બચે નહીં અને બીજાનો ધપ્પો તને વાગ્યો-તેમ કહેનાર ટીખલી ઉપદેશક અહીં નહીં. તારા જેવો તાકાતદાર ધપ્પાથી ન બચે તો બીજાને કે શ્રોતાને ધક્કાથી બચવાનું કહે એમાં કંઈ ન વળે. હોળીમાં છોકરાને ખેલવવાવાળા માણસો છોકરાને કહે 'કોઈ બોલશો નહીં.' એનો અર્થ : છોકરાઓ બોલો, ખુલ્લે મોઢે,સંકોચ રાખ્યા વગર બોલો, પછી ધપ્પાની દરકાર ન કરશો. એ વક્તાના બોલવાનો અર્થ થાય. તેમ જો પોતે ન બચે તો ? માટે આશ્રવતત્ત્વનો ઉપદેશ આશ્રવથી બચી ગયેલો મહાપુરુષ આપે. એટલે કે ઇંદ્રિયના, કષાયના, અવ્રતના આશ્રવો જેને નથી તેવા મહાપુરુષ જગતના જીવોને ઉપદેશી શકે. "મહાનુભાવો ! આશ્રવના ધપ્પાથી બચો. જિનેશ્વરો આશ્રવના ધપ્પાથી બચ્યા છે. તેવો ઉપદેશ દઈ શકે છે." અહીં બાયડીઓની ચાલ કામ ન લાગે. પોતે ન બચે ને બીજાને બચવાનું કહે. આ ઘેર કોઈક મોત થયું ત્યારે છેડો વાળે. પાડોશણ આવી 'બા ! એ તો જગતનો સ્વભાવ છે. બધાને જવું છે.' આમ કહે છે. પછી એને ઘેર જાય ત્યારે એવું ને એવું કહે.કોણ અમર છે ? પણ બાઈ સામે બોલતી નથી. જ્યારે ત્યાં ફલાણો મરી ગયો હતો ત્યારે રાગડા કાઢી રોતી હતી તેમ સામો જવાબ આપતી નથી. છાના રાખવાની રીતિમાં સામો આોલંભો ન હોય. અહીં તેમ નથી. છાના રાખવાની રીતે ન સાંભળશો. પ્રથમ મારી પરીક્ષા કરજો. હું પાસ થયો છું કે નહીં તે તપાસજો. પછી પાછળ આવજો. જે પાળે પ્રવાહથી ચઢ્યો તેમ કરતા બારોબાર કીનારે પહોંચ્યોં છતાં એ પાળ પર ચઢાતું નથી. તો આપણા જેવી બેવકૂફી ક્યાં સમજવી ? આશ્રવને રોકી તેમણે બતાવ્યું છતાં આપણને સૂઝતું નથી.

## જિનવચનમાં અતૂટ વિશ્વાસ

હું કહું તે તમારે માની લેવું. શું 'પુરુષવિશ્વાસે વચનવિશ્વાસ' નહીં ? ખરું ; પણ પુરુષ વિશ્વાસનું સ્થાન ક્યાં ? તેનો વિશ્વાસ કયા રૂપે ? બોલે તે પ્રમાણે ચાલે છે કે નહીં ? આ હિતકર રીતિ છે. સિવાય બીજો રસ્તો નથી. તો પુરુષનો વિશ્વાસ આવશે ને ? આપણા તીર્થંકર મહારાજની માન્યતા તેને यस्य संक्लेशजननो रागो नस्त्यैव सर्वदा । न च द्वेषोऽपि सत्त्वेषु शमेन्धन दवानलः ॥ હું કસોટી ઉપર ઉતરવા તૈયાર છું. તો શ્રદ્ધા ચીજ ન રહી. કહેનારના કથનને કસોટીએ ચઢાવ્યું. કહેનાર રાગદ્વેષ રહિત જોઈએ, કથન ત્રિકોટી શુધ્ધ જોઈએ. બધી કસોટીની વાત છે. શ્રદ્ધા જેવી વાત જ નથી. શ્રદ્ધા જરૂરી છે. શ્રદ્ધા

જોઈએ. પણ પુરુષની પરીક્ષામાં શ્રદ્ધા નહીં, વચનની પરીક્ષા શ્રદ્ધા નહીં. પરીક્ષામાં શ્રદ્ધા નહીં પણ તેનાકહેલા અતીન્દ્રિય તત્ત્વોમાં શ્રદ્ધા જોઈએ. એ જ વાત દુનિયાદારીમાં લ્યો. કોરટ અમુકને પ્રામાણિક ગણે. તે પહેલાની સ્થિતિને આશ્રયીને પ્રામાણિક ગણ્યો હતો. તેથી કેસમાં એક સાક્ષીમાં પ્રામાણિકતાના આધારે ચૂકાદો દેવાય. તે આગળની પ્રામાણિકતાના આધારે, પ્રામાણિકતા અનુભવથી લઈ પછી એ દ્વારા અનુભવ બહારની વાતમાં પ્રામાણિકતા લીધી. તેમ પુરુષ અને વચન-બેની પરીક્ષામાં પાસ થયા પછી આપણા પરીક્ષા બહારનો વિષય. કર્મ રૂપી કે અરૂપી, પરભવ,સંવર, નિર્જરા આ આપણી પરીક્ષા બહારની વસ્તુ, તે પરીક્ષાથી પાસ થયેલા પુરુષના વચનને અંગે શ્રધ્ધા કરવા લાયક. શ્રધ્ધા પરીક્ષાના વિષયમાં નહીં. પોતે બાયડી છોકરા રાખે ને રોજ ચલાવે. મને વીતરાગ માનો. હું નિર્લેપ છું. તે મનાય નહીં. નાતના આગેવાનો દારૂનો બંદોબસ્ત કરવો હોય તો દારૂવાળાને ત્યાં ઉઘરાણી ખાતર પણ જવાનું પોતાને બંધ કરવું પડે.

### તીર્થંકરોની દીક્ષા, સંસારનો ત્યાગ કરવો જ જોઈએ.

જિનેશ્વર મહારાજાઓએ ગૃહિલિંગે અને અન્ય લિંગે સિધ્ધ થવાનું માન્યું. લોકોને કહ્યું, પણ પોતે સ્વલિંગમાં જ દાખલ થયા. ચોવીશ તીર્થંકરો સ્વલિંગ ગ્રહણ કરીને મોક્ષે ગયા છે. ત્રણે લિંગે મોક્ષે જવાય તો તીર્થંકરોએ ગૃહિલિંગ કેમ છોડ્યું ? ગૃહિલિંગે કલ્યાણ ન થાય તેમ તો કહી શકાય જ નહીં. છાપ તો પોતે મારી છે. છતાં તેમણે ગૃહિલિંગ કેમ છોડ્યું ? આ ગૃહિલિંગ નકામું છે. છોડવા લાયક છે. પજુસણમાં સાંભળો છો. अगाराओ अणगारियं पव्वइए । ઉત્તરા ફાલ્ગુનીમાં ચંદ્રનો યોગ થયો ત્યારે ઘરથી નીકળી સાધુપણું લીધું. આમ સ્વલિંગ ઉપર છાપ મારીને સ્વલિંગ લીધું. પણ તે ગૃહિલિંગ છોડી સ્વલિંગ સ્વીકાર્યું. ચોવીશ તીર્થંકર ઘરવાસમાં રહ્યા, તેમાં બ્રહ્મચારી બે રહ્યા, પણ સ્વલિંગ નહીં લેનારા ગૃહિલિંગમાં રહેનારા એકે નહીં. શું ગૃહિલિંગ માનતા ન હતા ? પણ નાતના આગેવાને દારૂનો બંદોબસ્ત કરવો હોય તો પોતાના કુટુંબે દારૂવાળાની દુકાને ઉઘરાણી માટે પણ ન જવું. બીજો પીધો સાબિત થાય તો ગુનેગાર. આગેવાન તેનું લેણું પણ છોડી દે. આ વાત સમજશો ત્યારે તીર્થંકર માને કે મારે ગૃહિલિંગની છાયા કામની નહીં. પોતાને અંગે આશ્રવ છોડી દેવા. ઢંઢેરો પીટી જણાવ્યું. મારામાં ઇંદ્રિયાશ્રવ, કષાયાશ્રવ, અવ્રતાશ્રવ હોય તો મને ન માનવો. નાતના આગેવાન પીઠાની છાયાએ પણ ન જાય. પીઠાનો પડછાયો વર્જે ત્યારે નાતનો આગેવાન થઈ શકે.

અહીં નિર્લેપ રહી શકે તેવા તીર્થંકર જીવો ગૃહસ્થપણામાં આશ્રવ બાધક ન થાય તેમ છતાં ગૃહિલિંગ ત્યાગ કર્યું. માટે જીવઅજીવ તત્ત્વનું માત્ર જ્ઞાન પ્રવૃત્તિ નિવૃત્તિમાં ઉપયોગી

ન બને. માટે આશ્રવ નામનું તત્ત્વ કહેવું પડ્યું. જનમથી વધેલી આંગળીનું ઓપરેશન કરવું મુશ્કેલ પડે છે. અનાદિનું વળગેલું કર્મ તેનું ઓપરેશન તીર્થંકર મહારાજા બતાવે છે. તે આશ્રવના ઓપરેશનનું નામ પચ્ચક્ખાણ. તે વિકારને ઉખેડી નાખવા પચ્ચક્ખાણ કરવા.

તે ક્યાં કારણથી પ્રકારો પડે છે ? તે અધિકાર વિશે શાસ્ત્રકાર મહારાજા આપણને શું જણાવે છે ? તેમજ વિધ વિધ દૃષ્ટાંતો આપી કેવી રીતે સમજાવે છે ? તે અધિકાર અગ્રે વર્તમાન.

---

**નામનો લોપ કરનારો વચનને બોલી શકતો જ નથી,**
**સ્થાપના ન માનનારથી સંજ્ઞા-વિષય એટલે સંજ્ઞા પાડી શકાય**
**જ નહિ અને જો દ્રવ્ય ન માને તો યત્ન કરવો નકામો છે.**
**અર્થાત્ યત્ન નાશ પામેલ છે, અને ભાવનિક્ષેપો ન માનનારને**
**આખું જગત નાશ પામેલું છે, આથી હે નાથ !**
**નામ આદિ ચાર નિક્ષેપો માન્યા વગર કોઈને પણ ચાલે તેમ નથી.**

---

# વ્યાખ્યાન - ૯

**द्रव्यतो भावतश्चेति प्रत्याख्यानं द्विधा मतं । अपेक्षादिकृतं ह्याद्यमतोऽन्यत् चरमं मतम् ॥**

## હિંસાદિક કરો તો પાપ, ન કરો તો ?

શાસ્ત્રકાર મહારાજા ભગવાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ અષ્ટકજી પ્રકરણ રચતાં થકાં આગળ દેવાદિનું સ્વરૂપ જણાવી ગયા. તેમાં સામાન્ય રીતે પોતાના મતને શરૂથી ઉત્પન્ન કરનારા દેવ તરીકે માનવામાં આવ્યા છે. સામાન્યથી જૈનો પણ જિનેશ્વરે મત પ્રવર્તાવ્યો છે, જૈન મત જિનેશ્વરે કહેલો છે, પણ ઉત્પન્ન કરેલો કે પ્રવર્તાવેલો નથી. અન્ય ધર્મવાળાને પોતાને આદિ માનવી છે. પોતાના ઈશ્વરને આદિ કરનારા માનવા છે, જ્યારે જૈનોને જિનેશ્વર અનાદિથી થતાં જગત પણ અનાદિથી થતું ચાલ્યું આવે છે એમ માનવાનું. એટલે જિનેશ્વરો ધર્મને નવો કરતા નથી. તેઓએ ધર્મને ભક્તિ પ્રાર્થના રૂપે જણાવ્યો છે. ત્યારે જૈન શાસ્ત્રકાર મહારાજા ધર્મની જડ પાપની નિવૃત્તિએ જણાવે છે. પાપ પોતે બનાવેલું નથી. પાપની અનિવૃત્તિએ બનાવેલું છે. પાપની નિવૃત્તિ કરવાથી મનુષ્ય પાપથી બચે છે. તેમાં પોતાની કારીગરી માનવા તૈયાર નથી. બીજાઓને પાપથી નિવર્તતા કરાવવામાં પોતાની કારીગરી મનાવવા માંગે છે. તેઓ કહે છે કે સ્વભાવસિધ્ધ કુદરત કહેવાય છે. તેમ સ્વભાવસિધ્ધ કરે, પરિગ્રહ કરે તો પાપ લાગે, કોઈનું લગાડ્યું લાગતું નથી. દેશ દેશને અંગે કાયદા જુદા છે. એક ગુનો એક દેશમાં ગણાય, બીજા દેશમાં તે ન ગણાય. તેમ અહીં હિંસાથી પાપ થાય તે કોઇની કરેલી વ્યવસ્થા નથી, સ્વાભાવિક છે. જેમ જગતને અંગે કહી શકીએ કે ખાવાનું મુખથી છે, કોઈ જગો પર નાકથી ખવાતું નથી. રિવાજ કાયદા દેશમાં જુદા. છતાં ખાવાનું બધે મોઢેથી જ ખાય છે. તેમ સર્વ દેશ કાળ ક્ષેત્રને અંગે એક સરખો સ્વભાવ : હિંસા કરે તે પાપ બાંધે. હિંસા વગેરેથી પાપનું બંધન કોઈએ ઊભું કર્યું નથી. તેમ અમુક કાળના સંજોગો ઊભું થયેલું નથી. સર્વકાળ ક્ષેત્રમાં આ સ્વાભાવિક સ્થિતિ હતી અને છે કે હિંસાદિક કરનારને પાપ બંધાય. હિંસા વગેરે બંધ કરવાથી પાપ આવતું બંધ થાય. જ્યારે જ્યારે હિંસાદિક ન કરે ત્યારે ત્યારે પાપ ન લાગે. બે વસ્તુ સ્વાભાવિક હંમેશની છે. કોઈપણ ક્ષેત્ર કે કાળમાં તે ન પલટાવવાવાળી છે. સર્વકાળ અને ક્ષેત્રમાં આ વસ્તુસ્થિતિ કે હિંસા કરે તો પાપ, ન કરે તો પાપથી બચે. કોઈ

કાળ કે ક્ષેત્રની એના ઉપર અસર થતી નથી. તો તમારો જૈન સિધ્ધાંત અહીં પડી ભાંગ્યો. હિંસા કરવાથી પાપ બંધાય છે. આ સિધ્ધાંત થાય તો જૈન સિધ્ધાંતને ઊભા રહેવાનું સ્થાન નથી.

### તત્ત્વ દૃષ્ટિ કેળવવા સ્યાદ્‌વાદનું જ્ઞાન.

જૈન સિધ્દાંત સ્યાદ્‌વાદના સિંહાસને બેસવાવાળો છે. એ એકાંતે કહી શકે નહીં, તો સર્વક્ષેત્ર અને કાળમાં હિંસાદિથી પાપ બંધાય અને તેની વિરતિથી પાપ રોકાય આ પણ કહી શકે નહીં. આવો નિયમિત સિદ્ધાંત કરે તો સ્યાદ્‌વાદ નહીં રહે. 'आसवा ते परिसवा' 'परिसवा ते आसवा' એટલે કે કર્મ આવવાના કારણો તે જ કર્મ રોકવાના-તોડવાના કારણો. કર્મ તોડવાના કારણો તે જ કર્મ આવવાના કારણો. ગણધર મહારાજા કર્મબંધના કારણને કર્મ સંવરના કારણો કહે અને સંવરે બંધના કારણો કહે. તે તમારી ઉપરની વ્યવસ્થા કહીને કરી શકો નહીં. બે વાત છે. બાપ દેખાડ કે શ્રાધ્ધ કર. બેમાંથી એક બનવું જોઈએ. કાં તો સ્યાદ્‌વાદ વર્જવો જોઈએ, કાં તો સર્વકાળ સર્વક્ષેત્રમાં હિંસાદિથી પાપ બંધાય-વિરતિથી પાપથી બચાય, તે સિધ્ધાંત છોડવો જોઈએ. સ્યાદ્‌વાદ છોડવો પાલવે નહીં. તેમ હિંસાદિ પાપના સાધન છે તેનાથી વિરતિ બચાવનાર છે. તે માન્યા વગર પણ ચાલે નહીં. મુખ્ય દ્રવ્ય અને પર્યાયની પ્રરૂપણા આખી ઉડી જાય. પર્યાયની વ્યવસ્થા ઉડી તો સંસારની અને મોક્ષની વ્યવસ્થા ઉડી જાય. કથંચિત્ સંસારી મુક્ત થઈ શકે તે પર્યાય ઉડી જાય તો જીવને મોક્ષની દશા રહી નહીં. દ્રવ્ય અને પર્યાય, સુખ અને દુઃખ એક જીવ ભોગવે છે. કરમ કરનાર જ ભોગવે છે. ડગલે ને પગલે જૈનોને સ્યાદ્‌વાદ રહેલો છે. તે વર્જાય તો ડગલું પણ જૈન ચાલી શકે નહીં. સંસાર-મુક્તિ-કર્તા-ભોક્તા જૈન સિદ્ધાંત છોડી શકે નહીં તો પેલું છોડો. અનાદિથી હિંસાદિથી થતાં પાપને છોડો. જે ભવ અને મોક્ષના રક્ષણ માટે સ્યાદ્‌વાદ છે તે મોક્ષ ઉડી જાય. હિંસાદિથી પાપ તોડી દઈએ તો મોક્ષનો રસ્તો કયો ? જે અહીં વાક્ય કહ્યું 'आसवा ते परिसवा' 'परिसवा ते आसवा' તેનું શું કરશો ?

### આશ્રવ વિશેની સાચી સમજ.

'आसवा ते परिसवा' 'परिसवा ते आसवा' અમારે કુદરતી રીતિએ સર્વકાળ સર્વક્ષેત્રમાં હિંસાદિથી પાપ માનવાનું છે. તેના રોકાણથી સંવર માનવાનો છે. તેથી જ અનાદિ જગત કહી શકીએ છીએ. 'आसवा ते परिसवा' બે સિધ્ધાંત નક્કી શી રીતે રહે ? એકને ખસવું જ પડે. તમારે અહીં 'હિંસાદિથી પાપ જ' એ સિધ્ધાંત અગર 'સ્યાદ્‌વાદ' નો સિધ્ધાંત ખસેડવો જોઈએ. 'आसवा ते परिसवा' તે ગણધર મહારાજે કહ્યું છે.'परिसवा ते

आसवा' કર્મ રોકવાનું સાધન તે કરમ આવવાનું સાધન. આ ગણધર વાક્ય તેનું શું થાય? આવી રીતે કરવામાં આવેલી શંકાવાળાને સમજવાની જરૂર છે કે પરસ્પર વિરુદ્ધ દેખાતી હકીકત તે અક્કલ ચલાવે તો મેળવી શકે. અક્કલ ન ચલાવવી હોય ત્યાં સુધી વિરુદ્ધતા લાગે. એ જ અક્કલ ચલાવે ત્યારે સીધી લાગે.

એક મનુષ્યે મહા મહિને નદી ઉપર ઊભાં ઊભાં પાણીમાં ગધેડું બળતું દેખ્યું. બીજાને કહ્યું મહા મહિનામાં પાણીમાં પડીએ તો બળી જવાય. તે સાંભળી કોણ માને? કહેતા ભાઈ પણ દિવાના ને સુણતા ભાઈ પણ દિવાના. સીધી રીતિએ કહેનાર દીવાનો છે. તેમ માનવા તૈયાર થઈએ. ખુલાસો પૂછીએ ત્યારે વસ્તુ સમજાય. તારા જેવો અક્કલવાળો ઠરેલ જુઠુ ન બોલે, તત્ત્વ છે માટે સમજાવ. ગધેડા ઉપર કળી ચૂનાની પોઠ હતી. જેવી પોઠ અંદર ગઈ તે પાણી અંદર ગયું લાગ્યું તો ગરમ. ગરમાવો છે. ગધેડું બેસી ગયું. કળી ચૂનાનું પોઠવાળું ગધેડું પાણીમાં બેસી જાય તો ફૂદફૂદી જાય. પાણીમાં બળી ગયું પણ સાચું કોને સૂઝે? અક્કલ વાપરે તેને સાચું લાગે, બીજાને ખોટું લાગે. તેમ ગણધર મહારાજનું વચન સ્યાદ્વાદ સિધ્ધાંતને આગળ કરી હિંસાદિકના પાપને ગબડાવી દેવા માંગતા હોય તેવાએ અક્કલ વાપરવાની જરૂર છે.

તારા હિસાબે 'आसवा ते परिसवा' એ વાક્યનો અર્થ શો ? પરિસવા તે કારણો નિર્જરાના ખરા, પણ આશ્રવ કહેવો કોને? હિંસાદિથી પાપ રોકાય છે તે માનતો નથી તો પરિસવા કહેવા કોને? આશ્રવ કોને કહેવો? આશ્રવનો સિધ્ધાંત છે. પરિસવાનો સિધ્ધાંત છે. હિંસાદિક રોકવાથી કર્મનું રોકવાનું થાય તે સિધ્ધાંત ન માને તો તું આશ્રવ કહીશ કોને? આ વાક્ય બધા માને પણ પહેલાં તારે સમજાવવું તો પડશે ને? આશ્રવ તરીકે વસ્તુને નહીં માને, પરિસવ તરીકે વસ્તુ નહીં માને તો આશ્રવ તે કહેવાનો વખત ક્યાં છે? આશ્રવોને પરિસવોને નિયમિત માને ત્યારે કહી શકે કે જે પરિશ્રવ સંવર નિર્જરા અને આશ્રવ તે વસ્તુઓ નિયમિત છે. જો આશ્રવ જેવી વસ્તુ નિયમિત ન હોય તો 'જે આશ્રવા' તેમ બોલી કેમ શકે? આશ્રવ અને પરિશ્રવ નિયમિત માનેલા છે તો 'आसवा ते परिसवा' તે બોલી શકે. આશ્રવ અને પરિશ્રવને નિયમિત માનેલા હોવાથી यद् उद्देश वस्तु० પહેલી સિધ્ધ વસ્તુનો ઉદ્દેશ થાય. આસવા તે પરિસવા નિયમિત માનવા પડશે. તે આશ્રવો નિયમિત કરો તો આશ્રવો તે પરિશ્રવો કેમ કહેવાશે ? પરિસવા તે આસવા નિયમિત કરો તો નહીં કહેવાય. નિયમિત કરો તો પેલું વાક્ય બોલી નહીં શકો. આવું નિયમિત કરો તો પરિશ્રવ આશ્રવ નહીં, આશ્રવ પરિશ્રવ નહીં. કરવું શું ? આ જગો પર જે 'પણ' શબ્દ દુનિયામાં

વાપરીએ છીએ તે પણ વાપરી લેવામાં આવે તો બધો ખુલાસો છે. આશ્રવ પણ પરિશ્રવપણે પરિણમે છે, પરિશ્રવ પણ આશ્રવપણે પરિણમે છે. સ્વરૂપે આશ્રવ, સ્વરૂપે પરિશ્રવ. જે આશ્રવો તે જ પરિશ્રવો, પરિશ્રવો તે જ આશ્રવો. શ્રી આચારાંગ સૂત્રમાં ગણધર મહારાજે જણાવ્યું છે. હિંસાદિક આશ્રવો કેળવવામાં આવે તો તેના તે જ કરમ રોકનારા (પરિશ્રવ) થાય.

## ત્રિકરણ યોગના સંદર્ભમાં આશ્રવ-સંવરની વિચારણા

પહેલાં તો એક ટૂંકી વાત લઈ લ્યો. મન વચન કાયા તે જોગ આશ્રવ ખરા કે નહીં? એ ત્રણ જોગ જો સંવર અને નિર્જરાના કારણ ન બને તો મોક્ષનો રસ્તો નથી. યોગ આશ્રવના કારણો છે. યોગ આશ્રવમાં છે. યોગ સંવર નિર્જરાનું સાધન માનવું છે તો યોગ રહિત થાય નહીં અને આશ્રવ રહિત બને નહીં. યોગ રહિત ચૌદમે ગુણઠાણે કહ્યું છે, તેથી આશ્રવ રહિત બને નહીં. મોક્ષ ઉડી જાય છે. સામાન્ય દૃષ્ટિએ આ જ ત્રણ યોગો કર્મ આવવાના કારણો કહ્યા છે. મન-વચન-કાયાના ત્રણેની પ્રવૃત્તિ કર્મ આવવાના કારણો છે. જેને મન-વચન-કાયાના યોગ ન હોય તેને કર્મ આવવાના કારણ નથી. તે યોગો સંવર નિર્જરાનું કારણ નથી. તો આશ્રવના સાધનભૂત યોગો સંવર નિર્જરાના સાધન ન બને તો મોક્ષ કે કેવળજ્ઞાન પામવાનો વખત નથી. યોગો જાય ત્યારે જ સંવર નિર્જરા બને. તો યોગો જવાનો વખત નથી. આશ્રવ થાય અને યોગ બને, જે યોગો આશ્રવ કરનાર હતા તે જ યોગો સંવર નિર્જરા કરાવનાર છે. તે તેમ થાય ત્યારે જ જીવ આગળ વધે. ભવાંતરે ઉપાર્જન કરેલા કર્મો ત્યારે મન-વચન-કાયા દ્વારા ભોગવી વિખેરીએ છીએ. એ જ મન-વચન-કાયાથી નવા ભવ માટે કર્મ લઈએ છીએ. કાલાંતરે એકલું આશ્રવપણું નિર્જરાપણું એમ નહીં. એકી કાળે જે કાળે નવા ભવના કર્મ બાંધીએ તે જ કાળે પહેલાંના ભવના તોડીએ છીએ. તે મન વચન કાયાથી એક વસ્તુની અપેક્ષાએ તે જ આશ્રવ નિર્જરા. એક કાળની અપેક્ષાએ એ માનવા જ પડે.

તેવી રીતે અવ્રતો, કષાયો માનવા પડે. કષાયો કર્મબંધનું કારણ છે. તે નવું સમજાવવું ન પડે. પણ તે જ કષાયો નિર્જરાનું કારણ પણ છે. બાહ્ય પૌદ્ગલિક પદાર્થોને અંગે જે કષાયો થાય તે કર્મબંધના કારણો. એક જગો પર તત્ત્વ ઉપર પ્રીતિ ને અતત્ત્વ ઉપર અપ્રીતિ થાય તો શું થાય ? એવા જ ક્રોધાદિક થાય, પણ રાત દિવસનો ફરક. પૌદ્ગલિક પદાર્થમાં પ્રીતિ અપ્રીતિ બંને કર્મ બંધાવનાર થાય. એજ જગો પર આત્મીય પદાર્થમાં પ્રીતિ અને પૌદ્ગલિક પદાર્થમાં અપ્રીતિ તે કરમ રોકાવનાર અને છોડાવનાર થાય.

**શાહુકાર મનુષ્યની નાનકડી વાત.**

જગતમાં શાહુકાર મનુષ્ય ચોપડામાં જેટલું લખે તે એક એક વાક્યમાં શાહુકારી ઝળકતી હોય. જ્યારે ખોટા દસ્તાવેજ લખનારના વાક્યમાં લુચ્ચાઈ ઝળકતી હોય. અક્ષર તેના તેજ. એજ અક્ષરે શાહુકારી, એજ અક્ષરે લુચ્ચાઇ-સુડતાલીસ અક્ષરમાંથી બીજા અક્ષર લુચ્ચાએ નથી લખ્યા. (૩૩ વ્યંજન + ૧૪ સ્વર = ૪૭ અક્ષર.) તો તે શાહુકાર કે ચોર? તેમ અહીં જે ક્રોધાદિક ડૂબાડનાર તે જ ક્રોધાદિક સંવર નિર્જરા કરાવનાર.

**કર્મ નિર્જરાથી મોક્ષ.**

હવે હિંસાદિક ઉપર આવો. જે હિંસા વગેરે પણ સંસારમાં આશ્રવ કરાવનાર તે નિર્જરા કરાવનાર. સાધુ વિહાર કરતા નદી ઉતર્યા. પાણીના પરોણા થનારા એ પણ પાણીમાં ઉતરે છે. સાધુ પણ પાણીમાં ઉતર્યા. તો બે સરખાને? 'आसवा ते परिसवा' કર્મ આવવાના કારણો તે જ કર્મ નિર્જરાના કારણો-એ તો બેસે. આશ્રવને પરિસવ માનવામાં વાંધો નથી. સંવર નિર્જરાના કારણો બંધના કારણો એ જોડે મેલ્યું. કોઈપણ સાધન એવું નથી જે કર્મ બંધ ન કરે. જિનેશ્વર મહારાજ કહે છે નિર્જરા મોક્ષનું સાધન છે. જો નિર્જરાનું સાધન છે તો ગોશાળાને, સંગમદેવતાને નિર્જરા સંવર થઈ ગયા હશે? જેમ મહાવીર મહારાજાનું દૃષ્ટાંત દીધું. તેમ તેના તે જોગ પલટે તો બંધના કારણ થાય. પ્રશસ્તકષાય અપ્રશસ્તમાં આવી જાય તો બંધના કારણ થાય. આશ્રવ તે સંવર અને સંવર તે આશ્રવ. તેમાં વાંધો નથી. કથંચિત્ આશ્રવનું સંવરપણું થાય, પણ તેની પ્રરૂપણા આશ્રવ રૂપે જ થાય. મુખ્યતાએ આશ્રવ કથંચિત્ સંવર થાય, મુખ્યતાએ સંવર કથંચિત્ આશ્રવ થાય. બંને સ્થિતિએ છીએ છતાં આ જ સ્થિતિએ બોલવું.

આપણે સ્યાદ્વાદ માનનારા છીએ. જીવ છે કે નથી? બે માનનારા પંચ સ્યાદ્વાદી છે. જેમ જીવનું સત્તારૂપે તેમ અજીવનું અવિદ્યમાન પણું માને છે. તો જીવ નથી એવી પ્રરૂપણા કરે તો તે જૈન મત સમજાવે છે એમ કહેવું ને? જીવની સત્તાની પ્રરૂપણા કરનારો જૈન ગણાય. પછી જીવ નથી એવું સાબિત કરે તે પણ જૈન કહેવાવો જોઈએ. જીવને સાબિત કરનારો જેટલા અંશે જૈન તેટલા અંશે નિષેધ કરનારો પણ જૈન તમારે માનવો પડશે.

**સપ્તભંગીની સમજણ**

અસ્તિનો ફાંટો, નાસ્તિનો ફાંટો સિધ્ધ કરનારા, બંને સિધ્ધ કરનારા જૈનો ન કહેવાય. જણાવવાને માટે નાસ્તિ ફાંટો ખરો. પણ સિધ્ધ તો અસ્તિ ફાંટો જ કરાય.

શાસ્ત્રકારોએ આગમતત્ત્વ કોને કહ્યું ? ઐદંપર્યથી શુધ્ધ ~~તત્ત્વની~~ શુધ્ધિ તે આગમતત્ત્વ. આટલા પદાર્થોનો અસ્તિતાવાદ, નાસ્તિતાની ગૌણતા કરવી. આત્માની અસ્તિતા આગમનું તત્ત્વ છે. તેની પરિણામિતા ~~બધ્ધ~~ : આત્મા બંધાયેલો છે. તે વિદ્યમાન વિચિત્ર કરમે બંધાયેલો છે, તે આગમતત્ત્વ. કર્મના વિયોગથી મુક્ત થાય તે નિરૂપણ કરવું તે આગમતત્ત્વ. હિંસાદિક તેનો હેતુ તે આગમતત્ત્વ, એટલે આગમનું તત્ત્વ. અહીં અસ્તિ નાસ્તિ બંને ધર્મથી આત્મા-છતાં સાતે ધર્મ ઉપરના આવી જાય. સાતે ભાગે બોલાય-જણાય-સમજાવાય છતાં આગમતત્ત્વને અંગે અસ્તિત્વ આત્માનું સિધ્ધ કરવું-તે આગમતત્ત્વ. જ્યારે આગમનું તત્ત્વ નિરૂપણ કરવું હોય ત્યારે નાસ્તિતા ન નિરૂપણ કરતાં અસ્તિત્વ નિરૂપણ કરો. આત્મામાં દ્રવ્યથી એક સ્વરૂપે રહેનારો છે. પરિણામીપણે નિરૂપણ કરો, નિત્તયપણું જાણો/જણાવો. જ્યારે માર્ગે ઉતરવા નિરૂપણ કરો તે વખતે તે પરિણામીપણે સમજાવો. સ્વરૂપે બંધાયેલો છતાં સત્તારૂપે અબધ્ધ આત્મા છે. આગમતત્ત્વ બધ્ધપણું નિરૂપણ કરનાર છે. બંધાયેલો છતાં પણ સત્ અસત્ વગેરે સાત ભાંગા લાગે. પણ અસ્તિ ભાંગો લગાડી સિધ્ધ કરવા કથંચિત્ અનૈક્ય નિરૂપણ કરવું. કર્મોની વિચિત્રતાએ આઠ કર્મોનું નિરૂપણ, એવી રીતે મુક્તનું નિરૂપણ કે દ્રવ્યથી જીવ આવો છે, એવો છે, આવી રીતે કર્મ બંધાયેલો છે, આવી રીતે છૂટ્યો. ભવિતવ્યતાના સંજોગે આકસ્મિક થયું હશે. કથંચિત્ એનું કાળજોગે, સ્વભાવ જોગે એનું થવાવાળું છતાં પણ પ્રયત્ન યોગે હિંસાદિકના પ્રયત્ને કર્મથી બાંધવાનું બને છે. અહિંસાદિકના પ્રયોગોથી છૂટવાનો પ્રયત્ન કરાય-તે આગમતત્ત્વ. આથી હિંસાદિથી પાપ લાગે છે તે નિરૂપણ કરવું તે આગમતત્ત્વ છે. તેવી રીતે હિંસાદિથી વિરમવાથી પાપ રોકાય છે તેને આગમતત્ત્વ માનીએ તો જૈન સિધ્ધાંત નક્કી થયો. 'आसवा ते परिसवा' તેમાં નવા છતાં અનાદિથી હિંસાદિકથી કર્મ. એ પ્રરૂપણા આગમતત્ત્વ તરીકે જૈનોને સિધ્ધ છે. ઈશ્વરને હિંસા ઉપર પાપનું છોગું મેલવું નહીં પડે. આ સર્વ ક્ષેત્ર કાળ માટે નક્કી છે : જ્યારે જ્યારે હિંસા ત્યારે ત્યારે પાપ, તેની નિવૃત્તિએ પાપની નિવૃત્તિ.

## શાસનવાળો કાળ તે દહાડો, શાસન વગરનો કાળ તે રાત્રી

અનાદિથી હિંસાદિકથી પાપ થતું હતું. હિંસાદિ રોકવાથી સંવર થતો હતો- તો ભગવાને શું કર્યું ? દહાડો ઉગે ત્યારે સૂર્ય શું કરે ? હોય તે બધા પદાર્થોને દેખાડી દેવા. સ્વરૂપથી તે સૂર્યનું કામ છે. હવે ભગવાને શું કર્યું કહેનારાને રાત દહાડા વચ્ચે ફરક નહીં. રાતે વિદ્યમાન પદાર્થો દેખવામાં ન આવે, દહાડે વિદ્યમાન પદાર્થો દેખી શકાય. અહીં સંવર નિર્જરા અનાદિના છતાં સંવર નિર્જરાનો ખ્યાલ ન હતો તો જિનેશ્વરે કરાવ્યો. તો

જ્યાં સુધી દહાડો ન ઉગ્યો ખ્યાલ ન કરાવ્યો ત્યાં સુધી ઘોર અમાવસ્યાની રાત્રિ હતી. તો થાપ્યું એ કાળ અને થાપ્યા વગરનો કાળ એમાં ફરક માનવો પડશે. અનાદિથી કરમ બંધ થતા હતા તે જિનેશ્વરોએ બતાવ્યું. આથી શાસનવાળો કાળ તે દહાડો અને શાસન વગરનો કાળ તે રાત્રિ. શાસનના કામ બે છે : (૧) બંધાતુ પાપ અનાદિનું છે તે અને (૨) પાપના બંધને દેખાડી પાપનો બંધ રોકવો. દહાડો ઉગ્યો છે. દહાડે ડફણા દઈએ તો ગાંડા ગણાઈએ. દહાડે ખાડામાં પડ્યા તો વાગવા છતાં બેવકૂફ ગણાઇએ. આપણે અજ્ઞાની ગણાતા હતા પણ શાસન પામ્યા પછી બેવકૂફ ગણાઈએ તે અફસોસ કરવા લાયક.

**ઉપદેશમાળાના સંદર્ભથી મનુષ્ય જન્મ અફસોસ કરવા લાયક કેમ ?**

ઉપદેશમાલામાં પૂ. ધર્મદાસ ગણીજી કહે છે કે सुच्चा जाणइ कल्लाणं सुच्चा जाणइ पावगं આ જગતમાં તે લોક અફસોસ કરવા લાયક. કેટલીક જગો પર દંડ કરવા લાયક અસહકારની નીતિ જબરજસ્ત ગણાય છે. નાત બહાર મેલો- એટલે શું ? દંડ, સજા કે શિક્ષા ? દંડ કરતાં અસહકાર ભયંકર નીકળ્યો. એમ અહીં બીજા મનુષ્યને ઠપકો દેવો તે કરતાં મને અફસોસ થાય છે. 'મૂર્ખા-બેવકૂફ છો' તે કહેવા કરતા તમારા કામથી મને અફસોસ થાય છે. આપણે અફસોસ કરવા લાયક છીએ. ભાવાર્થ કયો છે ? જગતમાં એ લોકો અફસોસ કરવા લાયક જે બિચારા મનુષ્ય ગતિમાં આવી જિનેશ્વરના વચનને જાણે નહીં- તે અફસોસ કરવા લાયક. આંધળો ન દેખે તે કરતાં દેખતો દિવસે ડફણાઈ જાય તે ઘણો જ અફસોસ કરવા લાયક. અફસોસ કરવા લાયકમાં પણ તે અત્યંત અફસોસ કરવા લાયક. જિનેશ્વરના વચનને જાણ્યા છતાં આદરતા નથી. વકીલ અમુક કાર્યો કરે તો તેને સનંદ રદ થાય છે. જાણકાર તેમ જિનેશ્વરના વચનને જાણનારા આદરે નહીં તો અફસોસ કરવા લાયકમાં પણ અફસોસ કરવા લાયક ગણાય.

એટલા માટે પૂજ્યપાદ હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે કે અવિરતિ ને સમજો, સંવર ને સમજો. તે સમજશો ત્યારે વિરતિ કરવાનું મન થશે. તે સંબંધી વિશેષ વિવેચન શાસ્ત્રકાર શું બતાવે છે તે અધિકાર અગ્રે વર્તમાન.

**અપક્ષપાત-રાગ નહિ છતાં પણ પ્રાણીઓને સંસાર સમુદ્રમાંથી તાર્યા છે અને દ્વેષ નહિ છતાં સંસારમાં તમારા નિમિત્તથી પડ્યા છે. માટે હે પ્રભુ ! આ તમારા શાસનનો અચિંત્ય પ્રભાવ અવશ્ય જાણવા જેવો છે કે સારી રીતે જે આરાધના કરે છે તે તરે છે ને વિરાધના કરે છે તે ડૂબે છે.**

# વ્યાખ્યાન - ૧૦

**द्रव्यतो भावतश्चेति प्रत्याख्यानं द्विधा मतं । अपेक्षादिकृतं ह्याद्यमतोऽन्यत् चरमं मतम् ॥**

## આસ્તિકની માન્યતા, ધર્મ અનાદિનો

શાસ્ત્રકાર મહારાજા ભગવાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે ધર્મોપદેશ કરતાં થકાં પ્રથમ જણાવી ગયા કે આગળ દેવ વગેરેના સ્વરૂપને જાણનાર જે અષ્ટક તેમાં સર્વ આસ્તિકો જે દેવ માનનારા છે તે અને તેમાં જૈનો જે દેવને માને છે તેમાં ફરક છે. અન્ય મતવાળા દેવને આદ્ય કર્તા તરીકે માને છે તે માટે જગતની આદિ રાખવી પડે છે. ધર્મની આદિ માટે દેવને ઉપગારી માને છે તો જગતની આદિ તેમને માનવી પડે છે. જ્યારે જૈન ધર્મને અંગે જિનેશ્વરને દેવ માનવામાં આવે તે પ્રવર્તક તરીકે નહીં, પણ પ્રદર્શક તરીકે. અહીં જૈનોને જે હક છે કે ધર્મ અનાદિ છે. પ્રદર્શક ન બને તેઓએ ધર્મનું અનાદિપણું કહેવું પાલવે નહીં. જે ધર્મના પ્રદર્શક બને, બનાવનાર નહીં પણ બતાવનાર બને. ધર્મને બતાવનાર બને તો ધર્મ અનાદિનો માની શકાય, પણ 'ત' ની જગો પર 'ન' કરી નાંખે એટલે બતાવનારની જગો પર બનાવનાર બને તો ધર્મ અનાદિનો ન રહે. બનાવનારને નવો બનાવવો પડે છે અને બતાવનાર ને જે હોય તેની હૈયાતી પહેલાં હતી તેમ જણાવવું પડે છે. હું પણ બતાવનાર બન્યો છું. તે પહેલાં પણ હૈયાતી હતી. બતાવનારને પદાર્થની સિધ્ધિ પહેલાં માનવી પડે છે. બનાવનારને અસિધ્ધિ માનવી પડે છે. પહેલાં ન હતું. બનાવનાર કે બનનારને પહેલાં અસિધ્ધિ માનવી પડે. જો અનાદિ કાળ માનો તો અત્યાર સુધી ન બન્યું અને અત્યારે બન્યું તેનું કારણ ? જે દેવો ગુણે કરી પૂજાવવા તૈયાર નથી. જે ગુણના ઉપદેશથી પૂજાવા માનવા તૈયાર નથી. તેવોને બાહ્ય પદાર્થનું અછતું મનાવી પૂજાવવું પડે છે. ગુણનો ઉપદેશ ગુણ આવ્યા પછી અપાય. પોતાનામાં ગુણ આવ્યા નથી તો પોતે ગુણી તરીકે પૂજાવા લાયક બન્યો ક્યાંથી ? તેઓ નથી ગુણી તરીકે, નથી ગુણના ઉપદેશ તરીકે પૂજવા લાયક. તેવાઓ પૂજા કયા પ્રકારે લેવા માંગે છે. નીતિના પ્રવર્તન દ્વારા નીતિમય વર્તન પછી નીતિનું પ્રવર્તાવવું તે દ્વારા પૂજાવાનું બને., પણ જેને નીતિમાં રહેવું નથી તેવાઓ બીજાને નીતિમાં ન પ્રવર્તાવે અને આગેવાન બનવું હોય, તો બળવાખોરના સેનાપતિ બનવા જેવું છે. પોતે વીતરાગ સર્વજ્ઞ સર્વદર્શી

પણામાં નથી આવ્યા. બીજાને માર્ગ પણ દેખાડી શકતા નથી અને તેમને દેવમાં ખપવું છે. હવે શી રીતે ખપવું ? ક્યાં સુધી ખપવું ?

**વીતરાગની શાંત મુદ્રા.**

કલિકાલ સર્વજ્ઞ શ્રીમાન્ હેમચંદ્રાચાર્યજી મહારાજ પણ કહે છે કે જિનેન્દ્ર મુદ્રા તવ શાંતા૦ સામાન્ય નિયમ છે કે નાટક કરનારો ઋધ્ધિ સમૃદ્ધિ ગુણો સાહ્યબી ઠકુરાઈ ન મેળવી શકે, પણ જરૂર ભેખ તો એ જાતનો મેળવશે. ચાળા-ચટકા એ જાતના મેળવશે. નહીંતર નાટકમાં પાર્ટ (PART) ન લઈ શકે. ભેખ અને ચાળા જરૂર મેળવશે. નાટકીયાનો રિવાજ કે આકાર તો મેળવી લ્યે. આકાર મેળવ્યા વગર નાટકનો ભાગ ન લઈ શકે. રાણાપ્રતાપ બને તો મેવાડનો વેષ પહેરે. આબેહૂબ મેવાડી જ લાગે. જેમ નાટક કરનારો વેષ અને આકાર પણ લે છે. તો ધર્મના દેશક બને તો તેમને આત્મામાં વીતરાગપણું ન આવે તો પણ વીતરાગનો આકાર તો લેવો હતો. દરેક આસ્તિકો શ્રોતાનો ઉપદેશ કયો આપે ? ક્રોધાદિક શત્રુ છે. આસ્તિક જગત સત્ય છે. જગત તો દરેકને ફાંસા કે માયારૂપે, કેદખાના કે દાવાનળરૂપે દેખનારા છે. તો ઉપદેશ એ કે સંસારથી દૂર રહેવું જોઈએ.

**ઉપદેશક કેવો હોય ? ત્યાગી.**

ઉપદેશક પોતે દૂર ન રહે તો 'ડાહી સાસરે ન જાય ને ગાંડીને શિખામણ દે.' તેવી વાત થઈ. ત્યાગભાવના પોષનાર ઉપદેશકે પોતે ત્યાગ ભાવનામાં રહેવું જોઈએ. નાટકીયા ત્યાગી અને સાચા ત્યાગીમાં ફરક એટલો છે. પેલો દેખાવ માત્રથી, પરિણતિનું બિન્દુ પણ નથી. સાચાત્યાગીને ત્યાગની પરિણતિ હોય. તે જ ત્યાગી ઉપદેશક બને. જગતને કામ ક્રોધાદિકથી બહાર કાઢવાનું હોય, વળી તેને છ શત્રુના તાબામાં રહેવાનું ન હોય.

દરેક ધર્મોપદેશકે જગતનું અસારપણું જણાવી કામ ક્રોધાદિથી જગતને દૂર રાખવાનું જણાવ્યું છે તો પોતે પ્રથમ દૂર થવું જોઈએ. સંચાલક સ્વતંત્ર બતાવનાર નથી. તે ઓછો હશે તો પણ પાલવશે. તારઓફિસનો તાર લાવનાર એ અંદર ન સમજે - પણ તાર ખોટો ન મનાય. તેમ સર્વજ્ઞ મહારાજે આ ઉપદેશ કહેલો છે, વીતરાગે આ ઉપદેશ કહેલો છે. પોતાના સિક્કાથી નહીં, સર્વજ્ઞની સહીનો ઉપદેશ આપવો છે.

**સર્વજ્ઞનું વચન અને વેશની કિંમત.**

સર્વજ્ઞ વીતરાગ પરમાત્માએ આમ કહ્યું છે. સંચાલક ન્યૂન ગુણવાળો હજું ચાલી શકે, પણ સ્વયંજ્ઞાનથી બતાવવાનો દાવો કરનાર- મેં પોતે માર્ગ લીધો, એનું ફળ મેં મેળવ્યું. તમારે આવવાની જરૂર છે. તે માર્ગે આવશો તો જ ફળ મેળવશો. નાટકીયો અંદરના ગુણ

ન લ્યે તો પણ બહારનો વેષ આકાર ગ્રહણ કર્યા વગર ન રહે. તેમ ધર્મના ઉપદેશકે આત્મા સર્વજ્ઞ ન બન્યો હોય તો પણ વીતરાગતાની દૃષ્ટિ આટલા વખત પૂરતી તો રાખવી જ જોઈએ.

એક નાટકીયો નવાણું જાતના વેશ કરે છે. તે કોઈ ધરમશાળામાં ઉતર્યો છે. ત્યાં સાધુને દેખ્યા. એને થયું : આ વેશ પણ ભજવવા જેવો છે. સાધુ જોડે કેટલાંક દિવસ રહી તમામ સ્થિતિ શીખી લીધી. લૂગડાં, ગોચરી આદિ તમામ ક્રિયા જાણીને જુદો પડી બીજી જગો પર રાજાને ત્યાં ગયો છે. ૯૯ વેશ ભજવ્યા, પણ રાજા દાન નથી આપતો. રાજાને એમ : દાન આપીશ તો બાકીના વેશમાં કારીગરી નહીં આવે તેથી ૯૯ વેશમાં દાન ન આપ્યું. નાટકીયાને થયું લાવ નવો ૧૦૦ મો વેશ ભજવી દઉં. સાધુનો વેષ પહેરી આવ્યો, આપવું હોય તો આપો. પરીક્ષા કરવા માટે ભંડારી દશ હજાર આપવા લાગ્યો. નાટકીયો નથી લેતો. રાજાએ કહ્યું : જુઓ ! દાન માટે આટલા વેશ કર્યા અને આટલા આપીએ ત્યારે ના કહે છે. નાટકીયો મકાને જઈ અસલ વેશ પહેરી આવ્યો. રાજન્ ! હવે લાવો. જો તે વખતે દશ હજાર લઉં તો વેશ લાજે, અર્થાત્ વેશ લે ત્યારે વેશ પ્રમાણે વર્તે છે.

તેમ પરમેશ્વરનો વેશ લેવો હોય ત્યારે શરીર પલ્યંક આકારે. દેખવું હોય ત્યારે આંખ બહાર ફેરવવી પડે- પણ આમને દેખવું નથી તેથી નાસિકા ઉપર દૃષ્ટિ સ્થિર રહી છે. આ વીતરાગપણાનો વેશ છે. આત્માના વીતરાગપણાના ગુણો જુદા. અન્ય મતવાળાથી વેશ પણ રાખી શકાતો નથી. જ્યાં આ સ્થિતિ હોય ત્યાં બતાવનાર બની શકાય નહીં. બતાવનાર બન્યા એટલે પહેલાંની સત્તા સાબિત કરવી પડે. જેને બનાવનાર બનવું હોય તેને અસત્તા સાબિત કરવી પડે.

### જગત અને જીવ અનાદિથી છે.

હવે જગતનું અનાદિપણું બતાવનારને અનાદિપણું સમજાવવું જોઈએ. સ્થાવર જંગમ મીલકત કહે પણ સ્થાવર જંગમ જીવો એ જ જગત છે તો પછી તેની અનાદિતા સાબિત કરવી પડે. શાસ્ત્રકારના હિસાબે જૈન બચ્ચુ હોય. ગળથુંથી બચ્ચાને દેવાય તેમ બચ્ચાંને ગળથુંથી દેવી હોય તો ત્રણ વસ્તુ મેળવી દેજો. इह खलु अणाइ जीवे अणाइ कम्म संजोग० અનાદિકાળથી કર્મનો સંયોગ તેને અંગે આ બનેલું છે. આ ત્રણ વસ્તુ ગળથુંથીમાં જૈન બાળકને આપવી. હવે એક જ વસ્તુ રહે છે : અનાદિ માનતા કેટલાકને આંચકો આવશે. સંસારનું, જગતનું, જીવનું, ભવનું કે કર્મનું અનાદિપણું માનવું તેમાં હરકત આવશે. તારું નામ શું ? હું મૂંગો છું. મૂંગો હોય તો મૂંગો બોલે નહીં. તેમ દૃષ્ટિ અટકી તો અનાદિ બોલી શકે નહીં. દૃષ્ટિ આગળ ચાલી જાય તે દૃષ્ટિ કહી શકે. સાદિ કહેવાવાળાની દૃષ્ટિ અટકી કે અનાદિ કહેનારની દૃષ્ટિ અટકી ? મૂંગો કોણ ? દૃષ્ટિ અટકી

હોય તે અનાદિ કહી શકે નહીં. અટકી તે સાદિ કહે. સૈદ્ધાંતિક વાતમાં આવીએ ત્યારે અન્યને સંસારનું અનાદિપણું માનવું પડે.

## સંસારનું અનાદિપણું

ઉત્પદ્યતે. સંસારનું અનાદિપણું યુક્તિથી ઘટે છે. શ્રુતિમાં પણ જણાય છે. બીજાંકુર (બીજ-અંકુર) ન્યાયે સંસાર અનાદિ છે. બીજાંકુરમાં પ્રથમ કોણ ? તે કહી શકીએ નહીં. કારણ ઘટતું નથી. બીજ કહીએ તો અંકુર બીજ વગર શી રીતે થયું ? બીજ પ્રથમ કહેવું તે યુક્તિ રહિત છે. તેથી અનાદિ કહેવું જ પડે. આ તો અનવસ્થા આવી ના; એનું એ બીજ એનો એ અંકુર હતે તો અનવસ્થા હતે, પણ અન્ય અંકુર અન્ય બીજ લેવાથી અનવસ્થા આવતી નથી. કાર્યભૂત બીજ તે અન્ય અંકુર માટે કાર્યભૂત બીજ નથી. બીજાંકુર ન્યાયે સંસાર અનાદિ છે. નહીંતર વગર અંકુરે વગર બીજે અંકુરો માનવો પડે.

પહેલાના જન્મો પ્રત્યક્ષ ન હોય પણ આ જન્મ તો પ્રત્યક્ષ છે ને ? આ જન્મ કર્મ વગર નથી, તો જન્મ-કર્મ અનાદિ નથી પરંપરા છે. પહેલા જન્મવા માંગીએ તો કર્મ વગર જન્મ માનવો પડે. વગર કર્મ માનવા પડે. જન્મ કર્મની પરંપરા અનાદિની છે તો પછી નાશ શક્ય છે કે નહીં ? જીવને આ જ્ઞાન થવું મુશ્કેલ છે. अणाइ जीवे નાના બચ્ચાંઓમાં દેખીએ છીએ કે પોતે કઈ આબરૂવાળો યા તેને ઋધ્ધિની કોઈ જાતની ગતાગમ હોતી નથી. તેમ જીવ અનાદિનો છતાં તેને ગતાગમ નથી. પોતાની સ્થિતિનો બાળકને ખ્યાલ નથી. તેમ આ જીવને પોતાને પોતાનો ખ્યાલ નથી. આપણા શરીરમાં થયેલા રોગને આપણે જાણતા નથી. પીડાને જાણીએ છીએ. શરીર જે ચામડીવાળું છે-એમાં થતાં રોગો તેનો ખ્યાલ આપણને નથી આવતો. આપણી જઠર ખોરાક દ્વારા સાત ધાતુ ઊભી કરે છે પણ કઈ નસ, કયું આતરડું, કંઈ જગો પર છે ? તેનો આપણને ખ્યાલ નથી આવતો. નાસ્તિક પણ શરીરમાં હું નથી એમ કહી શકે નહીં. તો શરીરની હકીકત તો બોલ. વેદના થાય ત્યારે ખ્યાલ આવે કે મારો જીવ અહીં છે. વસ્તુને નથી સમજતા વેદનામાત્ર સમજે છે. છાતીમાં દુઃખ થાય તે સમજે પણ છાતીના પાટીયા કેમ છે તે ન સમજે. મનુષ્ય સમજું, વેદના સમજે, પણ વસ્તુને નથી સમજતો. જગતમાં દુઃખની સમજણ છે. પણ દુઃખના કારણભૂત કર્મોની સમજ નથી. દુઃખ કેમ થયું-તેની સમજણ નથી થયેલી. વેદના માટે વૈદ્ય-દાક્તરને પૂછવું પડે છે. તેમાં આપણું ડહાપણ ન ચાલે. તબિયતની બાબતમાં એ જ જાણકાર છે. આપણે જાણકાર નથી- એ નક્કી થવાથી તબિયતને અંગે એ જે બતાવે તે ધ્યાનમાં લઈએ છીએ. કરમને લીધે દુઃખી થઈએ તે દુઃખ જાણ્યું- પણ દરદ ન જાણ્યું. તેમ આત્માને અંગે જે દુઃખ જાણીએ પણ તેના હેતુ ભૂત કર્મને નથી જાણતા.

## આત્માના દુઃખ માટે કર્મની જાણકારી સમજવી.

જેમ વૈદ્ય દાક્તર શારીરિક પ્રકારો જણાવે છે તેમ આત્માની વિદ્યામાં પારાંગત થયેલા હોય તેજ કર્મનું ઔષધ બતાવે, તે સિવાય કર્મનું ઔષધ કોઈ ન બતાવે. દુઃખને લીધે વિકાર માનવો જ પડે. વિકાર થયા વગર દુઃખ વેદના થાય નહીં. તેમ આત્માને દુઃખ ભોગવવાનો વખત આત્મામાં વિકાર થયા વગર હોય નહીં. હવે વિકાર કયો થયો છે તે એના જાણકાર જ કહી શકે. શરીરમાં વાત-પિત્ત-કફ વધ્યો તે જેમ દાક્તર કહી શકે તેમ આના કારણભૂત કર્મ કોણે ક્યારે બાંધ્યું ? તે સર્વજ્ઞ વીતરાગ જ કહી શકે. સર્વજ્ઞ વગર કોઈ કહી શકે નહીં. વીતરાગ વગર ભરોસો ન રહે. ફેંસલો દેવાનો હક કોને ? વાદીનો પક્ષકાર કે દ્વેષી ન હોય તેજ ન્યાય ચૂકવી શકે. ત્રણે જગતનો એક સરખો ન્યાય ચૂકવવો હોય તો ન્યાય પ્રામાણિક જોઈએ, રાગદ્વેષ હોય તે ન પાલવે. સર્વથી નિરાલાપણું જોઈએ. તેને ત્રણ જગતમાં કોઈ સાથે સંબંધ ન હોય, પોતાપણાની એકે વસ્તુ ન હોય તે કર્મ વસ્તુ બતાવી શકે.

## આત્માની સ્થિતિ કર્માધીન છે.

કર્મ ફળ દે છે. કર્મ દેખાતા નથી. ફળ દેખીએ છીએ. બચપણમાં કેટલાક ઉપરથી પડે છે. હાડકાને નુકસાન થાય છે. તે વખતે દવાથી આરામ થાય છે. જુવાનીમાં નિશાની પણ માલુમ પડતી નથી. પણ ઘડપણમાં તે જગોએ કળે છે, વૈદ્ય દાક્તરને પૂછે છે : સોજા ન હોય ત્યારે વૈદ્યો કહે છે કે બાળપણમાં વાગ્યું હશે. જુવાનીના લોહીમાં જોર હતું. જોર ચાલ્યું ત્યાં સુધી વાયુથી ઉત્પાત કરી શકાયો નહીં. જુવાનીનું જોમ ખસ્યું ત્યાં ઉત્પાત શરું. અહીં પણ પહેલાં ભવમાં પાપો કર્યા હતા. તે પહેલાં ભવમાં બાંધેલા પાપ પુન્યોનું જોર ચાલતું હતું તેથી પાપનું જોર પુન્યની જોમમાં ન ચાલ્યું. જુવાનીનું જોમ જાય ત્યારે માલુમ પડે. તેમ અહીં પહેલા ભવમાં બાંધેલાં પુન્યના પ્રભાવની મોજ અત્યારે ભોગવીએ છીએ. તે પ્રભાવ જાગતો છે. પણ પુન્યનો પ્રભાવ પાતળો પડ્યો તે વખતે જુવાનીનું જોમ જાય એટલે બાળપણમાં વાગેલાનું દુઃખ ખડું થાય. તેમ પહેલાં ભવમાં બાંધેલા કર્મની જવાબદારી અહીં લેવામાં આવશે.

રાજા મહારાજાના ગુના જમે થઈ સજા કરે છે. ઇંદોરનું દેખ્યું ને ? પુન્યની પાટે ચડેલા છીએ. અત્યારે જયારે પાપો કરીએ છીએ ત્યારે મને કોણ પૂછનાર છે ? મારા આડું કોઈ આવનાર નથી. નિરંકુશ રાજસત્તા મને માને તેમ કરે- તેમ આપણે ધર્મથી નિરંકુશ સંસારમાં શરીરને અંગે નિરંકુશ રાજસત્તા મેળવી છે. શું કરવું ? લાયક છે કે નહીં ? તે વિચારતા નથી. પણ નિરંકુશપણે કરેલા કાર્યોની જવાબદારી સામટી નિકળશે. માટે શાણો

હોય તો પહેલા સમજ. આ ભવમાં જે પુણ્ય ભોગવીએ છીએ તે પાછળનું ભોગવીએ છીએ. જઠર કોને પચાવે છે ? જુનાને. અહીંથી ઉતરે તેવું આંતરડામાં જઈ પચવા નથી માંડતું. ખોરાક લીધા પછી પરિણામ ત્રણ કલાકે પામીએ છીએ. પહેલાં વાયડો પદાર્થ ખાધો છે. અત્યારે ચાહે તે ખાઈએ, તો પરિણામ ગયા ભવના કર્મોનું. અત્યારનું પરિણામ આગલા ભવમાં. તેલ ખાધા સાથે ચીકટ ન હોય. આહારને અંગે પરિણામે ગુણ દોષ હોય. તેમ કર્મ સાથે સુખ-દુઃખ થાય. કર્મ અને પરિણામની પરંપરા અનાદિ માનવી પડે. યુક્તિથી બીજાંકુર ન્યાયે અનાદિપણું ઘટે છે.

**તર્કથી સત્ય વિચાર ગ્રહણ કરવો.**

યઃ તર્કેણ૦ તર્કની પાછળ ધર્મિષ્ઠોએ ચાલવાનું નથી, શાસ્ત્રની પાછળ ચાલવાનું છે. માટે શાસ્ત્રની પાછળ તર્કને મેલવો જોઈએ. પણ તર્ક શાસ્ત્રાનુસારી છે કે સ્વતંત્ર છે ? સ્વતંત્ર તર્ક તમામ બાહ્ય પદાર્થોથી ઉત્પન્ન થયા છે. બાહ્ય પદાર્થની તર્કથી યુક્તિ અભ્યંતરમાં લગાડવી એ પાલવે નહીં. માટે શાસ્ત્રાનુસારી તર્ક હોવો જોઈએ. એટલે સ્મૃતિ, શ્રુતિમાં સંસારનું અનાદિપણું દખાય છે. ઉત્પદ્યતે એટલું ન કહ્યું. સાથે ઉપલભ્યતે (શ્રી બ્રહ્મસૂત્ર અધ્યાય૦૧, પાદ-૧, અધિ.૧૨, સૂ ૩૬ માં) પણ કહ્યું. આ જીવાત્મા-સંસારી આત્મા વેદ નિત્ય માન્યા તેથી આ જીવાત્મા નિત્ય માન્યો. વેદ નિત્ય હોવાના માની જીવાત્મા નિત્ય માન્યા તેથી અનાદિથી બંધાયેલો છે. કર્મથી નિત્યાત્મા છે.

વિધાતાએ સૂર્ય-ચંદ્ર જેવા પહેલા હતા તેવા બનાવ્યા. શું થયું- જ્યારે બનાવ્યા ત્યારે પહેલાના જેવા બનાવ્યા ? તો અનાદિ સિધ્ધપણું બીજા ધર્મોથી પણ સાબિત થયું. બંને અનાદિપણું માનો છો. ફરક કયો ? બીજાએ માનેલું અનાદિપણું પહેલાંની અવસ્થા પલટી સર્ગ પલયની પરંપરાએ અનાદિપણું માને છે. અહીં તેમ નથી. જીવને અંગે સર્ગ પ્રલયપણું ભવ કે જીવના સુખદુઃખને અંગે છે, નવો સર્ગ પ્રલય નથી. તે વગર સતત અનાદિપણું મનાય છે. એટલે પૂર્વની સિધ્ધિ રહે નહીં. પહેલાની હૈયાતી હોવાથી બતાવનાર રહેવાના. જિનેશ્વરોએ કહેલું તત્ત્વ, સુખ દુઃખ દેનારો કહેલો ધર્મ, કેવળી મહારાજે કહેલા ધર્મનું શરણ બતાવનારપણું આ બધું હોવાથી સર્ગ પ્રલય વગર સતત કર્મ જીવનું અનાદિપણું બતાવી શકે છે.

આ જીવને કર્મ અનાદિથી માનવા પડે છે. તો કર્મનું કારણ અનાદિનું માનવું પડશે. ચીજ થયેલી હોય ત્યારે કારણ હોવું જોઈએ. હવે એવું કયું કારણ ? તે માટે અવિરતિ, પચ્ચક્ખાણ ન કરવા, પ્રતિજ્ઞા ન કરવી તે પાપનું કારણ. એટલા માટે પચ્ચક્ખાણના પ્રકાર કેટલા તે અધિકાર અગ્રેવર્તમાન.

# વ્યાખ્યાન - ૧૧

द्रव्यतो भावतश्चेति प्रत्याख्यानं द्विधा मतं । अपेक्षादिकृतं ह्याद्यमतोऽन्यत् चरमं मतम् ॥

### ધર્મનું સ્વરૂપ આદિ-અનાદિ.

શાસ્ત્રકાર મહારાજા ભગવાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે અષ્ટકજી પ્રકરણ રચતા થકાં આગળ દેવાદિકના સ્વરૂપને અંગે સામાન્ય રીતે પોત-પોતાના ધર્મને પ્રવર્તાવનાર દેવ તરીકે મનાય છે. દેખાડનાર તરીકે દેવ માત્ર જૈનોજ માને છે. જૈનોએ પરમેશ્વરને ધર્મના બનાવનાર તરીકે નહીં, પણ બતાવનાર તરીકે માન્યા છે. તે અંગે નક્કી કર્યું છે કે બનાવનારને અનાદિ કર્યું પાલવતું નથી. उत्पद्यते उपलभ्यते च એ સૂત્રથી જગતનું યુક્તિથી અને શાસ્ત્રથી જગતનું અનાદિપણું બીજાંકુર ન્યાયે અનાદિત્વ સાબિત કર્યું છે. તેમ તે લોકોએ પણ અનાદિપણું માન્યું છે. તો તેમાં અને જૈન દર્શનમાં ફરક કયો ? વેદાંત દર્શન પણ જગતને અનાદિ માને છે. અને જૈનો પણ અનાદિ માને છે. તો બેમાં ફરક કયો ? બીજાઓ અનાદિ માને તે સર્ગપ્રલય-નવી બનાવટ અને નાશ એમ અનાદિકાળથી ચાલેલી પ્રવૃત્તિ છે. માટે અનાદિ માને છે. જૈન શાસ્ત્રકાર તેમ માનતા નથી. સૂર્યનો ઉદય, આથમે, ઉદય થાય, આથમે એમ ઉદયઅસ્તને અંગે થતો કાળ અનાદિ કહી શકીએ.

આ વાત બીજી બાજુ પણ સમજાય તેવી છે. કર્મ આદિવાળું છે. કોઈપણ મતથી કોઈપણ ધર્મે કર્મ બંધાય ત્યારે આદિ ખરી કે નહીં ? અનાદિનું એક જ બાંધેલું કર્મ ચાલ્યા કરે છે તેમ નથી. કર્મ બંધાય છે ભોગવાય છે. અર્થાત્ કર્મ બંધાયેલી ચીજ છે. તેવી ચીજ હોય તો આદિવાળી ચીજ થઈ, બંધની અપેક્ષાએ આદિવાળી થઈ તો અનાદિ કેમ મનાય ? તમે કર્મનો બંધ આદિમાં માનો છો. જીવે જ્યારે ત્યારે પણ કરેલો બંધ છે. ક્યારથી ? તો અનાદિથી. આમ આદિ માનો છો તો ફરી અનાદિ પણ માનો છો ! અનાદિવાળા માનો તો આદિવાળા ન માનો. બંધની આદિ માનો છો તો અનાદિ નહીં ઠરે.

### કહેવતથી અનાદિની સાબિતી.

એક એ સો નહીં ને સો એ એક નહીં. પણ છતાં સો વખતે એક કરીએ તો સો થાય.

ખરી સંખ્યા એક. પરાર્ધની સંખ્યા હોય, પણ ખરી માતા એક. સો એક એક - એનું નામ સો. એક એ સો નથી, પણ સો વખત એક્કા - એજ સો (૧૦૦ વખત). તેમ બંધ આદિવાળો, પણ અનાદિથી આદિવાળો થતો આવ્યો તેથી અનાદિ. કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ટકનારી ૭૦ કોડા કોડ સાગરોપમની સ્થિતિ. તેથી વધારે દળીયું આત્મામાં ન હોય. પાપકર્મ બાંધે તેના પુદ્ગલો ૭૦ કોડાકોડી સાગરોપમથી વધારે વખત ન ટકે. એક સમય પણ વધારે પાપ ન રહે. ચાહે અભવ્ય મિથ્યાદષ્ટિ કે ગોશાળા સરખો ક્રૂર કર્મી હોય, પણ ૭૦ કોડાકોડ સાગરોપમ કર્મ, પણ તે અનાદિથી બંધાતું આવ્યું છે. માટે અનાદિ સૂર્ય ઉદય થાય એટલે દિવસની શરૂઆત, અસ્ત થાય તે દિવસનો અંત. પણ દિવસોની આદિ કઈ? દરેક દિવસની આદિ અને અંત છે. પણ દિવસોની આદિ અંત ક્યાં ? હવે જેઓ સૃષ્ટિને કરેલી માનવાના અથવા જેઓ સૃષ્ટિમાં પ્રલય માનવાના તેઓ કહે છે કે સૃષ્ટિ કરી ત્યારે દિવસની શરૂઆત થઈ. પ્રલય વખતે અંત. પછી રાત્રિમાં શું કરશે ? દિવસની આદિ અંત માનવા અસંભવિત છે. એક એક રાત્રિ દિવસ બે નહોતો કર્યો. ત્યારે રાત્રિ પહેલેથી હતી જ. સર્ગની આદિમાં રાત્રિ સર્ગને છેડે તેનો છેડો. રાત્રિઓનો છેડો ક્યાં ? રાત્રિઓની આદિ ક્યાં ? એક એક રાત્રિ આદિવાળી અંતવાળી છતાં રાત્રિઓનો છેડો નથી.

સમુદાયની આદિ અંત હોતા નથી. તેમ કર્મ : એક એક બંધાતું કર્મ આદિવાળું અંતવાળું હોય પણ કર્મોની આદિ ક્યાં ? એક એક કર્મની આદિ અંત, પણ કર્મોનો છેડો શરૂઆત ક્યાં ? એક વાત થઈ.

### શું ઇશ્વરે સર્ગ કરી કર્મનો ભોગવટો શરુ કરાવ્યો ?

હવે સવાલ રહ્યો કે જેઓ સર્ગ પ્રલય માને છે તેઓને સર્ગ પ્રલય વચ્ચે જીવને કર્મ બંધ હતો કે નહીં ? કે મુક્ત હતા ? જો જીવો વચમાં કર્મવાળા હતા તો છતે કર્મે ઉદયમાં ન આવવાનું કારણ શું ? એ કર્મો પહેલી સૃષ્ટિના કર્મો પ્રલય અને સર્ગ વચ્ચે ફળ દેતાં ન હતા તેમ માનવું પડશે. જો જીવોમાં હતા તો પ્રલય સર્ગ વચ્ચે કર્મ પોતાનો પ્રભાવ દેખાડતા ન હતા ને ? ઈશ્વરે સર્ગ પ્રલય કર્યા તો કર્મ ભોગવવા પડે છે. જો સર્ગ ન કરે તો કર્મો ભોગવવા ન પડે. પ્રલયકાળ પહેલાં જે જીવો હતા તે કર્મો બાંધતા હતા તે કર્મોનું શું થયું ? પ્રલય થયો એટલે ભોગવવા નથી. વચલા કાળમાં ભોગવવાનું મુલતવી રહ્યું હતું તે સર્ગ કરી ઈશ્વરે ભોગવટો કરાવ્યો.

### કર્મવાદમાં ઇચ્છા શક્તિમાં

કર્મને ઈશ્વર મુલતવી રાખી શકે છે તો જેના કર્મો મુલતવી ન રાખે તેના ઉપર ખફામરજી (નાખુશી) છે એમ માનવું પડે. જીવોનાં કર્મો મુલતવી ન રાખે તો ઈશ્વરના ઉપગારની ખામી છે. ઈશ્વર કર્મના ફળને મુલતવી રાખી શકે તેવો છે છતાં જગતના જીવોનાં કર્મોના ફળોને મુલતવી રાખતો નથી. કર્મમાં તાકાત નથી કે સ્વયં ઉદય આવી જાય. કર્મમાં ફળ દેવાની તાકાત નથી, ઈશ્વરની તાકાત હોય તો કર્મ ઉદયમાં લાવે.

જૈનો ઈશ્વરના કરેલા સર્ગ પ્રલયને માનતા નથી. વધઘટ થયા કરે, પણ સર્વથા મનુષ્યો, જાનવર વગેરે હતા જ નહીં અને ઉત્પન્ન થઈ ગયા- તેમ જૈનો માનતા નથી.

### જૈનો અને અન્ય દર્શનોની માન્યતા.

જૈનો સર્ગ પ્રલયનું તોફાન માનતા નથી. નવી બનાવી એટલે બનાવવાનું રહ્યું. સર્ગ પ્રલય ન માને તેને જૂનું માનવું પડે. તેથી જૈનોને બતાવવાનું માનવું પડે. બતાવવાનું નવેસરથી ખરું, પણ ઉત્પન્ન થવાનું નવેસરથી નહીં. તે ચાલ્યું આવે છે. તીર્થંકર મહારાજાના જન્મ પહેલાં તેમના પિતાઓ વડવાઓ જેટલી હિંસા કરે તેટલા પાપકર્મ થતાં જ હતા. વિરતિ કરી તેટલો લાભ થતો જ હતો. હીરો કાંકરો કાંટા પડેલા હોય તે દીવો બતાવી આપે છે. પણ બનાવતો નથી. તો એ બતાવવાનું કોણ માને ? જે પહેલાં હૈયાત માને તે. પુણ્ય પાપની હૈયાતી પહેલેથી હતી. પહેલાં પુન્ય પાપ ન હતું તેવું કહેનારાને પહેલાની હૈયાતી માનવાની હોય નહીં. બીજાઓ અનાદિ માને છે અને જૈનો પણ અનાદિ માને છે. આ બેમાં આટલો બધો ફરક છે. सूर्याचंद्रमसौ धाताः यथापूर्वमकल्प्यत् (ઋગ્વેદ સંહિતા. ૧૦-૧૯૦-૩) પહેલા બનાવ્યા હતા તેવા સૂર્યચંદ્ર વિધાતાએ બનાવ્યા. પ્રલય સર્ગ માનનારે સૂર્યચંદ્ર બનાવ્યા માનવા પડે. જૈનો અનાદિ માને છે તે બતાવનાર તરીકે. બનાવવું અને નાશ કરવું ? આ કેવું ? જૈનો અનાદિ માન્યું તે રીતે તેમને અનાદિ માનવામાં અડચણ શી ? કાં તો ગુણવાન પૂજાય, કાં તો ગુણવાન થવાનો માર્ગ બતાવી પૂજાય, પણ ગુણવાન થવાનો માર્ગ બતાવનારે પ્રથમ તે માર્ગ લેવો પડે. પોતાને મોક્ષ માર્ગ લેવો નથી, લીધો નથી, સર્વજ્ઞતા વીતરાગતા મેળવી નથી. હવે બતાવનાર બને શી રીતે ?

### ઉપદેશ કોણ આપી શકે ?

પોતાનામાં ગુણનો દરિયો દાખલ કર્યો નથી, બીજાને ગુણ દેખાડ્યા નથી. તે ઉપદેશની લાઇન લઈ શકે નહીં ? દેવાળીયા પાસે કોઈ સલાહ લેવા જાય તો ? અગર લૂગડા વેચી દેવું આપનાર શી સલાહ આપે ? તારા લેણદારો તારા મુરબ્બી છે. હોય તેટલું

દે અને પગે લાગ. જેવી પોતાની સ્થિતિ સારી ગણી હતી તેની સલાહ દે. શાહુકારો આપવાની સલાહ આપે, દેવાળીયા દેવાળાની સલાહ આપે. તેમ આત્મા બચાવવા માટે જેમણે બાહ્ય મિલકત કુટુંબ શરીરનો ભોગ નથી આપ્યો તેવા મનુષ્યો મિલકત કુટુંબ શરીરનો ભોગ આપી આત્માનું કલ્યાણ કરવાની સલાહ શી રીતે આપે ? પોતે ભોગ દઈ દઢ રહી જેણે મિલકત કુટુંબ શરીરનો ભોગ આપ્યો હોય તે કહી શકે કે મિલકત ફસાવનારી, કુટુંબ બેડી, શરીર પાંજરું. એટલે કે મિલકત ફાંસો, કુટુંબ બેડી, શરીર પાંજરૂ કોણ આવું કહી શકે ? જેણે તે તોડી નાંખ્યા હોય, અંતઃકરણથી તેવા ગણ્યા હોય, તે જ તે રૂપે કહી શકે. છોડનાર છોડવાનો ઉપદેશ આપી શકે. સજ્જને ઇજારો રાખી એ શબ્દો સાચવ્યા છે અને દુર્જનના સ્વભાવે તેને ધક્કો માર્યો છે.

### પુદ્ગલાનંદી આત્મા કેવો હોય ?

જેઓ પુદ્ગલાનંદી ઇન્દ્રિયારંભી હોય તેવાના મોઢામાં તે શબ્દો ન હોય. દુર્જનના મુખમાં સારા શબ્દો ન હોય. ભલે સારા શબ્દનો ઇજારો સજ્જને લીધો નથી છતાં જે પુદ્ગલાનંદી થયેલા છે તેના મોઢામાંથી સારા શબ્દો નીકળે નહીં. માટે બતાવનાર તરીકે પરમેશ્વર બની શકે નહીં. સારી શિખામણ આપી સજ્જન ક્યારે બને ? દુર્જનના સ્વભાવે સારી શિખામણને સરકાવી દે તેથી દુર્જન પાસેથી સારી શિખામણ નીકળે નહીં. તેના મોઢે આત્માના ગુણોને ખીલવનારી વાણી નિકળે જ નહીં. ન નીકળે તો બતાવનાર ક્યાંથી બને ? મોટા તો બનવું છે, પણ શું કરવું. ઘરે રૂપિયાના નાણાં ન પહોંચે તો ઢબુની કોથળીઓ ભરે. દેખાવમાં તો ભરેલું દેખાય. એમ બતાવનાર ન બની શકે, આત્માના ગુણવાળા તે ગુણ પામવાનો રસ્તો ન દેખી શકે તો શું કરવું ? જગતને પાણી વાયુ વનસ્પતિ હું દઉં છું. આ દેવાના નામે મોટાઈ કરી. આ બધું મારું છે. વિચારો ! જ્યારે પરમશ્વરે પૃથ્વી આપી, પાણી આપ્યું તો તે પહેલાં ક્યાં રહેતો હતો ? ત્યાં મુંઝાવું પડે. શું એને પૃથ્વી પાણી હવાદિકની જરૂર પડતી નથી ? જો શરીર હતું તો પાંચેની જરૂર પડે જ. પણ બતાવનાર ન બની શક્યા તો બનાવનાર બન્યા તેથી આદિ માનવી પડે.

### ધર્મના નિયમો-કાયદાનો સંદર્ભ સમજવો જોઈએ. ભગવાન ઉપદેશ ક્યારે આપે છે ?

પોતે જ કાયદા બહાર છે. પરમેશ્વર જગત માટે કાયદો કરે ને પોતે કાયદા બહાર. બનાવનનારને પોતાને પ્રથમ કાયદામાં રહેવું પડે. દરખાસ્ત લાવનારને અનુભવ બહોળો લેવો પડે છે. આમ બને છે માટે આ કાયદો રજૂ કરું છું. વર્ષો પહેલાથી અનુભવ લેવો પડે છે. ફળનો રસ્તો નિશ્ચિત કરનાર સેંકડો વખત વસ્તુનો અખતરો કરી વસ્તુ સિધ્ધ કરે.

પછી મીટીંગ મેળવી રજૂ કરાય. બતાવનાર તીર્થંકરે મોક્ષમાર્ગ અખત્યાર કર્યો. કેવળજ્ઞાન-દર્શન મેળવ્યું. ચાહે જે દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ હોય તો પણ આ સિવાય આ થવાનું નહીં. સમ્યગ્દર્શન સહિત ચારિત્ર સિવાય મોક્ષ થાય નહીં. અને સમ્યગ્દર્શન-ચારિત્ર થાય તો મોક્ષ થયા વગર રહે નહીં. પોતાનું કૈવલ્ય હાજર જ છે. જો મેં આ કર્યું એનું આ ફળ. અખતરો ફળીભૂત થાય ત્યારે જ મીટીંગ ભરી અખતરો જણાવાય. તીર્થંકર ભગવાન જન્મ ગર્ભથી ત્રણજ્ઞાન ને દીક્ષાથી ચાર જ્ઞાનવાળા, છતાં વરસોનાં વરસો જાય તો પણ ઉપદેશ કેમ ન કરે ? ભગવાન મહાવીર મહારાજાને સાડી બાર વરસ ગયા છતાં તેમણે ધર્મોપદેશ ન કર્યો. અખતરો નક્કી ન થાય ત્યાં સુધી તેને સભામાં મેલાય નહીં. અખતરાને ફળીભૂત કરી જ બતાવે તે વિશ્વાસ વચને પણ ન આવે. ત્રિલોકના નાથ તીર્થંકર ભગવાન સમ્યગ્દર્શનાદિ આદરે. ફળરૂપે કેવળ મળ્યું. પછી ઉપદેશ કરે. શ્રી દશવૈકાલિકની પહેલી ગાથા તેઓને સમજવાનો હક છે -જે આ વાત સ્વીકારે.

### દશવૈકાલિકની પહેલી ગાથાનો માર્મિક અર્થ.

તમને ધર્મ મોક્ષ માટે કે આત્માના કલ્યાણ માટે ? કર્મક્ષય અને સંવર માટે કરાવો છો કે દેવતાને નમસ્કાર માટે કરાવો છે. મોક્ષ, નિર્જરા કે સંવર પ્રયોજન ન જણાવ્યું, પણ ધર્મનું ફળ શું જણાવ્યું ? દેવતાઓ પણ નમસ્કાર કરે છે. આ ફળ જણાવ્યું. ધર્મ એટલો પ્રભાવિક છે કે મિથ્યાદૃષ્ટિ અંતર્મુહૂર્તમાં મોક્ષ પામી જાય. ન પાપનો નાશ ફળ બતાવ્યું, ન બીજા ફળ બતાવ્યા. ફળ માત્ર : 'તે દેવતા નમસ્કાર કરે છે.'. તેવા ધરમનું ફળ દેવતાના નમસ્કારમાં બતાવે તેનો અર્થ શો ? આ વાત મૂળ પગરણમાં લઈ જાવ. ભગવાન મહાવીર મહારાજા પછી થોડા જ કાળે પૂજ્યપાદ આચાર્ય શય્યંભવ સૂરિ થયા. તે વખતનો મહાવીરનો ઇતિહાસ જગ જાહેર હતો. શ્રી મહાવીર મહારાજા, ગણધરો દેવતાને પૂજ્ય કેમ થયા ? ભવાંતરોથી, અનેક ભવોથી જેમનું મન ધર્મમાં હતું. सयामणो-सदामणो હંમેશા જેનું મન ધર્મમાં હોય તેને દેવતા નમે છે-પૂજે છે. અનેક ભવોની વાસના જેની ધર્મમય હોય તેવા પુરુષો દેવતાને નમનીય છે. જ્યારે અખતરાનું ફળ બતાવ્યું ત્યારે મહાવીર મહારાજાને દેવતાઓ નમસ્કાર કરે છે. કેમ ? જે મહાવીર મહારાજનું મન અનેક ભવથી ધર્મમાં હતું. દૃષ્ટાંતમાં વાદી પ્રતિવાદી વાંધો ન લઈ શકે. મહાવીર મહારાજાએ સમ્યગ્દર્શન આદિ આદરી ફળ મેળવ્યું. દેવતાઓ પણ પૂજવા લાગ્યા. તેથી આચાર્ય ભગવાન શ્રી શય્યંભવ સૂરિએ જણાવ્યું કે સિધ્ધ વસ્તુને પ્રતિપાદન કરવી. શોધ તરીકે નક્કી થાય તેજ જગતમાં જણાવાય. પોતાની પેઠે. 'મારી પેઠે' એમ કોણ કહી શકે ? પોતે અખતરો કરી વસ્તુ સિધ્ધ કરે પછી સભામાં અખતરો જણાવે. પહેલાં દાખલા તરીકે હોય.

આથી બતાવનારને પહેલાં અખતરાઓ કરવા પડે છે. તે ફળીભૂત થાય ત્યારે બતાવવાનું કરી શકે.

## કિંમત કોની ? વસ્તુ કે મનુષ્યની ?

જૈન દર્શનના પરમેશ્વરને એ બતાવવાનો હક રહી શકે છે. બતાવનાર અનાદિ શબ્દ વાપરી શકે. એમણે એવું શું બતાવ્યું જેથી આટલો ઉપગાર માનીએ ? જંગલમાં તડકો પડે છે. પેટમાં લ્હાઈ ચાલે છે. મૂર્ચ્છા ખાધી ઝાડ નીચે પડ્યો. ત્યાં કોઈ એક લોટી પાણી ને કટકો રોટલો આપે તો ? ગામમાં એક પૈસે બેડું મોંઘું ગણો તો લોટી પાણીની કિંમત કેટલી ? વસ્તુ એ તે ચીજની કિંમત નથી પણ જીવનની કિંમતે તપાસીએ તો લોટી પાણી એ જ આપણું જીવન. લોટી પાણી ન હતે તો ઉપર ગયા હોત.

આપણા જીવનની કિંમત જેટલી જ કિંમત લોટી પાણીની. આપણને સમ્યગ્દર્શનાદિ મલ્યા તે જિનેશ્વર મહારાજના વચનના પ્રતાપે છે. જેને સમ્યક્ત્વાદિની કે ભવભ્રમણની કિંમત નથી તેને જિનેશ્વરના વચનના કિંમત નથી. અહીં પણ મોક્ષની કિંમત છે. ભવથી બચવાને જે ઇચ્છા કરે તેને જિનેશ્વરની કિંમત છે. ભવથી બચવાનું શાથી ? જીવ અવિરતિથી કર્મ બાંધી રહ્યો છે. હવે એથી બચવું. જેને એની કિંમત હોય તેને જિનેશ્વરના શાસનની અને ધર્મની કિંમત છે. તો અવિરતિ કેમ રોકાય ? તે શાથી રોકાય ? પચ્ચક્ખાણથી રોકાય. તેના પ્રકાર કયા ? તે અધિકાર અગ્રે વર્તમાન.

**હે વીતરાગ ! તમારી શ્રુતિઓ-આગમનાં વચનો શ્રદ્ધાથી ગમ્ય-જાણવા યોગ્ય છે અને નયવાદો બુદ્ધિમાન્ પુરુષોથી જાણી શકાય તેવા છે, પરંતુ તમારી મૂર્તિ તો બાળકને પણ સારી રીતે બોધ કરનારી છે.**

# વ્યાખ્યાન - ૧૨

**द्रव्यतो भावतश्चेति प्रत्याख्यानं द्विधा मतं । अपेक्षादिकृतं ह्याद्यमतोऽन्यत् चरमं मतम् ॥**

## આત્માને અનાદિથી લાગેલાં કર્મો.

શાસ્ત્રકાર મહારાજા ભગવાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે અષ્ટકજી નામના પ્રકરણને રચતા થકાં આગળ દેવ વગેરેનું સ્વરૂપ જણાવી ગયા. સર્વ આસ્તિક મતવાળા પોતે પોતાના દેવોને માને છે. પણ બીજા મતવાળાઓ પોતાના દેવને મતના પ્રવર્તક તરીકે માને છે. કેમકે તેમને જગત અનાદિનું માનવું નથી. કથંચિત્ અનાદિ માને તો સર્ગ પ્રલય માની અનાદિ માનવું છે. એટલે ધર્મની અવસ્થિતિ તેમને કબૂલ થઈ શકતી નથી. હંમશા ધર્મ રહેવાનો એ તેમને કબૂલ ન હોવાથી તેમને ધર્મની શરૂઆત માનવી પડે છે. તેથી તેમને બનાવનાર બનવું પડે છે. તેથી તેમને ધર્મ અધર્મ નહતો એમ માનવું અને મનાવવું પડે છે. બીજા લોકોને અનાદિ જગત માનવું પડે એ તે લોકોને નડે છે. એમાં કારણ છે : ધર્મ અધર્મની સત્તા અનાદિ કહે તો અનાદિ સત્તા ઠરાવવી પડે. અનાદિ ઠરાવે તો પોતાને ધર્મ બનાવવાનો હક ન રહે. પછી તો ધર્મ બતાવવાનો હક રહે.

અનાદિ માની લ્યે તો અડચણ શી ? જીવ પદાર્થમાં અને અજીવ પદાર્થમાં તેમને અડચણ નથી, પણ ત્રીજા પદાર્થમાં તેમને અડચણ છે. **આશ્રવ** નામનો ત્રીજો પદાર્થ તેમને અનાદિનો માનવો પડે ત્યાં મુશ્કેલી છે. કર્મ આવવાનું અનાદિથી સતત પ્રવર્ત્યું છે. પ્રલય અને સર્ગના વચલાકાળમાં પણ આશ્રવ થઈ રહ્યો હતો. કર્મો જીવોને લાગી રહ્યા હતા એમ તેમને માનવું પડે. ભલે માને, જીવને કર્મ લાગી રહ્યા એમ માને તો જીવ કર્મના ઉદયે વર્તી રહ્યો હતો. કર્મના ઉદયે ન વર્તે તે કર્મ ન બાંધે. કર્મના ઉદય વગર બાંધે એ તો બને જ નહીં.

તીર્થંકર નામકર્મ છોડી નિયમ રાખ્યો કે જે જે કર્મ વેદાય તે તે કર્મ બંધાય. જ્ઞાનાવરણીય દર્શનાવરણીય ઈત્યાદિ વેદાય તો જ તે તે કર્મ બંધાય. મોહનીયનો ઉદય ન હોય તો મોહનીય ન બાંધે. આશ્રવ અનાદિ માનવા જાય તો ઉદય અનાદિનો માનવો પડે. તેવી રીતે સતત કર્મોદય અનાદિનો માને તો પછી પ્રલય જેવી ચીજ રહેતી નથી. કર્મના

ઉદયમાં નિયમ : પહેલો ઉદય આયુષ્યનો, જે નંબરને શરીરનો, પછી ભાષાપર્યાપ્તિ, શ્વાસોચ્છ્વાસ, મન.

## આયુષ્યકર્મનું અતિસૂક્ષ્મ અનુચિંતન.

પ્રથમ આયુષ્યનો ઉદય થાય. કોઈપણ ગતિ કે ભવમાં પ્રથમ ઉદય આયુષ્યનો. પહેલા ભવના છેલ્લા સમયે આહાર, શરીર પછી પણ આયુષ્યનો ઉદય. પહેલા ભવના છેલ્લા સમયે બીજા ભવના ઉદય વગર પહેલાનું પૂરું થાય નહીં. પહેલા ભવનું આયુષ્ય પૂરું ક્યારે થાય ? આગળના ઉદયે શરીર છોડે તો બીજા ભવના પહેલા સમયે છોડે. परभव पढमे साडो આગલા ભવના પહેલા સમયે બધું છોડવાનું (આ શરીર ગતિ ભવનો એક સમય) મનુષ્યભવનું આયુષ્ય હોય તેના છેલ્લા સમયે મનુષ્ય ગતિ શરીર છૂટી જાય તો એક સમય નકામો ગયો. છેલ્લા સમયનું આયુષ્ય નકામું ગણાય માટે છોડે ક્યારે ? આગલા ભવના પ્રથમ સમયે. આ જ વાત લક્ષ્યમાં લઈશું તો શ્રી ભગવતીજી સૂત્રમાં જે કહેવાયું કે નારકી નારકીમાં ઉપજે કે અનારકી નારકીમાં ઉપજે ? સહેજે કહીએ છીએ કે નારકીમાંથી મરી નારકીમાં ન ઉપજે, દેવતા મરી દેવતા ન થાય. વાત કરી એ તે વાત સાચી- ને શાસ્ત્રકાર મહારાજ કહે તે પણ વાત સાચી છે. લક્ષ દ્યો. નારકી મરી નારકી ન થાય, દેવતા મરી દેવ ન થાય- એટલે પહેલાનો ભવ નારકી કે દેવતાનો હોય તો બીજા ભવમાં નારકી અગર દેવતા ન થાય. બે ભવ લાગ-લગાટ ન હોય. અહીં ઉપજવાનું કહે છે. ઉપજે કોણ ? નારકી હોય તે ઉપજવા પહેલા જેને દેવતાના નારકીના આયુષ્ય શરૂ થયા હોય તે જ નારકી અગર દેવતામાં ઉપજે. ત્યાં દેવના સ્થાને જઈ કોણ ઉપજે ? જેને અહીં નારકી કે દેવતાનું આયુષ્ય શરૂ થયું હોય, તે ત્યાં ઉપજે. મનુષ્ય ભવના છેડે નારકી કે દેવતા થઈ ગયો. નારકી થવાથી નારકી નારકીમાં ઉપજ્યા, દેવતા દેવતામાં ઉપજ્યા. આથી નક્કી કર્યું કે પહેલ વહેલો ઉદય આયુષ્યનો, છતાં પણ निरूपभोगमन्त्यम् (તત્ત્વાર્થ. અ.૨-સૂ.૪૫) જ્યાં સુધી ત્યાં ઉપજે નહીં ત્યાં સુધી જીવને ભોગવટો નથી. શરીર નથી, માત્ર કાર્મણ કાયયોગ છે. કાયા ખરી, પણ એ દ્વારા સુખ દુઃખ ભોગવવાનું ન બને. ઔદારિક-વૈક્રિય-આહારક એ શરીર સુખ દુઃખ ભોગવી શકે. ભોગવટો છે ત્યાં જન્મ છે. આ નક્કી થયું.

આયુષ્યનો કાર્મણ કાયયોગને અંગે ભોગવટો નહીં. જન્મ્યા ત્યાં જ ભોગવટો શરુ. તેમાં પણ અનુક્રમે : પ્રથમ કાયા, પછી શ્વાસ, પછી ભાષા, પછી મન. ૨૪ દંડકમાં એવો કોઈ જીવ નહીં મળે જેને શરીર પર્યાપ્તિ વગર શ્વાસોશ્વાસ પર્યાપ્તિ થઈ ગઈ. પહેલા શરીર, પછી ઇંદ્રિય, પછી શ્વાસોશ્વાસ એ અનુક્રમે કર્મનો ઉદય વેદાય છે. તે ક્રમ હંમેશા માનવો

પડે છે. આગલા ભવનું આયુષ્ય ક્યારે બાંધે ? આ બધું માનીએ પછી પ્રલય અને સર્ગ વચ્ચે કર્મનો આશ્રવ તરીકે શરીર શ્વાસોશ્વાસ મન માનવા પડે તો નવી ચીજ કઈ જેને સર્ગ કહો ? અમુક સજાવટ થાય-નવું બનાવવાનું ન હોય, બનાવેલી વસ્તુ ગોઠવવાની હોય, સજાવટ સૃષ્ટિ નવી થાય- તેમાં અડચણ નથી, પણ કર્મ નવું થતું નથી તો કેમ અનાદિ માનવું નથી. જેને કાયા મન વચન અનાદિના માન્યા પાલવે નહીં તો સૃષ્ટિની આદિ માનવી પડે. આશ્રવ જેવો પદાર્થ ન હતે તો તેમને અનાદિ માનવામાં અડચણ નથી. એ ક્રમમાં આગળ જાવ- જે એ લોકોમાં સ્વપ્ને પણ અન્ય મતવાળાને પણ સૂઝેલું નથી- તે તપાસો : અવિરતિનો કર્મબંધ. પ્રલય અને સર્ગ વચ્ચે અવિરતિ કે વિરતિ માનવી ? વિરતિ માની શકે નહીં, અવિરતિ માનવી પડે. તેમાં કર્મ બાંધવાનું માની લે તો સર્ગ જેવી ચીજ ન રહે. અવિરતિનો કર્મબંધ સૃષ્ટિ માનનારાઓએ માન્યો નથી. જીવને કર્મબંધ કરતા નથી કે કરાવતા નથી. તેવી સ્થિતિવાળાને અવિરતિ કર્મબંધ સ્વપ્ને પણ સૂઝ્યો નથી.

## અવિરતિથી કર્મબંધી જૈનોની માન્યતા.

જૈન શાસનની જડ આશ્રવમાં મન વચન કાયાના યોગ કરતા અવિરતિના આશ્રવ ઉપર વધારે છે. જો અવિરતિનો આશ્રવ ન હોત તો અનાદિ નિગોદ માનવાનું હોત જ નહીં. નિગોદમાં કાયા હોવા છતાં કાયા ન કહીએ તો ચાલે. સંસારમાં બીજા એવા જીવો નથી જે પોતાના જોગ બીજાની હિંસાના કારણ ન બને. અયોગી કેવળીપણું કે જ્યાં મોક્ષનું બારણું ત્યાં પણ તેમના જોગ પહેલાં કર્યા છે તે પણ હિંસાનું કારણ થવાનું. જપસિધ્ધ હિંસાના કારણ બનવાના. હિંસાનું કારણ ન બને તેવા જોગ વગરનો કોઈ નહીં, પણ એ સૂક્ષ્મ એકેન્દ્રિયનાં જીવો એવા કે જેના જોગ કોઈની હિંસા કરનારા ન બને. એટલું જ નહીં પણ પોતે હણાઈ બીજાના કર્મનું કારણ ન બને. પોતે કોઈને હણે નહીં, ન બીજાથી પોતે હણાય. એ જીવને શરીરવાળા આખા જગતમાં વ્યાપેલા કહો છો - તો એ કોઈના ઘાતનું કારણ ન બને એ બને કેમ ?

## સૂક્ષ્મ એકેન્દ્રિયના જીવોની અતિસૂક્ષ્મતા.

આખા મકાનમાં અજવાળું છે. ચાહે ત્યાં કાચ ફેરવીએ તો પણ શું અજવાળું કાચથી હણાય કે કાચ અજવાળાને હણે ? કારણ કહી શકાય કે અજવાળાના પુદ્ગલો એવા બારિક છે જ્યારે કાચના પુદ્ગલ સ્થૂળ છે. તેથી તેમાંથી અજવાળાના પુદ્ગલો બહાર જઈ શકે છે. અજવાળાં કરતાં પણ સૂક્ષ્મ એકેન્દ્રિય જીવના શરીરના પુદ્ગલો વધારે બારિક છે. અસંખ્યાત ભાગ બારિકવાળા એ પુદ્ગલો શાના હણે કે હણાય ?

માટીના ઘડામાં ઉનું પાણી ભર્યું. ઘડો સજ્જડ બંધકર્યો હોય તો માટી વરાળને રોકશે ? માટી વરાળને રોકી શકતી નથી. વરાળ માટીને ધક્કો મારી શકતી નથી. આપણે ઘડામાં છિદ્ર દેખી શકતા નથી. તે આપણા દેખાવમાં ન આવે. પણ વરાળના લાયકના છિદ્રો છે. આથી વરાળ માટીને કાંઈ કરનારી થતી નથી. એમ સૂક્ષ્મ એકેન્દ્રિયના જીવો એવા બારિક છે કે રોકાણ થાય નહીં. રોકવાવાળા નથી તેથી આઘાત થાય નહીં. આઘાત થાય નહીં ત્યાં સુધી ઘા ન હોય. ઘા ન હોય તો મરવા-મારવાનું ન હોય. સૂક્ષ્મ એકેન્દ્રિયના જીવો કોઈને મારતા નથી- ને કોઈથી મરતા નથી, તો જગતમાં એને અંગે હિંસા થતી નથી. પછી એ ભારે કર્મી તરીકે સૂક્ષ્મ એકેન્દ્રિયમાં કેમ પડી રહ્યા છે ? યોગની અપેક્ષાએ કર્મબંધ માનીએ તો એકેન્દ્રિય તદ્દન કર્મ વગરના માનવા જોઈએ. કોઈને નુકસાન કરે નહીં અને નુકસાન પામે નહીં. એના મન-વચન-કાયા હિંસામાં ન પ્રવર્તે. એને કષાયો પાતળામાં પાતળા છે. સૂક્ષ્મ કરતાં બાદરને વધારે કષાય, તે કરતાં બેઇન્દ્રિયને, તે કરતા તેઇંદ્રિય ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિયમાં વધારે કષાય છે. તો અનાદિ કાળથી સૂક્ષ્મ એકેન્દ્રિય ત્યાં કેમ રખડે છે ? પણ કહો- અનાદિની માન્યતા એને ગભરાવે છે.

દરેક આસ્તિકને મોક્ષ માનવો છે. ત્યાં જઈ પાછું આવવું નથી. અનંતા સર્ગે એક એક મોક્ષે જાય તો અનંતા મોક્ષે ગયાને ?" એમ અનંતા જશે તેનું સ્થાન કયું ? એકેક પ્રદેશ એકેક જીવ રાખો તો પણ અનંતાનું સ્થાન નહીં રહે. અમે ચૌદ રાજલોક અસંખ્યાત પ્રદેશનો-લોકાકાશ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અથવા એક જીવના પ્રદેશ પ્રમાણ માનીએ. પણ તમે અનંતો માની લ્યો તેમ કરતાં અનંત જગતના એક એક સર્ગમાં એકેક જગતમાં અનંતા જીવો મોક્ષે ગયા માનવા પડશે.

### અનંતાજીવો, જગત પણ અનાદિ અનંત

તમે અનંતા જગતો માની લીધા. સર્ગ અનંતા અને જગતો અનંતા માન્યા તો અતીતકાળના અનંતા મોક્ષે ગયેલા, એકેક જગતમાં અનંતા મોક્ષે જવાના. અમે એક જ જગતને અનંત માની લઈશું. જ્યારે તું અનંતુ જગત માનીશ ત્યારે અનંતા જીવની જાવડ આવડ કરી શકે તો અનંતા ક્ષેત્રની જાવડ આવડ માનવી જોઈએ. અનંતા જીવો ક્ષેત્રની જાવડ આવડ માનીએ પછી એક સ્થાનમાં અનંતાની ઉત્પત્તિ નહીં મનાય. એક જીવ એક મોટું શરીર બનાવે. એક જીવ એક નાનું શરીર બનાવે, ઘણા જીવ મોટું શરીર બનાવે ઘણાં જીવ નાનું શરીર બનાવે. શક્તિમાં તીવ્રતા મંદતા હોય તેથી શક્તિવાળાની તીવ્રતા મંદતા માનવી પડે. ઘણાં જીવ મળી નાનું શરીર બનાવે એ ભાંગો ક્યાં મળવાનો. જીવની શક્તિની શરૂઆત ક્યાં કરશો ? નાનામાં નાનું શરીર મેળવવાની તાકાત ઓછી કોની ?

અનંતમાં ભાગે લાવો ત્યારે કહેવું પડે કે અનંતમાં ભાગવાળા અનંતા એકઠા થયા ત્યારે એક સૂક્ષ્મ શરીર બનાવે. એનું જ નામ અનંતકાય. આવી રીતે અનંતકાય નિગોદ અનાદિની માનવી પડે. તે અનંતકાય અનંતા રાખવાનું રહેવાનું સ્થાન. જેમ કીડીનું દર હોય. દરમાં લાખો કીડીઓ પોતાનો જીવન નિર્વાહ કરે. જ્યારે ઓરડામાં પાંચ માણસો શ્વાસોચ્છ્‌વાસથી મરી જાય. મોટો સમુદાય સંકુચિત દશામાં રહી શકે નહીં. ઓછામાં ઓછી નાની સ્થિતિવાળામાં અનંતા જીવો રહી શકે. નિગોદ અનંત જીવનું સ્થાન છે. તે અનાદિથી માનીએ છીએ.

## નિગોદ અને એકેન્દ્રિય આદિ જીવોનું સ્વરૂપ.

એકેન્દ્રિયપણે ઉપજવામાં કારણ કોણ ? જેમાં આપણો પ્રયત્ન ન દેખાય ત્યારે ઈશ્વર પર ઢોળી દેવું. એ જેમ વ્યવહારમાં દેખાય છે તેમ અહીં અનાદિ કાળથી નિગોદમાં કોણ રાખે છે ? તો કહે ઈશ્વર. ઈશ્વર અનાદિથી એકેન્દ્રિયમાં ગોંધી રાખે છે. ખરી રીતે પોતાના કર્મેજ એકેન્દ્રિયમાં રહ્યા છે. પણ તેમને ઈશ્વર માનવાથી કર્મના કારણો ન માનવા પડે. એ ઈશ્વર અનંતા જીવોનો શત્રુ કે હિતકારી ? ઉપગારી શી રીતે ? જૈનશાસનની સ્થિતિએ અનાદિથી રખડ્યો તે પોતાના કર્મે. નથી તીવ્ર કષાયો. નથી તીવ્ર યોગ. શાથી કર્મ બાંધ્યું ને શાથી રખડે છે ? તેવા કષાયો કે તેવા યોગો નહીં છતાં એકેન્દ્રિયને અવિરતિ રહેલ છે. આથી અનાદિથી જીવનું રખડવું અને કર્મના ભોગવટાનું કર્મના બાંધવાનું. અનાદિત્વ ક્યારે મનાય ? જ્યારે અવિરતિનો આશ્રવ માનીએ. તો જ અનંતા ઉત્સર્પિણીકાળથી નિગોદમાં જીવ રહ્યો છે તે માની શકાય.

## મિથ્યાત્વ કરતાં પણ અવિરતિ ભારે.

**સભા :** અવિરતિ ઉપર આટલું જોર ઘો છો તો હવે મિથ્યાત્વ ઉપર જોર ઘો ને.

**પૂજ્યશ્રી :** શાસ્ત્રકારે **આવશ્યક નિર્યુક્તિ**માં સંસારના કારણમાં અસંજમો એક્કો એક અસંજમ. पडिक्कमामि एगविहे असंजमे (પગામ સિજ્જા) તેથી સાધુઓ તેનું પડિકમણું પહેલા કહે છે, મિથ્યાત્વને નથી ગણતા. **સભા :** અવિરતિ કરતાં મિથ્યાત્વ જબરજસ્ત ચીજ છે તે કેમ નથી ગણાવતા ? **પૂજ્યશ્રી :** મિથ્યાત્વ ચીજ શી ? એ જ મિથ્યાત્વ કે અવિરતિને પાપ ન માનવું. અવિરતિને પાપ ન માનવું તેનું નામ મિથ્યાત્વ. સુદેવાદિ, કુદેવાદિની વાત એ છ એમાં ફણગા છે, મૂળ-જડ અવિરતિ વિરતિ છે.

દેવ કોણ ? ગુરુ અને ધર્મ કોને ગણો છો ? શુધ્ધ શ્રાવકના કુળમાં અભવ્ય હોય. જ્યાં સુધી સમજણો ન થાય ત્યાં સુધી સુદેવાદિને સુદેવાદિ માનવાનો છે. તો સમકિતી

ખરોને ? પણ કહો કે મૂળ-જડ સમજ્યો જ નથી કે ધર્મ ચીજ કઈ ? કહો સંવર અને નિર્જરા એ ધર્મ ચીજ છે. સંવર નિર્જરા એ જ ધર્મ છે. સંપૂર્ણ સંવર અને નિર્જરાને ટોચે પહોંચેલા તે દેવ. તે તરફ કૂચ કરી રહ્યા છે તે ગુરુ. સંવર અને નિર્જરામય ન હોય તે ધર્મ નથી. સંવર અને નિર્જરામય તે જ ધર્મ. તે આધારે ગુરુ અને ધર્મ. આશ્રવનો નિરોધ, બંધનનું તોડવું બે ન હોય તો અધર્મ. જેનું સંવર અને નિર્જરાનું ધ્યેય નથી તેની મુસાફરી નકામી છે.

### સંવર-નિર્જરામાં મહત્તા સંવરની.

ધર્મ-ગુરુ-દેવ એ ત્રણેની જડ સંવર અને નિર્જરા. એ બે જડ છતાં ખરી જડ સંવર છે. નિર્જરા ખરી જડ નથી. કારણ : સંવર વગરની નિર્જરા 'આંધળો દોરી વણે ને વાછરડો ચાવતો જાય', સરવાળામાં કાંઈ નહીં. 'છાશમાં માખણ જાય અને રાંડ ફુવડ કહેવાય'. આપણી જીંદગીમાં દુઃખ, વેદના, આપત્તિ ભોગવીએ છીએ. પણ આપણી સ્થિતિ ફુવડ જેવી છે. ખમીને ખોઈએ છીએ. ખરચીને ખુવે છે. પાંચ ભરાવ પડશે તેમાં ત્રણથી નભ્યું. બે બચ્યા તો ત્રણનું શું થયું ? ત્રણ એળે ગયા. ખરચીને ખોયું. બાહ્ય દ્રવ્યને અંગે ખરચીને ખોવાય છે. તેમ અહીં ખમીને ખોઈએ છીએ. નળીયું કે પથરો વાગ્યો. એટલે અશાતાનો ઉદય શરૂ થયો. અશાતા ભોગવીએ છીએ. છતાં મોં બગાડીને કહે : અમુભાઈએ મને વગાડ્યું. અહીં નવું બાંધ્યું. ખમ્યું તેનું શું થયું ? ખાલી થયું. તે કરતાં વધારે ભરી દીધું. ખમવાનું ઊભું રહ્યું. કોથળી ખાલી ન થઈ. નાણા આપ્યા છતાં જમે પાસુ હલકું થવું જોઈએ એ થતું નથી. જેમ ચોપડામાં લખતો નથી તેમ અહીં ખમીએ છીએ ને ખાતે નથી પાડતા. કર્મ ભોગવ્યું તે કરતાં બમણું બાંધીએ છીએ. 'તે ભોગવ્યે જ છૂટકો છે.' એ ધ્યાનમાં લાવીને 'મારે ભોગવાય છે'-એ ધ્યાન લાવીએ તો સંવર વગરનો નિર્જરાનો પ્રયત્ન ખમીને ખોવાનો.

### સંવરની જરુરિયાત

સંજમ અને તપમાં સંજમ પ્રથમ અને તપ પછી કહ્યો. સંવર વગર નિર્જરાનો પ્રયત્ન ખમીને ખોવાનો છે. તમે તપસ્યા કરી ને વ્રત કરીને કષ્ટ કયું વેઠવાના ? તમારું ધ્યેય શરીરને અડચણ ન આવે તે લક્ષ્ય રહ્યું છે. એ મુદ્રાલેખ રાખીને કરો છો. જે નારકીઓ દુઃખ ભોગવે છે. પલ્યોપમ અને સાગરોપમો સુધી નારકીઓ તીવ્ર દુઃખ ભોગવી કર્મ તોડે છે. એ દશા વિચારીએ તો નિર્જરાનું પ્રબળ સાધન છે. છતાં પલ્યોપમ અને સાગરોપમ સુધી દુઃખ વેઠવા છતાં બિચારા ઊંચે આવતા નથી. નારકીના દુઃખ આગળ મહાવીર મહારાજાના ઉપસર્ગો અસંખ્યાતા ભાગે પણ નથી. એટલે મહાવીર મહારાજા કરતાં

અસંખ્યાતગણુ દુઃખ વેઠવા છતાં નારકીનો જીવ ખાલીને ખાલી છે. કારણ : સંવરની સીડીઓ ચડ્યા નથી. માટે સંવરની પ્રથમ જરૂર તેથી નવતત્ત્વમાં :

**जीवाजीवा पुण्णं पावासवसंवरो य निज्जरणा ।**
**बंधो मुक्खो य तहा नवतत्ता हुंति नायव्वा ॥ ગા૦ ૧ ॥**

સંવર પહેલાં ને નિર્જરા પછી મૂકી. કારણ : પહેલાં આવતા કર્મ રોકવા માટે કટિબધ્ધ થવાની જરૂર છે. મહાવીર મહારાજ જીત્યા તે સંવરના પ્રતાપે. નારકીઓ ન જીત્યા તે સંવર ન હોવાથી. માટે જૈન શાસનમાં સંવરનું કેટલું ઊંચું સ્થાન છે તે માલુમ પડશે.

અવિરતિમાં કર્મબંધ માત્ર જૈન શાસન માને છે. સમકિત કોણ ? શ્રુતજ્ઞાન-મતિજ્ઞાન-અવધિજ્ઞાન કોણ પામે ? આરંભ પરિગ્રહના પચ્ચક્ખાણ કરનારો, અગર માનનારો તે જીવ સમકિત. જ્ઞાન અવધિ યાવત્ કેવળ સુધી પણ તે જ જીવ પામી શકે. સમકિત અને મિથ્યાત્વની જડ કઈ ? અવિરતિ ટાળવા લાયક ગણવી તે સમકિત અને તેથી વિપરિત તે મિથ્યાત્વ.

હવે સંસારથી પાર ઉતારવાની ધારણાવાળાએ પ્રત્યાખ્યાનનો અર્થ કયો કર્યો તે અધિકાર અગ્રે વર્તમાન.

---

**હે જિનેન્દ્ર ! તમારૂં શુદ્ધ વર્તન, જ્ઞાન, તીર્થ અને દેશના છે માટે સાચા દેવાધિદેવ તમે જ છો અને સંસારસાગરમાંથી તારનાર પણ તમે છો.**

---

# વ્યાખ્યાન - ૧૩

**द्रव्यतो भावतश्चेति प्रत्याख्यानं द्विधा मतं। अपेक्षादिकृतं ह्याद्यमतोऽन्यत् चरमं मतम् ॥**

### સર્વ કાળચક્રમાં હિંસાથી પાપ એ મત છે.

શાસ્ત્રકાર મહારાજા ભગવાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે અષ્ટકજી નામના પ્રકરણને રચતા થકાં પ્રથમ દેવ વગેરેનું સ્વરૂપ બતાવી ગયા. તેમાં જૈનોએ જે દેવ માનેલા છે તે કઈ અપેક્ષાએ માનેલા છે ? દરેક મતવાળા પોતાના દેવને આદ્યપ્રવર્તક તરીકે માને છે. તેજ રીતીએ જૈનો પણ માને છે. બીજાઓ ધર્મની અને જગતની આદિ માનનારા છે. તેથી તેમને તે દેવ માનવા લાયક ઠરે. પણ જૈનો ધર્મ અધર્મ જગતની આદિ માનતા નથી ત્યારે તે પ્રવર્તક થઈ શકે નહીં તો પછી તેને દેવ તરીકે કેમ માનવા તે વિચારવાનું છે. સમજદાર સમજી શકે છે કે બીજા બનાવનાર તરીકે પ્રવર્તક થઈ શકે છે. જૈનો એમ માનતા નથી. કોઈ એવો વખત ન હતો જેમાં હિંસાદિથી પાપ લાગતું ન હતું. વગર હિંસાએ પાપ લાગી જતું તેવો કોઈ વખત ન હતો. કહો જે કોઈ પણ વખત લઈએ આખો કરોડો સાગરોપમ, ઉત્સર્પિણી, અવસર્પિણી કે કાળચક્ર પહેલાંનો વખત લ્યો. જે હિંસાદિક કરવાથી પાપ લાગતું ન હતું એવો કોઈપણ કાળ ન હતો. સર્વકાળમાં હિંસાદિક કરવાથી પાપ લાગતું જ હતું. આ વાત નક્કી હતી. જ્યારે એ વાત નક્કી હોય તો હિંસાદિકની નિવૃત્તિને ધર્મ કહેનાર વ્યક્તિ નવું શું કહે છે ? જેઓના મતે હિંસાદિક કર્યા વગર પણ પાપ લાગી જાય તેમને તે બંધ કરવું પડે - એવું હતું જ નહીં. તો ધર્મ અધર્મ કરનારે કર્યું શું ?

છોકરાની રમતમાં છોકરાને હાઉ હાઉ કરી ડરાવીએ તો હાઉ પદાર્થ કાંઈ છે નહીં. માત્ર ડરાવવા માટે છે. એમ અહીં શું એક દુનિયાને ફસાવવા માટે કે કહેવા માટે ધર્મ-અધર્મની ઉત્પત્તિ એમ કરી ? પણ પદાર્થ વિચારીએ. એટલે ધર્મની અધર્મની ઉત્પત્તિ કરી એટલે શું ? હિંસાદિક રોકવાથી પાપનું રોકાવું એ હંમેશ માટે અવિચલ સ્વભાવ તરીકે ચીજ છે જ. તેથી એની ઉત્પત્તિ હોઈ શકે નહીં. જેનો સ્વભાવ વિચલિત નથી તેની ઉત્પત્તિ શી ? જૈનો ધર્મને બનાવનાર તરીકે જિનેશ્વરને પ્રવર્તક માનતા નથી. બીજાઓ કહે છે : ભલે ઈશ્વરે ધર્મ અધર્મની ઉત્પત્તિ ન કરી હોય પણ લોકો ધર્મમાં જોડાય, અધર્મથી રોકાય

એટલું તો થયું ને ? જેમ હાઉ હાઉથી છોકરાને ઓરડામાં જતો રોકી દીધો તેમ ધર્મની અધર્મની ઉત્પત્તિ અનાદિની છે. પણ ઈશ્વરે ધર્મ અધર્મ ઉત્પન્ન કર્યો નથી તેના ભક્તો ધર્મમાં પ્રવૃત્તિ અધર્મમાં નિવૃત્તિ કરનારા તો થયા ને ? વાત ખરી. પણ ધ્યાન રાખવું. તદ્દન અણસમજુ હાઉ કહેવાથી ડરી જશે, પણ સમજણમાં આવશે ત્યારે જાણી જોઈને હાઉને ઓળખવા ખોળવા જશે. પછી હાઉ કહેનારા પરનો ભરોસો ઉઠી ગયો. એવી રીતે અહીં અણસમજ હોય ત્યાં સુધી ઈશ્વરે ધર્મ કર્યો માટે કરવો, પણ બુધ્ધિ ખીલે એટલે પ્રવર્તક દેવ પર ભરોસો ઉઠી જશે.

## બુદ્ધિ આગળ બારણા : પુરાણ આદિના દૃષ્ટાંતો.

જૈન અને જગતમાં ફરક આ જ છે. જગતે બુદ્ધિ આગળ બારણા દીધા છે. જ્યારે જૈનોએ ખોલી દીધા છે. શી રીતે ? સાંભળો, પછી ન જચે તો કહેજો, બીજાઓએ સિધ્ધાંત કર્યો કે પુરાણો માનવો धर्मः न हंतव्या हेतुभिः પુરાણ મનુસ્મૃતિ વૈદક અંગોપાંગ સહિત વેદમાં કહ્યું તે આજ્ઞાસિધ્ધ છે. કહ્યું એટલે માની લેવાનું. તેમાં હેતુ યુક્તિ લગાડવાની નહીં. આ આચાર સિદ્ધાંત કરનારાએ બતાવ્યો છે. તે આજ્ઞાસિધ્ધ માની લેવાના.

અમુક બાઈ છે. તેનો ધણી અંધ છે. વૈશ્યાગામી ધણી છે. બાઈ ખભે લઈ વેશ્યાને ત્યાં મેલવા જાય છે. રસ્તામાં હિતૈષી મલ્યા. આ રસ્તે ક્યાં જાય છે ? બાઈએ શ્રાપ દીધો. શ્રાપ લાગી ગયો. ધણીને વેશ્યાને ત્યાં લઈ જાય તેમાં શીખામણ દેનારને શ્રાપ લાગે. શ્રાપ ફળે. તને કોઢ થશે. કોઢ થયો. આવી વાતો પુરાણમાં છે.

રત્નાદેવી સૂર્યનું તેજ સહન નથી કરી શકતી. મારે આવવું નથી. કેમ નથી જતી ? તેનું તેજ મારાથી સહન થતું નથી. છોલાવી નાખ. સૂર્ય સુથાર પાસે ગયો. મને છોલી નાંખ. અત્યારે છોલી નાંખવાનું કહે છે, પણ સહન કેમ થશે ? હવે રાજાની સ્થિતિ. પોતાને ગમતું એ કરાવા જાય. ગમતમાંથી અનિષ્ટ પરિણામ આવે. એટલે કરનારાપર અરુચિ થાય. રાજાને અનિષ્ટ પરિણામ સમજાવવામાં મુશ્કેલી આવે. તેમ અહીં સૂર્ય સુથારને છોલવાનું કહે છે. પણ સત્તાધારીઓના આવા વર્તાવો હોય છે. અનિષ્ટ વર્તાવ સાંભળવા કે સહન કરવા તૈયાર હોતા નથી. સુથારે કહ્યું : તમને પીડા થાય એટલે ચીચકારો પડશે એટલું હું બંધ કરીશ. શરાણ પડ્યો. છોલ્યો. તેની છોલના તેજમાંથી મહાદેવે ત્રિશુલ અને વિષ્ણુએ ચક્ર બનાવ્યું. આ વાતને હેતુ યુક્તિમાં શી રીતે લેવી ? પુરાણને અંગે હેતુ યુક્તિ ન લગાડવી. તે આજ્ઞાસિધ્ધ છે. એમ મનુસ્મૃતિનો ધર્મ છે. તમે મોટા થયા તો હિન્દુને અંગે ન્યાયનું પુસ્તક હોય તો મનુસ્મૃતિ. એનું અનુકરણ કરનારાએ મનુસ્મૃતિના મૂળ શ્લોકો પણ વાંચ્યા નથી. ક્યારે તે દેખ્યું કે એને ન્યાયનું પુસ્તક કહ્યું ? મીયાને ચાંદે ચાંદ કરો છો

તો બાબા વાક્ય પ્રમાણં કરતા તમને શું નડે છે ? બહારવટીયા વાક્ય પ્રમાણં નો જમાનો ક્યાંથી આવ્યો ? ઘોડિયામાં આવ્યા પહેલાં મા બાપ કોને કહેવો- તે નિર્ણય પહેલા કરીને જ અવતરતા હશે ! પોતાની જનેતાને માઁ કહેવી તે કોના વાક્યે સમજે છે ? પોતાને કરનારાને પિતા કહેવો તે કોના ભરોસે કહે છે ? બાબા વાક્ય પ્રમાણં તે ન હોય તો એકડો કક્કો શા ઉપરથી માનશો ? તારી યુક્તિ હેતુ હોય તો લગાડ. કહે બાબા વાક્ય જગત અને શીખવનારે એકડા કક્કા તરીકે શીખવ્યા છે. કહે એ વાક્ય કાઢી નાખવું હોય તો એકડો કક્કો મા-બાપ કશું બોલવું નહીં. તે નડ્યું. તો શું બહારવટીયાનું વાક્ય પ્રમાણં ? નથી મનુસ્મૃતિ દેખેલ કે નથી તેના વાક્યો દેખ્યા, નથી ટીકા દેખી કે નથી મહાવાક્યો ઐદંપર્યમાં ઉતર્યો.

આ જગતમાંથી કોઈની કંઈ ચીજ લઈ પહેરી લે, ખાઈ લ્યે તો તે પોતાનું જ પહેરે છે, ખાય છે. ઉપાડી કોઈને દઈ દે તો એ લેનાર જે કંઈ લેઈ પોતે ખાય તે પોતાનું ખાય, પહેરે, આપે છે. બ્રાહ્મણોની મહેરબાનીથી બીજાને મળેલું છે. તેથી બ્રાહ્મણો કંઈ લઈ લ્યે તો તે ચોરી નથી. ધર્મ સ્થિતિ (! મનુસ્મૃતિ) માં શ્લોક છે કે "જે મનુષ્ય યજ્ઞાદિક ક્રિયામાં જોડાય તે માંસ ન ખાય તો ૨૧ કલ્પો સુધી ઢોર થાય. જે ચીજની ઉત્પત્તિ નહતી તે ઉપાડીને આપી દે તે પાપ નથી. તેમાં યુક્તિને સ્થાન નથી."

### જીવનનિર્વાહની ચીજ માટે કાયદા નહીં- તો ગોચરી માટે શેના કાયદા ?

"અજીગર્ત નામના ઋષિને ભૂખ લાગી. છોકરાને મારી ખાવા તૈયાર થયા. તેને પાપ ન લાગ્યું. ભૂખનો પ્રતિકાર કર્યો. છોકરાને મારી ખાય તેમાં પાપ ન લાગે." કહો- તેમાં કયો હેતુ ? આ વાત ધ્યાનમાં લેશો ત્યારે તમને ગોચરી૦આહારમાં કેટલો વખત થાય છે તે સમજાશે. એક પેટ ભરવું, ગોચરી કરવી, તેમાં આટલું બધું શું ? જીવન નિર્વાહ માટેનો ખોરાક તેમાં સચિત્ત, આધાકર્મી, ઐષણાના દોષ- ન જોઈએ- આ બધું શું ? જરૂરી ચીજને અંગે કાયદો ન થવો જોઈએ. બ્રિટિશ હદની અપેક્ષાએ પોતાની હદમાં કુવો હોય, પોતે બંધાવ્યો છે. કબજો માલિકી કબૂલ કરશો તો પણ બીજાને પાણી ભરવાની ના કહો તો તે પાણી લેતા નહીં રોકાય. માલિકી નહીં, કબજો નહીં, છતાં પણ ભોગવટામાં તમે આડ આવી શકો નહીં. કેમકે જરૂરની ચીજ છે. હવા પાણી કોઈની માલિકીની ચીજ નહીં. માટી માલિકની ચીજ ભલે હોય. શાથી તેમ કર્યું ? જરૂરની ચીજ વગર હેરાન થાય તે વચ્ચે કાયદો આડો ન આવે, તો સંયમ નિર્વાહ માટે ચાર રોટલીને થોડું પાણી જોઈએ તો આટલા બધા કાયદા ! જરૂરી હાજતનું લેવાનું રાખ્યું તે ઉપર કાયદા રૂપે આવી પિંડ નિર્યુક્તિ ! જીવન નિર્વાહ સાધુપણું પાળવાને અંગે જરૂરી એ

ચીજ ઉપર આટલા કાયદા શા ?

**'અહિંસા પરમો ધર્મ.'**

જૈન શાસ્ત્રકારો જગતના જીવોના બચાવ રક્ષણ માટે જરૂરી હાજતવાળી ચીજ ઉપર પણ અંકુશ મૂકવા તૈયાર છે. ત્રસ કે સ્થાવર જીવ સાધુના નિમિત્તે હણાવો ન જોઈએ. હાજતવાળી ચીજ ઉપર કાબૂ રાખવો પાલવશે પણ બીજા જીવોની વિરાધના થાય તે અમને પાલવતું નથી. જૈન શાસ્ત્રનો આ સિધ્ધાંત છે. બીજા જીવોનો નાશ જૈન શાસનને પાલવતો નથી.

અહીં આટલા કાયદા છે પણ બારે ભાગોળ મોકળી છે. હિંસામાં પાપ, અહિંસામાં ધર્મ માનવું છે. ગુનેગાર નક્કી થયો છે, કબૂલ કર્યું. પણ પોતે બેગુનેગાર જાહેર કરે છે. જગતની સ્થિતિ ખાતર બેગુનેગાર બોલવા પડે છે. અહિંસાધર્મ હિંસાનું પાપ એમને માટે માંકડા વિદ્યા છે. રાજાને ત્યાં મદારી આવ્યો. બે માંકડા આપ્યા. બે બાજું દીવી લઈ ઊભા રહે છે. લોકોને આશ્ચર્ય લાગે છે. રાજાને થયું : આ ઠીક છે. પગાર દેવો નહીં. હાજત નહીં. દુનિયાદારીની હાજત નથી. તેમ પગારની પંચાત નથી. હાજતની હડફેટમાં માંકડાને ઘરેણાં કરાવ્યા. લોકોને તમાસાનો પાર ન રહે. દીવાનને કહે છે : कैसा है ? રાજાને કહેવાનો અર્થ શો કે માણસોમાં આમ ફરિયાદ આવતી હતી ? આમાં વાંધો છે છતાં - 'जानवर है' દીવાને કહ્યું. મનુષ્યને હાજત હોય ફરિયાદ શી ? આ વાત થઈ. જ્યાં વરસ છ મહિના થયા. બહાર ગામથી વેપારીએ કેરીનો ટોપલો રાજા પાસે મૂક્યો. વાંદરાએ દીવી ફેંકી રાજા ઉપર. ને કેરીઓ ઉપર ઝડપ મારી. રાજા દાઝ્યો, ગાદી બળી ગઈ. આવો જુલમ કર્યો. साहेब जानवर है. બધું બરોબર કરતો હતો. પણ ખાવાનો પ્રસંગ આવે એટલે ઉઠી જાય. તેમ આ લોકો અહિંસાને ધર્મ, હિંસાને પાપ કહે. પણ ચામડાની ઝૂંપડીમાં આગ લાગે એટલે એમ નહીં પણ માંકડાની વિદ્યા જેવા થાય. અજીગર્ત ઋષિએ ભૂખથી છોકરાને મારી ખાધો. તેમાં પાપ નહીં. ભૂખના ઉપાય તરીકે છોકરાને મારી ખાવાની છૂટ. તેમાં પાપ નહીં. તેમાં હેતુ યુક્તિ નથી.

**ધર્મગ્રંથોમાં શ્રદ્ધાથી માન્યતા છે.**

મનુસ્મૃતિ આજ્ઞાથી માની લેવા કહે છે, હેતુ યુક્તિ ન લગાડવી. માંસ દારૂ, મૈથુનમાં દોષ નથી. બ્રાહ્મણોએ 'પ્રોક્ષિતં' મંત્રથી સંસ્કારવાળું અને ઇચ્છા થાય ત્યારે બ્રાહ્મણને ખાવું. ભૂખ હતી ત્યારે હાજતમાં હતી. બ્રાહ્મણની ઇચ્છાએ માંસ ખાવું તે આજ્ઞાસિધ્ધ. વેદ એક પરમેશ્વરનું પુસ્તક, ઇશ્વરનું વાક્ય છે. વેદનું બીટ જાણે ને બોલે તો વાજબી છે, શ્રધ્ધા

એ તરફની ધરાવે ને બોલે તો વાજબી છે. વેદના જુલમની સ્થિતિ એમના ભાષ્યો જણાવે છે. સભાની વાત દૂર રહી, પણ બે મનુષ્યની વચ્ચે ન બોલાય તે અશ્વમેઘ યજ્ઞની સ્થિતિ ભયંકર અને બીભત્સ છે. આજ્ઞાસિધ્ધ માનવા પ્રેરે છે. વૈદક તો પ્રત્યક્ષ ચમત્કારવાળી ચીજ છે. હરડેથી આમ થાય. પ્રત્યક્ષ ફળવાળી ચીજમાં આજ્ઞા કેમ ઘૂસાડી છે ? વૈદક એટલે પ્રત્યક્ષ પુરાવાની ચીજ. એમાં શ્રધ્ધાનો મોટો ભાગ નથી. વૈદકને શ્રધ્ધામાં નથી રાખ્યું. અહીં ચરક શાસ્ત્ર છે. તેને અંગે કહ્યું છે : રોગ અને રોગની દવા આજ્ઞાસિધ્ધપણાનું તત્ત્વ નથી. રોગની ઉત્પત્તિના બ્યાનો આપ્યા છે. છતાં તેમાં પણ આજ્ઞાસિદ્ધને સ્થાન આપ્યુ : અમુક રાજાએ આમ યજ્ઞ કરવા માંડ્યો. તેને શંકા થઈ. તેને કોઢ રોગ થયો. તે રોગ જગતમાં ચાલ્યો. તેમાં દૃષ્ટાંતોમાં હેતુ યુક્તિ ચલાવો તે ન ચાલે. તેથી વૈદક ચરક આજ્ઞાસિધ્ધ માની લેવા. રોગોત્પત્તિના કારણો જેમાં જણાવ્યા તે વૈદક ગ્રંથ આજ્ઞાસિધ્ધ માનવા તૈયાર થયા એટલે બુધ્ધિના બારણા બંધ. તમારે આમાં બુધ્ધિ ન ચલાવવી.

## જિનેશ્વર ભગવંતના વચનની પરીક્ષા કરવાની છૂટ.

જયારે જૈનોએ બુધ્ધિના બરણા ઉઘાડ્યા. परीक्ष्यं ग्राह्यं હે સાધુઓ મારા વચનની તમારે પરીક્ષા કરી લેવી. મારી મોટાઈથી મારું વચન ન સ્વીકારી લેશો. આ કથન જે બુદ્ધિના બારણા ઉઘાડા રાખે તે બોલી શકે. મારું તમે જે માનો-તે પરીક્ષા કરીને માનજો. આ વાત લક્ષ્યમાં આવશે ત્યારે. શ્રી ભગવતીજી સૂત્રમાં ભગવાન કહેનારા ને શ્રી ગૌતમસ્વામી સાંભળનારા હતા. મહાવીર મહારાજા કહે છે કે કર્મ બે પ્રકારના. કેટલાક પ્રદેશ ભોગવ્યે ને કેટલાક પ્રદેશ વગર ભોગવ્યે છૂટે. તે વખતે શ્રી ગૌતમસ્વામી વચમાં બોલે - ભગવંત ! આ કયા મુદ્દાથી કહો છો ? શ્રી ગૌતમસ્વામીને મુદ્દો પૂછવાનો હક શો ? પ્રભુ સંમિત વાક્યોમાં હેતુ યુક્તિનું કામ નથી. રાજાઓ ઓર્ડર કરે તેમાં ભરોશેદાર પ્રજા એમ ન કહી શકે કે રાજા શા માટે ઓર્ડર કરે છે ? અહીં ભગવાન મહાવીરના વચનમાં શ્રી ગૌતમસ્વામી શા માટે બોલે કે કયા મુદ્દાથી કહો છો ? એમ ભગવાનને પૂછાય કેમ ? તમે સામાન્ય ભરોશો રાખવાવાળા શા માટે પૂછી ન શકો ? જો ન પૂછી શકો તો કહેનાર ત્રિલોકનાથ ભગવાન મહાવીર ઘણાં ભવના જોડાયેલા અદ્વિતીય રાગી એવા શ્રી ગૌતમસ્વામી મહારાજા કે મનુષ્યને હેતુ યુક્તિથી વિચારવાની સર્વને છૂટ કઈ રીતે આપે કે મારા કહેવા માત્રથી એકલું ન પકડો. હે સાધુઓ ! મારા વચનની પરીક્ષા કરી લ્યો. માંત્ર મોટાઈથી મારું વચન માની ન લ્યો.

શ્રધ્ધેય પુરુષે ધ્યાનમાં રાખવું કે પોતે બુધ્ધિના બારણા ખુલ્લા રાખી સામાને સમજાવવો જોઈએ. ભગવાન મહાવીર એમ નથી કહેતા કે શું તને મારા વચનમાં શ્રદ્ધા

નથી ? પણ જવાબ આપે છે : હે ગૌતમ ! પ્રદેશ કર્મ ભોગવવું પડે, અનુભાગ કર્મ ન પણ ભોગવવું પડે. તે શંકામાં સમાધાન આપ્યું કે ભોગવવું પણ પડે, ને ન પણ ભોગવાય. આથી આમ જવાબ આપ્યો. શ્રી ગૌતમસ્વામીજીએ જેવો પ્રશ્ન કર્યો કે તરત મહાવીરદેવે બેસાડી દેવા હતા કે મેં કહેલામાં શંકા કરવાની નહીં. એમ કહી શકતા હતા. વળી તારા જેવો શંકા કરે તો તારા જેવાને પણ મારા પર શ્રદ્ધા નથી ? એમ પણ કહી શકતા હતા. પણ હેતુ યુક્તિના બારણા અહીં બંધ કરવાના નથી. ઉલટું શંકાનું સમાધાન કરી પદાર્થ સમજાવવાનો છે. આ વાત સાંભળ્યા પછી શું શ્રધ્ધા જેવી ચીજ જૈનોમાં નહીં કે બુધ્ધિમાં ન ઉતરે તે ચીજ ન માનવી ? શ્રધ્ધા જેવી ચીજ ક્યાં રહેવાની ?

## શ્રધ્ધા ક્યાં રાખવાની ?

લગીર આગળ ચાલ. જ્યાં બુદ્ધિના બારણા ખૂલી ન શકે ત્યાં શું કરવું ? સિધ્ધ મહારાજ શરીર વગરના છે. હંમેશા કેવળજ્ઞાન-દર્શનવાલા છે. કર્મનો છાંટો નથી. સાદી અનંત ભાગે રહેલા છે. એવી વાતોમાં બુધ્ધિના બારણાં ન ખૂલે તેથી શું વસ્તુ ન માનવી ? તે જૈનોને ઇષ્ટ નથી. બુદ્ધિના બારણાં ન ખૂલી શકે ત્યાં શ્રદ્ધાની જરૂર છે. જે શ્રદ્ધાની વાતોમાં બુદ્ધિના બારણા ખુલે તેટલા ખોલો. જે વક્તા પોતાની બુદ્ધિના બારણા ખોલે નહીં ને બીજાની બુદ્ધિના બારણાં ખોલાવે નહીં, એટલે કે શાસ્ત્રથી અર્થ પ્રતિપાદન કર્યા છતાં ત્યાં બુદ્ધિના બારણા ખોલે નહીં, ને બીજા પાસે ખોલાવે નહીં, તે શાસ્ત્રનું વ્યાખ્યાન કરે તો પણ જૈન શાસ્ત્રનું વ્યાખ્યાન નથી. એટલું જ નહીં, પણ ડૂબી મરનારો છે. શાસ્ત્રની વાત કહેવા છતાં ડૂબી મરવાની વાત કહીએ છીએ તે સૂત્રં સંમતમાં ડૂબી મરવાનું ક્યારે ? બુદ્ધિના બારણા પોતે ખોલે નહીં અને શાસ્ત્રના નામે કહે, તો પોતે ડૂબી મરે.

જે પદાર્થ આજ્ઞાથી ગ્રાહ્ય છે તે આજ્ઞાથી કહેવો. હેતુ યુક્તિથી સિધ્ધ થનારો આગમિક અર્થ હેતુ યુક્તિથી કહેવો. નહીંતર કથન વિધિની વિરાધના થાય. પજુસણમાં ગણધરમાં અનુમાન કરવા પડ્યા છે. હું સર્વજ્ઞ છું માટે માન, ન માને તો તારું નસીબ. એમ સીધું કહેવાનું હતું. પાડોશીના ફાયદાની વાત માલુમ પડી, તેને કહ્યું. ન માને તો તારૂં નસીબ. મહાવીર મહારાજાએ એમ કહેવાની જરૂર હતી. સાચા પદાર્થો નિરૂપણ કરવા. ન માને તો તારૂં નસીબ. વચમાં મહાવીર મહારાજાએ અનુમાન પ્રમાણો શા માટે નાંખ્યા. આજ્ઞા ગ્રાહ્ય પદાર્થો તેમાં જે જે દૃષ્ટાંતથી સાબિત થાય તે તે વક્તાએ દૃષ્ટાંતથી સાબિત કરવા જોઈએ. તો જ સાચી રીતે શાસ્ત્રની વ્યાખ્યા છે, નહીંતર ખોટી વિરાધના થાય. બીજાઓએ બુદ્ધિના બારણાં બંધ કર્યા છે, પણ જૈનોને ત્યાં એ બારણાં ઉઘાડાં છે. હિંસાથી પાપ થવું - એ નવું કર્યું નથી. ત્યારે અનાદિનું કહેવાય. જે જે કાળે જે જે ક્ષેત્રે 'અહિંસાથી

પાપ રોકાય' એ સિધ્ધાંત હોવાથી જૈનો એ સિધ્ધાંત બનાવનાર નહીં, પણ બતાવનાર તરીકે જિનેશ્વર દેવ માન્યા છે. તીર્થંકરે ધર્મ અધર્મનું સ્વરૂપ બતાવ્યું.

આંખ ન હોય ને ખાડામાં પડે તે બિચારો. આંખ અને દીવો બે હોય તો ખાડામાં પડે તો તે બેવકૂફ. તેમ આપણે જિનેશ્વરના વચન સાંભળ્યા ન હતા, પાપ ઓળખ્યું નહતું, ત્યાં સુધી આપણે બિચારામાં હતા. હવે તો જિનેશ્વરના વાક્યો સાંભળ્યા છે. માટે શાસ્ત્રકાર ભગવંતે કહ્યું કે એક જ વાત સમજી લ્યો, એક જ કારણથી - અવિરતિથી-આશ્રવથી આપણે સંસારમાં રખડીએ છીએ. અવિરતિ બંધ કરીએ તે જ પચ્ચક્ખાણ.

હવે તે પચ્ચક્ખાણ કેમ થાય ? તે અધિકાર અગ્રે વર્તમાન.

**જીવો ઇન્દ્રિયગમ્ય એવા સ્પર્શ વગેરેથી રહિત માનવામાં આવેલા છે. આથી સર્વજ્ઞને તે પ્રત્યક્ષ છે. તેથી સર્વજ્ઞ સિવાય બીજાઓ કેવી રીતે તત્ત્વોને કહે ? અર્થાત્ અન્ય દેવો કહેવાને સમર્થ નથી**

# વ્યાખ્યાન - ૧૪

**द्रव्यतो भावतश्चेति प्रत्याख्यानं द्विधा मतं । अपेक्षादिकृतं ह्याद्यमतोऽन्यत् चरमं मतम् ॥**

## જૈનોના દેવનું સ્વરૂપ

શાસ્ત્રકાર મહારાજા ભગવાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે અષ્ટકજી નામના પ્રકરણને રચતા થકાં દેવાષ્ટકમાં જણાવ્યા પ્રમાણે પોત પોતાના મત પ્રવર્તાવનારને સહુ ધર્મી દેવ માને છે. ભગવાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા તે માન્યતા રાખવાનું જણાવતા નથી. જિનેશ્વરને માનવાને તૈયાર થયેલો મનુષ્ય પહાડ, પૃથ્વી, હવા એમણે દીધી એવા નામે ભગવાનને માનવા તૈયાર હોતો નથી. જૈન મતવાળા જિનેશ્વરને કયા રૂપે દેવ માને છે ? તે જણાવતા કહ્યું કે જૈનો એ જિનેશ્વરને જે માને છે તે આત્મા ઓળખાવનારને અંગે માને છે. જિનેશ્વરે આત્માને ઓળખાવ્યો છે, તેનું શુદ્ધ સ્વરૂપ જણાવ્યું છે, તે કેમ અવરાયું ? કેમ અવરાય છે ? કેમ અવરાએલું ખૂલ્લું કરાય ? અને હંમેશા કેમ ખૂલ્લું રહી શકે ? આ બતાવનારને અંગે જૈનો જિનેશ્વરને દેવ માને છે.

વાસ્તિક રીતિએ પરમેશ્વરની માન્યતા કઈ ? પહાડાદિક આપ્યા તેથી કે આત્માને ઓળખાવ્યો તેથી ? બેમાં સાચી માન્યતા કઈ ?

## આત્માઅનાદિ છે. સિધ્ધિ તરીકે પૂર્વરૂપ-ઉત્તરરૂપ તપાસો.

આત્મા હંમેશનો છે. આત્માની અનાદિમાં બે વસ્તુ ધ્યાનમાં રાખવાની જરૂર છે. જગતમાં જે ચીજ બને તેમાં બે રૂપ હોય છે, પૂર્વરૂપ અનેઉત્તરરૂપ. આ બે વગરની ચીજ જગતમાં બનતી નથી. કપડું બન્યું, ઘડો બન્યો. પૂર્વરૂપ માટી ને ઉત્તરરૂપ ઠીકરા છે, તે ઘડો બનેલો છે એમ કહી શકીએ. તેમ આત્મા ચીજ બનવાવાળી હોય તો પૂર્વ અને ઉત્તરરૂપ આત્માનું હોવું જોઈએ. ઘડાનું પૂર્વરૂપ માટી ને ઉત્તરરૂપ ઠીકરા - તેમ આત્મા પણ ઘડાની માફક બનવાવાળી ચીજ હોય તો તેનું પૂર્વ અને ઉત્તર સ્વરૂપ હોવું જોઈએ. આ કારણથી જ શ્રી દશવૈકાલિક ભાષ્યકાર મહારાજે જણાવ્યું કે કપડું સૂત્રમય, ઘડો માટીમય ને ઘરેણું સોના-ચાંદીમય છે તે જે જે વસ્તુથી તે તે બને તે તે તન્મય કહેવાય. એમ આ આત્મા કોઈથી બનેલો હોય તો તે અમુકમય હોવો જોઈએ, પણ તે અમુકથી બનવાવાળો

નથી. આત્મા કશાથી બનાવાવાળો હોત તો તન્મય કહેવાય. अनुपादानकारणात् જીવ નિત્ય છે. કારણ : એનું ઉપાદાન કારણ કોઈ નથી. જે જે ચીજો નાશ પામે તેની આગળ તેના અવશેષો હોય. આત્માના અવશેષો નથી, અને આત્માના કારણો નથી. તો આત્મા ઉત્પન્ન થાય, નાશ પામે એ કહી શકાય નહીં. તેથી આત્મા નિત્ય છે. તેથી શ્રી તત્ત્વાર્થ-ભાષ્યકાર મહારાજા ત્રીજા નિક્ષેપાની શૂન્યતા જણાવે છે. શ્રી અનુયોગદ્વાર સૂત્રકારે जत्थ० તેમાં પણ જણાવ્યું છે કે જે પદાર્થ વિશે જેટલી પોતાને સમજણ હોય તે પદાર્થના તેટલા નિક્ષેપા કરવા, બધા નિક્ષેપા કરવા, પણ જ્યાં વધારે જ્ઞાન ન હોય ત્યાં ચાર નિક્ષેપા તો જરૂર કરવા.

ચાર નિક્ષેપથી પદાર્થનું સ્વરૂપ જાણવું.

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ- આ ચાર નિક્ષેપા છે. તે દરેક પદાર્થ માટે કરણીય છે. તેથી જૈન શાસ્ત્રકાર મહારાજા દરેક પદાર્થને ચતુષ્કમયરૂપ નામાદિ ચારમય માને છે. જગતમાં એક પણ એવો પદાર્થ નથી કે જેમાં આ ચતુષ્ક ન હોય. જેમ કે ; દાભડી લઈએ, આમાં ચતુષ્ક ઘટાડીએ. આનું નામ દાભડી તે 'નામ'થી 'દાભડી', આવો એનો આકાર એ 'સ્થાપના' થી એટલે કે આકારથી દાભડી, ફલાણા પદાર્થથી આ દાભડી બની છે જે પદાર્થથી બની તે પદાર્થ દ્રવ્યથી દાભડી અને ત્યારે વસ્તુ ભરવા લાયક આ દાભડી તે ભાવ દાબડી. તેમ કોઈપણ ચીજ લ્યો તે ચારવાળી તો હોય જ . ચાર નિક્ષેપા વગરનો એક પણ પદાર્થ નથી. બીજું ઉદાહરણ લ્યો- મનુષ્ય દેવદત્ત. દેવદત્ત એવું નામ છે તે નામ નિક્ષેપો આકાર છે. તેના શરીરના પુદ્ગલો તે સ્થાપના નિક્ષેપો. ખોરાક રૂપે હતો તે દ્રવ્ય નિક્ષેપો અને ભાવ રૂપે દેવદત્ત ખુદ જીવી રહ્યા છે તે. આવી રીતે જગતમાં ચાર સિવાયની વસ્તુ જ નથી. જે કંઈ વસ્તુ લઈએ  તે બધી ચારમય છે.

નામ માને, ભાવ માને ને સ્થાપનાને અને દ્રવ્યને ન માને. તેઓને પોતાને પોતાનું મુખ દેખવું વાજબી નથી. મોંએ આકૃતિ છે. સ્થાપના છે. દેખે છે શું ? કહે તારું મુખ કોઈના સામું તે જોવાય લાયક નથી. શું જુવે છે ? મોંનો આકાર. અરીસામાં તું શું જુએ છે ? આકૃતિ. આકૃતિ સિવાયની ચીજ નથી. પાટ, પાટીયું, બારણું, જાળી બધામાં આકાર જ જોવાય છે. બારી જાળી વગેરે આકાર ઉપરથી ઓળખો છો. ત્યારે મનુષ્ય દેખવો ત્યારે આકાર ન દેખવો. એ કેવું ? ચિત્રામણમાં આકારથી ન ઓળખવું એ કેવું ? તમે ભોળાભાઈને શાથી ભોળાભાઈ કહો છો ?-ભોળાભાઈના મુખના આકારથી જ ભોળાભાઈ કહો છો ને ? હા; કહેવું જ પડે.

## આકારની સ્થાપના નિક્ષેપાની મહત્તા.

આકાર ન ઓળખીએ તો અંધ માણસ શબ્દના અનુમાનથી મનુષ્યને ઓળખે છે. શું દેખી ઓળખે છે ? મોંઢાનો આકાર ઓળખી નાનું બચ્ચું પોતાની માને ઓળખે છે. બાળકો તે આકારને લીધે માતા પિતાને ઓળખે છે. આકાર ન માનનારને જીભ સીવી લેવી પડે. ચીજ ઓળખે ત્યારે કહે ને ? જે આકૃતિ તે દ્વારા તેની ઓળખાણ થાય છે. સ્થાપનાની અમાન્યતા તો ગમારથી પણ થઈ શકે તેમ નથી. આકાર ન માનનારા ખુદ વસ્તુમાં રહેલો આકાર ન માને - તે વ્યવહાર જ નહીં કરી શકે. ભિન્ન આકાર માનવો નથી. જ્યારે ભિન્ન આકાર નથી માનવો ત્યારે એમ કહી શકીએ કે ઘડાને ઘડો શાથી કહી શકે ? માટી પણાને લીધે કે લાલ રંગથી કે અગ્નિમાં પાક્યાથી કહે છે ? તે તો ઠીબમાં, ગોળામાં બધામાં માટીપણું લાલપણું બધું છે. તો તેનું નામ ઘડો કેમ નહીં ? ઘડો નામ પડ્યું તે ઘટના આકારને અંગે. નહીં કે માટીપણા કે લાલપણાને અંગે. આ આકાર પછી એ આકાર માટીમાં, તાંબામાં, લોઢામાં, રૂપામાં કે સોનામાં હોય તો તે પણ ઘડો. લાલત્વ, પૃથ્વીત્વ કે પાચકતા ને અંગે ઘડો ન કહેવાય. માટીપણાને અંગે કે લાલપણાને અંગે ઘડો નથી પણ કેવળ આકારને અંગે ઘડો છે. આ આકારને અંગે ઘડો હોવાથી એકલો આકાર હોય ત્યાં ઘડો કહીએ છીએ. તેથી એકલો ભીંત ઉપર આકાર માત્ર કર્યો હોય તો પણ ઘડો કહીએ છીએ. માત્ર લીલો રંગ હોય કે લાલ રંગ હોય તેને ઘડો નહીં કહીએ. આકારને અંગે નામ નિરૂપણ થયું હોવાથી જ્યાં એકલો આકાર હોય ત્યાં નામ ચાલ્યું જાય. એકલા આકારમાં પણ પદાર્થની પ્રતીતિ થાય છે. માટે દરેક પદાર્થ આકારમય છે. દ્રવ્ય નિક્ષેપામાં આગળની પાછળની અવસ્થા માનવી પડે છે. પેલાઓને જિનેશ્વરને અંગે દ્રવ્ય નિક્ષેપો કેમ નથી માનવો ? જો તે માને તો જન્માભિષેકની પૂજા ગળે વળગે એમ છે, માટે નથી માનવો. પરંતુ કાળ કર્યા પછી પોતાનો દ્રવ્ય નિક્ષેપો મનાવવો છે.

## દ્રવ્ય નિક્ષેપાના વિરોધક મડદાના પૂજારી.

દીક્ષા લેનારાને વાયણે ચઢાવે છે તે શું ધારી ? ભક્તિ શું ધારી ને કરે છે ? ભાગ્યશાળી દીક્ષા લેવાનો છે તે ધારી. ભવિષ્યમાં દીક્ષા લેશે તેની ભક્તિ પોતાને કરાવવી છે, વાયણા કરાવવા છે, વરઘોડા કઢાવવા છે. તેમાં આરંભ નડતો નથી. તેમાં દ્રવ્ય નિક્ષેપો નડતો નથી. ભૂંસવી છે માત્ર ભગવાનની ભક્તિ. ને મારી ભક્તિને રાખવી છે. પંડની ભક્તિ કરાવવામાં દ્રવ્ય નિક્ષેપો કામનો છે. તેમના સાધુ કાળકરી જાય તો શું કરે છે ? આડંબર કરે છે. અહીં પૂછે છે કે પ્રતિમા જીવ કે અજીવ ? તેના ગુણઠાણાં કેટલા ? તેમ પૂછે છે. તેને પૂછો કે મડદું તારા સાધુનું છે તો તેમાં ગુણઠાણા કેટલા ? તેની આગળ કેમ નાચો છો ? ગંધાતા મડદા

આગળ નાચતા વાંધો નથી આવતો ? આ પ્રતિમાનો આકાર ગંધાતો તો નથી ને ? પ્રતિમાજીના આકારને જડ માની ધક્કો તો નથી મારવાનો ને ? તમે એક બાજુ આડંબર કરો છો તો બીજીબાજુ આગ દઈ સળગાવો છો. ચાહે તે થાય મારી માન્યતામાં એક અંશ પણ ઘટાડો થવા દેવો નથી. એ તો ગૃહસ્થો ગૃહસ્થની કરણી કરે છે. પણ તે સારી કરણી કે ખોટી કરણી તમને લાગે છે કે નહીં ? તમારા સ્થાનકમાં ગૃહસ્થ ગૃહસ્થની કરણી કરી શકે ખરા ? નાત જમાડે, રહેવાનું કરે તો સાધુને અડચણ નહીં ને ? સાધુ સમક્ષ ગૃહસ્થ પોતાની કરણી કરે તો સાધુને વાંધો નહીં ને ? પ્રતિમાની પૂજા ન કરવી તેવી બાધા આપે છે તો મડદાની પાછળ મહોચ્છવની રોક ટોક કેમ નથી કરતા ? આપણને પથ્થરના પૂજારી કહે પણ તમે તો મડદાના પૂજારી છોને ? અમારે તો દ્રવ્ય નિક્ષેપાથી માન્યતા હોવાથી અમે મડદાને પૂજતા નથી અને પથ્થરના પણ પૂજારી નથી. પણ તમારે તો ગઈ અવસ્થા માનવી નથી. તેના અંગે થતો આરંભ માનવો નથી, ને કરવું છે બધું.

### જૈન શાસનને ભાવથી અવિરુદ્ધ એક નિક્ષેપો પણ માન્ય છે.

અમે મહાત્મા મરી ગયા તો દ્રવ્ય નિક્ષેપાથી મડદાને પણ મહાત્મા માની શકીએ છીએ. પહેલાની અવસ્થાને પણ માનવાવાળા છીએ. તારા નસીબમાં તો મડદું પૂજવાનું રહ્યું. કાંતો કહે છે કે હું મહાત્મા માનું છું, કાં તો કહે હું મડદાને પૂજું છું. જો મડદાને મહાત્મા માનું છું એમ કહે તો તારે મૂર્તિને પરમેશ્વર માન્યા વગર છૂટકો નથી. પણ ખ્યાલમાં રાખો ત્યારે સમજાવી શકો. અમારે મહાત્માનું પૂજન છે. તમારે આરંભ સમારંભ સાથેનું મડદાનું પૂજન. મૂર્તિમાં આરંભ સમારંભ થાય તે જિનેશ્વરપણું તેમાં માનીએ છીએ. અમે તો તને તારો મહાત્મા મનાવવા તૈયાર છીએ. પણ તેઓ દીક્ષાનો વરઘોડો, મરેલાનો મહોત્સવ પોતાના અંગે તો કરવાના. ફક્ત ભગવાનની ભક્તિ ભૂંસવી છે. તેમાં સ્થાપના નિક્ષેપો, દ્રવ્ય નિક્ષેપો ન માને. ખ્યાલમાં લેજો કે જૈન શાસ્ત્રકાર એકલું નામ કે સ્થાપના કે એકલું દ્રવ્ય કે એકલો ભાવ માનવા લાયક તૈયાર છે. પણ એક વાત ધ્યાનમાં રાખજો. તે ભાવથી પ્રતિકૂળ ન જોઈએ. નામ સ્થાપના કે દ્રવ્ય પણ ભાવથી પ્રતિકૂળ ન જોઈએ. ભાવથી વિરુદ્ધ બુદ્ધિ ઉત્પન્ન કરે તેવા ન જોઈએ. उसभमजिअं च वंदे० એનો અર્થ કરીને ક્રિયા કર. હાથ જોડી માથું નમાવ્યું તો અહીં શું છે ? નામોચ્ચાર લઈશ તો તે નામને અંગે અહીં વંદના છે. આ જ વાત ખ્યાલમાં સહેજે આવશે. લોગસ્સ આખાનું નામ નામસ્તવ છે. અરિહંત ચેઈઆણં સ્થાપના સ્તવ, નામથી સ્તુતિ લોગસ્સમાં છે માટે નામસ્તવ. જૈનમતમાં એકલું નામ, સ્થાપના અગર એકલો ભાવ કે એકલું દ્રવ્ય-ચારે માન્ય છે. તેથી દરેક વસ્તુ ચારમય. પણ જીવને અંગે દ્રવ્ય નિક્ષેપો ભિન્ન ન હોય.

## જીવને દ્રવ્ય ભાગ ન હોય

જગતમાં દરેકમાં આ ચાર નિક્ષેપા વ્યાપક છે. પણ જીવમાં દ્રવ્ય નિક્ષેપો નહીં. દ્રવ્યનિક્ષેપામાં આગળ પાછળની અવસ્થા હોય જે જીવને નથી. જીવનો અજીવ કે અજીવનો જીવ થતો નથી. માટે તેની આગળ પાછળની અવસ્થા નથી. તેથી દ્રવ્ય થકી જીવ ભાંગો ન હોય. તેથી આ જીવ શાશ્વતો છે. નહીંતર દ્રવ્યથી જીવ માનવો પડતે. જીવ હંમેશા છે. તો પહેલાની પાછળની અવસ્થા નથી. માટે આત્મા હંમેશા છે.

દારૂડીયા એવા આંધળાના ઘરમાં નિધાન દાટ્યું હોય, પણ દારૂમાં ચકચૂર ને વળી આંધળો-તેના ઘરમાં નિધાન છે, પણ પોતાના કામનું નહીં. અનાદિકાળથી દારૂડીયાની માફક આ આત્મા બંધ હોવાથી તેને પોતાનું ભાન નહતું. આપણે સંજ્ઞી અને સંપૂર્ણ પંચેદ્રિયપણું પામ્યા હોવા છતાં આત્માને ઓળખ્યો નથી. કુકા (રૂપિયાના) હિસાબ માટે હાથ-દોઢ હાથ જેટલા લાંબા ચોપડા થાય છે. આત્મા માટે બાર પાનાની નોટ પણ મળતી નથી. આત્મામાં કેટલા ગુણો છે ? કેટલા ગુણો નથી ? કેટલા પાપ ઘટ્યા ? કેટલા પાપ વધ્યા ? કાંકરાના નામામાં જીંદગી ગુમાવાય છે. પણ પોતાની જાતને તપાસવી નથી. કાંકરાને કુંકામાં જીંદગી ગુમાવાય છે. પંડને ઓળખ્યો ન હતો. ઓળખાવનાર મળ્યો નહતો. તેથી પંડની (આત્માની) પડી નથી. અંધ દારૂડીયાને નિધાનની પડી ન હોય તેમ આપણને આત્માની પડી નથી. જેમ અંધને આંખ પમાડે અને સ્થિર મગજવાળો થાય ત્યારે નિધાનને દેખે તે વખતે કેટલો આનંદ થાય ? તો પછી આત્માની સ્થિતિ કેટલી આનંદમય હોય ? જિનેશ્વર મહારાજાઓએ પોતાના આત્માની સ્થિતિ જણાવી. તેથી જિનેશ્વરનો ઉપગાર માનવો પડે.

હવે આત્માની રખડપટ્ટી શાથી બચે ? તે ટાળવા અવિરતિ અને અવિરતિ ટાળવા માટે પચ્ચક્ખાણ. અષ્ટક પ્રકરણમાં બતાવેલા પચ્ચક્ખાણ કઈ રીતના હોવા જોઈએ ? તે અધિકાર અગ્રે વર્તમાન.

**હે અરિહંત ભગવન્ ! જો દૃષ્ટિ વડે આ ભવસમુદ્રમાં તમને**
**ન જોયા હોત તો મારી શી ગતિ થાત ?**
**અર્થાત્ મારી શી દશા થાત ?**

# વ્યાખ્યાન - ૧૫

**द्रव्यतो भावतश्चेति प्रत्याख्यानं द्विधा मतं । अपेक्षादिकृतं ह्याद्यमतोऽन्यत् चरमं मतम् ॥**

## કર્મબંધની ભીષણતા.

શાસ્ત્રકાર મહારાજા ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ અષ્ટકજી પ્રકરણને રચતા થકાં આગળ દેવનું સ્વરૂપ જણાવી ગયા. સામાન્યથી આદ્ય પ્રવર્તકો દેવ તરીકે ગણાયા. જૈનો એટલે સમ્યગ્દર્શનવાળા મનુષ્યો બાહ્ય પદાર્થની પ્રાપ્તિને જ જાળરૂપ ગણે, એને તો કર્મનું નાટક સમજે. આ જીવ કર્મના નાટકમાં દાખલ થાય. એ નાટકને પોષીને ચલાવે. નાટકની વૃધ્ધિ કરે. આમાં કેવળ બાહ્ય પદાર્થો જ છે. કર્મના નાટકને ટકવાનું સ્થાન બાહ્ય પદાર્થ સિવાય કંઈ પણ નથી. આ વાત લક્ષ્યમાં આવશે ત્યારે જીવો કર્મને બાંધે, નિધત્ત કરે, નિઃશેષ કરે - આ બધું શાથી કરે છે ?

શરીર ઉપધિ વસ્તુ આવા પદાર્થોથી જીવ કર્મને બાંધે છે. કલ્પના ખાતર વિચારીએ કે જડ પદાર્થ છે નહીં તો જીવને કર્મબંધનું કારણ કશું નથી. શરીર, ઉપધિ સાધન ન હોય તો જીવને કર્મ બાંધવાનું કારણ કોઈ નથી. સમજુ ધર્મિષ્ઠ જીવ બાહ્ય પદાર્થને કર્મનું થીએટર ગણે. કર્મના થીયેટરને જે પોષણ કરે તેને ઉપગારી શી રીતે માને ? કલ્લી કાઢી લઈ બરફી આપે. તેમાં ઉપગાર માને તો તે બાળક કે અજ્ઞાન જ છે. સમજુ મનુષ્ય કોઈ દિવસ કલ્લી કાઢી લઈ આપેલી બરફીમાં ઉપગારીપણું ગણે નહીં. તમને દુનિયાદારીના પદાર્થો તરફ મન લાગેલું છે. તેથી આત્માની સ્થિતિની દરકાર નથી. આત્મા કેમ કર્મથી બંધાઈ રહ્યો છે ? કર્મ કેવી રીતે ભોગવી રહ્યો છે ? તે ખ્યાલ આવતો નથી. ખ્યાલમાં માત્ર : ધન - ધાન્ય શરીરના વિષયો તેના સાધનમાં હાનિ થાય તો છાતીએ બળે છે. અંદરની હાનિ જાણે નડતી જ નથી. બાહ્ય પદાર્થની વૃદ્ધિ થાય એટલે ખુશ થવાય. પછી આપણને તે જ્ઞાનીઓ બાળક ન કહે તો કેવો કહે ? કલ્લી જાય છતાં કૂદે છે. કલ્લી જાય ને બરફી મળે તેમાં કૂદંકૂદ. તેમાં બાળકપણું ગણીએ છીએ તો બાહ્યપદાર્થમાં રાચતો આમા સમયે સમયે અનંતા જ્ઞાનભોગોને આવરે છે. તો કહો બાહ્ય પદાર્થમાં રાચે છે તે અને બાળક આ બેમાં તફાવત શો ? કલ્લી બહારની ચીજ. બરફી બહારની ચીજ. છતાં આવો તફાવત- તો અંદરનું જાય અને બહારનું આવે. તેમાં કેટલો વધારે મૂર્ખો ગણાય ? પૌદ્ગલિક પદાર્થો મળે. વિષયોના

સુખ સમૃદ્ધિ મળે તે પદાર્થો બાહ્યના ગણાય. બરફી મોં સુધી મીઠી લાગે જ્યારે કલ્લી આગળ કામ દેવાવાળી બને. પણ આંખ ખૂલી છે ત્યાં સુધી જ.

**કોઇક જાય આંખ મીંચ્યાથી ને કોઈ આંખ ઉઘડ્યાથી**

તો અહીં જે મળે તે આંખ ખૂલી છે ત્યાં સુધી મીઠું છે. આંખ મીંચાયા પછી ઘર-બાર-રિધ્ધિ-કુટુંબ કબીલો શું મીઠું છે ? આંખ ન મીંચાય ત્યાં સુધી આ ચીજો મીઠી. તેમ ગળે ઉતરી ગઈ ત્યાં સુધી જ બરફી મીઠી. સ્વપ્ન અને સંસારમાં પૌદ્‌ગલિક પદાર્થ માટે સ્વપ્ન જેવું છે. ઘટના માટે કહેવાય છે કે 'કોઈ જાય' : આંખ મીંચ્યાથી કોઈ જાય અને આંખ ઉઘાડ્યાથી કોઈ જાય. મરી જાય તે આંખ મીંચ્યાથી જાય અને સ્વપ્નથી જાય તે આંખ ઉઘડ્યાથી જાય. રિધ્ધિ સમૃદ્ધિ મળે ને જે આનંદ થાય તેમ તમે સ્વપ્નમાં સુતા હો ને સ્વપ્ન આવવા માંડ્યું. ચંદ્રરત્ન મળ્યું. ચંદ્રરત્ન લઈ છ ખંડ સાધ્યા. રાજ્યાભિષેક થયો. ચક્રવર્તીપણું પાલ્યું. આવું દેખ્યું- તે વકતે છાતી ઝાલી રહેતી નથી. આ બધું આંખ મીંચાઈ છે ત્યાં સુધી. આંખ ઉઘડી જાય તો ક્યાં ચંદ્રરત્ન ને ક્યાં છ ખંડ ? નિધાનાદિક પણ ક્યાં છે ? આંખ ઉઘડ્યામાં બધું ગયું. કોઈકમાં જાય આંખ ઉઘડ્યાંમાં-તો કોઈકમાં જાય આંખ મીંચ્યામાં. પણ ચાલ્યું જાય પછી કંઈ નહીં. બીજા ભવમાં ઘરની માલિકી કરવા જાય તો ધપ્પો ખાય. સ્વપ્નમાં પણ માલિકી કરવા જાય તો ધપ્પો ખાય. પણ બીજી ઘટના થઈ શકે તેમ નથી. તેથી સ્વપ્નની ઘટના કરી સ્વપ્નમાં સપડાવવાનું નથી.

**ચક્રવર્તી અને વાસુદેવની દુર્ગતિમાં પણ કર્મવાદનો નિયમ.,**

સ્વપ્નનો ચક્રવર્તી કે વાસુદેવ નરકે જાય તેવો નિયમ નથી, આંખ મીંચ્યાનો ચક્રી કે વાસુદેવ છે માટે. પણ ઉઘાડી આંખવાળો નરકે જ જાય. પણ સાપ ખાયે ને મુખડું થોથું. સાપને પોષણ કેટલું મળે ? મનુષ્યના પ્રાણ જાય, સાપ ને કંઈ મળવાનું નહીં. આ જીવ દુર્ગતિના ખાતા બાંધે. લઈ લેવાનું કંઈ નહીં. આવી રીતે બાહ્ય પદાર્થો દુઃખ દેનારા છે. આત્માના સ્વરૂપને મલીન કરનારા છે. દુર્ગતિમાં રખડાવનારા છે. આવા પદાર્થો મળવાથી ઉપગાર કોણ માને ? પોતાનું સ્વરૂપ ખોવાય તેવા પદાર્થો મળે તો ઉપગાર કોણ માને ? ખવાર મેળવનારને ખાસડા મળે એવાનો ઉપગાર શી રીતે માને ? સમજુ સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય બાહ્ય પદાર્થના સંજોગ પદાર્થના અર્પણને લીધે હોવાથી વિરોધ ગણે. તો અમારા પરમેશ્વર કેવા છે?

**આત્માને બચાવનાર રક્ષણ કરનાર મહાન્ ઉપકારી છે.**

મનુષ્ય સુતો હોય, તેને સાપ કરડવા આવતો હોય. સાપ કરડવામાં આવે છે. તેને જગાડી ખેંચી લીધો. તે કેટલો પરોપગાર માને ! તેમ આ જીવ અજ્ઞાન દશામાં સુતો છે.

પાછળ મોહમાયાની સાપણો દોડી આવી રહી છે. એમાંથી એ આ જીવને બચાવે છે માટે સમ્યગ્દૃષ્ટિ બચાવનારને ઉપગારી અને પરમેશ્વર ગણે. પણ બચાવે ક્યાંથી ? આંધળો હીરાને પરખાવે ક્યાંથી ? જગતના બીજા જીવો પોતે પોતાના આત્માને દેખવા તૈયાર નથી તો જગતના બીજા આત્માને દેખે ક્યાંથી ? દયાનું સ્થાન નથી તો દિલ દઈને ઉધ્ધાર કરવાની સ્થિતિ ક્યાં રહી ? દયાના સ્થાન તરીકે અવસ્થા દેખે, આત્મા પોતાના આત્માને દેખે નહીં તો બીજાના આત્માની ઉપાધિ કે ગુણો ઉપર અવરાએલા તે આવરણ કાઢવાનો ઉપાય બતાવે ક્યાંથી ? તો બધા સાધુઓ ઉપદેશ આપે છે તો શું બધા સર્વજ્ઞ છે ? તો હરકોઈ આત્મા બીજા આત્માને ઉપદેશ આપી બચાવે. એક માણસે સંપેતર- લાવી તમને આપ્યું. આપનારની કિંમત કે મોકલનારની કિંમત ? આપનાર લાવ્યો તેટલું સારું કર્યું. પણ લેણા-દેણાનો સંબંધ કોની સાથે જોડાયો ? રેલના પારસલ આવે તે રેલનો ઉપગાર માનતા હશે ? એ તો જેવો માલ દીધો હોય તેઓ લાવવાના સરીગત છે.

### નંદીસૂત્રનો સંદર્ભ ગુરૂનો ઉપદેશ.

જે જે ધર્મગુરૂઓ આત્માને પિછાણે છે, બીજાના આત્માની દશા સમજે છે, ઉપાધિ ટાળવા ઉપદેશ આપે-તે સંપેતરા લાવનાર છે. તેથી ગુરૂ ઉપદેશ આપતા પહેલા તીર્થંકરની ને પછી ગુરૂની પરંપરા જણાવે ને પછી ધર્મોપદેશ આપે. શ્રી નંદીસૂત્રજીમાં પ્રથમ ચોવીશ તીર્થંકરને નમસ્કાર કર્યા. પછી ૧૧ ગણધરને નમસ્કાર કર્યા, ને ત્યાર પછી પરંપરાગત આવેલા આચાર્યને નમસ્કાર કરી સૂત્રની રચના કરે છે. અમે સંપેતર- લાવનાર છીએ. સૂત્રાદિકની વ્યાખ્યા વખતે. जयइ जगजीवजोणि, वियाणओ जयगुरु जगाणंदो० કહીને આગળ તે ०तस्मै श्री गुरुवे नमः તે ગુરૂએ મોકલેલ આ સંપેતરુ છે. લાવનાર સારો ગણાય, પણ મોકલનારની કિંમત સાચી છે. આપણને પણ આચાર્યની પરંપરા તીર્થંકર પાસેથી શાસનનું સંપેતરું લાવી દેનાર છે. આચાર્યની પરંપરા ન હોય તો તીર્થંકરની પાસે જ રહે., આપણને ન મળે. કરોડો સાગરોપમ સુધી આચાર્યની પરંપરા ચાલી તો શાસન ત્યાં સુધી ચાલી શક્યું. સંપેતરું લઈ જનાર હોય ત્યાં સુધી સંપેતરું પહોંચે. લઈ જનાર જ્યાં ન હોય ત્યાં સંપેતરૂ ન પહોંચે. સંપેતરાને લઈ જનાર તો જોઈએ ને ? ચીજ મોંઘી નથી, તેનાથી લાવનાર મોંઘા છે. અમદાવાદના ઘડા લાવવા હોય તો ?

અનંતભાંગા પર્યાય સહિત સંપેતરા મોકલે છે તેટલા લાવનાર સમર્થ નથી. થોડું થોડું લાવી આપે તેટલો એમનો ઉપગાર. અહીં તીર્થંકર મહારાજે દ્વાદશાંગી થાપી. અનંતગમ પર્યાય ભંગ સહિત રચ્યું. તેમાંથી આચાર્ય ભગવંતો જેટલું લાવ્યા તેટલું આપણને મળ્યું. લાવનાર પોતાની શક્તિથી લાવે છે. તો જેટલું લાવ્યો તેટલા ઉપગાર. સંપેતરૂ લાવનાર

તાબેદાર નથી. તેમ અનંત જ્ઞાનમાંથી જે જ્ઞાન સંપેતરામાં આવ્યું તે પોતાનું નથી. એ તો જે લાવ્યા તે આપે છે.

**શાસ્ત્રની મહત્તા : (દૃષ્ટાંત)**

શાસ્ત્રકાર આચાર્ય મહારાજ 'ગણધર મહારાજ' આમ કહે છે, 'હું કહું છું' એમ કહેવાય નહીં. આગમને કોણ માને ? એમ કહેનારા શેઠ સિપાઈ જેવો દાખલો છે.

પટ્ટો બાજુ પર મૂકીને સીપાઈ શેઠને કહે છે : 'રાજા બોલાવે છે. ચલો ચલો, કેમ ઢીલ કરો છો ? શેઠ તેને ઠોકાવ્યો. સીપાઈએ રાજાને કહ્યું : સાહેબ ! મને શેઠે માર્યો. મારે જ કેમ ? હા માર્યો છે. રાજાએ શેઠને કહ્યું : મારા માણસને મારો તે ઠીક નહીં ? શેઠે કહ્યું : આપના માણસને હું મારું તે શું તમને ખાત્રી છે ? પૂછો તે વખતે આપનો માણસ હતો ? શેઠે ખૂલાસો કર્યો : પટ્ટો કોરાણે મૂકી વાત કરતો હતો. સીપાઈએ કબૂલ કર્યું. પછી માર ખાય તેમાં નવાઈ શું ? તેમ માને છે કે મારા પટ્ટાને માને છે ? જૈન કહેવડાવવાનો હક જૈન શાસ્ત્રથી કહેવાય છે. જિનેશ્વર દેવને કે તેમના શાસ્ત્રને ન માને ને જૈન કહેવડાવે તે લુચ્ચો કહેવાય, ઈમાનદાર નહીં. ન માનવું હોય તો જૈન નથી એમ કહી દ્યો.

**શાસન પ્રત્યેની વફાદારી.**

જિનેશ્વરના શાસ્ત્રો માનવા નથી ને 'જૈન' કહેવડાવવું છે. પટ્ટા વગર હુકમ ચલાવવો છે. રાજ્યને અંગે વફાદાર ન રહેનાર અમુકની અમે રૈયત છીએ-એમ કહેવાને હકદાર નથી. તેમ જિનેશ્વરને અને તેના શાસ્ત્રને ન માને તેને જૈન કહેવડાવવાનો હક નથી. જૈનમાંથી કાઢી મેલવા માટે આ વચન નથી, પણ તમે જૈનપણું કહેવડાવવા માટે જૈન શાસન તરફ વફાદાર થાવ - તે માટે આ વાક્ય છે. વરો નો તો કરવો એમ કહેવાનો અર્થ એ કે આ ખામી છે તે દૂર કરવાની. એ વાક્યનો મતલબ કંજુસાઈ ન કરવામાં છે. અહીં જૈન શાસનને વફાદાર ન રહેવું હોય તો જૈન ન કહેવરાવવું - એનો અર્થ જૈનપણામાંથી કાઢવા માટે કહેતો નથી, પણ વફાદાર બનો તેટલા મતલબથી કહું છું. ચાલો એ વાત દૂર રાખો.

આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ જે ઉપદેશ આપે છે, તે જિનેશ્વરે મોકલેલો છે, પોતાનો નહીં. જે પોતાના આત્માને ઓળખે તે બીજાના આત્માની ઉપાધી જાણે, તેવા આત્માને જૈન શાસન પરમેશ્વર અને ઉપગારી માને છે. આત્માના ઉધ્ધાર કરનાર હોવાથી તેમને જિનેશ્વર દેવ માનીએ છીએ. તેમણે સાધન બતાવ્યું. મતું કરવા ખડિયો લાવી દીધો, કલમ આપી. પણ સહી કરવી તો પોતાને જ. બીજો મતું ન મારે. તમે જિનેશ્વરે આત્મ કલ્યાણના સાધનો બધા મેળવી આપ્યા. પણ મતુ મારવું તે મૂળ ધણીનું કામ છે. જિનેશ્વર મહારાજે સાધનો મેળવી આપ્યા એમ આપણે અહીં આત્માને ઓળખતા ન હતા. આત્મા

આત્માને ઓળખતો ન હતો. તું આત્મા છે. એ જ એમણે ઓળખાવ્યું. છતી વસ્તુ ન દેખે એટલે હંમેશનો હાથી છતાં દેખવામાં આવતો નહતો. એ તરફ લક્ષ્ય નહીં. કેડે છોકરૂને ગામે તેડ્યું. મોંમાં ગોળીને મા પાસે માંગવાના થાય છે. તેમ અહીં ખુદ આત્મા ખુદને ન જાણે, બાર ભટક્યા કરે છે. જિનેશ્વરે આત્માને જણાવ્યો.

### આત્માની ઓળખાણ કરવી જોઈએ.

આત્માને જણાવતી વખતે આત્મા કંગાળ નથી તે સમજાવનાર સર્વજ્ઞ ભગવાન તીર્થંકરના આત્માને બીજાઓ ભાડુતી જણાવે છે. સ્વજ્ઞાનથી નહીં, એમણે આત્માને દેખ્યો નથી. સર્વજ્ઞ જ દેખે. સર્વજ્ઞ થાય પછી વીતરાગ થાય. તેમને વીતરાગતા ઈષ્ટ નથી. પોતાના આત્માને કે પરના આત્માને દેખતા નથી. બાપ હીરા કહે તેમ છોકરા કાચના કટકાને હીરો કહે, તેમ સર્વજ્ઞ ભગવાને જ્ઞાનથી એટલે સ્વજ્ઞાનથી આત્મા શબ્દ વાપર્યો, તેથી અનુકરણથી આપણે પણ આત્મા શબ્દ વાપર્યો, નાના બચ્ચાના હાથમાં સાચો હીરો આવ્યો. તે તેજની સ્થિતિને બાળક ન ઓળખે. ઝગઝગાટને બાળક જુએ. હીરાની સ્થિતિનું તેજ કે ગુણ ન દેખે. આત્મા ચેતનવાળો કે પ્રયોગ લક્ષણવાળો જીવ કહે તેમાં ફરક શો ? ઊંડા ન ઉતરાય ત્યાં સુધી ફરક નથી. નાને ઘરે જન્મેલો મામો ને માસી. ફરક નહીં ને ? બાપ અને ફોઈમાં ફરક નહીં ને ? સ્ત્રી અને પુરુષને અંગે ફરક છે. બાળક સ્ત્રી અને પુરુષમાં ભેદ ન સમજે. તેને બે લક્ષણનો ફરક માલુમ ન પડે. હું દાભડીવાળો કે આંખવાળો ? બે વાળો છું. દાભડી બહારની ચીજ તો પણ દાભડીવાળો કહેવાઈ ગયો. અક્કલવાળો પણ કહો છો તેમ કુટુંબવાળો પણ- એમ કેમ ? જેમણે આત્માને ચેતનાવાળો કહ્યો છે - તેઓ એમ માને છે કે આત્મામાં ચેતના આવીને રહેલી છે. જેમ બહારથી દાભડી આવી છે તેમ બહારથી ચેતના આવી છે. ખુદ હાથ દાભડીવાળો નથી તેમ ખુદ આત્મા ચેતનાવાળો નથી, તેમાં ચેતના આવીને વસી છે. તેમના મતે આત્મા એટલે જ્ઞાનનો આધાર-ભાજન, જ્ઞાનમય નહીં. આપણે જ્ઞાન લક્ષણ કહીએ છીએ. ઉપયોગ એજ એનું લક્ષણ. પેલાએ જ્ઞાનમય કેમ ન કહ્યો ? પેલાને જ્ઞાન, દર્શન, નિર્વિકલ્પ અને સવિકલ્પ દશા ખ્યાલમાં નથી. માટે બન્ને અંગે સાધારણ શબ્દનો ઉપયોગ કર્યો.

### આત્માનું લક્ષણ જ્ઞાન અને ઉપયોગ.

આત્મા હંમેશા જ્ઞાનોપયોગવાલો કે દર્શનોપયોગવાળો હોય. સ્ત્રી વાંજણી નથી. એટલો જો નિશ્ચય કરી શકાય તો સંસારના વ્યવહાર માટે લાયક ગણાય. પણ વાંજણીનો નિશ્ચય થાય તો તે સંસારના વ્યવહાર માટે કામની નહીં. उपयोगो लक्षणम् ॥२-८॥ આત્માનો ઉપયોગ લક્ષણ માન્યો- તો સર્વજ્ઞ થવા લાયક છે, પણ જેમણે જ્ઞાન આદિ

ઉપયોગ સ્વરૂપ નથી માન્યો તેમને ભાડુતી જ્ઞાન આપ્યું છે. ખોળે લીધાથી વાંઝણીપણું ન જાય તેમ આત્મામાં જ્ઞાન આવીને રહેતું હોય તો પણ આત્મામાં જ્ઞાન થવાનું નહીં. આત્માને જ્ઞાનનો આધાર માનનારા લોકો આત્માને જડ માનનારા છે. સર્વજ્ઞ મહારાજે જ્ઞાન સ્વરૂપ આત્મા માન્યો. સર્વજ્ઞ મહારાજા દરેકને જણાવે છે : તમારો આત્મા સર્વજ્ઞ છે, માત્ર આવરણ ખસેડવાનું છે, પડદો ખસેડવાનો છે. તે પણ પડદામાં રહેલું આત્માનું સ્વરૂપ પ્રગટ કરી શકો છો. એમ આખી લાઈન તૈયાર કરનાર સર્વજ્ઞ ભગવાન છે. પરમેશ્વરમાં શાના આધારે માનીએ છીએ ? પડદો કોને આભારી છે ? અવિરતિને એ પડદો આભારી છે.

## પહેલા મોહનીય ખસે, પછી જ્ઞાનાવરણીય.

કૈવલ્યને રોકનાર એ અવિરતિ પડદો છે. આત્માના સ્વરૂપને બગાડનાર એ અવિરતિ પડદો છે. કેવળજ્ઞાન એ કેવલાવરણીયના ક્ષયથી થવાવાળી ચીજ છે. જ્ઞાનાવરણીય પાનને રોકે. પણ અવિરતિ મોહનીયના ઘરનું - તે જ્ઞાનાવરણીયને નડે કેમ ? જેને લીધે જે થતું હોય તે પણ તેનું કારણ જોડે કહી શકાય. જ્ઞાનાવરણીયનું ખસવું મોહનીયના ખસ્યા વગર બનતું નથી. મોહ ખસ્યો હોય અને જ્ઞાનાવરણીય ન ખસે એમ બને (૧૨ મેં ગુણઠાણે તેમ બને), જ્ઞાનાવરણીય નથી ખસ્યું ને મોહ નથી ખસ્યો તેમ પણ બને (૧૧ મે ગુણઠાણે તેમ છે), પણ જ્ઞાનાવરણીય ખસ્યું ને મોહ નથી ખસ્યો તેમ ન બને. સર્વજ્ઞને સરાગ કહેતા નથી. કેટલાક જીવોને મોહ રહિત છદ્મસ્થ કહીએ, મોહ રહિત જ્ઞાનાવરણીયવાળો કહેવાય. પણ જ્ઞાનાવરણીય વગરનો મોહ સહિત એવો કોઈ જીવ જગતમાં નથી. પ્રથમ મોહ ખસે, પછી જ જ્ઞાનાવરણીય ખસે. પછી મોહવાળા સર્વજ્ઞ ન થાય. પ્રથમ મોહ ખસે પછી જ્ઞાનાવરણીય ખસે. એવું જ મોહનીય છે. આથી જ નિર્યુક્તિકારે કહ્યું કે કેવલીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કષાયના ક્ષય સિવાય થતી નથી. કષાયો તૂટે ત્યારે જ કેવળજ્ઞાન થાય.

કેવળજ્ઞાનને રોકનારી અવિરતિ છે એ માનવામાં હવે અડચણ નહીં આવે. એ માટે જિનેશ્વરે હથિયાર આપ્યા પછી તે તૈયાર ન થાય તો તે કઈ જાતનો હોય ? જાતનો શત્રુ છે. શત્રુ સામે આવ્યો છે. બાયડીએ તલવાર લાવી આપી. તો પણ ન ઝઝૂમે તો કેવો કહેવો ? રજપૂત ન કહેવાય, ધૂળીયો માટીનું પૂતળું કહેવાય. આ આત્મા રજપૂતની લાઈનનો છે. સુબુદ્ધિ સ્ત્રીએ શાસનરૂપી શમશેર આપી છે. આપણે ભવ્યની જાતમાં છીએ. અહીં શૂરાતન ન ફોરવીએ તો આપણે કેવા ગણાઈએ ? ભવ્ય છતાં શૂરાતન ન જાગે તો શું કહેવાય ? જણાય શી રીતે ? અહીં અવિરતિ રૂપી શત્રુને ઠાર કરવો તેનું નામ પચ્ચક્ખાણ છે. તેના પ્રકાર કેટલાં ? વગેરે અધિકાર અગ્રે વર્તમાન.

# વ્યાખ્યાન - ૧૯

**द्रव्यतो भावतश्चेति प्रत्याख्यानं द्विधा मतं । अपेक्षादिकृतं ह्याद्यमतोऽन्यत् चरमं मतम् ॥**

શાસ્ત્રકાર મહારાજા ભગવાન શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા ભવ્ય પ્રાણીઓનાં ઉપગારને માટે અષ્ટકજી નામના પ્રકરણને રચતા થકાં આગળ દેવનું સ્વરૂપ જણાવી ગયા. સામાન્યથી સર્વ આસ્તિકો પોતાના ધર્મના પ્રવર્તકને દેવ માને છે. જ્યારે જૈનો પ્રદર્શકને દેવ માને છે. જૈન ધર્મ દેવને માનવાનું શાથી કહે છે ? અધર્મને કે ધર્મને બનાવનાર તરીકે પરમેશ્વરને માનતા નથી. એટલું જ નહીં પણ પૃથ્વી-પાણી-પહાડ તૈયાર કર્યા હોય તેથી દેવ માનવાનું કહેતા નથી. પણ પોતાના આત્માને નિર્મળ કરી શક્યા છે. કૈવલ્ય પામી શક્યા છે. સર્વજ્ઞ વીતરાગ થઈ શક્યા છે. તેને જ દેવ માને છે. તેથી ૧૮ દોષરહિતને દેવ તરીકે માને છે. ખરી રીતે દેવને અઢાર દોષ રહિત બોલીએ છીએ. પણ ૧૮ દોષ રહિત તે જ તીર્થંકર એમ નથી. તો શું કોઇ તીર્થંકર દોષ સહિત છે ? ના; એકે દૂષણ ન હોય તે ચોક્કસ. છતાં ૧૮ દોષ રહિત હોય તે દેવ કહેવાય તેમ નહીં. સર્વ કેવળીઓ ૧૮ દૂષણ રહિત છે. શું તે બધાને દેવ ન મનાય ? તો કેવળી માત્ર દેવ તે દેવ થઈ જાય તો અડચણ શી ? કહો તીર્થંકરો ચોવીસ જ. નહીં તો અવસર્પિણીમાં અસંખ્યાત દેવ માનવા પડે. પછી ચોવીસ ઉપર ધોરણ ન રહે. ગુણની અપેક્ષાએ જેટલાં ગુણ સામાન્ય કેવળીમાં તેટલાં ગુણ તીર્થંકરમાં હોય તો ફરક શો ? તીર્થંકરને વધારે માનવાનું કારણ શું ? જેવું કેવળજ્ઞાનાદિ તીર્થંકરમાં તેવું સામાન્ય કેવળીને છે. કેવળજ્ઞાનમાં પ્રકાર નથી માન્યા. અમુક નંબરનું કેવળજ્ઞાન તીર્થંકરને ને અમુક નંબરનું કેવળજ્ઞાન સામાન્ય કેવળીને હોય તેવા પ્રકાર કેવળજ્ઞાનમાં નથી.

કેવળજ્ઞાનમાં જો પ્રકાર ન હોય તો બે પ્રકારનું કેવળજ્ઞાન : (૧) ભવસ્થ કેવળજ્ઞાન અને (૨) સિધ્ધસ્થ કેવળજ્ઞાન. (૧) સયોગી કેવળજ્ઞાન અને (૨) અયોગી કેવળજ્ઞાન. સયોગીમાં પણ (૧) ચરમ સમય કેવળજ્ઞાન અને (૨) અચરમ સમય કેવળજ્ઞાન. અયોગીમાં પણ (૧) પ્રથમ સમય કેવળજ્ઞાન ને (૨) ચરમ સમય કેવળજ્ઞાન. અનંતરસિધ્ધ, પરંપરસિધ્ધ વગેરે કેવળજ્ઞાન યાવત્ અંત સમય સિધ્ધ કેવળજ્ઞાન. આટલા બધા ભેદો છે ને તમો ભેદોની ના કહો છો ?

## કેવળજ્ઞાનના ભેદો શી રીતે ?

કેવળ એક પ્રકારનું છે. તે શી રીતે ? મતિજ્ઞાનના અઠ્યાવીસ ભેદ કરીને એક એકના બાર ભેદ ગણાવી - ચાર બુધ્ધિના ભેદ મેળવી કુલ ત્રણસોને ચાલીસ ભેદ કરી બેસી ગયા. તથા શ્રુતજ્ઞાનના ચૌદ ભેદ અને વીસ ભેદ કરી બેસી ગયા. અવધિજ્ઞાનના છ ભેદ તેમજ મનઃપર્યાયજ્ઞાનના બે ભેદ બતાવ્યા. આમાં લગીર વિચારવાનું છે. અસંખ્યાતા સમુદ્રનું પાણી, પણ પાણીપણામાં ભેદ નહીં. સ્થાનને લીધે ફલાણા સમુદ્રનું કહેવાય. તેમ કેવળજ્ઞાનના સ્વભાવમાં કોઈપણ જાતનો ફરક નથી. આકાશ જો ઘટના પોલાણમાં હોયતે ઘટકાશ. મઠની અંદર પોલાણમાં હોય તે મઠકાશ. મંજુષા એટલે પેટીનાં પોલાણમાં હોય તે મંજૂષાકાશ. તે ભેદ પડ્યા. પણ ત્યાં આકાશમાં ભેદ ન પડ્યો. ઘડાના, ગોળીના કે ગાગરના આકાશમાં ફરક નથી. ફરક માત્ર ઉપાધિજન્ય છે. તેમ કેવળજ્ઞાનમાં આમ ફરક છે.

સ્વરૂપે ભેદ પડે તો પ્રથમ-અપ્રથમ, ચરમ-અચરમ આવા વિકલ્પ રહી શકશે નહીં. ૧૦૦ છે તેમાં પ્રથમ એક-અને અપ્રથમ કહ્યા એટલે બેથી માંડી ૧૦૦. તેમ ૧૦૦ કહીએ - તેમાં ચરમ ૧૦૦ અને અચરમ ૯૯ થી ૧ સુધી. ૯૯ ને ૧૦૦ વચ્ચે ફરક હોય તો ચરમ અને અચરમમાં ફરક ન કરી શકીએ. પ્રથમ લઈએ ત્યારે વગેરે જુદા પડે. અચરમ લઈએ તો એક ને બે ભેગા થાય. એક ને બે વચ્ચે ફરક પ્રથમ-અપ્રથમ, ચરમ- અચરમનો. વિભાગ થવાથી સ્વરૂપે ભેદ નથી. બે મળતા છે. બીજા મુદ્દાએ વિચારીએ તો અનંતર સિધ્ધના પંદર ભેદ રાખ્યા છે- તે સિદ્ધ થયા પહેલાંની અપેક્ષાએ.

## તીર્થંકર કેવળી અને સામાન્ય કેવળીમાં તફાવત.

મૂળ વાતમાં આવીએ. કેવળજ્ઞાનમાં જુદાપણું નથી. સામાન્ય કેવળી કે તીર્થંકર કેવળી બેના કેવળજ્ઞાનમાં જરી પણ ફરક નથી. કેવળી મહારાજમાં કેવળજ્ઞાન, કેવળદર્શન, વીતરાગતા, અનંતવીર્ય, સુખ, યથાખ્યાત ચારિત્ર તે તીર્થંકરમાં જેવા છે તેવા જ સામાન્ય કેવળીમાં છે. તો ચોવીસ તીર્થંકરનેજ દેવ કેમ માન્યા ? અસંખ્યાતા તીર્થંકર કહો ને ? ચોવીશ જ કેમ ? સામાન્ય કેવળીઓને અરિહંતપદમાં લઈ ન શકાય. ચઉશરણનો ખ્યાલ હોય તેને સાધુપદમાં મનઃપર્યવજ્ઞાની કેવળજ્ઞાની લીધા, અરિહંતમાં નહીં. અરિહંતમાં માત્ર ચોવીશ. તેથી જેણે ત્રીજે ભવે વીશસ્થાનક તપ આરાધ્યું છે, ત્રણ જ્ઞાન સહિત ઉપજ્યા છે, અજવાળું થાય તે તીર્થંકરના જન્મમાં બધા કેવળીઓ ત્રીજે ભવે વીશસ્થાનક આરાધવાવાળા નિયમિત હોતા નથી.

## णमो अरिहंताणं नो અર્થ.

પાંચ કલ્યાણક સામાન્ય કેવળીઓને હોતા નથી. એકલા તીર્થંકરને જ પાંચ કલ્યાણક હોય अर्हंति अशोकादि–अष्टप्रातिहार्यपूजामिति अर्हन् દેવતાઓએ અને ઇંદ્રોએ કરેલી આઠ પ્રાતિહાર્ય રૂપ પૂજા જેઓની - તેઓ અર્હત્. અર્હત્ શબ્દનો અર્થ વિચારી લેવો. જેણે પૂજા ન માનવી હોય તેણે णमो अरिहंताणं પર કૂચડો ફેરવવો પડશે.

કર્મરૂપી શત્રુને હણે તે અરિહંત. દેખાવમાં સમાધાન સારું છે. પણ કોઈએ કહ્યું કે હું કાંણો ક્યાં છું. આ રહી બનાવટી આંખ. પોતાના મોઢે જ કાંણાની કબૂલાત થઈ. એમ અહીં સાઠ કર્મરૂપ શત્રુને હણવામાત્રથી અરિહંત ગણવા જઈશું તો સિધ્ધને શું કહેશો ? પછી અરિહંત ને સિધ્ધમાં ફરક કયો ? કર્મ ખપાવી સિધ્ધિમાં ગયા તે સિધ્ધ. તો णमो अरिहंताणं અને णमो सिद्धाणं બે શું કરવા બોલો છો ?આપણે વ્યુત્પત્તિ અર્થ નથી કરતા. વ્યુત્પત્તિ અર્થ પૂજાને લાયક એ છે. નિરૂક્ત અર્થ કરીએ તે ઉપચારથી થઈ શકે છે. આઠ કર્મને હણનાર તે ઉપચારથી છે. સિધ્ધમાં આઠ કર્મ હણાયા છે. ને અરિહંતમાં હજુ ચાર કર્મ હણાયા છે. અસોકાદિ આઠ પ્રતિહાર્યરૂપ પૂજાને લાયક તે અર્હત્.

### બધા કેવળી ભગવંતમાં કૈવલ્ય સમાન છતાં અરિહંતની મહત્તા કેમ ?

અરિહંત મહારાજા દેવતા દ્વારા પ્રતિહાર્યથી પૂજા ભલે પામે. આત્માના ગુણોની અપેક્ષાએ સામાન્ય કેવળી અને તીર્થંકર કેવળીમાં કંઈ પણ ફરક નથી. તો ચોવીશ દેવ અને બીજા કેવળી થયાં છતાં દેવ નહીં. તેઓ અરિહંતપદમાં નહીં- તેનું કારણ શું ? એક સો મનુષ્યનું ટોળું ગુફામાં ઉતર્યું. દીવો બુઝાઈ ગયો છે. ૧૦૦એ અથડાય છે. તેમાંથી એકની પાસે દીવાસળી છે. એણે તે સળગાવી કાકડો કર્યો. એ કાકડાને અંગે બીજા ૨૫ મુનુષ્યે કાકડા કર્યા. છવ્વીસ કાકડા થયા. કાકડામાં ફરક ખરો ? એની જયોત કે સ્વરૂપપણામાં જરી પણ ફરક નથી. ૨૬ સરખાં છે. છતાં બહાર નીકળી ધન્યવાદ કોને દેવાશે ? દીવાસળી પ્રથમ સળગાવનાર ને. ૨૬ કાકડા સરખા હતા. બધાએ અજવાળું કર્યું હતું. સળગેલા કાકડા છવ્વીસ હતા. છતાં ગુફામાંથી ઉધ્ધારક તરીકે ગણીએ તો પ્રથમ દીવાસળી સળગાવનારને. શાબાશી એને દેવાય, ઉપાકર એનો મનાય. તેમ અહીં બીજા કેવળજ્ઞાનીઓ જે કેવળજ્ઞાન પામ્યા છે તે તીર્થંકર મહારાજના કેવળજ્ઞાનના જોરે.

શાસનના જોરે ભલે અસંખ્યાત કેવળજ્ઞાન પામ્યા. પણ તીર્થંકર મહારાજા કોઈના જોરે કેવળજ્ઞાન નથી પામ્યા. વચનના જોરે તો નહીં, પણ કાયિક જોરે પણ નહીં. ઇંદ્ર મહારાજા ભગવાન મહાવીર દેવને વિનંતી કરે છે કે ‘આપને ઉપસર્ગ ઘણા આવશે. માટે

હું સેવામાં રહું.' ભગવાને કહ્યું : હે ઇંદ્ર એવું થતું નથી, થશે પણ નહીં કે કોઇની મદદે તીર્થંકર કેવળજ્ઞાન મેળવે. કેવળ કાયિક મદદ પણ કેવળજ્ઞાનમાં ન લેવી. વિનંતી કરી ઊભા રહેનારાની કાયિક મદદનો નિષેધ કર્યો. મરણાંત ઉપસર્ગો ભલે આવે. પણ કોઇની મદદે કેવળજ્ઞાન ઊભું ન કરું.

તીર્થંકરનો રિવાજ હું કોઈની મદદ ન લઉં તેમ નથી. પણ તીર્થંકરો કોઇ પણ ઇંદ્રની કે દેવતાની મદદથી કેવળજ્ઞાન ઉપજાવે નહીં. કેવળજ્ઞાનની વાત નથી, પણ કેવળજ્ઞાન ઉત્પન્ન કરવામાં સાધન પરિષહ ઉપસર્ગો છે. મનુષ્યને રોગ ઉત્પન્ન થતો માલુમ નથી પડતો પણ તેની ચિકિત્સા ? ક્ષય, શરદી થતી હોય તો માલુમ ન પડે. પણ થયેલા રોગની દવા ? આંતરડા ઊંચા થાય તો કરવી પડે. કર્મો બંધાય તે તમને માલુમ નથી પડતા, પણ ઉદય થાય અને ભોગવવા પડે તે વખતે આંતસીયા ઊંચા આવે.

**કર્મ તોડવાના બે રસ્તા.**

જ્વરની દવા બે પ્રકારે છે. કાં તો લાંઘણ કાં તો કડવા ઓસડો. તેમ કર્મ બંધાઈ ગયા છે. આત્મા ભારે થયો છે. હવે તેના બે રસ્તા છે. કાં તો તપસ્યા કરે, પરિષહ ઉપસર્ગમાં સ્થિર રહે. કાં તો દુર્ગતિમાં જઈ સફર કરી તોડે. સમજુ મનુષ્ય રોગ ઉપર-તાવ ઉપર દવા ખાવા કરતાં કુપથ્ય ઉપર કાબુ મેળવે. તાવ આવે ને મિષ્ટાન્ન ખાય તો ? ડાહ્યો દરદી દાણો પણ ન ખાય. ફાંકા કરી દેવા. ઉના પાણી સિવાય કંઈ નહીં. એ અજીરણ જેવું લાગે. તાવનું પૂર્વરૂપ લાગે તે વખતે લાંઘણ ખેંચે તો બચી જાય. પણ ડકાર આવે છે. શરીર તૂટે છે. એવા વખતમાં મિષ્ટાન્ન ઉડાવ્યું તો ? તેમ આપણે કરમથી ઘેરાયેલા છીએ. જડ જેવી સ્થિતિમાં જીવન ગુજારીએ છીએ. એવા કરમ કરવાનું બંધ ન કરીએ, પરેજી ન પાળીએ. તો પરિસ્થિતિ શી સર્જાય ?

કર્મનો વિકાર રોકવાના રસ્તા તપસ્યા. નિર્યુક્તિકાર મહારાજ કહે છે કે તીર્થંકર મહારાજને જન્મથી' ત્રણ જ્ઞાન છે. કશું ન કરે તો પણ આ ભવે મોક્ષે જવાના જવાના ને જવાના. દીક્ષા વખતે ચાર જ્ઞાન છે. કદી તપસ્યા ન કરે તો દેવતા પૂજે ક્યાંથી ? પણ ગર્ભથી, જન્મથી વગર તપસ્યાએ પણ દેવતાથી પૂજાયા છે. જેઓ ગર્ભ અને જન્મથી પૂજાંઇ રહેલા છે જેઓનો ખીલો મોક્ષને અંગે ચોક્કસ ઠોકાઈ ગયો છે. પછી તેમને તપસ્યાની શી જરૂર ? મોક્ષ ચોક્કસ છે. દેવેન્દ્રો જન્મથી પૂજી રહ્યા છે. 'अक्के चेत् मधु विदंते' ઘરના આંગણે મધપુડો ભરેલો હોય તો ડુંગરે મધ લેવા કોણ જાય ? એ તપસ્યા કરે ન કરે- તો પણ મોક્ષ નક્કી કરેલો હતો. તીર્થંકર, ગણધર કે કેવળી તે જ ભવે મોક્ષે જાય. વગર તપસ્યાએ પણ મોક્ષ મળવાનો હતો. તપસ્યા ન કરે તો મોક્ષ ચાલ્યો જવાનો

નહતો. શા માટે ઘોર તપસ્યા કરી ? અરે અવળો સવાલ ક્યાં કરે છે ?

શરીરે સુંદર તો ઘરેણાંની શી જરૂર ? માટે ઘરેણાં કાઢી નાંખો એમ અક્કલવાલો ન કહે. ખરી સુંદરતા ઘરેણા સહિત. સુંદરતા વિચિત્ર છે. શરીર સુંદરવાળાને ઘરેણાંની સુંદરતાની જરૂર છે. જેમ ત્યાં સુંદરતા વધે છે તેમ આપણે નુરીયા જમાલીયામાં છીએ પણ જન્મથી ત્રણ જ્ઞાનવાળા, ઈન્દ્રાદિકથી પૂજાયેલા, મોક્ષ માટે નિર્ણય છે તેવાને પણ તપસ્યા કરવી પડે છે તો શરીરે સુંદરતા ન હોય તેણે ઘરેણાં પહેરવા પડે તેમાં નવાઈ શી ? તીર્થંકર મહારાજાને મોક્ષે જવાનો નિર્ણય હતો તેવા પણ કર્મક્ષય માટે તપસ્યાનો ઉદ્યમ કરે તો આપણે કર્મનો ક્ષય કરવો છે ને તપસ્યા નથી કરવી ? લાડુ જમવા તૈયાર થાય છે તો લાંઘણ વખતે કકળાટ માનવો છે ? તપસ્યા કર્મ ક્ષય કરનારી ચીજ છે. તેથી તીર્થંકરો સ્વતંત્ર તપસ્યા કરે. બીજાના આલંબનથી નહીં. અસંખ્યાત કેવળીઓ તીર્થંકરના આલંબનથી કેવળીઓ બને. તીર્થંકર કેવળીઓ સ્વયં કેવળી બને. તેઓ ગુણવાળી દશામાં મનાય શાથી ? બીજા કાકડામાં કારણ બન્યા તેથી. આખા શાસનને શાસનરૂપી દીવો અર્પણ કર્યો. તેમાં પાપ, આશ્રવ અને બંધ એ ત્રણ વસ્તુઓ છોડવા લાયક-તે અવિરતિ રોકાઈ તો સંવર થવાનો.

પુન્ય, સંવર, નિર્જરા અને મોક્ષ એ ચાર આદરવાલાયક તો પછી બંધમાં જોર નહીં રહે. નિર્જરા તડાકા બંધ થવાની. ચારનું સાધન અવિરતિ રોકવી. તેને માટે પ્રત્યાખ્યાનના સ્વરૂપ જણાવાશે. એ કેવી રીતે ? તે અધિકાર અગ્રે વર્તમાન.

**હે વિભૂ ! શાન્ત એવાં તમારાં બે નેત્રો,**
**તમારું પ્રસન્નમુખ અને પર્યંકાસને રહેલી તમારી**
**સુંદર આકૃતિ જોઈને મારા આત્માને શાંતિ થઈ.**

# વ્યાખ્યાન - ૧૭

**द्रव्यतो भावतश्चेति प्रत्याख्यानं द्विधा मतं। अपेक्षादिकृतं ह्याद्यमतोऽन्यत् चरमं मतम् ॥**

શાસ્ત્રકાર મહારાજા ભગવાન શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે ધર્મોપદેશ કરતાં છતાં જણાવી ગયા કે પ્રત્યાખ્યાન કરવું તે જરૂરી છે. વળી જિનેશ્વર પર શ્રધ્ધા રાખવી, ભક્તિ કરવી તે બધું અવિરતિ ટાળવાનું દલાલું છે. જે અવિરતિ એમણે બતાવી તેથી અમે તેમને ઉપગારી માનીએ છીએ. એટલે કે તીર્થંકરનું ઉપગારીપણું માનીએ તેનું કારણ એ કે આપણને અવિરતિ ઓળખાવી. આ વાટવો બતાવ્યો- તેમાં લૂગડું બતાવ્યું કે રંગ ? રંગ લૂગડાથી જુદો ન હતો. રંગ સાથે લૂગડું છે જ. તેમ અવિરતિથી આત્મા જુદો ન હતો. તેથી આત્મા ઓળખાવ્યો અને સાથે અવિરતિ ઓળખાવી. અવિરતિ ને ઓળખાવે તો આત્મા ઓળખાવ્યો કે ન ઓળખાવ્યો - તેમાં ફરક નથી. ચંદ્ર સૂર્ય એ રત્નના વિમાનો છે. રત્ન બધા ઇચ્છે છે. તો ત્યાં જઈ કેમ નથી લાવતા ? એવી સ્થિતિ એ દૂર રહ્યા છે. જ્યાં જવું અશક્ય છે. અશક્ય હોય પછી જાણો, તો નિશ્ચિત કરવાનો અર્થ નથી. તેમ અશક્યનું (પ્રવર્તિલાયક રહિત) જ્ઞાન મળે તો તે જ્ઞાન મળ્યું ન મળ્યું સરખું થાય.

જિનેશ્વર મહારાજાએ આત્માને શુદ્ધ ચિદાનંદમયપણે ઓળખાવ્યો. અશુદ્ધ સ્વરૂપ કેમ છે ? તે ન જણાવે તો આત્માને ઓળખાવવાનું વ્યર્થ થાય. આત્માને અંગે શું કરવાનું ? તે ન સમજાવે ત્યાં સુધી પહેલાં આર્દ્રકુમારની દશા હતી તેવું થાય.

આર્દ્રકુમારને મૂર્તિનો ખ્યાલ નથી, ખ્યાલ ઘરેણાનો છે. આ તે કેડે કે માથે મેલવાનું ઘરેણું છે. મિત્રએ એની પાસે ભેટ મોકલી છે- તો આ ઘરેણું હોવું જોઈએ. આને શું કરવાનું ? આ વખતે યુગાદિદેવની મૂર્તિ છે પણ તેનો અર્થ કંઈ નથી. દેખી હોય, હાથમાં આવી હોય છતાં નકામી છે. કારણ એનો ઉપયોગ શો કરવો ? તેનો ખ્યાલ નથી. પછીથી જાતિસ્મરણ થયા પછી યુગાદિદેવ માને છે. અહીં પણ હું આત્મા-હું આત્મા કરું એમાં કશું ન વળે. નીતિના હિસાબે પણ નાસ્તિકો બીજા જીવ ન માનવા, મોક્ષ નથી, પુન્ય-પાપ નથી, એમ કહે. પણ હું નથી-એમ નાસ્તિક પણ બોલતો નથી. બીજા જીવો નથી, પુન્ય-પાપ-સ્વર્ગ નથી-નરક નથી, એમ બોલે છે. પણ હું નથી તેમ કોઈ પણ બોલતું નથી. હું

સુખી-દુઃખી, મેં જાણ્યું-એનો સંસ્કાર છે. હું નથી એવો સંસ્કાર કોઈ જગો પર નથી. આ આત્મા છે. એવું જ્ઞાન હંમેશા હતું.

## તીર્થંકર મહારાજાએ અવિરતિવાળા આત્માને દરદને ઓળખાવ્યું.

તીર્થંકર મહારાજે નવું શું કર્યું ? જે પોતાને જ્ઞાન ન હતું- 'હું જાણું છું' એ જ્ઞાન તો પ્રથમથી હતું, નહીંતર સ્પર્શ રસ રૂપ ગંધને જાણે ક્યાંથી ? તીર્થંકર મહારાજે નવું ખ્યાલમાં દેવડાવ્યું હોય 'તો હું અનાદિકાળથી અવિરતિવાળો છું.' એ જ્ઞાન કોઈ આત્માને સ્વયં થતું નથી. કોઈ દર્શનવાળાએ એ જ્ઞાન કરાવ્યું નથી. કોઈપણ મતવાળો આ જ્ઞાન કરવાનું કહેતો નથી. આત્મા અનાદિથી અવિરતિવાળો છે એ જ્ઞાન અન્ય કોઈ કરતો નથી. કહી શકતો નથી, જ્યારે તીર્થંકર મહારાજે આત્મા અવિરતિવાળો જણાવ્યો ત્યારે ચેતવાનું થયું. દાક્તર દરદ કહી પૈસા લ્યે છે. દવા ન આપે, દરદની જ પરીક્ષા કરી દે, તેની જ ફી. તેને અંગે એની મોટાઈ માનીએ. જડ પદાર્થની પરીક્ષા કરી દે તેમાં ફી આપીએ. તેમાં દાક્તરનું માન ગણીએ તો જેણે આત્માનું દરદ ઓળખી લીધું. આત્માનું દરદ કહેનારો-ઓળખાવનારો ત્રણ જગતમાં બીજો કોઈ નથી કેવળ એક જ તીર્થંકર મહારાજા. એમણે દરદ ઓળખાવ્યું ત્યારે જ આપણી આંખ ઉઘડી. કેન્સર દરદ હોય, દરદીને માલુમ ન પડે પણ તે દરદ ઓળખે તો આપણે કેટલાં ચોંકીએ છીએ ? જડના દરદને અંગે ચોંકીએ, ને આત્માના દરદને અંગે ન ચોંકીએ ! તો કેવા ગણાઈએ ? વધારે તો દૂર રહ્યું પણ એ દરદથી જેટલા ચોંકો તેટલા તો અહીં ચોંકાવો જોઈએ ને ? પાડોશી ભાડુતી ઘરવાળા છે. તે ભાડુતીઘરવાળા પાડોશીના નુકસાનમાં જેવું ચોંકાય છે એટલું પણ પંડના દરદમાં ચોંકાતું નથી. એને હજુ ભયંકર માન્યું નથી. કહો જિનેશ્વર ઉપગારી શાથી ?

બહુમાન કરવાલાયક શાથી ? અવિરતિ દરદ ઓળખાવે, તેનું ભયંકરપણું સમજાવે, તેથી જ તેમનો ઉપગાર છે. અવિરતિ ઓળખાવવાથી તેમનો ઉપગાર છે. તેમની સેવા-ભક્તિ તે તો બધું દલાલીમાં જાય છે, બીજું કંઈ નહીં. આત્માને અવિરતિમાં પડેલો ઓળખાવ્યો. તે ઉપગારને લીધે પૂજીએ, સેવીએ, જપીએ, ધ્યાઈએ આ તે અવિરતિ ઓળખાણની દલાલી છે. આત્મા કરતાં આરીસાની કિંમત શોભાની દલાલી. ચાટલાની કિંમત કટેલા પૂરતી ? જે જિનેશ્વરને પૂજીએ, જપીએ તે અવિરતિ ઓળખાણની દલાલી ગણીએ તો અવિરતિ ઉપર કેટલું હોવું જોઈએ ? જો અવિરતિ ઉપર તિરસ્કાર ન હોય તો તેની સેવા-પૂજા-ધ્યાન-ભક્તિ બધું ગુણ જાણ્યા વગર કરાયેલું છે. એમનો ગુણ જાણી સેવા-પૂજા કરીએ તો તો અવિરતિ ઉપર ધિક્કાર પહેલી નજરે આવવો જોઈએ. ઊંડો સડો હોય તો કાપ્યે જ છૂટકો. સડો થયા પછી કાપ્યા સિવાય બીજો રસ્તો નથી. આ સડો પાંચ પચ્ચીસ

દહાડાનો હતો તો અનાદિનો રોગ કેટલો સડો બાકી રાખે ? અને તો કાપ્યા સિવાય બીજો રસ્તો નથી. અનાદિની અવિરતિ ખરેખર સડો છે. તેને લગીર રાખ્યે પાલવશે નહીં. સડાનું શેષ પણ રહે તો નવો સડો ઊભો રહે. અવિરતિનો અંશ રહે તો આખી નવી અવિરતિ ઊભી કરે.

## વાદ કરવા આવેલા ગૌતમસ્વામીએ સર્વવિરતિ કેમ લીધી ?

તીર્થંકર મહારાજાએ અવિરતિ સડાને કાપવાનો રસ્તો એટલે ઓજાર આપણને આપ્યું છે. અને તે ઓજાર જ સર્વ વિરતિ છે. હવે સહેજે ખુલાસો થશે કે ગણધર મહારાજ આવ્યા વાદ કરવા, તેમને દીક્ષાનો સંબંધ શો હતો ? વધારેમાં વધારે વાદમાં એક જીતે એક હારે. અહીં તો પોતે કબૂલ કર્યું કે અમારા સંશય કહે તો સર્વજ્ઞ માની લઈએ. સંશયનું સમાધાન પણ કર્યું. ગૌતમ સ્વામીએ પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે ભગવાન મહાવીર મહારાજ સંશય કહે તો સર્વજ્ઞ માની લેવાના હતા. સમાધાન કરવાથી સર્વજ્ઞ માને તેમ હતું. 'તમને જીવનો સંશય છે' તેટલું કહી મહાવીર મહારાજાએ મૌન પકડવાનુ હતું. સંશયમાં નિર્ણયનું કામ ન હતું. 'જીવ છે કે નથી' તેવો તને સંદેહ છે. પણ જીવ સાબિત કરવાની જરૂર શી ? જીવ છે - એ વાત સાચી. તે ગૌતમસ્વામીની શંકા નીકળી ગઈ. તમે અહીં સાધુ પાસે પ્રશ્ન કરી નિર્ણય કરો છો. શંકા ટાળી. મહારાજ જ્ઞાની છે. ત્રીજું કંઈ થાય છે ? તેમ ગૌતમસ્વામીને એટલું જ કરવું હતું. પણ દીક્ષાને શો સંબંધ ? દીક્ષાનો સંબંધ એજ કે જીવ ઓળખાવ્યો તે સાથે અવિરતિનું ભયંકરપણું પણ ઓળખાવ્યું. તેને કાપ મૂકવાની આ કરવત છે. દરદ સમજે, કાપવાને સમજે -તેવા દરદીના હાથમાં કરવત આપે તો કાપવામાં વિલંબ કરે ખરો ? ભયંકર સડેલા અંગને કપાવવામાં દરદી આજીજી કરે. સાહેબ ! જલ્દી કાપી નાંખો કહે. જલ્દી ઓપરેશન કરાવી નાંખે. એમ અહીં પંડની પરખ થઈ, રોગ પારખ્યો, જેણે સડાને દૂર કરવાનું સાધન આ મહાપુરુષ પાસે છે તેમ માલુમ પડે તે સડો કાપવામાં વિલંબ ન કરે. તેથી ગણધરોએ એક ડગલું પણ પાછા ફર્યા વગર સર્વવિરતિ લીધી. અવિરતિ સડાને કાપવાનું ઓજાર કેવળ સર્વવિરતિ પચ્ચક્ખાણ.

## 'પચ્ચક્ખાણ' શબ્દનો અર્થ.

એ પચ્ચક્ખાણમાં શબ્દાર્થ વિચારીએ તો પ્રત્યાખ્યાન. બોલેલા શબ્દનો પણ પૂરો ખ્યાલ નથી. प्रति आ ख्यान् (પ્રતિ આ ખ્યાન્) આ ત્રણ ભેળા કરો ત્યારે પ્રત્યાખ્યાન શબ્દ બને. આ મુદ્રાલેખ કર્યો. અનાદિનું જે વર્તન થયું તેનાથી પ્રતિકૂળ રાજીનામું અપાવે છે. શબ્દથી રાજીનામું અપાવે છે. અનાદિથી જે પ્રવૃત્તિ હતી તે પ્રવૃત્તિથી હું નીકળું છું. પ્રતિકૂળ થઈ (નિકળીને) ક્યાં ટકીશ ? તીરથી ખસી નદીમાં જાય તો ? એટલે શાસ્ત્રકારે

જે કલ્યાણની મર્યાદા બતાવી છે તેમાં ટકીશ. પ્રતિકૂળતામાંથી છૂટી મર્યાદામાં રહીશ, સાવદ્ય ત્યાગ કરીશ, મોક્ષમાર્ગમાં ચાલીશ, કલ્યાણબુદ્ધિ રાખીશ એ મર્યાદાનું હું કથન કરું છું. શાનું ? પાપ નહીં કરું. અનાદિ પ્રવૃત્તિથી પ્રતિકૂળ પણે શાસ્ત્રમર્યાદા પ્રમાણે હું બોલું છું : पच्चक्खामि અને वोसिरामि. અહીં બે કેમ કહ્યા ? અનુકૂળતા જણાવી. કથન કર્યું-છોડું છું. આથી પ્રત્યાખ્યામિ અને વોસિરામિ. બંને વસ્તુ કહેવી પડે. એમ અવિરતિના કરાતાં પચ્ચક્ખાણ બે પ્રકારે છે.

જાસુસો ન ખસે એવું જગતમાં સ્થાન નથી. રાજા મહારાજાઓના મહેલોમાં જનાનામાં જાસુસો ઘૂંસે છે. તેમ મોહરાજાના જાસુસો ક્યાં ઘૂંસે છે તેનો પત્તો નથી. ભક્તિ બે પ્રકારની. વફાદારીના પચ્ચક્ખાણમાં જે પ્રતિકૂળ ગણો છો તે હદે પણ હજુ તે મોહરાજાના જાસુસો આવે છે. પણ તેમ થયેલું પચ્ચક્ખાણ તે દ્રવ્ય પચ્ચક્ખાણ કહેવાય છે. પચ્ચક્ખાણ બે પ્રકારનું. એક દ્રવ્યથી ને બીજું ભાવથી. જાસુસને ઓળખવો મુશ્કેલ છે. અહીં દ્રવ્ય પચ્ચક્ખાણ ઓળખવું શી રીતે ? જે પચ્ચક્ખાણ કરતાં લાલચ હોય, વીર્યની મંદતા હોય, અનુત્સાહ હોય, બેદરકારી હોય, તેવા પચ્ચક્ખાણ તે દ્રવ્ય પચ્ચક્ખાણ સમજવા. જાસુસ અને વફાદારને ઓળખો. મારું મેળવવા લાયક હોય તો મોક્ષ અને તેનું સાધન જિનેશ્વરે પચ્ચક્ખાણ કહ્યું છે. આવી બુદ્ધિનું જે પચ્ચક્ખાણ તે ભાવ પચ્ચક્ખાણ. જે પચ્ચક્ખાણ પૌદ્ગલિક ઈચ્છાએ, નિરૂત્સાહથી કે વેઠથી કરે તે પચ્ચક્ખાણ મોહ રાજાની છાયાવાળા દ્રવ્ય છે. જ્યારે તેથી વિપરીત થાય છે તે ભાવ પચ્ચક્ખાણ સમજવા. અપેક્ષા આદિએ કરાય તે દ્રવ્ય પચ્ચક્ખાણ. જેમાં અપેક્ષા રહિત પણું છે- તે ભાવ પચ્ચક્ખાણ. આમ દ્રવ્ય-ભાવ પચ્ચક્ખાણ બે ભેદે છે. તેનું સ્વરૂપ જણાવ્યું. હવે તેનો વિસ્તાર અગ્રે વર્તમાન.

**હે જિનેશ્વર ભગવાન ! અન્ય દેવોમાં સમભાવવાળી બે ચક્ષુઓ નથી,**
**પ્રસન્નમુખ નથી, હથિયારથી શુન્ય બે હાથ નથી**
**અને સ્ત્રીઓથી રહિત ખોળો નથી. એ હેતુથી એ દેવોની મૂર્તિ**
**મોક્ષને માટે કેવી રીતે થાય ? અર્થાત્ ન જ થાય.**

# વ્યાખ્યાન - ૧૮

**द्रव्यतो भावतश्चेति प्रत्याख्यानं द्विधा मतं । अपेक्षादिकृतं ह्याद्यमतोऽन्यत् चरमं मतम् ॥**

શાસ્ત્રકાર મહારાજા ભગવાન શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે ધર્મોપદેશ કરતાં થકાં પ્રથમ દેવાદિકનું સ્વરૂપ જણાવી ગયા. પણ જેમ માલ લેવાને માટે આડતીયો પ્રથમ ખોલવો પડે. તેમ જિનેશ્વર મહારાજા આપણા આડતીયા છે. આડતીયો માલ પૂરો પાડે. તેમ મોક્ષનો માર્ગ પૂરો પાડનાર ત્રણ જગતમાં કેવળ જિનેશ્વર મહારાજ છે. ચાર નાતીલા ભાઈઓ ભેગા થાય તો વિવાહ લગન આમ થાય આવી વાતો થાય, ગામવાળા ભેગા થાય તો વેપાર આમ થાય, દેશવાળા ભેગા થાય તો ફલાણા રાજ્યે આમ કર્યું. પણ આત્મા કેવો છે ? કઈ દશામાં હતો ? કઈ દશામાં હોવો જોઈએ ? કઈ દશામાં ભવિષ્યમાં વર્તવો જોઈએ ? એ વિચારને ઉત્પન્ન થવાનું સ્થાન નથી. તેવા ઉપાયોમાં જોડવો તે વાત તો દૂર રહી, પણ વાતાવરણ પણ નથી. વાતાવરણ બધે જુદા જુદા છે. અસલ વાતાવરણ ઉત્પન્ન કરનાર ત્રિલોકના નાથ તીર્થંકર ભગવાન છે. એ તીર્થંકર મહારાજા આત્માના ગુણો ઉત્પન્ન થાય એવું વાતાવરણ બનાવી આપે છે. બીજે કોઈ જગો પર એ વાતાવરણ નથી.

સારી વાણી સહુને ગમે, નથી ગમતી તેમ નહીં. સારા અક્ષર સહુને ગમે છે. પોતાના ખોટા અક્ષર ગમતા નથી. પણ કાયા ઉપર કાબૂ ન હોય. વિચાર ઉપર કાબૂ ન હોય તો સારી વાણી, સારા અક્ષર લાવે ક્યાંથી ? પોતાનું શ્રેય હંમેશા દરેકને ગમે છે. પણ અશ્રેયના વિચારો રાત દિવસ ચાલે છે. આ જીવ સંસ્કારમાં આવેલો નહીં. તેથી સારીવાણી નીકળી નથી. કલ્યાણમાં કેળવાયેલો ન હોવાથી કલ્યાણની ઈચ્છા હોવા છતાં કલ્યાણને રસ્તે જઈ શકતો નથી. તેમ દરેકને શ્રેયની કામના છે, અશ્રેયની કામના નથી, છતાં પણ શ્રેયમાં કેળવાયેલો નથી. કલ્યાણની ઈચ્છા છતાં પ્રવૃત્તિ અકલ્યાણની રહે છે. જગતમાં કલ્યાણનું વાતાવરણ ન હોય તો તેના સાધનો, પ્રયત્નો ને તેના ફળ હોય જ ક્યાંથી ? કલ્યાણનું વાતાવરણ, સાધન, તેની રીતિ અને ફળ જણાવનાર તીર્થંકર ભગવાન છે. તે ન હોય તો આ વાતાવરણ ન હોય. જુગલીયાના ત્રણ, બે ને એક પલ્યોપમના કે કોડો પૂરવના આયુષ્ય હોવા છતાં વાતાવરણ ન હોવાથી ખાલી હાથે ચાલ્યા જાય છે. કલ્યાણની અપેક્ષાએ ખાલી

ચાલ્યા જાય છે. પુન્યવાળા ખરા, પણ કલ્યાણ પામી શકતા નથી. મોજમાં રહેનારા જુગલીયા દુઃખ વગરના હોવાથી નથી ખોરાક, વસ્ત્ર કે પાનની ચિંતા. દેવતાઈ સ્થિતિ તરીકે મનુષ્યપણામાં ત્રણ પલ્યોપમ સુધી રહે તો પણ ખાલી હાથે જાય છે. એને હાથમાં આવેજ ક્યાંથી ? આપણે ૧૦૦ વરસવાલા ત્યાં. આપણે ખાલી જઈએ તેમાં નવાઈ નહતી. અહીં આપણે કંઈક મેળવી શકીએ છીએ.

### નિસરણીનું જોડાણ મોક્ષ સાથે.

મોક્ષની નિસરણીને સમજો. આપણે મનુષ્યનું શરીર બનાવી શકીએ છીએ. આડી પડેલી નિસરણી માળે નહીં પહોંચાડે. ત્યારે નિસરણી ઊભી કરેલી જોઈએ. આ શરીરને દુનિયાદારીના અર્થ કામ સિધ્ધીના ઉપયોગમાં લઈએ અને મોક્ષની નિસરણી માનીએ-એ કામ ન લાગે. નિસરણી ત્યાં અડાડવી જોઈએ. આ શરીર મોક્ષને અડાડી દેવું જોઈએ. ૫૦૦ ધનુષ્યનું શરીર કે ૫૨૫ ધનુષ્યનું શરીર હોય. મોક્ષ સાત રાજ છેટો રહ્યો. તો શરીરને ત્યાં શી રીતે અડાડવું ? પણ જો નિસરણી ટૂંકી હોય તો બાકી દોરડું બંધાય. એ પણ નીસરણીનું કામ કરે છે. જેમ કૂવામાં ચડવા ઉતરવામાં દોરડા કામ લઈએ છીએ. તેમ ઔદારિક શરીર ન પહોંચે તો દોરડાની નિસરણી તૈયાર કરો. જ્યાં ચડવું હોય ત્યાં સંબંધવાળું જોઈએ. મનરૂપ સૂક્ષ્મ નિસરણી ત્યાં જોડો. ત્રિલોકના નાથ તીર્થંકર ભગવાને વાતાવરણ ઊભું કરેલ છે. ત્યાં જવા વિચાર થાય તો સાધન ઉભા કરી અમલમાં મેલો. એ ત્રિલોકનાથે ઊભું કર્યું. માટે એ મોક્ષ પ્રાપ્ત કરવાના દલાલ આડતીયા છે.

### તીર્થંકર મહારાજાની દલાલ સાથે સરખામણી.

ભવ્યો ભવથી કેમ બચે ? અવ્યાબાધ સુખ દરેક જીવો કેમ પામે ? તે જ ધંધો તીર્થંકર ભગવાનનો છે. દલાલ ઘરનું કંઈ ન આપે. બારોબાર પતાવે. તીર્થંકર ભગવાન પોતાનામાંથી અનંતમો ભાગ પણ નથી આપતા. દુનિયા દાનેશ્વરી બને તો લાખમાંથી પાંચ આપે તો પાંચ ઓછા થાય ત્યારે દાનેશ્વરી બને. તીર્થંકર ભગવાન આપે તો પણ ન ખૂટે. જે વખત કેવળ પામે તે વખતે દરેક કેવળ પામનારની શક્તિ ભાવના હોય કે ચૌદ રાજલોકના જીવોના તમામ કર્મો બે ઘડીમાં બાળીને ભસ્મ કરી નાંખુ. દાવાનળમાં ઘાંસને બળતાં વાર શી ? ક્ષપકશ્રેણિ વખતના જીવો માટે જગતના જીવોના કર્મો ઘાસ સમાન છે. પણ દાવાનળ ક્યાં અને ઘાસ ક્યાં ? લગોલગ હોય તો બાળી નાંખે. દરિયાનું પાણી ઘરની આગ ન બુઝાવે. માટે કર્મોનું સંક્રમણ ન થવાથી એક આત્માના કર્મો બીજામાં ન જવાથી શ્રી દશવૈકાલિકકારે સાધુ થનારને એક વાક્ય કહ્યું. पुढो सत्ता पुढो कम्मा. દરેક જીવો જગતમાં જુદા છે અને દરેકના કર્મો પણ જુદા છે. દરેક પોતાના કર્મો દરેક પોતે ભોગવે

છે. બે નામની હુંડી ચાલે છે. જેને અંગે જામીન પણ થાય. ન લીધું દીધું હોય તો ભરવું પડે. પણ કર્મને અંગે બે મથાળાની હુંડી, જેને કર્મનો બંધ થાય તેને જ ભોગવવા પડે. તેથી તીર્થંકર મહારાજ સમર્થ છતાં બીજાના અંશ માત્ર પણ કર્મને તોડી શકતા નથી. પરભાર્યું પતાવે છે. તેથી તેમને દલાલની જગો પર મેલું છું.

**દલાલ અને વેપારી કેવા હોય ?**

આજ કાલના શેર દલાલની વાત જુદી છે. શેરદલાલમાં જોખમ પેલા પર હોય છે. પણ લેનાર વેચનાર ઓળખે દલાલને. જોખમ પેલાને હોય. અહીં જોખમ અંગે લેવા દેવા નથી. તીર્થંકર ભગવાનને દલાલ ગણી તેમની પૂજા-સેવા-માનતા-ભક્તિ કરીએ તે શા ઉપર ? મહાનુભાવ માલ ન ઓળખે ને દલાલને ખટાવ્યા જાય તેનો અર્થ કેટલો ? હીરા મોતીનો દલાલ ઘેંસ ન ખાય. લુખા રોટલા ન મૂકાય. પણ વિચારો ! દલાલની એકલી સગવડ કરે અને માલ પર ધ્યાન ન રાખે તે વેપારી કેવો ગણવો ? અક્કલવાળો એવો ન હોય. તીર્થંકરની સેવા ભક્તિ આરાધના કરીએ પણ માલ લેતી વખતે 'ના, ના' હમણાં મારે કામ છે. તો આપણી અક્કલ કેટલી ગણવી ? દલાલ તો લાકડાના ને કોલસાના પણ હોય. માત્ર એક પ્રકારના દલાલ ન હોય. આ દલાલ કયો માલ પૂરો પાડે છે ? આ દલાલ આત્માનો માલ પૂરો પાડનાર છે, આત્માના ગુણો ઉત્પન્ન કરનાર છે.

**પોતાના ગુણ મેળવવામાં બીજાની જરૂર શા માટે ?**

આત્માને ગુણવાન કરી દે, પાવન મોક્ષ પ્રાપ્ત કરાવી દે. માલ કયો ? આત્માના ગુણો ઉત્પન્ન કરવા. મોસાળ જમવું એમાં પંચાત શી ? બીજા ઘેર સંકોચ થાય. મોસાળે જમવાવાળાને ચિંતા ન કરવાની હોય.

આત્માને આત્માના ગુણ મેળવવા તેમાં બહારના દલાલની જરૂર શી ? પારકે ઘરે જમવા જવું હોય તો જમવાના નોતરાની જરૂર. મોસાળ કે બાપને ઘેર જમવામાં નોતરાની જરૂર શી ? આત્માના ગુણ આત્માને મેળવવા છે, બહારના ગુણ મેળવવાના નથી. પણ ત્યાં પહોંચવું જોઈએ ને ? પાલીતાણે પિયર અને અમદાવાદ મોસાળ હોય તો વચમાં આગગાડીની જરૂર પડે. પહોંચવા માટે સાધન જોઈએ. સામો દેણદાર સીધું આપે તો કોરટનું શરણ ન લેવું પડે. પણ નાણું આપણું છે. દસ્તાવેજ છે, પણ દેણદાર વાંકો થાય તો કોરટનું શરણું લેવું પડે. આત્માને પોતાના ગુણો મેળવવાના છે. કર્મરાજાએ કબજે કર્યા છે. પોતાના આત્માના ગુણો કબજે કર્યા છે. માલિકી ને કબજો એમ બે વાત રાખો છો. મારી માલિકીનું અને મારા કબજામાં છે. એમ આ આત્માના કૈવલ્યાદિક ગુણોનો માલિક

આત્મા ખરો, પણ તે આત્માના કબજામાં નથી. કબજો કરમરાજાનો છે. તેથી ચીજ કોરટ દ્વારા લેવી પડે. કબજામાં આવેલી ચીજ છોડવી પડે તો કૂતરાનેય મુશ્કેલ પડે છે. કૂતરો કબજો ન છોડે. ગલીની માલિકી તમારી છે, એને દસ્તાવેજ નથી, ટેક્સ ભરવો નથી પણ તે ગલીનો કબજો કૂતરાનો હોય છે. જ્ઞાન, દર્શન, વીર્યાદિક કબજામાં આવેલી ચીજ કેમ કર્મ શત્રુ છોડે ? અનામત કિંમતી ચીજ છૂટવી મુશ્કેલ તો આત્માની અમૂલ્ય ચીજ જ્ઞાનાદિક કર્મરાજને કબજે ગયેલી કેમ છૂટે ? ત્રીસ વરસનો ભાડૂત થાય. તો ઘરધણી સાવચેત ન રહે તો ? તો આત્મા અનાદિનો આંધળો ન ચેતે તો કર્મ માલિક ન થાય તો બીજું શું ? અનંત કાળના અંધારામાં કબજો લઈ બેઠેલો કરમરાજા તેના કબજામાંથી કેમ છોડાવાય ?

**આત્માનો કબજો મેળવવાની તક કઈ ?**

રાજસંક્રાંતિનો વખત હોય તે વખતે કબજો લઈ લેવાય. રાજની ઉથલપાથલનો ટાઈમ હોય તો તેમાં જોરાવર થઈ કબજો લઈ લેવાય. ગ્રંથિભેદ એ સંક્રાંતિનો ટાઈમ ગણાય. અહીં ઉથલપાથલ એ જ ગ્રંથિ ભેદ. આ કર્મની કટારમાં જીવ દબાયેલો હતો. તેમાં જ સેવા કરતો હતો. ભવની છાયા છોડી મોક્ષના મહેલમાં મહાલવાની મરજી થાય છે, પણ કટારમાં છત્રછાયા માનતો હતો. આ મારા સગા વહાલા એમ કરતો હતો. પછી તે પલટાયો. જુલમગાર જે રાજ્યને જુલમગાર માને ત્યારે જ સંક્રાંતિનો વખત ગણાય. અહીં ભવચક્રમાં કર્મરાજાની કટારને કલ્યાણ તરીકે માનતા હતા. તેને સંક્રાંતિ થઈ ત્યારે જુલમગાર માનીએ. મને કર્મરાજાએ રખડાવ્યો. એણે મારી ચીજ લૂંટી લીધી. સંક્રાંતિની જડ કઈ ?

રૂપિયામાં લયલીન. અમેરિકામાં વોશીંગ્ટન સંક્રાંતિ કરનાર તેમ અહીં જડ કઈ ? ત્રિલોકના નાથ તીર્થંકર ભગવાન, તે સિવાય બીજો કોઈ નથી. કુટરાજ નીતિના કબજે પડી જેઓ દારૂમાં, રંડીબાજીમાં ચકચૂર બન્યા, જુગારમાં જોડાયા તે રાજવીઓ રાજ તરફ નજર ક્યાંથી કરે ? તો પછી આ આત્મા કર્મની કઠોર કુટરાજ નીતિમાં કબજે થઈ વિષયાદિકમાં જોડાયો તો આત્મા તરફ નજર કરે ક્યાંથી ? કરોડોની આવક હોવા છતાં રંડીબાજી આદિમાં રાજવી જોડાઈ જાય તો છેવટે અમલદારને રાજ સોંપી દેવું પડે. આણે તો 'તું કરજે' એટલું પણ ન રાખ્યું. ચક્રવર્તીપણા જેવી સ્થિતિ હોવા છતાં કેદમાં પડેલો દારૂડિયો રંડીબાજ જુગારી રાજાની શી વલે ? તેમ આ કેદમાં પડેલો ચક્રવર્તી રાજ્યને જોવા પણ ન પામે. રાજની હદની નજીકમાં કેદ ન કરે પણ એના રાજથી છેક હદે કેદ કરે. નેપોલીયનને કેદ સેંટહેલીનામાં કર્યો. ફ્રાંસમાં નહીં. ક્રોંજીને દક્ષિણ આફ્રિકામાં કેદ કર્યો, ટ્રાન્સવાલમાં નહીં.

કર્મરાજા કેદ એવી રીતે કરે કે આત્માના ગુણમાં જોડ ન કરાય. પુદ્ગલની જાળમાં કેદ કરે. સેંટહેલીનામાં કેદી થયેલો ટપાલ સ્પંથ મુદ્રા દેખે તો બ્રીટીશ, ફ્રેન્ચ તરીકેનું સ્વપ્ન પણ દૂર રહે.

## કરમરાજાની કેદ કઈ રીતે માનશું ?

આ આત્મા કર્મરાજાની કેદમાં સપડાય તો સવાર સાંજ સ્વપ્નમાં પુદ્ગલને જ દેખે. આત્મ-સ્વરૂપનું નામનિશાન પણ જોવા ન મળે. આવી રીતે આપણા આત્માનો કબજો ગયો. કેદમાં પડ્યો. એવી વખતે છોડાવનાર કોણ મળે ? આજની સત્તાઓ વચનને ધોઈ પીવા તૈયાર છે, પણ ચીનનું મંચુરીયા ખવાઈ ગયું. એબીસીનીયા ખવાઈ ગયું. વચન આપી થૂંકીને ચાટ્યા કરે. આમાંથી જે લડાઈ કરે તો બધાનો શત્રુ સમજવો. પારકી પંચાતે એક પણ બારક્સ ખોવું પાલવતું નથી. તો બક્યા હતા કે બોલ્યા હતા ? પ્રતિષ્ઠા ઉપર પાણી ફરી ગયું, તેમ આ દુનિયાના બધા આત્માઓ કરમ રાજાની કેદમાં પડ્યા હતા. તો જિનેશ્વરને શી પડી હતી કે વચમાં પડે ? જિનેશ્વરે આપણી અનાદિની કેદ છોડાવી. અહીં તારે કબજામાંથી છૂટવૂં નથી તો પણ મારે તને છોડાવવો છે. આત્મા જાગતો થયો નથી, કેદ સમજ્યો નથી. જિનેશ્વરે એ સમજાવીને આત્માને કહ્યું : આ તારૂં છે, આત્માના અદાનું છે, કરમકાકાનું નથી. કરમકાકાએ કબજો લીધો છે. તારી મિલકત સંભાળ. ન આવે તો પણ તારી જોડે રાખ. આવી ઘરધણીને નથી પડી. આ તો કજીયાખોર દલાલ થયાને ? કેટલાક વકીલો એવા હોય છે કે ઘરધણીને મિલકતની ખબર ન હોય, કોરટમાં જવા ન માંગે તો કેટલાક વકીલ 'કબજે લાવી દઉં' એમ કહેનાર પણ હોય છે. જિનેશ્વરને તેવા ગણવા ને ? મને આપવું તેમ પણ કહેનાર વકીલ હોય છે, પણ આ તેવા નથી.

## તીર્થંકર મહારાજા કબજો અપાવે છતાં બદલામાં કાંઈ લેતા નથી.

આ તો કહે છે : હથિયાર સામગ્રી લશ્કર હું પૂરું પાડું. તું કબજો લે ત્યારે આપણે બે સરખા બનશું. એવા આ તીર્થંકર મહારાજા છે. મંચુરીયા રૂશિયાથી મુક્ત કરું છું. રૂશિયા ખસે તો ચીનના હાથમાંથી લેવું રમત વાત છે. મંચુરીયા દાનત દેખાવમાં જુદી હતી. કૈવલ્યસિધ્ધ થાય તો પણ તીર્થંકર મહારાજાએ તેની પાસેથી કંઈ લેવાનું નહીં. સ્વતંત્ર કરાર છે. તારે તારું તમામ રાખવું. એવા ત્રિલોકનાથ તીર્થંકર મહારાજા છે. તેમણે ચોરોને અને લૂંટારુને હઠાવવા લશ્કર પૂરું પાડ્યું. અવિરતિના લૂંટારું હંમેશા આપણને લૂંટી રહ્યા હતા. તેને હઠાવવા પચ્ચક્ખાણનું લશ્કર પૂરું પાડ્યું. અવિરતિ આત્માને ગાંઠતા નહતા. સરહદના તાયફાવાળા ગાંઠતા નથી, માત્ર એક જ રસ્તે ગાંઠે. બંબગોળાને માર ચાલે ત્યારે નાસીપાસ થઈ ઘરમાં ભરાવું પડે. તેમ ભવ્ય જીવોને પ્રત્યાખ્યાન રૂપે વિમાની કાફલો પૂરો

પાડ્યો. કહ્યું : પ્રતિકૂળતા તમારા બળવાખોરો છે, ધાડપાડુઓ છે, તે બધાને સામનો કરવો પડશે. આગળ વધુ કહ્યું : તેને પંપાળવા હોય તો મારી સાથે વાત ન કરશો. પ્રતિકૂળ મિત્ર રાજ્યમાં મિત્ર તરીકે જોડાવું હોય તેણે શત્રુ સામા વોર ડીક્લેર કરવી પડે. અહીં જેને અવિરતિની સામે જાહેરમાં લડાઈ ન કરવી હોય તેને જિનેશ્વર કહે છે કે દૂર રહેજો. 'ગળે વળગી ડૂબો ને મને ડૂબાડો' તેમ ન કરશો. ડૂબતો હોય તેને બચાવે તો ગળું પકડે તો બે ડૂબે, એકે ન બચે. તેમ મારી સાથે જોડાઈને અવિરતિ સામે પ્રતિકૂળ ન થવું હોય તેણે જિનેશ્વરના પગ ન પકડવા. પ્રતિકૂળ એકલા શત્રું સામે લડાઈ જાહેર કરીને બરોબર મર્યાદાસર વર્તવું જોઈએ.

### લડાઇમાં ફાવટ ક્યારે ?

ચૌદની લડાઈમાં બ્રીટીશરો, ફ્રેંચો, જર્મનો જુદા જુદા રહી લડવા પામ્યા-ત્યારે ન ફાવ્યા. જયારે એક જનરલ થયો ત્યારે ફાવ્યા. જિનેશ્વર જનરલના હાથ નીચે રહી લડો તો ફાવો. અમે જે મર્યાદા કહીએ તે મર્યાદામાં રહી લડવાનું. એ મર્યાદાસર માત્ર નથી. પણ ख्यानं-कथनं બધાની વચ્ચે પ્રતિજ્ઞા કરવી તેનું નામ પ્રત્યાખ્યાન. તે બે પ્રકારના : એક દ્રવ્યથી ને બીજું ભાવથી - એમ પચ્ચક્ખાણ કરે. સંજોગ હતો માટે કરવું પડ્યું, મારે કરવાની જરૂર નહતી, બધા કરે તો કરવું પડે, બધા કરે તો અમે તૈયાર છીએ, અમે ફળ દેખતા નથી. તેમ અવિરતિથી ખસ્યો થકો પ્રત્યાખ્યાનના પચ્ચક્ખાણ કરે. 'પણ શું કરીએ ?' તેવો હીજડો ન જોઈએ. બે બાજુ ઢોલકીવાળો ન જોઈએ. વિરતિના પક્ષનું બોલે, પણ અંદરથી સડેલો હોય તે કામનો નહીં. તે દ્રવ્ય પચ્ચક્ખાણવાળો ગણાય. ભાવ પચ્ચક્ખાણવાળો અવિરતિથી સાવ છૂટાછેડા. યાવચ્ચંદ્ર દીવાકરૌ સુધી. હંમેશ માટે જાહેરસભામાં સરખી રીતે પ્રત્યાખ્યાન કરે તે ભાવ પ્રત્યાખ્યાનવાળો કહેવાય. આ સમજીને ભાવ પચ્ચક્ખાણ પાળશે તે આ ભવ પરભવને વિશે મોક્ષ સુખને વિષે બિરાજમાન થશે.

અષાઢ સુદ-૯ વિ.સં. ૧૯૯૨, રવિવાર
લક્ષ્મી આશ્રમ, જામનગર.

# પરિશિષ્ટ નં. ૧ વિશિષ્ટ વાક્યો

**પૃષ્ઠ નં. વિશિષ્ટ વાક્યો**

૨ ........ 'જિન' એ ગુણનિષ્પન્ન નામ છે.

૭ ........ તીર્થંકર નામકર્મની સત્તા શાસ્ત્રકારે અંતઃકોડાકોડ સાગરોપમમાં થોડો ઓછો કાળ બતાવ્યો છે.

૮ ........ અરિહંત મહારાજાનો ઉપગાર આત્માની રિધ્ધિ દેવા તરીકેનો માને તે સમકિતી. બાહ્ય પુદ્‌ગલ દેવા તરીકે ઉપગાર માને તે મિથ્યાત્વી.

૧૨ ..... 'કરશે એ ભોગવશે, નહીં કરે એને કંઇ નહીં.' એ જૈન મતનો સિધ્ધાંત નથી. એ સિધ્ધાંત પુન્યમાં લ્યો.

૧૬ ..... પાપ કરવાનો તે તો ભોગવવાનો. પણ અનુમોદન આપનારો કે સામેલ થનારો પણ પાપ ભોગવનારો જરૂર.

૧૭ ..... રસોળી કપાવીને તેજાબ દ્વારા જ્યારે મૂળથી બાળે, ત્યારેજ રસ પહોંચતો બંધ થાય. કપાવે તો પણ વધે છે. તે પ્રમાણે, પાપ ન કરવું તે કપાવવા જેવું છે. અવિરતિને પાપ માની પચ્ચક્ખાણ કરો ત્યારે તેજાબ દ્વારા મૂળથી બાળ્યું કહેવાય.

૧૯ ..... યોગ અને કષાય ભળે ત્યારે અને અવિરતિ એકલી હોય ત્યારે- બંને વખત કરમ જાુદી જાતનાં બંધાય.

૨૨ ..... પથ્ય કુપથ્ય ટાળવું એ જગતનું થરમામીટર સૂચવતું નથી. પણ ત્રિલોકના નાથ તીર્થંકર મહારાજા કર્મનો તાવ સૂચવે છે અને તેના કારણો બતાવે છે તેમજ તેને રોકવાના ઉપાય પણ બતાવે છે.

૨૪ ..... પાંચ પરમેષ્ઠિમાં નિરોગી થઇ નિકળનારા સિધ્ધ મહારાજા.

૨૪ ..... અવિરતિ અનાદિથી લાગેલી છે એની પ્રતીતિ થાય તે સમ્યક્ત્વ.

૨૫ ..... દેવલોકાદિ સુખની ઇચ્છાએ અભવ્યો, મિથ્યાદષ્ટિઓ ધર્મ કરે.

૨૫ ..... અન્યધર્મી આત્માને જ્ઞાનનો આધાર માને પણ જ્ઞાનમય નહિં.

૨૭ ..... આત્માને આધારે શરીર છે પણ નેતા જડ છે. આત્માને ચાહે જેટલું દેખવું હોય પણ આંખ અનુકુળ ન હોય તો દેખી ન શકે.

૨૭ ..... જગતને આંખ જુવે છે પણ પોતાને જોતી નથી. આંખને અરીસો મળે તો જ આંખ આંખને જુવે. એમ આ આત્મા આત્માને સર્વજ્ઞ ભગવાનના આગમરૂપી અરીસો મળે તો જ જોઇ શકે.

૩૧ ..... પહેલા વિકાર રોકવા કે કર્મ રોકવા ? પહેલા વિકાર રોકો. વિકારો

રોકો તો કર્મ તોડવાની તાકાત તમને વધારે આવશે. આથી સંવરને પ્રથમ અને નિર્જરાને પછી સ્થાન આપ્યું.

૩૧ ..... પહેલા સંવરની જરૂર ક્યારે સમજાય ? જ્યારે આશ્રવનું નુકશાન સમજાય ત્યારે.

૩૨ ..... જૈનોએ તે દેવ પ્રદર્શક તરીકે માન્યા. સૂર્ય પ્રવર્તક નથી, પ્રદર્શક છે. કાંટા-કાંકરાને સૂર્ય બનાવતો નથી, પણ બતાવે છે. તેમ જિનેશ્વર મહારાજ ધર્મ અધર્મને બનાવતા નથી, પણ બતાવે છે.

૩૩ ..... અન્યમતના મુદ્દાપ્રમાણે 'કરે તે ભોગવે.' પણ જૈનના મુદ્દામાં શું છે ? પ્રતિજ્ઞા ન કરે ત્યાં સુધી પાપનો ભાગી છે. (ન વિરમે તે ભોગવે)

૩૩ ..... પ્રતિજ્ઞા લોપે તે મહાપાપી. એ વાક્ય પ્રતિજ્ઞા લીધેલી હોય તેને શોભે છે.

૩૭ ..... પહેલાનું જ્ઞાન હતું તે દીવો કે સૂર્ય થયા એટલે ઉદ્ભુત થયું.

૪૦ ..... મા-બાપ આપણને જન્મ આપે. આપણે કોઇ વખત તેમને જન્મ આપીએ. અરસ-પરસ બન્નેને ઉપગાર તળે દબાવવાનું છે. પણ ત્રિલોકના નાથ તીર્થંકરનો આપણે કયો ઉપગાર કરવાના ?

૪૧ ..... વાંદરા ચંચળ ખરા પણ પોતાનું વન છોડીને ક્યાંય જાય નહિં. આ અંદર ભરાએલો વાંદરો(મન) ત્રણે જગતમાં જાય. **मनस्कपि अयं विश्वे भ्रमति.**

૪૧ ..... હળદરનો રંગ હવાથી ન ઉડે, તડકે ઉડે. (આપણા માટે) ધર્મનો આ રંગ હવાથી ઉડે.

૪૧ ..... જ્યોતિષ્ક વૈમાનિકમાં અસંખ્યાત વખત પૂજા કરવાનો વખત આવવાનો.

૪૩ ..... જગતમાં એવું કોઇ રાજ્ય નથી જ્યાં પ્રજા કરતાં લશ્કર વધારે હોય. પણ અહીં પ્રજા કરતાં લશ્કર વધારે છે. અહીં એવું છે કે આત્માના એક પ્રદેશ ઉપર અનંતાનંત કર્મવર્ગણા વળગેલી છે.

૪૪ ..... નાભીના આઠ પ્રદેશ નિર્મલ છે-તે કર્મના કબજામાં નહીં.

૪૫ ..... પહેલ વહેલા જિનેશ્વરના સમાગમમાં આવનારને વીર્ય ન ઉછળે તો અભવ્યની શંકા થાય છે.

૫૧ ..... જીવ અજીવ છે એ જ્ઞાનને પ્રવૃત્તિ નિવૃત્તિને અંગે ઉપયોગી બનાવવું જોઇએ. ત્યારે **આશ્રવ** કહેવો પડ્યો.

૫૨ ..... ઉપદેશકે પ્રથમ પોતે તૈયાર થવું.

૫૩ ..... જિનેશ્વર મહારાજાઓએ ગૃહિલિંગે અને અન્ય લિંગે સિધ્ધ થવાનું માન્યું, લોકોને કહ્યું, પણ પોતે સ્વલિંગમાં જ દાખલ થયા. ચોવીશ

તીર્થંકરો સ્વલિંગ ગ્રહણ કરીને મોક્ષે ગયા છે.

૬૦ ..... ઐદંપર્યથી શુધ્ધ તત્ત્વની શુદ્ધિ તે આગમતત્ત્વ.

૬૨ ..... ધર્મને બતાવનાર બને તો ધર્મ અનાદિનો માની શકાય,

૬૭ ..... આ ભવમાં જે પુણ્ય ભોગવીએ છીએ તે પાછળનું ભોગવીએ છીએ. જઠરા કોને પચાવે છે ? જુનાને. અહીંથી ઉતરે તેવું આંતરડામાં જઇ પચવા નથી માંડતું. ખોરાક લીધા પછી પરિણામ ત્રણ કલાકે પામીએ છીએ.

૭૪ ..... તીર્થંકર નામકર્મ છોડી નિયમ રાખ્યો કે જે જે કર્મ વેદાય તે તે કર્મ બંધાય.

૭૫ ..... પ્રથમ આયુષ્યનો ઉદય થાય. કોઇપણ ગતિ કે ભવમાં પ્રથમ ઉદય આયુષ્યનો. પહેલા ભવના છેલ્લા સમયે આહાર, શરીર પછી પણ આયુષ્યનો ઉદય. પહેલા ભવના છેલ્લા સમયે બીજા ભવના ઉદય વગર પહેલાનું પૂરું થાય નહીં.

૭૬ ..... નિગોદમાં કાયા હોવા છતાં કાયા ન કહીએ તો ચાલે. સંસારમાં બીજા એવા જીવો નથી જે પોતાના જોગ બીજાની હિંસાના કારણ ન બને. અયોગી કેવળીપણું કે જ્યાં મોક્ષનું બારણું ત્યાં પણ તેમના જોગ પહેલાં કર્યા છે તે પણ હિંસાનું કારણ થવાનું. જ્યારે નિગોદના જીવો પોતે કોઇને હણે નહીં, ન બીજાથી પોતે હણાય.

૭૫ ..... આયુષ્યનો કાર્મણ કાયયોગને અંગે ભોગવટો નહીં. જન્મ્યા ત્યાં જ ભોગવટો શરુ.

૭૬ ..... અજવાળાં કરતાં પણ સૂક્ષ્મ એકેન્દ્રિય જીવના શરીરના પુદ્‌ગલો વધારે બારીક છે.

૮૦ ..... અવિરતિમાં કર્મબંધ માત્ર જૈન શાસન માને છે.

૮૬ ..... બુધ્ધિના બારણાં ન ખુલી શકે ત્યાં શ્રદ્ધાની જરૂર છે.

૮૮ ..... આત્મા ઘડાની માફક બનવાવાળી ચીજ હોય તો તેનું પૂર્વ અને ઉત્તર સ્વરૂપ હોવું જોઇએ.(અર્થાત્ આત્મા કોઇએ બનાવ્યો નથી, અનાદિ છે.)

૮૯ ..... સ્થાપનાને અને દ્રવ્યને ન માને તેઓને પોતાને પોતાનું મુખ દેખવું વાજબી નથી.

૯૩ ..... કર્મના નાટકને ટકવાનું સ્થાન બાહ્ય પદાર્થ સિવાય કંઇ પણ નથી.

૯૮ ..... જ્ઞાનાવરણીયનું ખસવું મોહનીયના ખસ્યા વગર બનતું નથી. મોહ ખસ્યો હોય અને જ્ઞાનાવરણીય ન ખસે એમ બને(૧૨મેં ગુણઠાણે તેમ બને), જ્ઞાનાવરણીય નથી ખસ્યું ને મોહ નથી ખસ્યો તેમ પણ બને (૧૧ મે ગુણઠાણે તેમ છે), પણ જ્ઞાનાવરણીય ખસ્યું ને મોહ નથી ખસ્યો તેમ ન બને.

૯૯ ..... ખરી રીતે દેવને અઢાર દોષ રહિત બોલીએ છીએ. પણ ૧૮ દોષ રહિત તે જ તીર્થંકર એમ નથી. તો શું કોઈ તીર્થંકર દોષ સહિત છે ?

૧૦૦... અનંતર સિદ્ધના પંદર ભેદ રાખ્યા છે- તે સિદ્ધ થયા પહેલાંની અપેક્ષાએ.

૧૦૦... ચઉશરણનો ખ્યાલ હોય તેને સાધુપદમાં મનઃપર્યવજ્ઞાની કેવળજ્ઞાની લીધા, અરિહંતમાં નહીં. અરિહંતમાં માત્ર ચોવીશ.

૧૦૪... નાસ્તિકો જીવ ન માનવા, મોક્ષ નથી, પુન્ય-પાપ નથી, એમ કહે. પણ હું નથી-એમ નાસ્તિક પણ બોલતો નથી.

૧૦૭... જે પચ્ચક્ખાણ કરતાં લાલચ હોય, વીર્યની મંદતા હોય, અનુત્સાહ હોય, બેદરકારી હોય, તેવા પચ્ચક્ખાણ તે દ્રવ્ય પચ્ચક્ખાણ સમજવા.

૧૦૯... જુગલીયા દુગ્ધા વગરના હોવાથી નથી ખોરાક, વસ્ત્ર કે પાનની ચિંતા.

## પરિશિષ્ટ નં. ૨ - કહેવતો

**પૃષ્ઠ નં.** **કહેવતો**

૩............ તરત દાન ને મહાપુણ્ય.

૬............ ન્હાયા એટલું પુન્ય, પણ ન ન્હાયા એટલું ગંદુ રહ્યું.

૮............ નાગો ન્હાય શું ને નિચોવે શું ?

૧૨ ......... કરશે એ ભોગવશે.

૧૬ ......... ખાય ભીમ ને હગે મામા શકુની.

૫૧ ......... નાગાના કુલે બાવળીયો તો છાંયડો થયો.

૬૨ ......... બળવાખોરના સેનાપતિ.

૭૧ ......... લુગડા વેચી દેવું આપનાર.

૭૯ ......... આંધળો દોરી વણે ને વાછરડો ચાવતો જાય.

૭૯ ......... છાશમાં માખણ જાય અને રાંડ ફુવડ કહેવાય.

૭૯ ......... ખમીને ખોઈએ, ખરચીને ખુવે.

૮૩ ......... बाबा वाक्य प्रमाणं

૮૪ ......... બારે ભાગોળ મોકળી.

૮૪ ......... ચામડાની ઝૂંપડીમાં આગ .

૮૪ ......... માંકડાની વિદ્યા.

૯૪ ......... સાપ ખાયે ને મુખડું થોથું.

૯૭ ......... કેડે છોકરૂને ગામે તેડ્યું.
૯૭ ......... મોંમા ગોળીને માઁ પાસે માંગવાના
૧૦૨ ....... 'अर्के चेत् मधु विदंते'
૧૦૨ ....... ઘરના આંગણે મધપુડો ભરેલો હોય તો ડુંગરે મધ લેવા કોણ જાય ?
૧૧૦....... મોસાળ જમવું એમાં પંચાત શી ?
૧૧૩....... 'ગળે વળગી ડૂબો ને મને ડુબાડો'

## પરિશિષ્ટ નં. ૩ - શાસ્ત્રપાઠો

**પૃષ્ઠ નં. શાસ્ત્રપાઠો**

૪ .......... અનુયોગદ્વાર સૂત્રકારનું કથન.
૪ .......... समणेण सावयेणं अवस्स कायव्वं।
૧૬ ....... धर्माधर्मो विना०।
૧૬ ....... तच्छास्ता: परे कथं ?
૧૮ ....... अहिंसा लक्खणस्स।
૧૮ ....... પૂ. શય્યંભવસૂરિજીએ 'अहिंसा संजमो तवो'।
૨૦ ....... નિર્યુક્તિકારે असंजमो एक्को०।
૨૦ ....... एगविहे असंजमे।
૨૪ ....... 'दोहिं०'
૨૪ ....... आरंभ-पच्चक्खाणेणं
૪૦ ....... શ્રી હેમચંદ્રાચાર્યજી ભગવંત :
क्षणं सक्त: क्षणंमुक्त:, क्षणं क्रुद्ध: क्षणं क्षमी ।
मोहाद्यै: क्रीडयैवाहं, कारित: कपिचापल: (૧૬-૪ વીતરાગ સ્તોત્ર)
૫૨ ....... यस्य संक्लेशजननो रागो नासत्यैव सर्वदा।
न च द्वेषोऽपि सत्त्वेषु शमेन्धन दवानल: ॥
૫૩ ....... अगाराओ अणगारियं पव्वइए ।
૫૬ ....... 'आसवा ते परिसवा' 'परिसवा ते आसवा'।
૬૧ ....... सुच्चा जाणइ कल्लाणं सुच्चा जाणइ पावगं।
૬૩ ....... जिनेन्द्र मुद्रा तव शांता०।
૬૪ ....... इह खलु अणाइ जीवे।

૬૪ ....... अणाइ भवे।

૬૪ ....... अणाइ कम्म संजोग०।

૬૫ ....... શ્રુતિમાં-બીજાંકુર (બીજ-અંકુર) ન્યાયે સંસાર અનાદિ છે.(ઇતર શા૦પા૦)

૬૭ ....... उत्पद्यते उपलभ्यते। (શ્રી બ્રહ્મસૂત્ર અધ્યાય-૨, પાદ-૧, અધિ૦૧૨, સૂ૦૩૬માં) (ઇતર શા૦પા૦)

૬૭ ....... उत्पद्यते उपलभ्यते च। (ઇતર શા૦પા૦)

૭૦ ....... सूर्याचंद्रमसौ धाता: यथापूर्वमकल्प्यत्। (ઋગ્વેદ સંહિતા.૧૦-૧૯૦-૩) (ઇતર શા૦પા૦)

૭૫ ....... परभव पढमे साडो।

૭૫ ....... निरूपभोगमन्त्यम्। (તત્ત્વાર્થ૦ અ૦૨-સૂ૦૪૫)

૭૮ ....... असंजमो एक्को।

૭૮ ....... पडिक्कमामि एगविहे असंजमे।

૮૨ ....... पुराणो मानवो धर्म: न हंतव्या हेतुभि:। (ઇતર શા.પા.)

૮૫ ....... परीक्ष्यं ग्राह्यम्।

૮૯ ....... अनुपादानकारणात्।

૮૯ ....... તત્ત્વાર્થ-ભાષ્યકાર શ્રી અનુયોગદ્વાર સૂત્રકારે जत्थ०

૯૫ ....... સૂત્રાદિકની વ્યાખ્યા વખતે जयइ जगजीवजोणि, वियाणओ जयगुरु जगाणंदो०, ०तस्मै श्री गुरवे नम:।

૯૭ ....... उपयोगो लक्षणम्॥२-८॥

૧૦૧ ..... अर्हति अशोकादि-अष्टप्रातिहार्यपूजामिति अर्हन्।

૧૦૯ ..... શ્રી દશવૈકાલિકકારે સાધુને पुढो सत्ता पुढो कम्मा।

## પરિશિષ્ટ નં. ૪ - દૃષ્ટાંતો

| પૃષ્ઠ નં. | દૃષ્ટાંત | પૃષ્ઠ નં. | દૃષ્ટાંત |
|---|---|---|---|
| ૯ | દસાડા દરબાર | ૫૭ | બળતા ગધેડા |
| ૧૧ | માકડું ને દીવી | ૬૩ | નાટકીયાના વેશ |
| ૧૩ | ગુનેગાર | ૮૨ | પુરાણ |
| ૨૯ | બાવાની જમાત | ૮૪ | માકડાંનું |
| ૩૫ | સરકારી જુલમ | ૯૬ | શેઠ સીપાઇ |
| ૪૫ | રજપૂત | ૧૦૧ | અરિહંતની મુખ્યતા |

## પરિશિષ્ટ નં. ૫

### વાચતા પાપ પલાય

### વ્યક્તિ નહિ પણ સંસ્થા : પૂ. સાગરજી મ.

- ૮,૨૪,૪૫૭ શ્લોક પ્રમાણ આગમ-ટીકા આદિ પ્રાચિન ગ્રંથોનું સૌ પ્રથમવાર સંપાદન કરી મુદ્રણ કરાવ્યું...
- ૧ લાખ શ્લોક પ્રમાણ સંસ્કૃત-પ્રાકૃત નવા ગ્રંથોની રચના કરી.
- આગમો પૈકી બાવન વિષયના વિભાજનરૂપ બાવન ગ્રંથોનું નવિનતમ સર્જન કર્યું.
- ૮૩ ગ્રંથોની વિદ્વદ્‌ભોગ્ય વિસ્તૃત પ્રસ્તાવના સંસ્કૃતમાં લખી.
- ૪૫ આગમ-નિર્યુક્તિ-તથા પ્રાચિન પુન્યનામધેય મહર્ષિના ગ્રંથોને પાલીતાણામાં શીલોત્કીર્ણ તથા સુરતમાં તામ્રપત્ર પર ઉપસાવી અમરત્વ આપ્યું...
- આગમ ગ્રંથો તથા પ્રાચીન ગ્રંથોના પ્રકાશન માટે દેવચંદ લાલભાઇ સંસ્થા, જૈનાનંદ પુસ્તકાલય, આગમોદય સમિતિ, ઋષભદેવ કેશરીમલ પેઢી (રતલામ) આદિ સાતેક સંસ્થાઓ સ્થાપીને મુદ્રણનું કાર્ય કર્યું.
- શૈલાણા-સેમલિયા-પંચેડ-રાજાઓને પ્રતિબોધ્યા અને અમારીપટ્ટક લીધો...
- સમેતશિખર-અંતરિક્ષજી-કેશરિયાજી તીર્થરક્ષા જાનના જોખમે કરી.
- અંજનશલાકા...પ્રતિષ્ઠા... દીક્ષા... સંઘો જેવા વિભિન્ન અસંખ્ય પ્રભાવક અનુષ્ઠાનો કરાવ્યા...
- એક માંથી ૭૦૦ જેટલો વિશાલ સમુદાય શાસનને ચરણે ધર્યો...
- બાલદીક્ષા પ્રતિબંધ- દેવદ્રવ્યચર્ચા તથા તિથિવિષયક અનેક શાસનને બાધક પંથો/ વિચારો/ પ્રતિબંધો પર વેધક પ્રતિકાર આપ્યો...
- સં. ૧૯૯૦ના સંમેલનમાં જેઓની પ્રતિભા એક 'બહુશ્રુત' રૂપે જાહેર થઇ અને શાસ્ત્રપાઠોના આધારભૂત એકમેવરૂપે રહ્યા...

## પરિશિષ્ટ નં. ૬

## પૂજ્યપાદ આ.શ્રી. આનંદસાગર સૂરીશ્વરજી ભગવંતે ફરમાવેલ વ્યાખ્યાન સંબંધિ પ્રકાશિત સાહિત્ય

| | | |
|---|---|---|
| ૧ | અષ્ટાહ્નિકા માહાત્મ્ય | |
| ૨ | પૂ૰ હારિ૰ અષ્ટક પ્રકરણ | (આ ચાલુ પુસ્તક -સં.૧૯૯૨માં જામનગર, લક્ષ્મી આશ્રમમાં આપેલ વ્યાખ્યાનો.) |
| ૩ | આગમોદ્ધારક પ્રવચન શ્રેણી | ભા. ૧ (૧૯૯૦ મહેસાણાના વ્યાખ્યાનો). |
| ૪ | આગમોદ્ધારક પ્રવચન શ્રેણી | ભા. ૨ |
| ૫ | આગમોદ્ધારક પ્રવચન શ્રેણી | ભા. ૩(૧૯૮૮ લાલબાગ,મુંબઈના વ્યાખ્યાનો). |
| ૬ | આગમોદ્ધારક પ્રવચન શ્રેણી | ભા. ૪ |
| ૭ | આગમોદ્ધારક પ્રવચન શ્રેણી | ભા. ૫ |
| ૮ | આગમોદ્ધારક પ્રવચન શ્રેણી | ભા. ૬ |
| ૯ | આગમોદ્ધારક દેશના સંગ્રહ | |
| ૧૦ | આગમોદ્ધારક સમુચ્ચય | ભા.૧ |
| ૧૧ | આગમોદ્ધારક સાહિત્ય સંગ્રહ | |
| ૧૨ | આગમોદ્ધારક પ્રશ્નરત્નાલી | |
| ૧૩ | આનંદ સુધા સિંધુ | ભા.૧ |
| ૧૪ | આનંદ સુધા સિંધુ | ભા.૨ ૧૮ દેશના-પૂ. ઉપા. યશો. વિ. મ. ના ક્રિયાષ્ટક-(ક્ષાયોપશમિકે૰ શ્લોક) ઉપર. ૧૯૯૦ સુરત. ૨ દેશના પૂ. હારિભદ્રીય અષ્ટક ૨૪ના દયા૰ શ્લોક પર. |
| ૧૫ | આનંદ સુધા સિંધુ | ભા.૩ ૧૬ વ્યાખ્યાન -૧૯૯૦ સુરતના. |
| ૧૬ | આનંદ સુધા સિંધુ | ભા.૪ નવપદજીના વ્યાખ્યાન, ૨૦૦૨-સુરત-હરિપુરાના. |
| ૧૭ | આનંદના પુષ્પો | (સિદ્ધચક્ર અંકની અમોઘદેશનાઓનું સંકલન) |
| ૧૮ | આનંદના અજવાળા | (સિદ્ધચક્ર અંકની અમોઘદેશનાઓનું સંકલન) |
| ૧૯ | આગમોદ્ધારકની તાત્ત્વિક વાણી | |
| ૨૦ | આગમોદ્ધારક વચનામૃતો | |
| ૨૧ | આગમોદ્ધારકની અમોઘ દેશના | |
| ૨૨ | આગમોદ્ધારકની દિવ્ય દેશના | ૨૦૦૧-સુરત ૧૪ વ્યાખ્યાન. પૂ. નરદેવ સા. સૂ. મ. રચિત સંસ્કૃતમાં એક અષ્ટક. |
| ૨૩ | આગમોદ્ધારક લેખ સંગ્રહ | |

| | | |
|---|---|---|
| ૨૪ | આગમોદ્ધારકની અમૃત દેશના | |
| ૨૫ | આનંદ ઝરણાં | સંવત ૧૯૮૮ના બાવીસ વ્યાખ્યાનો. |
| ૨૬ | શ્રી આચારાંગ સૂત્ર.(ભા.૧) | અધ્યાય ૪ ઉપરના ૧ થી ૨૦ વ્યાખ્યાન. (૨૧ થી ૫૧ ઢંઢેરો૰ નામના પુસ્તકમાં છે.) |
| ૨૭ | આનંદ સુધા સિંધુ | ૧લું પ્રવચન 'કર્મબંધનો ફેરો' ઉપર. |
| ૨૮ | આરાધના માર્ગ | ૨૦૦૬ - સુરત. |
| ૨૯ | આગમધરસૂરિ દેશના સંગ્રહ | (૮- વ્યાખ્યાન). |
| ૩૦ | આગમજ્યોત | ૧૬ વર્ષ |
| ૩૧ | ઉપધાનનું સુંદર સ્વરૂપ. | |
| ૩૨ | ઢંઢેરો અથવા ગુરુમંત્ર | શ્રી આચારાંગ અ૰૪ ઉપરના ૨૧ થી ૫૧ વ્યાખ્યાન. તથા ૧૦ વ્યાખ્યાન ષોડશક પરના. |
| ૩૩ | તત્ત્વાર્થ કર્તૃ તન્મત નિર્ણય. | (હિન્દી). |
| ૩૪ | તત્ત્વાર્થ સૂત્રના કર્તા કોણ ? શ્વે. કે દિગ. | (તત્ત્વાર્થ કર્તૃ૰નું ગુજરાતી ભાષાંતર) |
| ૩૫ | તપ અને ઉદ્યાપન | સં. ૧૯૯૨, જામનગરમાં અપાયેલ વ્યાખ્યાનો, સિધ્ધચક્ર પાક્ષિકમાં પણ છપાયેલ છે. |
| ૩૬ | તાત્ત્વિક પ્રશ્નોત્તર | |
| ૩૭ | તિથિ ક્ષય-વૃદ્ધિ વિચાર. | |
| ૩૮ | તીર્થંકર પદવીના સોપાન. | સં. ૧૯૯૬- પાલિતાણાના વ્યાખ્યાન. |
| ૩૯ | દીક્ષાની જઘન્ય વય | |
| ૪૦ | દીક્ષાનું સુંદર સ્વરૂપ | |
| ૪૧ | દીવાળી થઇ અજવાળી. | (શ્રમણ ભગ૰ યાને દીપાલિકા૰ ની નવી આવૃત્તિનું નામ છે.) |
| ૪૨ | દેશના સંગ્રહ | ભા.૧ (૪૫ વ્યાખ્યાન) |
| ૪૩ | દેશનાનંદ સુધા સિંધુ | શ્રી ભગવતીજી સૂત્રની ૫૨ થી ૧૦૫ દેશના |
| ૪૪ | નવપદ માહાત્મય | સં. ૧૯૯૫ અમદા. નાગજીભૂદરની પોળના ૧૦ વ્યાખ્યાન. |
| ૪૫ | પર્યુષણ પર્વનું ઉત્તમ ધ્યેય | |
| ૪૬ | પર્વ દેશના | |
| ૪૭ | પર્વ વ્યાખ્યાન સંગ્રહ | |
| ૪૮ | પર્વ માહાત્મ્ય | |
| ૪૯ | પંચવસ્તુ ભાષાંતર | |
| ૫૦ | પ્રવચન પરિક્ષાની મહત્તા | |
| ૫૧ | પ્રશમરતિ અને સંબંધકારિકા | |

| | | |
|---|---|---|
| ૫૨ | શ્રી ભગવતીજી સૂત્રની દેશના | ૧૯૯૯ કપડવંજમાં આપેલ દેશના પૈકી ૧ થી ૪૯ દેશના. તથા ધર્મરત્ન પ્ર૦ ઉપર દેશના. |
| ૫૩ | મહાવ્રતો | |
| ૫૪ | વ્યાખ્યાન સાર | |
| ૫૫ | શાસ્ત્રીય પુરાવા (પર્વતિથિના) | |
| ૫૬ | શાસ્ત્રાર્થના રસીયા સાગરજી. | |
| ૫૭ | ષોડશક પ્રકરણ. | ભા.૧- ૨૦૦૨ સુરતના વ્યાખ્યાન. |
| ૫૮ | ષોડષક પ્રકરણ | ભા.૨- ૨૦૦૨ સુરતના વ્યાખ્યાન. |
| ૫૯ | સાગર સમાધાન | ભા. ૧ |
| ૬૦ | સાગર સમાધાન | ભા. ૨ |
| ૬૧ | સાગરના કિનારેથી | (તપ અને ઉદ્યાપનનું પુનઃ પ્રકાશન) |
| ૬૨ | સાગરની સરગમ | (સિદ્ધચક્ર અંકમાં અમોઘદેશનાઓનું સંકલન) |
| ૬૩ | સિધ્ધચક્ર (પાક્ષિક, માસિક) | સં. ૧૯૮૮ થી |
| ૬૪ | સિધ્ધચક્ર માહાત્મ્ય | |
| ૬૫ | સુધા સાગર | ભા. ૧ |
| ૬૬ | સુધા સાગર | ભા. ૨ |
| ૬૭ | સૂયગડાંગ સૂત્ર. | પુંડરિક અધ્યયન ઉપર ૬૨ વ્યાખ્યાન. ૧૯૫૫ નાગજીભૂદર પોળ, અમદાવાદના. |
| ૬૮ | સ્થાનાંગ સૂત્ર | ભા.૧,૧થી૨૩વ્યાખ્યાન૧૯૯૧-પાલિતાણાના. |
| ૬૯ | સ્થાનાંગ સૂત્ર | ભા.૨, ૨૪ થી ૭૨ વ્યાખ્યાન. |
| ૭૦ | સુખે જીવવાની કળા | (પૂ. આ.શ્રી સાગરજી મ. તથા આ. શ્રી રામચંદ્રસૂરિજી મ.સા.નું વ્યાખ્યાન) |
| ૭૧ | સાગરાનંદ સૂરિના વ્યાખ્યાનો | લીપી હિન્દી, ભાષા- ગુજરાતી. |
| ૭૨ | શ્રમણ ભગવાન મહાવીર યાને | દીપાલિકા પર્વ માહાત્મય |
| ૭૩ | જ્ઞાનનાં ઝરણાં | સં. ૨૦૦૦ ગોડીજી-મુંબઇના પૂ. હારિ. અષ્ટક ૮/૧ ના ૧૦ વ્યાખ્યાન. |

સુજ્ઞ વાચકગણ ! મારા દષ્ટિગોચરમાં આવેલ ઉપરોક્ત પુસ્તકો તથા કેટલીક સામાન્ય માહિતી આપ સમક્ષ મૂકી છે. આપશ્રી પાસે આ સંબંધી જે વધુ માહિતી હોય તે મોકલવા કૃપા કરશો. જેથી અન્ય પ્રસંગે ઉમેરો કરી શકાય- આમાંની કેટલીક માહિતી શ્રુતોપાસના પુસ્તકમાંથી મેળવી છે તો કેટલીક માહિતી જ્ઞાનભંડારોના લીસ્ટ દ્વારા પુસ્તકો કઢાવીને તેમાંથી મેળવીને મૂકી છે.

- અક્ષયચન્દ્રસાગર

## પૂ. મુનિરાજ શ્રી અક્ષયચંદ્રસાગરજી મ.

દ્વારા સંપાદિત-લેખિત સાહિત્યઃ




"KANAK GRAPHICS" PH. (0261) 7419349